श्री

# ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન


દીપોત્સવી વિશેષાંક ૨૦૨૫ | કિંમત ₹ ૧૦૦/-

Read online : www.feelingsmultimedia.com

Global Edition



## ‘સ્વદેશી’ના અજવાળે પ્રાર્થના પુષ્પોથી ઉજવીએ સાચી દીપોત્સવી


NSE
SEBI
#SEBIvsSCAM
દરેક ચહેરાપર
વિશ્વાસ ના કરો
સમજદાર બનો,
સ્કેન કરો
સેબી અને એનએસઈ દ્વારા રોકાણકાર જાગૃતિ પહેલ.


www.jadeblue.com
ON THE FIELD,
I AM BLUE.
OFF THE FIELD,
I AM JADEBLUE.
JB x JB
JASPRIT BUMRAH & JADEBLUE
Zero Gravity
WHAT YOU WEAR MATTERS
India's Leading Premium Menswear Store
Gujarat | Rajasthan | Hyderabad | Pune | Madhya Pradesh | Chhattisgarh
JADEBLUE

# દીપોત્સવી વિશેષાંક ૨૦૨૫

સર્વે વાચકમિત્રો, એડવર્ટાઈઝર્સ,
વિતરકબંધુઓ તેમજ શુભેચ્છકોને
ફીલિંગ્સ પરિવાર તરફથી

## નૂતન વર્ષાભિનંદન

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| બાળકોને ક્યારેક આવું પણ કહીએ અને કરીએ! | ડૉ. આઈ.કે. વીજળીવાળા | ૦૮ |
| પ્રાર્થનાની શક્તિ | પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી | ૧૦ |
| અન્યને માટે કરેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર પરમેશ્વર આપે જ છે | મુકેશ પારેખ | ૧૨ |
| જ્યારે સંપૂર્ણ શૂન્યતા આવે, ત્યારે પ્રાર્થના પૂર્ણપણે અનુભવાય | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ | ૧૪ |
| એલોપેથી અને નેચરોપેથી કરતાં પ્રેયરપેથી (પ્રાર્થના) વધુ પાવરફુલ | સૌરભ શાહ | ૧૬ |
| પ્રાર્થના એક દિવ્ય ઊર્જા | મનોજ જે. પટેલ | ૨૦ |
| ટ્રમ્પના ટેરિફ બોમ્બ સામે મોદીજીનું અહિંસક 'સ્વદેશી' શસ્ત્ર | ભવેન કચ્છી | ૨૨ |
| વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ આપ્યા સમાજ ઉત્થાનના નવ નૂતન સંકલ્પો | ડૉ. ભરત જાદવ 'નિરપેક્ષ' | ૨૮ |
| આસમાની ઉત્સવની રાત્રિ તહેવારોની રાણીઃ દિવાળી | વિરલ રાઠોડ | ૩૨ |
| ડિલિટ, રિચાર્જ, રીફ્રેશ અને એન્ટિવાયરસનું અજવાળું દિવાળી | ભવેન કચ્છી | ૩૬ |
| દિવાળીમાં ઓછા ખર્ચે ઘર સજાવટ | કેતન નાણાવટી | ૪૦ |
| મેઘાલયનો આ મનોહર પ્રવાસ આપણી દિવાળી સુધારશે એ નક્કી... | કેતન નાણાવટી | ૪૨ |
| જ્યાં લોકો ૧૦૦ વર્ષ કરતાં વધુ જીવે છે તે હુંઝા ઘાટીની રોમાંચક સફર... | મનહર ડી. શાહ | ૪૬ |
| દિવાળીમાં ફરવાલાયક ગુજરાતના પ્રવાસન સ્થળો | નરેશ અંતાણી | ૪૮ |

| | | |
|---|---|---|
| અબોલ પ્રાણીઓ પ્રત્યે સંવેદનાની સાથે ઉજવીએ પ્રકાશનું પર્વ..! | સંજય થોરાત 'સ્વજન' | ૫૪ |
| આગને પણ બાગમાં ફેરવવા સક્ષમ નવી પેઢી | હેમંત વાળા | ૫૮ |
| ત્રીજી પેઢીના સ્ટાર કિડ્સની આજ ઔર કલ | આર.જે. સચીન વજાણી | ૬૦ |
| ક્રિકેટર્સ કિડ્સનું કરિયર કયા પંથે? | આર.જે. સચીન વજાણી | ૬૪ |
| વડનગરથી વિશ્વ ફલક સુધીની વડાપ્રધાન મોદીજીની જીવન યાત્રા : નમોત્સવ | ફીલિંગ્સ ટીમ | ૬૮ |
| સમયનું વિસ્મય | દેવિકા રાહુલ ધ્રુવ (હ્યુસ્ટન) | ૭૨ |
| પરદેશની ઝાકમઝોળ નવરાત્રિમાં શ્રદ્ધા-ભક્તિ અને સંસ્કૃતિના સંસ્કારોની સૌરભ | યજ્ઞેશ આચાર્ય | ૭૪ |
| શ્રી આશિષ ચૌહાણની જીવનયાત્રા આધારિત સ્મૃતિગ્રંથ 'સ્થિતપ્રજ્ઞ'ની હિન્દી આવૃતિ | | ૮૦ |
| 'સ્ટીલ મેન ઓફ ઈન્ડિયા' વિસ્પી ખરાડી | શ્રીસ્મિતા ભટ્ટ | ૮૨ |
| ૧૦૮ ઉપવાસની તપશ્ચર્યાથી બ્રેઇન કેન્સરને હંફાવતા વડોદરા-અલકાપુરી જૈન સંઘના ધર્મેશ દોશી | ફીલિંગ્સ ટીમ | ૮૫ |
| પ્રેરણાદાયી વિરલ વ્યક્તિત્વ : શ્રી પ્રેમશંકર વી. ભટ્ટ (આઈ.એ.એસ. નિવૃત્ત)ની 'જીવનયાત્રા' | ફીલિંગ્સ ટીમ | ૮૬ |
| મળો CAIT Guj. Presi. પરેશ પરીખને | ફીલિંગ્સ ટીમ | ૮૮ |
| ને સૂરજ ઊગ્યો... | નટવર આહલપરા | ૯૨ |
| આ છે સ્ત્રીની નારાયણી શક્તિ | અનુરાધા દેરાસરી | ૯૪ |
| ચહેરાને ચમકાવતી સ્ટીરોઇડયુક્ત કોસ્મેટિક ક્રીમનો આડેધડ ઉપયોગ ખતરો બની રહ્યો છે. | યજ્ઞેશ આચાર્ય | ૯૬ |
| ફૂડ ઝોન (રેસીપી) | દર્શના પટેલ | ૯૮ |
| ઢૂંઢો ઢૂંઢો રે સાજના ઢૂંઢો... | 'બધિર' અમદાવાદી | ૧૦૦ |
| ગાંધીનગરમાં અદ્ભૂત આકર્ષણ જમાવતા બાળુડાંના ગરબા | સંજય થોરાત 'સ્વજન' | ૧૦૨ |
| કેવું રહેશે આપનું વિક્રમ સંવત ૨૦૮૨નું વર્ષ | ગણેશા સ્પીક્સ | ૧૦૪ |
| વિશ્વ પ્રસિધ્ધ ગુજરાતના ગરબા સતત ૨૪ કલાક સુધી રમીને 'એશિયા બુક ઓફ રેકોર્ડ'માં સ્થાન મેળવતી મનીષા સૈની | | ૧૦૯ |
| ફીલિંગ્સ મિર્ચી | | ૧૧૨ |

# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

## પ્રતિભાવ મોકલાવો આ રીતે

**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**

૧૦૨-૦૩-૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ-મેલ દ્વારા**

info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ / ઈ-મેગેઝિન દ્વારા**

www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**

@feelingsmultimedia

This Annual issue of 'Feelings' is very good content about Information dedicated to nationalism.

**- Bharat Mehta (Ahmedabad)**

Annual issue is very interesting informative and educative sir,

**- Nitin Bhatt (Reliance)**

Atulbhai Wonderful issue I see all pages. good collection for reading your staff define Job.

**- Nikhil Bhatt (Mumbai)**

વાહ! અદ્‌ભૂત..! ફીલિંગ્સનો આ વાર્ષિક વિશેષાંક ખૂબ સરસ બન્યો છે. આ અંક દરેક ભારતવાસીઓએ પોતાના બેઠક ખંડમાં અવશ્ય રાખવો જોઈએ દરેક સંસ્થાઓ અને પુસ્તકાલયોએ પણ કાયમ માટે અંકને સાચવી રાખવો જોઈએ.

**- દિનેશ પટેલ (વડોદરા)**

સંગ્રહ કરવા જેવો ફીલિંગ્સનો આ વાર્ષિક વિશેષાંક ભારતનો ઈતિહાસ તાદશ્ય કરાવતો દસ્તાવેજ છે. ફીલિંગ્સ પરિવારના કુશળ કલમ નવેશી ને મનોવંદન.

**- નટવરલાલ ભાટીયા (પાટણ)**






જય સ્વામિનારાયણ અતુલભાઈ, ફીલિંગસનો રાષ્ટ્રભાવનાને સમર્પિત આ અંક ખૂબ શાંતિથી વાંચ્યો. ખૂબ આનંદ થયો. આ સંકલન અદ્‌ભૂત છે, તમારી પણ રાષ્ટ્રભક્તિ દેખાય છે. તમારા થકી આવી રીતે સમાજ ઉત્થાનની પ્રવૃત્તિ કાયમ થતી રહે તેવી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના છે. વેલ ડન અતુલભાઈ વેલ ડન

**- પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી, બી.એ.પી.એસ સ્વામીનારાયણ મંદિર, અટલાદરા**

ફીલિંગ્સ મેગેઝિનના તમામ લેખો વાંચ્યા. બધા લેખો ગુણવત્તા સભર અને યુવાનો તેમજ વિવિધ ક્ષેત્રમાં કામ કરતાં લોકોને માટે પથદર્શક છે. સાંપ્રતના બદલે કાયમી ઐતિહાસિક ડોક્યુમેન્ટ્રી સમાન છે. ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતું ફીલિંગ્સ ગુજરાતી ભાષાના એક ઘરેણાં સમાન છે.

**- મનસુખભાઈ સુવાગીયા પ્રમુખ જળક્રાંતિ ટ્રસ્ટ (રાજકોટ)**

જય શ્રી કૃષ્ણ પ્રભુ, આપનો શોક સંદેશ અને ફીલિંગ્સ મેગેઝિન મળ્યા. એમાં ખાસ કરીને મસ્કત ગુજરાતી સમાજ વિશેનો આર્ટિકલ વાંચીને ખૂબ આનંદ થયો. બહુ સરસ લખ્યું છે પ્રભુ. 'સોનાના દિલવાળો મસ્કત ગુજરાતી સમાજ...' વાહ.. વાહ.. વાહ... આભાર... ધન્યવાદ

**- ચંદ્રકાંત ચોથાણી, ઉપપ્રમુખ તથા કન્વીનર (મસ્કત ગુજરાતી સમાજ)**

ફીલિંગ્સનો વાર્ષિક વિશેષાંક ૨૦૨૫ અંક મળ્યો... વાંચ્યો... આ અંક અનોખો લાગ્યો.. કેટલું બધું વિશાળ કવરેજ! 'ભારત ભાગ્ય વિધાતા' તરીકે તમામ ક્ષેત્રના માંધાતાઓના યોગદાનને ઉજાગર કરવું એ નાનીસુની વાત નથી. અન્ય લેખો પણ પ્રશંસનીય લાગ્યા. અતુલભાઈ આપને ખૂબ-ખૂબ ધન્યવાદ સાથે પ્રગતિ માટેની શુભેચ્છા..

**- પ્રદીપભાઈ પરીખ (સામાજિક કાર્યકર્તા)-હાલોલ**

ડૉ. વિષ્ણુ પંડ્યાનો લખેલ આર્ટિકલ 'ત્રણ રાષ્ટ્રીય ગીતોમાં અભિવ્યક્ત ભારત ભાગ્ય વિધાતાની કથા' પ્રથમ વખત વાંચવા મળી. આ રાષ્ટ્રીય ગીતોની અસલી તાકાત જાણી.

**- ભાવેશ પટેલ, કૃણાલ પટેલ (અમદાવાદ)**

ફીલિંગ્સના આ વાર્ષિક વિશેષાંકમાં 'જ્યાં ન્યાય અડીખમ છે ત્યાં ભારત અખંડ છે' આ આર્ટિકલ તથા 'ભારતના અંતરિક્ષ વૈજ્ઞાનિકો' વાળો અને 'ભારતીય સેનાની ગૌરવ ગાથા' આ ત્રણેય આર્ટિકલ્સ ખૂબ નોલેજેબલ છે.

**- રિઝવાન પઠાણ, મહંમદ પટેલ, નાઝનીન શેખ મુંબઈ (ભીવંડી)**

'સનાતન ભારતીય સંસ્કૃતિના શિલ્પકારો એટલે આપણા સંતો-મહંતો વાળો લેખ પાવરફૂલ છે. જળક્રાંતિ ટ્રસ્ટવાલા મનસુખભાઈ સુવાગીયાનો આર્ટિકલ પણ ખૂબ જ વિચારવા લાયક છે.

**- અર્જુનસિંહ રાઠવા, બચીબેન રાઠવા (રાજગઢ)**

ડૉ. કુમારપાળ દેસાઈનો લખેલો આર્ટિકલ 'આવતી કાલનો ધર્મ નવી દ્રષ્ટિ નવી ખોજ'થી સમાજમાં ઘણું પરિવર્તન આવી શકે છે.

**- આર્યન ભટ્ટ, શ્રેયા ભટ્ટ (નવસારી)**

ફીલિંગ્સનો વાર્ષિક વિશેષાંક ૨૦૨૫ વાંચ્યો. ભારતના નામી-અનામી ભાગ્ય વિધાતાઓ વિશે જાણવા મળ્યું. આર.એસ.એસ.ની રોમાંચક સફરના પંચતંત્ર મુદ્દાઓથી સમાજમાં નિઃશંક જાગૃતિ આવશે. ફીલિંગ્સને ધન્યવાદ.

**- રાજેન્દ્ર પંડ્યા (વડોદરા)**

**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ-વાયુ પરિવર્તનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ-વૃધ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવેલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઈ-મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

**Whatsapp No**
**+91-98253 28488**

Feelings Foundation

**Email**
**feelingsfoundation2010@gmail.com**


BIG SALE
DISCOUNT
Up to ₹7000*
મીલસેંટ
80 વર્ષોનો વિશ્વાસ
MILCENT
આજે જ લઈ આવો
ફક્ત ₹567* ભરીને
વધુમાં મેળવો
FREE
₹6999 mrpની
ICONIC TROLLEY BAG
સરળ હપ્તે, વગર વ્યાજે ઉપલબ્ધ
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
IDFC FIRST Bank
ઓફર ગુજરાતનાં મર્યાદિત શહેરો માટે
*શરતો લાગુ. વિવિધ મોડલો ઉપર મહત્તમ ડિસ્કાઉન્ટ
oneadvt.com/10/25
ફૂલ્લી ઓટોમેટીક
ISI સર્ટિફાઈડ ઈલેક્ટ્રીક મોટર
2 પોલ મેઈન ઈલેક્ટ્રિક સ્વીચ
એર-કૂલ્ડ ગ્રાઈન્ડિંગ ચેમ્બર સાથે
ઓફર મર્યાદિત સમય માટે જ
દરેક અગ્રગણ્ય ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સીસ શો-રૂમમાં ઉપલબ્ધ
મીલ્સેંટ એક્સક્લુઝીવ શો-રૂમ, 09, ચીનુભાઈ સેન્ટર, નહેરુબ્રીજ કોર્નર, આશ્રમ રોડ, અમદાવાદ. 9825072938, 079-26577957
અમદાવાદ 9978639419
ઉત્તર-ગુજરાત 9687496507
રાજકોટ-જુનાગઢ 9825635324
ભાવનગર 9898209292
ખેડા - આણંદ 9925017328
વડોદરા-ભરૂચ-નર્મદા 9909014577
સુરત 9879804948
કચ્છ-ભુજ 9978639419, 9879804948
Reliance digital
vijay sales
croma A TATA Enterprise
જામનગરઃ KETAN No.1 Electronics Store 8511199120/21
મોટાભાઈ ઈલેક્ટ્રોનિક્સ વિરમગામ-સાણંદ
Since 1966 સેલ્સ કોર્નર
Sanket India
આણંદ | નડિયાદ | બોરસદ | કપડવંજ | મહેસાણા | પાલનપુર | ગોધરા | જુનાગઢ | મોરબી | કેશોદ
For More Inquiry Send "Hi" on this Number : 9714057695, 8980808751 | www.nilcentappliances.com | Follow us on

'Feelings'-International Gujarati Family Magazine

ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

## તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

## ઈન્ટરનેશનલ ઓફિસ

**FEELINGS MULTIMEDIA LTD**

**USA**

**Atlanta Georgia**

**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304

**Email -** khyatishah88@gmail.com

**New Jersey :** Sanjeev Pandya

Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392

**California (West Coast) :** Vijay Shah Journalist

**Chicago :** 2609 W. Devon Avenue, Chicago IL 60659

**U.K. :** Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909

**KENYA OFFICE :**

P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

## રિજિયોનલ ઓફિસ

**મુંબઈ**

૫૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઈરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૬

મો : ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ** - સુરેશ ઠક્કર - મો : ૯૮૨૫૦ ૦૮૫૭૭

**સુરત**- મો : ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :

માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો : ૯૮૨૫૨ ૫૮૪૫૧

પ્રદીપસિંહ જાડેજા - મો : ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - ૭૬૦૦૭ ૬૮૧૨૦

મેગેઝિન વર્લ્ડ - ૦૨૬૯૨-૨૪૪૫૮૨

## વાર્ષિક લવાજમ

ભારતમાં : રૂા. ૧૧૦૦/-

વિદેશમાં : **100 US Dollars**

**આજીવન સભ્યપદ**

ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**

ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.** ના નામે મોકલવો

## ઓગસ્ટ – સપ્ટેમ્બર – ૨૦૨૫

**વર્ષ-૨૮ સળંગ અંક : ૫૬૪-૫૬૫**

**મુખ્ય કાર્યાલય**

**FEELINGS**
MULTIMEDIA LIMITED

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com
atulshah496@gmail.com
Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**

**80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486**

Member

INS **THE INDIAN NEWSPAPER SOCIETY**

✍ **તંત્રીસ્થાનેથી**





# 'સ્વદેશી'ના અજવાળે પ્રાર્થના પુષ્પોથી ઉજવીએ એ જ સાચી દીપોત્સવી...

જ્યાં ગમતાંનો સહેવાસ હોય, સુગંધી શ્વાસ હોય અને પ્રકૃતિની પ્રસન્નતાનો અહેસાસ હોય, જ્યાં રસ ઝરતો પ્રવાસ હોય. પ્રેમ ઉપરની સૌથી સુંદર વ્યાખ્યા કઈ છે જાણો છો? 'કાયમ માટે થોડાં માસૂમ રહેવું.'

બીના ત્રિવેદીના આ શબ્દો આપણી આંતર ચેતનાને ઝંકૃત કરી મૂકે છે. દીપોત્સવીનો ઝગમગાટ ચારે બાજુ હવે દેખાય છે. કાયમ માટે થોડાં માસૂમ રહેવા આ દીપોત્સવીએ સ્વદેશી અજવાળું પાથરતો એક નાનકડો દીપ બની કૃતાર્થ થઈએ.

ફીલિંગ્સ દીપોત્સવી વિશેષાંકમાં લાવ્યું છે. ટ્રમ્પના ટેરિફ બોમ્બ સામે મોદીજીના અહિંસક સ્વદેશી શસ્ત્રની વાતો તથા વડનગરથી વિશ્વફલક સુધીની તેઓની જીવનયાત્રાને 'નમોત્સવ' સ્વરૂપે માણી શકશો.

દિવાળીમાં ઓછા ખર્ચે ઘર સજાવટની વાતો પણ જાણવા જેવી તો છે જ. હવે દિવાળીમાં પ્રવાસનું ચલણ ખૂબ વધ્યું છે ત્યારે આ અંકમાં ગુજરાતનાં ફરવા લાયક સ્થળોની સફર સાથે મેઘાલયના મનોહર પ્રવાસની મનભાવન યાત્રાનો આનંદ પણ ચૂકવા જેવો નથી. ત્રીજી પેઢીના સ્ટાર કિડ્સની આજ અને આવતી કાલની અવનવી વાતોની લિજ્જત માણતાં-માણતાં આપણા લોકપ્રિય ક્રિકેટર્સના લાડકવાયા સંતાનોના જીવનમાં પણ ડોકિયું કરવા જેવું છે. એક તરફ તહેવારોની આ મોસમમાં પરદેશની નવરાત્રિમાં થતું શ્રદ્ધા, ભક્તિ અને સંસ્કારિતાનું દર્શન છે જ્યારે બીજી તરફ મનોદિવ્યાંગ બાળકો 'બાળુડાના ગરબા'નો આનંદ પણ આ અંકમાં સમાયો છે.

પ્રકાશનું આ પર્વ અબોલ જીવોને માટે પીડાદાયક ન બને તેનું અચૂક ધ્યાન રાખીએ. સાથો-સાથ મોબાઈલની જેમ આપણાં દિલ અને દિમાગમાંથી પણ બિનજરૂરી મેટરને ડિલિટ કરી હળવા થઈએ એ સાચો દીપોત્સવ.

આપણી સનાતન સંસ્કૃતિએ પ્રાર્થનાને પણ એક મહાશક્તિ ગણી છે. એલોપેથી અને નેચરોપેથી કરતાં આ પ્રેયરપેથી તો પાવરફૂલ છે જ. અલબત્ત અન્યને માટે કરાયેલી પ્રાર્થના પ્રભુને અતિપ્રિય હોઈ પ્રાર્થનાને આપણાં પરિવારમાં, આપણાં જીવનમાં પ્રથમ સ્થાન આપી ધન્ય થઈએ એ જ અભ્યર્થના સહ આપ સૌ સુજ્ઞ વાચકો, વિતરકબંધુઓ તથા વિજ્ઞાપન દાતાઓને તેમજ શુભચિંતકોને નૂતન વર્ષની અનેક અનેક હાર્દિક શુભકામનાઓ... **હેપ્પી દિવાળી, હેપ્પી ન્યુ યર...**

નૂતન વર્ષ આપ સૌના જીવનમાં સુખ, શાંતિ અને આરોગ્યવર્ધક બને તેવી પ્રભુ પ્રાર્થના.



એડિટર


THE BLOOM
COLLECTIVE
ido graph
AHMEDABAD - SATELLITE | ASHRAM ROAD | RATANPOLE | NAVA VADAJ
SURAT - PARLE POINT VADODARA - OP ROAD asopalav.com | follow us on
AsōPalav®




✦ ડૉ. આઈ.કે. વીજળીવાળા

# બાળકોને ક્યારેક આવું પણ કહીએ અને કરીએ !

મારા પ્રિય સંતાન...

**સવારે... ...**

★ તારો ચહેરો નજરે પડતાં જ હું તારી સામે સ્મિત કરીશ. તારે ઊઠવામાં મોડું કેમ થયું એવું કહી તને ધમકાવીશ નહીં.

★ જો ઉતાવળ નહીં હોય તો હું તને નિરાંતે ન્હાવા દઈશ, બાથરૂમમાં છબછબિયાં પણ કરવા દઈશ.

★ તારે નિશાળ નહીં જવાનું હોય ત્યારે હું જે કહું તે નહીં, પરંતુ તને જે ગમે તે કપડાં પહેરવા દઈશ.

★ તારી રિક્ષા આવવાની વાર હશે તો આજુબાજુવાળા સાથે ગપ્પાં મારવાને બદલે તારી સાથે ઘડીક રમીશ કે સરસ વાતો કરીશ.

★ રજાના દિવસે મારું કામ, કપડાં કે વાસણ થોડીવાર માટે છોડીને તારી સાથે રમીશ.

**બપોરે... ...**

★ સાફસૂફી કે બપોરનાં વાસણ પડતાં મૂકીને હું તારી સાથે છાપાનું ક્રોસવર્ડ ભરીશ, આપણે તારા મેગેઝિનના કોયડા ઉકેલીશું !

★ તારું લેસન પૂરું થઇ જાય પછી આપણે પડયાં-પડયાં વાતો કરીશું.

★ જો તને ગમશે તો કાગળનાં રમકડાં બનાવીશું કે માટીકામ કરીશું.

★ જો સમય મળશે તો આપણે બંને આપણા બગીચામાં કામ કરીશું કે ઘરમાં જ કાંઈક રમીશું.

**સાંજે... ...**

★ હું મારું ફોન-ચેટિંગ કે વોટ્સ-એપ વગેરે બંધ રાખીશ.

★ મારા કોમ્પ્યૂટરને હાથ પણ નહીં લગાવું, ટીવી પણ નહીં જોઉં પરંતુ પાછળના વાડામાં કે આગળના ઓટલા પર બેસીને આપણે બંને સાબુના પરપોટા કરીશું.

★ હું તારા પર જરા પણ બૂમાબૂમ નહીં કરું. તું કદાચે બૂમો પાડશે તો પણ હું તને ખખડાવીશ નહીં.

★ તું ચોકલેટ માંગશે તો તને એના માટે ટટળાવીસ કે રડાવીશ નહીં, ઊલટાનું આપણે બંને જોડે બેસીને ખાઈશું !

★ તું ભવિષ્યમાં શું બનીશ એની ચિંતા હરગીઝ નહીં કરું અને એને લઈને તને હેરાન પણ નહીં કરું !

★ કોઈક-કોઈક વાર તને કંટાળાજનક ટ્યૂશન કલાસમાં મોકલવાને બદલે આપણા ગ્રાઉન્ડમાં સાઈકલ ફેરવવા દઈશ.

**રાત્રે... ...**

★ તારી સાથે બેસીને તારી સ્કૂલની વાતો સાંભળીશ. તારા મિત્રો અંગે પણ આપણે વાતો કરીશું.

★ મારી પ્રિય ટી.વી. સિરિયલ જોવાનું મુલતવી રાખીને જમ્યા પછી આપણે બંને નજીકના બગીચામાં આંટો મારવા જઈશું.

★ બધી લાઈટો બંધ કરી ફળિયામાં કે અગાસીમાં પડયાં પડયાં આપણે તારા જોઇશું ! અરે ! ગણીશું !

★ તને ઊંઘ આવશે ત્યારે તને સરસ મજાની વાર્તા કહીશ.

★ સૂતાં પહેલાં તું જ્યારે આંખ બંધ કરીને પ્રાર્થના કરીશ ત્યારે તારા વાળમાં હાથ ફેરવતાં ફેરવતાં મને આવી સરસ તક આપવા બદલ હું ભગવાનનો આભાર માનીશ.

અને હા, એ સમયે હું એવાં હજારો માતા-પિતા માટે પણ મારા ખરા અંતઃકરણથી પ્રાર્થના કરીશ જેમનાં બાળકો કાં તો ખોવાઈ ગયાં હોય અથવા તો એમનાથી દૂર થઇ ગયાં હોય. ઈશ્વરને એવાં લાખો મા-બાપને હિંમત આપવાનું કહીશ કે જેમનાં બાળકો દવાખાનાના ખાટલા પર દર્દથી પીડાઈ રહ્યા હોય. હું એવાં મા-બાપ માટે પણ પ્રાર્થના કરીશ કે જેમનાં બાળકોને મૃત્યુએ છીનવી લીધાં હોય.

મારા સંતાન ! હું એ વખતે તને ખાસ્સી વાર સુધી ગળે વળગાડીને વહાલ કરીશ અને તું સૂઈ જા પછી ભગવાનનો આભાર માનતાં એમની પાસે બીજું કંઇ પણ નહીં માંગું. બસ, એમને એટલું જ કહીશ કે એ મને તારી સાથે આવો એક દિવસ વધારે આપે! અને એ રોજ આપે ! ફી



NK Proteins
આ દિવાળી
હેલ્ધી વાળી
આપ સૌને દિવાળીની હાર્દિક શુભેચ્છા!
TIRUPATI
Edible Oils
HEALTHY WAALI HAPPINESS
Sunpride
Refined
TIRUPATI
Cottonseed Oil
REFINED COTTONSEED OIL
Premium
Filtered
Groundnut Oil
તહેવારોમાં આરોગ્યની ચિંતા શા માટે? ઘરે લાવો તિરુપતિ તેલ જે છે વિટામિન્સ અને પોષક તત્વોથી ભરપૂર . જે બનાવે તમારા ભોજનને હળવું અને સ્વાદિષ્ટ, જેથી તમે બેફિકર ભોજન માણી શકો અને તહેવારો ઉજવો કોઈપણ જાતની રોકટોક વિના.
મહત્ત્વપૂર્ણ ન્યૂટ્રિએન્ટ્સ અને વિટામિન્સથી ભરપૂર







✦ પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી

# પ્રાર્થનાની શક્તિ

**આ** પણે કશું કરી શકીએ તેમ નથી, તેથી હું મારા અમેરિકા દેશને અવકાશમાં ગયેલા આપણા ત્રણ અવકાશયાત્રીઓ માટે ઘૂંટણિયે પડી ભગવાનને પ્રાર્થના કરવા માટે વિનંતી કરું છું. આ શબ્દો અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સન દ્વારા ઉદ્‌બોધાયેલા છે.

પરિસ્થિતિ એવી હતી કે તા. ૧૧ એપ્રિલ, ૧૯૭૦ ના રોજ અમેરિકાએ સમાનવ યાન Apollo-13 અંતરીક્ષમાં છોડ્યું, પરંતુ પૃથ્વીથી ૩ લાખ કિમી. દૂર ચંદ્રની કક્ષામાં કેટલીક યાંત્રિક ખામીઓના કારણે વિસ્ફોટ થયો અને ભયાનક કટોકટી સર્જાઈ. અવકાશયાત્રીઓ ઓક્સિજનની ઊણપ અને ઇલેક્ટ્રિસિટીના અભાવે લાચાર બન્યા હતા. જે વૈજ્ઞાનિકો હ્યુસ્ટન સ્પેસ સેન્ટરથી અવકાશયાત્રીઓ સાથે સંપર્કમાં હતા, તેઓએ ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ વિજ્ઞાન, ટેક્નોલોજી અને અત્યાર સુધીનાં તમામ અદ્યતન સંસાધનો એક પછી એક હાથ ઊંચા કરી રહ્યાં હતાં. વૈજ્ઞાનિકોએ તરત જ રાષ્ટ્રપ્રમુખને આ પરિસ્થિતિથી વાકેફ કર્યા. અંતે રાષ્ટ્રપ્રમુખે બધાને પ્રાર્થના કરવાની અપીલ કરી.

જેમ જેમ આ વાત પ્રસરતી ગઈ તેમ તેમ માત્ર અમેરિકા જ નહીં, સમગ્ર વિશ્વ આ પ્રાર્થનામાં જોડાયું. છેવટે આટલા બધા લોકોની સામૂહિકપણે અન્ય માટે થયેલી




નિઃસ્વાર્થ પ્રાર્થનાને ભગવાન કેવી રીતે નકારી શકે!!! ભગવાને બધાની પ્રાર્થના સ્વીકારી અને અવકાશયાત્રીઓનો ચમત્કારિક બચાવ થયો. આ મિશનના અલાર્મ સિસ્ટમ એન્જિનિયર જેરી વુડ્રિલે 'What really happened to Apollo-13' નામના પોતાના લેખમાં સ્વીકાર કર્યો કે તે લોકોનો બચાવ કેવળ પ્રાર્થનાથી જ થયો છે. આ ઉપરાંત NASA એ પ્રાર્થનાની મુદ્રા સાથે એક સિક્કો પણ બહાર પડ્યો હતો. જેના પર લખ્યું હતું 'APOLLO 13 AND THE WHOLE WORLD PRAYED'

ખરેખર, પ્રાર્થના કોઈ શબ્દો, ભાષા કે દેશની સીમાઓ પૂરતી સીમિત નથી. અન્ય માટે કરેલી નિઃસ્વાર્થ પ્રાર્થના ભગવાન ઝડપથી સાંભળતા હોય છે. આવો જ એક અનુભવ અમેરિકાના લોસ-એન્જેલસમાં રહેતી મહિલાને પણ થયેલો. ૭૦ વર્ષની એ મહિલાને સમાજ સેવા કરવાની ખૂબ ઈચ્છા હતી, પણ પોતાની



એપોલો-૧૩ ફ્લાઈટ પરત દરમિયાન મિશન કંટ્રોલ સેન્ટર


ઉંમરના કારણે તે કોઈ સમાજ સેવા કરી શકે તેમ નહોતી. એટલે એક દિવસ તે પોતાના ઘરની નજીક આવેલી કેન્સર હોસ્પિટલમાંથી ચોથા સ્ટેજમાં પહોંચેલા ત્રણ દર્દીઓ કે જેને બચવાની કોઈ આશા જ નહોતી, તેના ફોટોગ્રાફ લઈ આવી અને રોજ સવારે તેમના માટે પ્રાર્થના કરવા લાગી. આમ કરતા બે મહિના વીતી ગયા. એટલે તેણે એકવાર હોસ્પિટલે જઈને ડોક્ટરોને દર્દીઓના ખબર-અંતર પૂછ્યા. એ વખતે ડોક્ટરોએ ઘટસ્ફોટ કરતાં કહ્યું 'તે દર્દીઓ તો ડિસ્ચાર્જ થઈ ગયા છે.' આ સાંભળી તે મહિલાને ખૂબ આશ્ચર્ય થયું. તેણે ડિસ્ચાર્જ થવાનું કારણ પૂછતાં ડોક્ટરોએ જણાવ્યું, 'જ્યારથી તમે એમના ફોટોગ્રાફ્સ લઈ ગયા, ત્યારથી તે લોકોમાં રિકવરી ચાલુ થઈ હતી અને બે મહિનામાં તો તેમનું કેન્સર નાબૂદ થઈ ગયું. એટલે તેઓ હવે ડિસ્ચાર્જ થઈ ગયા છે.'

**ચોથા સ્ટેજમાં પહોંચેલા કેન્સરના દર્દીઓને આ મહિલાએ કેવળ પ્રાર્થનાની શક્તિથી બચાવી લીધા. એટલું જ નહીં આ મહિલાએ પોતાના જીવનકાળ દરમિયાન ૩૬થી પણ વધારે કેન્સરના દર્દીઓને કેન્સર મુક્ત કર્યા માત્ર 'પ્રાર્થનાની શક્તિથી'. આ સત્યઘટનાની નોંધ અમેરિકન લેખક ડો. બર્ની સીગલે પોતાના પુસ્તક 'Peace, Love and Healing' માં કરી છે.**

હૃદયની શુદ્ધ ભાવનાથી જ્યારે પ્રાર્થના કરવામાં આવે ત્યારે તેનું ફળ હંમેશા સારું જ મળતું હોય છે. તેથી જ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, પ્રાર્થનામાં શબ્દોનું નહિ, પણ શુદ્ધ હૃદયનું અને આપણી શ્રદ્ધાનું મહત્ત્વ હોય છે. આ સૂત્ર આપણને એમના જીવનમાં પણ ચરિતાર્થ થયેલું દેખાતું.

જ્યારે જ્યારે સમાજ કે રાષ્ટ્ર પર કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ આવી છે, ત્યારે-ત્યારે તેઓએ અચૂક પ્રાર્થના કરી છે. ૧૯૯૦ની સાલમાં ચોમાસું લગભગ






નિષ્ફળ જ ગયું હતું. અષાઢ અને અડધો શ્રાવણ વીતી ગયો હતો. સરકારે કૃત્રિમ વરસાદના પ્રયોગો પણ કરી લીધા અને અછત નિવારણ સમિતિઓ પણ રચાઈ ગઈ હતી. આ બધી જ નિરાશાની વચ્ચે લંડનમાં બિરાજતા સ્વામીશ્રીને ભગવાનમાં અપાર શ્રદ્ધા હતી. એટલે સૌના દુ:ખને નિવારવા માટે અડધી રાત્રે જાગી જાગીને તેઓ દુષ્કાળ દૂર થાય તે માટે રોજ પ્રાર્થના કરતા હતા.

એક વખત મધરાત્રે બે વાગ્યે સેવકસંત જાગી ગયા ત્યારે સ્વામીશ્રીને પ્રાર્થના કરતા જોયા. તેઓએ સ્વામીશ્રીને આ માટે પૂછ્યું ત્યારે જાણ થઈ કે લગભગ ૨ મહિનાથી તેઓ વરસાદ માટે દરરોજ પ્રાર્થના કરતા હતા. પર દુ:ખે પીડાઈને મધરાતે અન્ય માટે પ્રાર્થના કરવાની આટલી બધી ખેવના તેઓના હૃદયમાં હતી. તેમણે પ્રાર્થના કરવામાં ક્યારેય પણ કોઈ રાષ્ટ્ર, જાતિ કે ધર્મનો ભેદભાવ જોયો નથી.

તેઓ જ્યારે ૧૯૯૯માં જેરુસલેમમાં યહૂદીઓના ધર્મસ્થાન વેઈલિંગવોલ પાસે ગયા ત્યારે ત્યાં તેમણે બે પુષ્પો પ્રાર્થના રૂપે મૂક્યા. તેનું કારણ પૂછતાં તેઓએ જણાવ્યું, 'એક પુષ્પ અત્યાર સુધી જે વ્યક્તિઓ પ્રાર્થના કરી ગયા છે તેમની શુભ પ્રાર્થના ફળે તે માટે અને બીજું પુષ્પ હવે પછી જે આવશે તે લોકોની શુભ પ્રાર્થના ફળે તે માટે.' ખરેખર! અન્યની પ્રાર્થનાઓ ફળે તે માટે પ્રાર્થના કરનારા આવા મહાપુરુષો જ આ ધરાતલનું સાચું રત્ન છે.

પ્રાર્થનામાં આપણને ઘણીવાર પરિણામની અપેક્ષા હોય છે. પરંતુ મિત્રો!

**યુદ્ધમાં એક પગ ખોઈ બેઠેલા સૈનિકને ફ્રાન્સના એક ધર્મસ્થાનમાં પ્રવેશ કરતો જોઈ કોઈએ ટીકા કરી 'શું તે એમ માનતો હશે કે તે અહીં પ્રાર્થના કરશે એટલે ભગવાન તેને નવો પગ આપશે?' આ સાંભળી સૈનિક વિનમ્રતાથી બોલ્યો 'મને ખબર છે કે ઈશ્વર મને નવો પગ નહીં આપે, પરંતુ એક પગથી જીવન જીવવાનું મનોબળ ચોક્કસ આપશે.' માટે માત્ર પરિણામ ખાતર નહીં પરંતુ જીવનમાં શાંતિ માટે પણ પ્રતિદિન પ્રાર્થના કરવી જોઈએ.**

પ્રાર્થના માત્ર પરિણામ માટે જ નથી હોતી.

અંગ્રેજીમાં કહેવાય છે 'God is just a prayer away from us' 'ભગવાન ફક્ત એક પ્રાર્થના જેટલા જ આપણાથી દૂર છે.' તો ચાલો મિત્રો! આપણે પણ નિત્ય પ્રાર્થના કરી ભગવાન અને આપણી વચ્ચેનું અંતર દૂર કરીએ અને અખંડ તેમના સામીપ્યનો અનુભવ કરીએ.



✦ મુકેશ પારેખ




# અન્યને માટે કરેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર પરમેશ્વર આપે જ છે

સનાતન ભારતીય સંસ્કૃતિ અને એનો આધ્યાત્મિક વૈભવ આજે પણ એટલો જ સમૃદ્ધ છે. પ્રસિદ્ધ ઈતિહાસકાર અને દાર્શનિક વિલ ડુરાન્ટએ ક્યાંક કહેલું કે 'જેમ માણસ કાળક્રમે વૃદ્ધ થાય અને મૃત્યુ પામે તેમ સંસ્કૃતિ પણ મૃત્યુ પામે છે. પરંતુ જે સંસ્કૃતિ નવા ઉન્મેષોને અને પરિવર્તનોને ઝીલવાનું સામર્થ્ય બનાવે તે મૃત્યુ નથી પામતી.' ભારતીય સંસ્કૃતિએ આવી તાકાત વારંવાર બતાવી છે. તેથી એ ક્યારેય મૃત્યુ નહીં પામે.

સુપ્રસિદ્ધ અમેરિકન લેખક માર્ક ટ્વેઈનના આ શબ્દો પણ સાંભળવા જેવા છે.. સમજવા જેવા છે... 'જે અસામાન્ય દેશની મુલાકાત પોતાની પ્રદક્ષિણા દરમિયાન સૂર્ય રોજ લેતો રહે છે. તેવા ભારતના નિર્માણમાં કુદરતે કશી કમી રાખી નથી' એટલે જ તો ઋગ્વેદમાં આ પ્રાર્થના છે 'આ નો ભદ્રા ક્રતવો યન્તુ વિશ્વતઃ.' જેનો અર્થ છે, 'દરેક દિશામાંથી અમોને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ' આ છે આપણી સનાતન સંસ્કૃતિની ઉત્કૃષ્ટતા.

સમસ્ત વિશ્વને પોતાનું કુટુંબ માનતી આપણી વૈદિક વિચારધારા માનવીને માનવી થતાં તો શીખવે જ છે. પરંતુ અલખની આરાધનાનો રાજમાર્ગ પણ કંડારે છે. અન્યને માટે કરેલી પ્રાર્થના પરમેશ્વરની આંખના હર્ષાશ્રુ બની આ અવની પર રેલાય એનાથી વિશેષ આનંદપ્રદ બીજું શું હોઈ શકે!

એટલે જ મહાત્મા ગાંધીજીએ પ્રાર્થનાને આપણાં આત્માનો ખોરાક ગણાવ્યો છે. આપણે શરીરની તંદુરસ્તી જેટલી જાળવીએ છીએ એથી વિશેષ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત અને આત્માની તંદુરસ્તી પણ જાળવીએ.

જે શક્ય બને છે માત્ર ને માત્ર આપણી સકારાત્મક વિચારધારાથી જેમાં પહેલાં 'તું' પછી 'હું' ની ભાવના સમાવિષ્ટ હોય. ત્યારે પરમેશ્વરના ચરણે અન્યના ઉત્થાન માટે કરાયેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર પ્રભુ અચૂક આપે જ છે. પ્રાર્થનામાં અદ્‌ભુત શક્તિ રહેલી છે, પરંતુ જ્યારે એ 'પર'ના અર્થે થતી હોય છે ત્યારે એની તાકાત અનંતગણી થઈ જાય છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પરદેશમાં લોકોનું એક જૂથ દરરોજ રાત્રે ચોક્કસ સમયે પોતાની તમામ પ્રવૃત્તિને બંધ કરી વિશ્વની શાંતિ અને સલામતી માટે નિયમિત પણે પ્રાર્થના કરતું હતું. આ પ્રાર્થનાની શક્તિનું પરિણામ એવું જબરદસ્ત આવ્યું કે, થોડા સમય પછી બોમ્બમારો બંધ થઈ ગયો...

પ્રવર્તમાન સંજોગોમાં વિશ્વની કેટલીક રાજસત્તાઓના આપસમાં ટકરાવના કારણે વિશ્વ યુદ્ધના વાદળો ઘેરાયા છે ત્યારે પૃથ્વી પરના તમામ લોકોને માટે સલામતી તેમજ વિશ્વશાંતિ અર્થે આપણે આપણાં ઈષ્ટદેવને પ્રાર્થના કરીએ એ આજના સમયની માંગ છે. આવશ્યકતા છે. 'જ્યાં શસ્ત્ર ન ચાલે ત્યાં શાસ્ત્ર ચાલે' એ વાતને જરા વધુ વિસ્તારથી સમજીએ એક સત્ય ઘટનાના માધ્યમથી. ભારતીય મૂળની પ્રસિદ્ધ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે નવ મહિના અવકાશમાં વિતાવ્યા પછી તેને આપેલું નિવેદન હવે વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યું છે. તેણીએ કહ્યું હતું કે, 'અવકાશમાં મેં વીસ દિવસ પૂરા કર્યા પછી મને એવું લાગ્યું કે, ખોરાક અને પાણીની અછત વચ્ચે હું કેવી રીતે જીવી શકીશ? ત્યારે મેં સનાતન ધર્મના ચૈત્ર નવરાત્રિના ઉપવાસ શરૂ કર્યા. રામાયણ અને ભગવદ્ ગીતા વાંચવાનું શરૂ કર્યું હતું. અહીં અવકાશમાં મોટી-મોટી ઉલ્કાઓ જોઈને અમે ડરી જતા હતા અને જ્યારે કોઈ રસ્તો ન દેખાયો ત્યારે અમે ભગવાનને પ્રાર્થના કરી હતી. પરિણામે ચમત્કારિક રીતે પ્રકાશના કેટલાક ગોળાકાર કિરણો નીચે આવ્યા અને અમોને નડતરરૂપ મોટી ઉલ્કાઓનો નાશ કર્યો. હું માનું છું કે શ્રીમદ્ ભગવદ્ ગીતા સાચી છે.'

સનાતન સંસ્કૃતિની પ્રાર્થનામાં આ તાકાત છે. એટલે આપણે ચોક્કસ પણે કહી શકીએ કે ભગવાને ભારતને આ પૃથ્વીનું મંદિર બનાવ્યું છે. જેના દિવ્ય સ્પંદનો સમગ્ર સૃષ્ટિમાં એક સકારાત્મક ઊર્જાનો પ્રવાહ વહાવી માનવ જીવનની આધિ-વ્યાધિ અને ઉપાધીને દૂર હડસેલી સૌને સુખ-શાંતિ અને આનંદની અનુભુતિ કરાવે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે. ફી

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# શક્તિના ૫૧ સ્વરૂપ અંબાજીમાં થયા એકરૂપ



## શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથ, અંબાજી

વિશ્વભરમાં મા આદ્યશક્તિની દિવ્ય ૫૧ શક્તિપીઠ આવેલી છે. એક જન્મમાં ૫૧ શક્તિપીઠના દર્શન કરવા અતિકઠીન છે. પરમ માઇ ભક્ત અને તત્કાલિન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી અંબાજી શક્તિપીઠના આંગણે ગબ્બર પર્વત પર એક જ સ્થળે ૫૧ શક્તિપીઠની પ્રતિકૃતિ સ્થાપિત કરવામાં આવી છે, જેથી માઇ ભક્તો એક જ સ્થળે માતાની દિવ્ય ૫૧ શક્તિપીઠના અલૌકિક દર્શન સાથે પરિક્રમા કરી ધન્યતા અનુભવી શકે. તો પધારો અંબાજી...









**ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ**

બ્લોક નં. ૨-૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

E-mail: gpyvb@gujarat.gov.in

www.yatradham.gujarat.gov.in




✦ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# જ્યારે સંપૂર્ણ શૂન્યતા આવે, ત્યારે પ્રાર્થના પૂર્ણપણે અનુભવાય

પ્રાર્થના એટલે આપણા હૃદયમાં અનુભવાતી સંવેદનાઓને અભિવ્યક્ત કરવાનું ભાવનાશીલ માધ્યમ! પ્રાર્થના એટલે સૂર, શબ્દો અને સંગીત દ્વારા હૃદયની ભાવનાઓને, હૃદયમાં પરમાત્મા પ્રત્યે ઉદ્‌ભવતા નિઃસ્વાર્થ પ્રેમને વ્યક્ત કરતી વિનંતી!

પ્રાર્થનાના ભાવો અને શબ્દો એક પ્રકારનો સૂક્ષ્મ અને Invisible Bridge છે, જે વ્યક્તિને પરમાત્મા સાથેના Connectionનો અનુપમ અહેસાસ કરાવે છે, પરમાત્મા સાથે ઐક્યતા કરાવે છે, પરમાત્મા આસપાસ હોવાની અનુભૂતિ કરાવે છે અને પરમાત્મા મારી વાત સાંભળે છે, એવી શ્રદ્ધા જન્માવે છે!

**પ્રાર્થના ક્યારે થાય ?**


પ્રાર્થના ત્યારે જ થાય, જ્યારે વ્યક્તિ સંપૂર્ણપણે શૂન્ય થઈ જાય! શૂન્યતા સાથેની પ્રાર્થનામાં ભાવ, અહોભાવ, દૃઢ શ્રદ્ધા અને અતૂટ આત્મવિશ્વાસ હોય છે, અસ્તિત્વ શૂન્ય ત્યારે જ થઈ શકાય, જ્યારે સ્વયંની પામરતા અને પરમાત્માની વિરાટતાનો અહેસાસ થાય, પરમાત્મા શ્રેષ્ઠ છે, એ સત્યનો હૃદયથી સ્વીકાર થાય! જ્યારે હૃદયથી સ્વીકાર થાય, ત્યારે જ એમના પ્રત્યે આદર અને આત્મીયતાનો ભાવ પ્રગટ થાય એમના ગુણોનું ગાન થાય!

પ્રાર્થના એટલે શ્રેષ્ઠ અને વિશિષ્ટ વ્યક્તિત્વના ગુણોની સ્તુતિ અને ભક્તિ એમના ગુણોનું ગાન અને એમના ગુણગાન કરતાં-કરતાં, એમના જેવા ગુણોને સ્વયંમાં પ્રગટ કરવાનો પ્રયાસ!

પ્રાર્થના એટલે ગુણવાન આત્માના ગુણોની અભિવ્યક્તિ! અભિવ્યક્તિ ત્યારે જ થાય, જ્યારે તે આત્માના ગુણો પ્રત્યે પ્રેમ અને અહોભાવની અનુભૂતિ હોય! ભાવ અને ભક્તિ વિના પણ પ્રાર્થના તો થાય, પણ એ પ્રાર્થનામાં માત્ર શબ્દો હોય, સંવેદન ન હોય! એ પ્રાર્થના હોઠથી હોય, દિલથી ન હોય! એ પ્રાર્થનામાં સ્વાર્થ હોય, અકારણ પ્રેમ ન હોય! એ પ્રાર્થનામાં સ્વયંના દુઃખ, દર્દ, કષ્ટો અને તકલીફને દૂર કરવાની વિનંતી હોય, ગુણ સ્તુતિ ન હોય!

દુઃખ આવે અને ભગવાન યાદ આવે, એ સ્વાર્થ કહેવાય! સુખમાં પણ જો સતત ભગવાન સ્મૃતિમાં હોય, તો એ પ્રેમ કહેવાય! પરમાત્મા પ્રત્યેનો પ્રેમ જ સ્વાર્થને શૂન્ય કરાવે છે એ પ્રેમ જ અસ્તિત્વને શૂન્ય કરાવે છે. જ્યાં સ્વાર્થ હોય, ત્યાં મગજનો ઉપયોગ હોય, ત્યાં બુદ્ધિ વપરાતી હોય. જ્યાં બુદ્ધિ હોય, ત્યાં તર્ક-વિતર્ક હોય, ત્યાં અનેક વિકલ્પો હોય. જ્યાં હૃદયનો ઉપયોગ હોય, ત્યાં કોઈ વાદ-વિવાદ કે શંકા ન હોય, ત્યાં માત્રને માત્ર સમર્પણ જ હોય. પ્રાર્થના એ સમર્પણતાને શ્રેષ્ઠ કરવાનો ઉપાય છે.

જેમ-જેમ પ્રાર્થના થતી જાય, જેમ-જેમ હૃદયના ભાવો પ્રગટ થતાં જાય, જેમ-જેમ પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા વધતી જાય, તેમ-તેમ મોહનીય કર્મો ક્ષય થતાં જાય. જેમ-જેમ મોહનીય કર્મો ક્ષય થતાં જાય, તેમ-તેમ સમર્પણતા શ્રેષ્ઠ થતી જાય!



જ્યારે સમર્પણભાવે, શ્રદ્ધા સાથે, હૃદયની સંવેદનાઓ પ્રગટ થાય છે, ત્યારે સમ્યક્ પ્રાર્થના થાય છે.

જ્યારે અસ્તિત્વ સોંપાય છે, ત્યારે પ્રાર્થના કરવી નથી પડતી, પ્રાર્થના સહજભાવે થઈ જાય છે. પ્રાર્થના એટલે માત્ર પરમાત્માના ગુણગાન નથી, પ્રાર્થના એટલે પરમાત્મા સાથે વાર્તાલાપ! પ્રાર્થના એટલે પરમાત્માને યાદ કરી ફરિયાદને વ્યક્ત કરવાની અમૂલ્ય તક! જો પરમાત્મા સાથે નિ:સ્વાર્થ પ્રેમ અને આત્મીયતા હોય, તો પ્રાર્થનાના માધ્યમ દ્વારા ફરિયાદ પણ કરી શકાય અને મીઠી તકરાર પણ કરી શકાય!

મસ્તક સમર્પણ ભાવે પ્રાર્થનામાં શબ્દોનું નહીં, ભાવોનું મહત્વ છે. એક નાનકડું બાળક પ્રભુ સામે બે હાથ જોડી, ભાવથી ABCD બોલે, તો એ ABCD પણ એની પ્રાર્થના બની જાય છે. પરમાત્માના ચરણ-શરણમાં ઝૂકેલું હોય! પ્રાર્થના આપણી અંદરના Egoને ઘટાડે છે, Angerને Control કરી શકાય છે. પ્રાર્થનાથી ક્ષમા, નમ્રતા, પ્રેમ, મૈત્રી, શાંતિ અને સમાધિ જેવા ગુણો પ્રગટે છે. 'હું કંઈક છું' ની વૃત્તિ ધીમે-ધીમે શાંત થવા લાગે છે અને વ્યક્તિ અહમ્ શૂન્ય થવા લાગે છે.

જેમ-જેમ અહમ્ શૂન્ય થવા લાગે છે, તેમ-તેમ પ્રાર્થના પૂર્ણ થવા લાગે છે, સાર્થક થવા લાગે છે. પ્રાર્થનાને પરમાત્માએ 'મંગલ' કહી છે. 'મંગલ' એટલે જે વિઘ્નોનો નાશ કરે, જે વિપત્તિઓને દૂર કરે, જે અંતરાયોનો ક્ષય કરે, જે સંકટોનો નાશ કરે અને જે સફળતા તરફ લઈ જાય! માટે જ, કોઈપણ કાર્ય કરતાં પહેલાં પરમાત્માને પ્રાર્થના કરવામાં આવે છે. પ્રાર્થના કરવાથી નીચ ગોત્રકર્મનો નાશ થાય છે.

વ્યક્તિ જ્યારે પ્રાર્થના કરે છે, ત્યારે તે શાંત અને નમ્ર બને છે. નમ્રતા અને સમતા ઉચ્ચ ગોત્રકર્મનો પુણ્ય બંધ કરાવે છે, જેના કારણે વ્યક્તિ દરેક ક્ષેત્રમાં સફળ થાય છે, ધારે તે કરી શકે છે, જે વિચારે, તેવું થવા લાગે અને તેને અંદરથી જ પ્રેરણા અને સ્ફુરણા થવા લાગે છે. ઘણાને થાય, બે-પાંચ મિનિટની પ્રાર્થના કરવાથી શું થાય? એક નાનકડી પ્રાર્થનામાં વળી કેટલી ક્ષમતા હોય?

ભગવાને કહ્યું છે, સાચા દિલથી, હૃદયના ઉત્કૃષ્ટ અને નિ:સ્વાર્થ ભાવથી અને શ્રદ્ધાથી કરેલી એક ક્ષણની નાનકડી પ્રાર્થનાથી કરોડો વર્ષો સુધી સાનુકૂળતા મળે, એવા ઉત્કૃષ્ટ શુભ, પુણ્યનો બંધ કરાવે છે. એક ક્ષણ માટે પણ જો અહમ્ શૂન્ય થાય તો અનંતા-અનંતા મોહનીય કર્મોનો ક્ષય થાય છે.

**પ્રાર્થના દ્વારા જ્યારે શુદ્ધ અને શુભ ભાવ પ્રગટવા લાગે છે, ત્યારે પરમાત્મા સાથે Connection થવા લાગે છે. જેવું Connection થાય એટલે પરમાત્મામાં જે ગુણો હોય, એ આપણામાં Transfer થવા લાગે.**

જો આપણી પ્રાર્થના નિ:સ્વાર્થ અને નિર્વિકલ્પ હોય તો એવી સક્ષમ બની જાય કે સામેવાળી વ્યક્તિનું અશાંત મન શાંત થઈ જાય, તેને દર્દ અને વેદનામાં પણ શાતા અને સમાધિનો અનુભવ થાય. કેમ કે, જ્યારે આપણા ભાવ શુભ અને શુદ્ધ હોય છે, ત્યારે આપણી Aura અને આપણા Vibrations પણ શુભ હોય છે. જે અશુભ તત્ત્વો અને Negativityને દૂર કરી શુભ ભાવ અને Positivityમાં Convert કરે છે.

'શુભ થાઓ આ સકલ વિશ્વનું!' આ નાનકડી એક જ લાઈનની પ્રાર્થના જો શુભભાવથી સહુના મનમાં સતત્ ચાલતી રહે તો વિશ્વશાંતિ અને વિશ્વમૈત્રીનો નાદ ગૂંજ્યા વિના ન રહે! પ્રાર્થના એકલા પણ થાય અને પ્રાર્થના સમૂહમાં પણ થાય. પ્રાર્થના જ્યારે સમૂહમાં થાય છે ત્યારે સમૂહમાં બાંધેલો કર્મોનો ક્ષય કરી શકાય છે. આજે જ્યારે Flood આવે છે, Plane Crash થાય છે, Earthquake થાય છે ત્યારે એક સાથે અલગ-અલગ પરિવારની, અલગ-અલગ જ્ઞાતિની સેંકડો વ્યક્તિઓની વિદાય થઈ જાય છે કેમ કે, એમણે ક્યાંક ને ક્યાંક, ક્યારેક સામૂહિક કર્મનો બંધ કર્યો હોય છે. સમૂહમાં પ્રાર્થના કરવાથી આપણે જાણતા-અજાણતા સમૂહમાં બાંધેલો કર્મોનો ક્ષય કરી શકીએ છીએ.

એક સમય હતો જ્યારે આપણા ઘરોમાં દરરોજ સવારના સમૂહમાં પ્રાર્થના થતી અને પ્રાર્થનાથી જ દિવસની શરૂઆત થતી. જેના કારણે પરિવારમાં પણ શાંતિ, સમાધિ અને સુખ હતાં. નિયમિત પ્રાર્થના કરવાથી દરેકના હૃદયમાં પ્રેમ, ક્ષમા, વિનય, નમ્રતા અને સરળતા જેવા ગુણો પ્રગટતાં હતાં એટલે હવે પ્રાર્થનાને આપણા પરિવારમાં પ્રથમ સ્થાન આપવાનો સમય પાકી ગયો છે એ ચોક્કસ વાત છે.









✦ સૌરભ શાહ

# એલોપેથી અને નેચરોપેથી કરતાં પ્રેયરપેથી (પ્રાર્થના) વધુ પાવરફુલ

વિખ્યાત કવિ બાયરને માનવીની વ્યાખ્યા આ રીતે આપી છે. 'માનવી એટલે સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક...!'

રોગ, નિર્ધનતા, ઝઘડો-એકલતા આ બધું લગભગ બધા માણસોને પીડતું હોય છે. અને એ દુ:ખો દૂર કરવા માણસ ભાત-ભાતના નુસખા અપનાવે છે. રોગમુક્તિ માટે દવા-ઈન્જેકશન કે ઓપરેશન, નિર્ધનતા દૂર કરવા નોકરી-વેપાર કે સટ્ટો, ઝઘડા દૂર કરવા કાઉન્સિલિંગ કે કોર્ટનો આશરો માણસ લેતો હોય છે, પરંતુ એક સમય એવો આવે છે કે જ્યારે એ બધેથી હતાશ થઈ જાય છે એની બધી જ તાકાત, બુદ્ધિ, શક્તિ ખૂટી જાય છે ત્યારે માણસ છેલ્લે એક જ કામ કરે છે. એ કામ એટલે પ્રાર્થના કદાચ આખી જિંદગીમાં કદી ભગવાન પાસે 'ના' ગયો હોય કે મંદિરનું પગથિયું પણ ના ચડયો હોય, બીજો કોઈ ઉપાય હવે તેને સંકટમાંથી બચાવવા કારગર નિવડે તેમ ના હોય ત્યારે તે માણસના હાથ આપો આપ પ્રાર્થના સ્વરૂપે જોડાઈ જ જાય છે અને પ્રાર્થના થઈ જાય છે. કારણ કે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા આત્માના ઊંડાણમાં વહેતી જ હોય છે.

આધુનિક માણસ કદાચ આવી શ્રદ્ધાને અંધશ્રદ્ધા માનીને તેની ઠેકડી ઉડાડતો જોવા મળે છે. આવા નાસ્તિક માણસના મતે ઈશ્વરની પ્રતિમા માત્ર પથ્થર જ હોય છે પણ શ્રદ્ધાળુ માણસના મતે એ પ્રતિમા સાક્ષાત્ ભગવાન હોય છે. એટલે શ્રદ્ધાળુ ભક્તની પ્રાર્થના અવશ્ય ફળે છે.

**'પ્રભુને કરેલી તમારી પ્રાર્થનામાં શબ્દો નહીં હોય તો ચાલશે પણ પ્રાર્થનામાં મન નહીં પોરવો તો જરા પણ નહીં ચાલે...'**
**'પરમેશ્વરે જીભ આપી માણસને બોલતો કર્યા પછી માણસ એ જ જીભથી હંમેશા પ્રશ્ન કરે છે, અરે ક્યાં છે પરમેશ્વર?'**

તેના પુરાવા આ રહ્યાં... અમદાવાદ શહેરમાં જમાલપુર વિસ્તારમાં બાપજી મહારાજની સમાધિ છે. જ્યાં દર ગુરુવારે ૫,000થી વધુ લોકો દર્શન કરવા પધારે છે. પૂજ્ય બાપજી મહારાજ એક જૈન સાધુ હતા. પણ અહીં તમામ ધર્મ-સંપ્રદાયના લોકો પોતાની મનોકામના પૂર્ણ કરવા લાઈન લગાવે છે. જેમાં સમસ્ત ગુજરાતના પ્રતિષ્ઠિત ધનાઢયોથી લઈને મોટા રાજકારણીઓ સુધીના બધા જ લોકો હોય છે. જો..કે.. શંખેશ્વર, બગદાણા, પાવાગઢ, ધીણોજ-શ્રી જોટવા પાર્શ્વનાથ તીર્થ કે અંબાજી જેવી ઘણી જગ્યાએ આવા મંદિરો છે કે જ્યાં શ્રદ્ધાળુઓની આ રીતે લાઈન લાગે છે.

માણસ ભગવાન પાસે માંગતી વખતે એક ભૂલ કરે છે. આપણે માંગવુ જ હોય તો પોતાના માટે માંગવા કરતાં 'આ વિશ્વના તમામ જીવો માટે માંગવુ જોઈએ'. જગત માટે સાચા હૃદયથી કરેલી પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી અને એ પ્રાર્થના અવશ્ય ફળ આપે છે. એક સત્ય ઘટના જાણીએ. ઈ.સ. ૧૯૮૭માં સૌરાષ્ટ્રમાં ભયાનક દુષ્કાળની... હવામાન ખાતાએ વરસાદનું એક પણ ટીપું સૌરાષ્ટ્રમાં નહીં પડે તેવી આગાહી કરેલ. જૂન મહિનાના અંતે જ ધોધમાર તૂટી પડતો વરસાદ જ્યારે જુલાઈના પ્રારંભ થવા છતાંય જરાય દેખાયો નહીં. ત્યારે દુષ્કાળના ભયથી ફફડતી પ્રજાની પાલિતાણાના શેત્રુંજય પર્વત પર બેઠેલા આદેશ્વર ભગવાન પર નજર મંડાઈ. ધર્મનિષ્ઠ જૈન મુનિઓએ ત્યારે આ પર્વત પર આદેશ્વર ભગવાનના ૧૮ અભિષેકનું વિધાન કર્યું. દિવ્ય-અમૂલ્ય ઔષધીઓ અને સ્પષ્ટ મંત્રોચ્ચારપૂર્વક થતાં આ વિધાનની પૂર્ણાહૂતિ પહેલાં જ ધગધગતા સૂર્યની આડશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાવા માંડયા અને વીજળીના કડાકા-ભડાકા સાથે ભરપૂર વરસાદ થયો. નાના-મોટા સૌ આ ચમત્કારથી ખુશીના માર્યા ઢોલ, નગારા


ઠાકરશી
ચા
Group
દિવાળીની ખુશીઓમાં ઉમેરો
ચંદન ચાનો
કડક અને મધુર સ્વાદ
THAKARSHI TEA
CHANDAN DANO
CTC LEAF TEA
1 Kg
CHANDAN DUST
CTC DUST TEA
1 Kg
CHANDAN PATTI
CTC LEAF TEA
1 Kg
SYMBOL OF TRUST
58 YEARS
EXCELLENCE IN QUALITY
આપના નજીકના કિરાણા સ્ટોર પર ઉપલબ્ધ

વગાડીને આનંદપૂર્વક નાચવા, કૂદવા માંડયા. પ્રાર્થના સહિતની પૂજાના બળે આખા પ્રદેશમાંથી દુષ્કાળનું સંકટ દૂર થયું. આ ઘટનાના ઘણા સાક્ષીઓ આજે પણ હયાત છે.

આવી તો અઢળક ઘટનાઓ પ્રાર્થનાના ચમત્કારરૂપે થતી રહે છે પણ ઘણીવાર આવી પ્રાર્થના ફળે નહીં ત્યારે માણસની શ્રદ્ધા તૂટી જતી હોય છે. એ માણસની નાદાનિયત છે. યાદ રાખો, પ્રાર્થના ફળીભૂત કરવા માટે ત્રણ વસ્તુ જરૂરી છે.

(૧) તમારી પ્રાર્થના દઢ શ્રદ્ધાપૂર્વક એકાગ્રતાથી થવી જોઈએ.

(૨) તમારી પ્રાર્થના (તમારા પૂર્વના પાપો કરતાં) વધુ પાવરફુલ હોવી જોઈએ.

(૩) તમારી પ્રાર્થના યોગ્ય (માત્ર ફેમસ નહીં!) સ્થળે થયેલી હોવી જોઈએ.

જો આમાંથી એક પણ બાબત ઓછી હોય તો પ્રાર્થના ન ફળે. આમાં પ્રાર્થનાની શક્તિનો વાંક નથી પરંતુ આપણી ઉણપનો હોય છે. તમે જ વિચારો! ભ્રષ્ટાચાર, વ્યભિચાર, દુરાચાર, અનાચારથી ભરપૂર આ દુનિયામાં અનેક જાતના પાપો કરી એકદમ પાવરફુલ રીતે આપણે પ્રાર્થના કરી શકીએ છીએ ખરા? જો 'ના' તો પ્રાર્થના ક્યાંથી ફળે? તેમ છતાં દરરોજ સાતત્યપૂર્વક પ્રાર્થના કરવાનું છોડવું નહીં.

જેમ રસોઈ બનાવવા રસોડું, ભણવા માટે સ્કૂલ, રમવા માટે પ્લેગ્રાઉન્ડ વગેરે અલગ-અલગ યુનિટોની જરૂર પડે છે. તેમ પ્રાર્થના કરવા માટે મંદિરોની આવશ્યકતા છે. પવિત્ર શાંત સ્થળે થતી પ્રાર્થના અને ગમે ત્યાં થતી પ્રાર્થનામાં જમીન-આસમાનનો તફાવત હોય છે. માટે મંદિરોનો વિરોધ એ સમજદારી નથી. જેમ જીવવા માટે ભોજન અને પાણી બન્ને આવશ્યક છે તેમ સંસારમાં સુખી થવા ગરીબોની સેવા અને ઈશ્વરની ભક્તિ બન્ને જરૂરી છે. એ માટે મંદિરો - દેરાસરો જરૂરી છે. આ મંદિરોના નિર્માણ, સંચાલન તથા દેખરેખમાં પણ હજારો માણસોને રોજગાર મળે છે. માત્ર જૈન દેરાસરો-ધર્મસ્થળોથી દેશમાં ૧૦ લાખ જેટલા લોકોને કાયમી રોજગાર ઉપલબ્ધ થાય છે. એટલે મંદિરોનું સોશિયલ આઉટપુટ તો જબરજસ્ત છે.

પૂ. જૈનાચાર્યશ્રી નરરત્ન સુરીશ્વરજી મહારાજે એક મસ્ત વાત કરી હતી કે, 'આજના કાળમાં શરીર કરતાં મનના રોગ વધુ છે.' એટલે મનના રોગો દૂર કરનારી હોસ્પિટલો વધુ જરૂરી છે. ભગવાનના મંદિરો એ મનના રોગો દૂર કરનારી હોસ્પિટલો જ છે. કારણ કે મંદિરમાં થતી પ્રાર્થના એ મનના રોગો દૂર કરવાનો અકસીર ઈલાજ છે એટલે પ્રાર્થનાને અંધશ્રદ્ધા ન ગણતાં ડિપ્રેશન જેવા મનના જાલીમ રોગોની નિ:શુલ્ક, આડઅસર રહિત પ્રેયરપેથી તરીકે જોઈશું તો આપણું અને જગતનું અવશ્ય ભલું થશે. એ ચોક્કસ વાત છે. એટલે પ્રાર્થનાને આપણાં જીવનમાં પ્રથમ સ્થાન આપીએ, 'સુજ્ઞેષુ કિં બહુના...!' સમજું ને ઝાઝુ શું..! ફી


જય શ્રી રામ

દાન પુણ્ય કરવાની ઉત્તમ તક

ભૂલો ભલે બીજું બધું
મા-બાપને ભૂલશો નહીં.

મહાવીર કલ્યાણ અને વિકાસ ટ્રસ્ટ સંચાલિત

મહાવીર વૃધ્ધાશ્રમ

રજી.ન.ઈ-૧૧૫૬

નમ્ર અપીલ

મહાવીર કલ્યાણ અને વિકાસ ટ્રસ્ટના નેજા હેઠળ મહાવીર વૃધ્ધાશ્રમ કાર્યરત છે. આ વૃધ્ધાશ્રમ ગરીબ, નિરાધાર, વિધવા બહેનો, અંધ, વિકલાંગ, બહેરા મૂંગાને આશ્રય સ્થાન પુરું પાડતી રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ છે. તેના હિસાબોનું નિયમિત ઓડિટ થાય છે. સંસ્થાને આપવામાં આવતું દાન કલમ ૮૦-જી(૫) હેઠળ ઈન્કમટેક્ષમાં કરમુક્તિને પાત્ર છે. હાલ સંસ્થાનું જુનું મકાન છે તેને તોડીને નવું બાંધકામ કરવાનું આયોજન કરેલ છે. નવું બાંધકામ કરવા માટે અંદાજે પાંચ કરોડ જેટલી રકમની તાતી જરૂર છે. નિરાધારોને અહીં સુવિધાસજ્જ, આરામદાયક આશ્રય આપવા સેવાભાવી સંસ્થાઓ, દાનવીર દાતાઓ, લિમિટેડ કંપનીઓ અને સંગઠનો સંસ્થાને યોગ્ય મદદ કરે તો માનવતાની જ્યોત પ્રગટે.

માનવ સેવા એ જ પ્રભુ સેવાના ધ્યેયથી કાર્યરત એવી આ સંસ્થાને દિલેરી દાતાઓ પોતાનું નાનું મોટું અનુદાન આપી સંસ્થાને આર્થિક રીતે પગભર કરી શકે છે. આપનું આર્થિક યોગદાન મહાવીર કલ્યાણ એન્ડ વિકાસ ટ્રસ્ટના નામે ચેક-ડ્રાફ્ટ અથવા રોકડ રકમથી અર્પણ કરી મદદરૂપ બનવા નમ્ર અપીલ કરીએ છીએ. આ ભગીરથ આયોજનમાં બાંધકામ માટે સિમેન્ટ, રેતી, કપચી, ઈંટ, બારી-બારણા, સ્ટીલ, લોખંડ જેવી ચીજ વસ્તુઓનું પણ યથાશક્તિ મુજબ દાન કરી લાંબો હાથ કરી શકો છો.

ગુપ્ત દાન એજ મહાદાન

દાનની યોજનાઓ

મેઈન ગેટ - ૨૧ લાખ, કાર્યાલય - ૩ લાખ ૫૧ હજાર, રસોડું - ૫ લાખ,
રૂમ દીઠ દાતાનું નામ - ૨ લાખ ૫૧ હજાર (૩૧ રૂમો બનાવવાનું આયોજન કરેલ છે.)
લિફ્ટ - ૭ લાખ, ભોજનાલય - ૫ લાખ, એક રૂમ ઉપર - ૨ લાખ ૫૧ હજાર

બેન્ક ડિટેઈલ

MAHAVIR KALYAN & VIKAS TRUST
Bank: State Bank of India
A/c No.: 35288728099
Branch: Devsar (Bilimora) Branch
IFSC Code: SBIN0007770
Ta. Gandevi, Dist. Navsari.

પ્રમુખઃ શ્રી માધવલાલ જી. પુરોહિત

મો. ૯૯૨૫૬૭૩૦૨૧, ઓફિસઃ (૦૨૬૩૪) ૨૮૫૧૨૧
મહાવીર વૃધ્ધાશ્રમ, વિશ્રામગૃહની આગળ, બીલીમોરા (વેસ્ટ)-૩૯૬૩૨૧.
તા. ગણદેવી, જિ. નવસારી.
Website: www.mahaviroldagehouse.com




Info@vastudairy.com || www.vastughee.com || Toll Free No: 1800 120 3191



✦ મનોજ જે. પટેલ



# પ્રાર્થના એક દિવ્ય ઊર્જા

માનવજીવનમાં સુખ દુ:ખનો ઘટનાક્રમ સતત ચાલ્યા કરે છે. આ ઘટનાક્રમમાં પણ સુખ ઘણું ઓછું અને દુ:ખ ઘણું વધુ હોય છે. દુ:ખ અમીર-ગરીબના ભેદભાવથી પર છે, જાતિ-ધર્મ-પ્રદેશના ભેદભાવથી પર છે. દુ:ખ આવે ત્યારે સુખરૂપી સમયના સાથીઓ સાથ છોડી દે છે. કહેવાતા સ્નેહીજનો મોં ફેરવી દે છે.

વિધાતાસર્જિત કેટલાક દુ:ખો એવા પણ હોય છે કે, જેમાં મિત્રો તેમજ સ્નેહીજનો ઈચ્છે તો પણ મદદરૂપ થઈ શક્તા નથી. આવા સમયે દુ:ખી માનવી ભગવાનનો સહારો લે છે પોતાને મદદરૂપ થવા ભગવાનને પ્રાર્થના કરે છે. પ્રાર્થના એટલે આપણી સમસ્યાઓ અને ચિંતાઓ ભગવાનને સમર્પિત કરવી. સ્વામી દયાનંદ સરસ્વતીના શબ્દોમાં 'પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર સંદેશાવાહક.'

પ્રાર્થના એક એવી મહાશક્તિ છે કે જેનાથી અશક્ય લાગતા અનેક કાર્યો સિદ્ધ કરી શકાય છે. પ્રાર્થના આધિ, વ્યાધિ, ઉપાધિ, ચિંતા તેમજ શોકના ઘેરા વાદળો વિખેરે છે, મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ માનવીને આપે છે, અશાંત મનને શાંતિ આપે છે. પ્રાર્થના માનવીમાં સુષુપ્ત અવસ્થામાં રહેલી સૂક્ષ્મ શક્તિઓને જાગ્રત કરે છે. પ્રાર્થના ડર તેમજ જોખમને ભગાડે છે. પ્રાર્થના માનવને મહામાનવ બનાવે છે તેમજ મોક્ષપિપાસુ માટે મોક્ષના દ્વાર ખોલી નાખે છે, શાશ્વત શાંતિનો અનુભવ કરાવે છે. મંદિર કે ઘર ન હોય ત્યારે કોઈ પણ સ્થળે કે જગ્યાએ ભગવાન કે ઈષ્ટ દેવને પોતાની સન્મુખ જ છે, એવી ઉચ્ચ ભાવના સાથે માનસ પ્રાર્થના કરી શકાય છે. ભાષા, વાક્ય કે શબ્દનું પ્રાર્થનામાં કોઈ મહત્ત્વ હોતું નથી.

બાબાસાહેબ આપ્ટેના અભિપ્રાય મુજબ 'પ્રાર્થનાના શબ્દોનો ભલે ગમે તે અર્થ હોય પરંતુ એને દોહરાવતી વખતે આપણા હૃદયની સમસ્ત પવિત્ર ભાવના પ્રગટ થાય છે. પવિત્ર અંત:કરણથી ઉત્પન્ન થતી ભાવનાઓ અવશ્ય પ્રભાવ પાડે છે.' ભગવાન પ્રત્યે હૃદયમાં અનહદ શ્રદ્ધા હોવી એ પ્રાર્થના માટેની પૂર્વ શરત છે. મહાત્મા ગાંધીજીએ યથાર્થ કહ્યું છે, 'પ્રાર્થનામાં ભાવહીન શબ્દો કરતાં શબ્દહીન હૃદય વધારે સારું છે.' શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી. સ્વ-સ્વાર્થ કરતાં વિશ્વકલ્યાણ તેમજ માનવતાનાં ઉમદા કાર્યોની સફળતા માટે કરવામાં આવતી પ્રાર્થના ભગવાનને વધુ પ્રિય હોય છે.

શાળા - મહાશાળાઓમાં શાળાકીય પ્રવૃત્તિઓની શરૂઆતમાં ગવાતી (કરાતી) પ્રાર્થના શાળા-મહાશાળાઓને સરસ્વતીનું મંદિર બનાવે છે. આપણે પણ દરરોજ પરિવારના તમામ સભ્યો સાથે સામૂહિક પ્રાર્થના જરૂર કરવી જોઈએ. આ સામૂહિક પ્રાર્થનાથી પરિવારમાં સકારાત્મક ઊર્જા અને ઈશ્વરીય કૃપાનો આવિર્ભાવ થાય છે. અન્યના અનિષ્ટ માટે કરવામાં આવતી પ્રાર્થના ભગવાન ક્યારેય સ્વીકારતા નથી.

પ્રાચીનકાળથી ભારતવર્ષમાં પ્રાર્થનાની અપાર મહત્તા રહેલ છે. દેવો, દાનવો, ગંધર્વો, ઋષિમુનિઓએ પણ પ્રાર્થનારૂપી મહાશક્તિની મહત્તાને સ્વીકારી છે. દેવલોક પર જ્યારે પણ સંકટ આવેલ છે ત્યારે દેવતાઓએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશને

શ્રદ્ધાપૂર્વક પ્રાર્થીને શક્તિ મેળવેલ છે. દેવોની પ્રાર્થનાથી જગદંબાએ મહિષાસુર રાક્ષસનો વધ કર્યો હતો. ભડભડતી આગમાં હોલિકાના ખોળામાં બેઠેલા ભક્ત પ્રહલાદની પ્રાર્થનાથી ભગવાને હોલિકાનો નાશ કર્યો હતો અને પ્રહલાદનું રક્ષણ કર્યું હતું. ભરસભામાં દુષ્ટ દુ:શાસન દ્વારા વસ્ત્રાહરણ કરાઈ રહેલ દ્રૌપદીની પ્રાર્થના સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણએ વહારે દોડી જઈને સતી-દ્રૌપદીની આબરૂ બચાવી હતી. પિતાના વચનનું પાલન કરવા ચૌદ વર્ષનો વનવાસ સ્વીકારનાર મર્યાદાપુરૂષ ભગવાન શ્રીરામે રાક્ષસોથી ત્રસ્ત ઋષિમુનિઓની પ્રાર્થના સાંભળીને રાક્ષસોનો સંહાર કરીને ઋષિમુનિઓને ભયમુક્ત કર્યા હતા.

સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરતાં અનેક પ્રાર્થનાઓ જોવા મળે છે. આમાંથી અનેક પ્રાર્થનાઓ તો જાણે અમરત્વ પામેલ છે. વિશ્વશાંતિ તેમજ વિશ્વકલ્યાણની ભાવના, આધ્યાત્મિક ચિંતન તેમજ પરબ્રહ્મને પામવાની ઉત્કૃષ્ટ તમન્ના આ સંસ્કૃત પ્રાર્થનાઓમાં જોવા મળે છે.

**આમાંથી કેટલીક પ્રાર્થનાઓ પર એક નજર નાંખીએ :**

અસતો મા સત્ ગમય ।
તમસો મા જ્યોતિર્ગમય ।
મૃત્યોર્માડમૃતં ગમય ॥

હે પ્રભુ! તું મને અસત્યમાંથી સત્યમાં લઈ જા. (અજ્ઞાનરૂપી) અંધકારમાંથી (જ્ઞાનરૂપી) પ્રકાશમાં લઈ જા. મૃત્યુમાંથી અમરત્વમાં લઈ જા.

સમાની વ આકૃતિ: સમાના હૃદયાનિ વ: ।
સમાનમસ્તુ વો મન: દયા વ: સુસહાસતિ!!

આપણા વિચારો, નિશ્ચયો એકરૂપ થાઓ. આપણાં હૃદય એક પ્રકારનાં બનો. આપણાં મન (અંત:કરણ) સમાન થાઓ. અમારું આ બધું સાહિત્ય (વિચાર, નિશ્ચય, હૃદય અને મન) સત્ય, શિવમય અને સુંદર બને.

સર્વેડત્ર સુખિન: સન્તુ સર્વે સન્તુ નિરામયા:।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુ:ખમાપ્નુયાત્ ॥

અહીં સર્વે સુખી થાઓ. સર્વે દુ:ખવ્યાધિથી મુક્ત રહો. સર્વે કલ્યાણકારી જોતાં થાઓ. કોઈને પણ દુ:ખ થાઓ નહીં.

સંસ્કૃત સાહિત્યની જેમ પ્રાદેશિક સાહિત્યમાં પણ પ્રાર્થનાની અપાર મહત્તા જોવા મળે છે. પ્રાદેશિક ભાષામાં રચાયેલ અનેક પ્રાર્થનાઓ સુપ્રસિદ્ધ છે. આપણી ગુજરાતી ભાષામાં રચાયેલ સાહિત્ય પર નજર કરીએ તો અનેક પ્રાર્થનાઓ જોવા મળે છે.

અસત્યો માંહેથી, પ્રભુ! પરમ સત્યે તું લઈ જા.
ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા.
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા.


આજે સમગ્ર વિશ્વ જ્યારે અતિવૃષ્ટિ, પૂર, ધરતીકંપ, વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિઓ તેમજ ગરીબી, બેરોજગારી, ભૂખમરો, વૈશ્વિક મંદી, આતંકવાદ અને યુદ્ધ સહિતની અનેક વિકટ આપત્તિઓનો સામનો કરી રહેલ છે ત્યારે પરમકૃપાળુ પરમાત્મા પાસે વિશ્વશાંતિ માટેની પ્રાર્થના કરતાં દરેક માનવીએ કહેવું જોઈએ :

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું,
મુજ હૈયામાં વહ્યા કરે.
શુભ થાઓ આ સકલ વિશ્વનું,
એવી ભાવના નિત્ય રહે...

ફી





✦ ભવેન કચ્છી




# ટ્રમ્પના ટેરિફ બોમ્બ સામે મોદીજીનું અહિંસક 'સ્વદેશી' શસ્ત્ર

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ટેરિફ બોમ્બનો મારો ચલાવ્યો ત્યારે ટ્રમ્પને એમ હશે કે ભારત હવે તેમના ઘૂંટણિયે પડશે અને ટેરિફથી મુક્ત થવા કાકલૂદી કરશે. પણ વડાપ્રધાન મોદીએ ટ્રમ્પે કલ્પના પણ ન કરી હોય તેમ ભારતમાં જુદી જુદી સેવા કે ધંધા પર લેવાતા જી.એસ.ટી.માં ઘટાડાની કે અમુક સેક્ટરમાં શૂન્ય કરી દેવાની જાહેરાત કરીને ભારતના નાગરિકો માટે શોપિંગ ઉજવણી કરો, સ્વદેશી ખરીદો તેવું રાષ્ટ્રવ્યાપી સંબોધન કર્યું. મોદીએ ટ્રમ્પને મેસેજ આપ્યો કે આ નવા જોમ સાથેનો ભારત દેશ છે 'ઝુકેગા નહીં.'

**૧૯૦૫માં લાલ, બાલ અને પાલે સૌપ્રથમ 'સ્વદેશી ચળવળ'ના બીજ રોપેલા, તે પછી ગાંધીજીએ તેને અહિંસક હથિયાર ઉપરાંત તેની જોડે સાદગી, સંસ્કાર અને સભ્યતા જોડી દીધી હતી.**

મોદીએ ટેરિફ સામે જે સૌથી પ્રભાવી પુરવાર થાય તેવું શસ્ત્ર ઉપયોગમાં લીધું હોય તો તે સ્વદેશી ચીજ વસ્તુનો ઉપયોગ કરવાનું જાણે જનઆંદોલન છેડ્યું તે કહી શકાય. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે તેમના દેશના નાગરિકોને અમેરિકામાં બનેલી ચીજ વસ્તુની ખરીદી કરવા જણાવે છે પણ ટ્રમ્પનો નાગરિકો પર પ્રભાવ નથી. જ્યારે મોદી એ હદની નાગરિકોમાં ચાહના ધરાવે છે કે તેમના શબ્દો નાગરિકોને બદલાવ લાવવા પ્રેરિત કરે છે.

અમેરિકા પાસે તો તેમના દેશની બનતી ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ સિવાય ખાસ કોઈ કન્ઝ્યુમર પ્રોડક્ટ નથી એટલે ઊલટું તેમના નાગરિકોને તો ભારત, ચીન, મલેશિયા જેવા દેશોમાં બનેલી કન્ઝ્યુમર આઈટમ મોંઘી પડવા માંડી છે આની સામે ભારતને પોતાનો લઘુ, કુટિર, ગૃહ ઉદ્યોગ છે. હુન્નરો અને આગવો કસબ છે. ભારત મહદ્ અંશે ચીનની પ્રોડક્ટ અને પશ્ચિમી જીવન શૈલી, ફેશન, ફૂડ આધારિત જીવે છે. તેથી મોદીએ આ બધું જ ભારતમાં બને જ છે તે સ્વદેશી ચીજવસ્તુઓનો વપરાશ કરો, આપણાં પૂર્વજોએ આપેલ આહાર-વિહારને અપનાવવા અપીલ કરી. આ ઉપરાંત સ્વદેશી ઉત્પાદન માટે ઉદ્યોગો, કારીગરોને આર્થિક પ્રોત્સાહન યોજનાની જાહેરાત કરી.

થોડા દિવસો પહેલા મુંબઈમાં એક જ્ઞાતિ આગેવાન વિશાળ જનસમુદાયને સંબોધી રહ્યા હતા તેમનો આશય વડાપ્રધાન મોદીના કાન સુધી તેમનું ભાષણ પહોંચે તેવું સ્પષ્ટ જણાતું હતું. આ મહાશય અમેરિકાએ લગાવેલ ટેરિફ સામે સ્વદેશી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો તેવું શૂરાતન સમાજના નાગરિકોને ચઢાવી રહ્યા હતા. હવે આ ભાઈ એક કરોડની વિદેશી કારમાં આવ્યા હતા. તેમણે વીસ લાખની સ્વિઝ કાંડા ઘડિયાળ પહેરી હતી. તેઓ વિદેશથી આવા સમારંભમાં ભાગ લેવા પ્રાઈવેટ વિમાનમાં આવ્યા હોય તેવો તેમનો ઠાઠ હતો. હવે આ મહાશયની મુશ્કેલી એવી હતી કે, ભાષણ સ્વદેશીની હિમાયત કરતું અને ઉપસ્થિત મેદનીને પણ વિદેશી બનાવટની ચીજ વસ્તુનો ત્યાગ કરવાની હાકલ કરતુ હતું પણ એકે-એક શ્રોતા જાણતો હતો કે આ ભાઈની પેનથી માંડી ચશ્માની ફ્રેમ અને સ્પોર્ટ્સ શૂઝ સુદ્ધા વિદેશી બ્રાન્ડના હતાં. તેથી તેમણે સિફતતાથી જનસભા વચ્ચે જ જાહેરાત કરી કે અત્યાર સુધી હું નખશીખ વિદેશી રંગે જ રંગાયેલો છું પણ માનનીય વડાપ્રધાન મોદીની દેશવ્યાપી અપીલ પછી આજથી જે પણ વિદેશી હશે તેનો બહિષ્કાર કરીશ.

જનમેદનીને તેમની પ્રતિજ્ઞામાં સહેજ પણ વિશ્વાસ ન જણાયો અને ખાસ તાળીઓ સાંભળવા નહોતી મળી. વર્તમાન સ્વદેશી સૂર વિસરાતા સાબિત થશે તેના કારણો જાણતા પહેલા ભારતમાં આ વિચારનો જન્મ ક્યારથી થયો તે જાણીએ.

સ્વદેશી ચળવળનો સૌ પ્રથમ

Kaneriya Oil Industries
www.ranioil.com

# મૂલ્યવાન ભરોસો, મૂલ્યવાન તેલ

# RANI®
## GOLD સિંગતેલ

કાઠિયાવાડની કસદાર જમીનમાં ઉગતી, ચૂંટેલી શ્રેષ્ઠતમ મગફળીમાંથી
તૈયાર થતું કોઈપણ કેમિકલ વગરનું સંપૂર્ણ કુદરતી અણમોલ સિંગતેલ.
આપણાં વિસ્તારમાં ઉગતા કૃષિ પેદાશમાંથી તૈયાર થતું તેલ
આપણાં સ્વાસ્થય અને ચયાપચય સાથે
અદ્ભૂત તાલ મિલાવે છે.




કંપની રીટેલ આઉટલેટ ● અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
કંપની રીટેલ આઉટલેટ ● રાજકોટ સીટી :- 'યુનિટી પ્લસ', સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000 ; ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ;
જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000 ● શાપર : 97273 83000/84000/85000

SMART BAZAAR | big basket
પર પણ ઉપલબ્ધ



**ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રણી નેતાઓ (ડાબેથી) લાલા લજપત રાય, બાલ ગંગાધર ટિલક અને બિપિન ચંદ્ર પાલ.**

ખ્યાલ ૧૯૦૫માં અંગ્રેજોએ બંગાળના ભાગલા પડ્યા ત્યારે લાલા લજપત રાય, બાલ ગંગાધર ટિલક અને બીપીનચંદ્ર પાલે આપ્યો હતો. બંગાળ તેનું કેન્દ્ર હોઈ રવીન્દ્રનાથ ટાગોર અને અરવિંદ ઘોષનું પણ સ્વદેશી ચળવળની ભાવના જગાવવામાં મોટું પ્રદાન હતું. 'વંદે માતરમ' રાષ્ટ્રભક્તિ ગાન પણ સ્વદેશી જુવાળ ઉભો કરવા માટે આ અરસાથી પ્રચલિત બન્યું. અંગ્રેજોએ બનાવેલી ચીજ વસ્તુઓનો બહિષ્કાર કરવો તે એલાનનો મૂળ આશય તો દેશના નાગરિકોમાં રાષ્ટ્ર ગૌરવની લાગણી જન્મે અને પ્રસરે તથા આઝાદી માટે બધા એકજુટ થાય તે હતો.

**લોકમાન્ય ટિળકે મહારાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવને ઠેર ઠેર પ્રચલિત તહેવાર બનાવ્યો તેનું કારણ સંગઠન અને રાષ્ટ્રધર્મની ભાવના પ્રબળ બનાવવાનો જ હતો. સ્વગૌરવ જ સ્વદેશીની લાગણીને જન્મ આપી શકે. 'સ્વદેશી' એટલે કે પોતાનું સર્જન કરેલું જો દેશપ્રેમ જગાડતું હોય તો સ્વદેશી કરતા પણ આગળ આપણું પોતાનું રાજ જ હોય તો કેવું? તેવો વિચાર ઉદ્‌ભવ્યો અને 'સ્વરાજ' શબ્દનો જન્મ થયો જે શબ્દ મટીને જનઆંદોલનમાં પરિવર્તિત થયો.**

સ્વરાજ માટેનો જંગ આગળ ચાલ્યો પણ સ્વદેશી ચળવળ ૧૯૦૮ સુધીમાં ઝાંખી પડી ગઈ. ગાંધીજીએ અઢી દાયકા પછી મીઠાનો સત્યાગ્રહ કરીને દાંડી કૂચ યોજી. અંગ્રેજોની માલિકીની બનેલ મિલમાં બનેલા કપડાં, અંગ્રેજો દ્વારા ઉત્પાદિત મીઠું અને મદ્યપાન તેમજ અન્ય ચીજ વસ્તુઓનો બહિષ્કાર થવા માંડ્યો. જો કે તે અગાઉ જ ગાંધીજીના પ્રભાવમાં વલ્લભભાઈ પટેલ જેવા કેટલાયે દેશના નાગરિકો કે જેઓ અંગ્રેજી વેશ પરિધાન અને ભોજન તથા વ્યસનને અપનાવી આધુનિક અને ભદ્ર સમાજના હોવાનો ભ્રમ સેવતા હતા તેઓએ શૂટ, બૂટ, કોટ અને પેન્ટને અગનજવાળામાં કાયમ માટે ફેંકી દીધા.

ગાંધીજીએ ખાદીનો પ્રચાર-પ્રસાર કર્યો. અને રેંટિયો સ્વદેશી ચળવળનું પ્રતિક બની ગયો. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, હસ્ત હુનરો અને આગળ જતા કુટિર ઉદ્યોગના જન્મના પાયામાં પણ 'સ્વદેશી ચળવળ' જ છે. એટલે સુધી કે અંગ્રેજો દ્વારા ચાલતી કચેરીની જગ્યાએ ભારતની પોતાની બેંક, પોસ્ટલ વિભાગ, વીમા ઓફિસ પણ સ્વદેશી ગૌરવ આગળ વધારતી રચના જ છે. સરદાર વલ્લભ ભાઈ પટેલે સ્વદેશી સાથે 'સહકાર'નો પણ વિચાર આપ્યો અને કૃષિ, દૂધ તેમજ નાણાકીય સંસ્થાઓ સહકારી મંડળીઓ તરીકે ફૂલીફાલી. આમ સ્વદેશીને માત્ર વિદેશી ચીજ વસ્તુના બહિષ્કારના દાયરામાં જ ન જોતા સ્વાભિમાન, સ્વનિર્ભરતા અને સહકારની રીતે જોવાની જરૂર છે. આઝાદીથી અત્યાર સુધી સ્વદેશી એટલે કે આપણા પોતાના જ દ્વારા નિર્માણ પામેલ ચીજવસ્તુ અને સંસ્થા બધું જ રાષ્ટ્રભાવના જગાવે છે.

કમનસીબે આપણે સ્વદેશી અપનાવવું તેને હંમેશા કોઈ વિદેશી તાકાત સામે લડવા જ ઉપયોગ કરીએ છીએ. ચીન સામે રાજકીય દુશ્મનાવટ વધી એટલે ચીનની ચીજ વસ્તુઓ અને સેવાનો બહિષ્કાર કરવાની હાકલ પડે. કેન્દ્ર સરકાર દ્વારા ચીનની કંપનીઓ પર પ્રતિબંધ પણ જાહેર થાય. હવે અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે એટલે અમેરિકાની ચીજ વસ્તુ પર પ્રતિબંધની હાકલ વાગે અને ચીન પ્રત્યે હળવાશ ભરી નીતિ રાખીને એવું વાતવરણ રચાય કે ચીન આપણું દોસ્ત છે.

**ખરેખર તો સ્વદેશી કોઈ દેશ જોડે સંબધો વણસે ત્યારે જ લગાવાતો નારો ન હોવો જોઈએ પરંતુ આપણી ચીજ વસ્તુ અને તેનું ઉત્પાદન કરનાર બન્ને માટેના ગૌરવની ભાવના ઉમેરીને તેને વિદેશી પ્રોડક્ટની જગ્યાએ ખરીદવાની જરૂર છે.**

આપણે વિદેશ જઈએ છીએ ત્યારે ત્યાં વસતા વિદેશી કે ભારતીય પરિચિતોને માટે ખાસ ભારતીય હસ્ત કળાની કોઈ રાજ્ય કે પ્રાંતની ચીજ વસ્તુ, ઈમિટેશન જ્વેલરી, ભરતકામ, હુનર, કપડા અને અન્ય ગિફ્ટ આર્ટિકલ આપતા હોઈએ છીએ. અંદરથી આપણે જાણીએ છીએ કે વિદેશમાં આ જ ચીજવસ્તુ જોઈને બધા ધન્યતા અનુભવશે. આપણે ભારતમાં મળતી 'મેઈડ ઈન ચાઈના' કે અન્ય દેશમાં



SINCE 1929

SKTC

पांचतारा® — અને — फ़ाईवस्टार®

# શુદ્ધ. સાત્વિક. પૌષ્ટિક

## ઉપવાસ તથા રોજિંદા આહાર માટે ખાસ

શીરા માટે ખાસ




90 YEARS

**અમારા અન્ય ઉત્પાદનઃ** રાજગરાનો લોટ • મોરૈયો • સાબુદાણા • સીંધવ પાવડર • મખાણા

**શીરા માટે ખાસઃ** રાજગરાનો કકરો લોટ

Follow us panchtarafarali

SCAN FOR FARALI RECIPES




બનેલી વસ્તુ ભેટમાં નથી આપતા. આ જ બતાવે છે કે, સ્વદેશી જ આભારની લાગણી વ્યક્ત કરાવશે. આપણે એવી ભાવના ઉમેરવી રહી કે, ભારતીય સંસ્કૃતિ અને પ્રત્યેક રાજ્યોની વિવિધતામાં એકતા સાથેનું અદ્ભૂત સર્જન ટકાવી રાખવું હશે તો સ્વદેશી અપનાવવું જ રહ્યું. રોજગારી ટકાવી રાખવાનો દ્રષ્ટિકોણ પણ ઉમેરવો જોઈએ. ભારતનાં હીરા-ઝવેરાત, કપડાં, કૃષિ ઉત્પાદનોની અમેરિકામાં એટલી માંગ છે કે ટ્રમ્પને ટેરિફની જંગી આવક દેખાય છે. આપણે આયાતી ચીજ વસ્તુ અને વેશ પરિધાન માટે લઘુતા ગ્રંથિ સાથે ક્રેઝ બતાવીએ છીએ. જ્યારે વિદેશમાં આપણા માલસામાનની માંગ છે. એટલે જો આપણે સ્વદેશી ખરીદી સાથે વપરાશ વધારીએ તો અમેરિકાને નિકાસ કરવાની પણ શું કામ પરવા રાખીએ.

રહી વાત સ્વદેશી ઝુંબેશની તો મેકડોનાલ્ડ, પેપ્સી જેવી ખાદ્ય કે સોફ્ટ ડ્રિન્કના બહિષ્કારની. આમ પણ આપણે જંક ફૂડથી દૂર જ રહેવું જોઈએ. વિદેશી કોસ્મેટિક્સ પણ ત્વચાની કેન્સર જેવી બીમારી માટે નિમિત્ત બને છે. વિકલ્પમાં આપણી આહાર વિહાર પદ્ધતિ આપણી તાસીરને અનુરૂપ હોવી જોઈએ. ચોકલેટ કે ખાંડની જગ્યાએ ગોળની કે દૂધની મીઠાઈઓ પણ છે. આપણી આયુર્વેદ, જડીબુટ્ટી, રસોડાનાં મરી મસાલા, શાકભાજીનું વૈવિધ્ય, શરબત, ફળોના રસ, નારિયેલ પાણી જેવી વસ્તુઓનું લિસ્ટ ઘણું લાંબુ છે.

**હવે તો મલ્ટિનેશનલ વિરુદ્ધ સુવ્યવસ્થિત પ્રચાર થતો હોઈ 'મેઈડ ઈન ઈન્ડિયા ફોર ઈન્ડિયા' જેવા સ્લોગન સાથેની પ્રોડક્ટની જાહેરાત ગ્રાહકોને આકર્ષે છે.**

કેન્દ્ર સરકારે પણ હવે વિચારવું જોઈએ કે ભારતની પોતાની મલ્ટિનેશનલ બ્રાન્ડ હોવી જોઈએ. વિશ્વના બજારમાં ભારતને જો સારી રીતે માર્કેટિંગ કરતા આવડે તો વિશ્વની જાણીતી કન્ઝ્યુમર બ્રાન્ડને આપણી સ્વદેશી બ્રાન્ડ ચોક્કસ ફટકો પહોંચાડી શકે છે. પણ વિદેશી મોબાઈલ ફોન, ટીવી, ગેજેટ્સ, તબીબી અને સર્જરીના સાધનો, કાર, વૈજ્ઞાનિક શોધ સંશોધનો, મશીનરી, ઉચ્ચ શિક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે હજી આપણે સંપૂર્ણ સ્વદેશી બની શકીએ તેમ નથી.

સ્વદેશી ઉત્પાદનો પણ ભેળસેળ વગરના અને ગુણવત્તાસભર હોવા જોઈએ નહિતર સ્વદેશી ઝુંબેશ ગમે તેવી વૈજ્ઞાનિક સંશોધનોના આધાર વગરનો માલ પધરાવી દેવાની સ્કીમ કે 'સ્કેમ' બનતાં વાર નહીં લાગે... ફી



સર્વેને
દિપાવલી અને નવા વર્ષની
...શુભકામનાઓ...

માઈક્રોસાઈન

# આચારસંહિતા

નાત-જાત, ધર્મ-સંપ્રદાય કે ઊંચ-નીચના સંકુચિત વાડાઓથી મુક્ત એવા માનવ સમાજના નિર્માણ માટે યથાશક્તિ યોગદાન આપવું.

માણસમાં રહેલી સુષુપ્ત શક્તિ અને સારપને પિછાનવી અને એને પ્રોત્સાહક રીતે ખિલવવી.

દરેક વ્યક્તિ વિશિષ્ટ છે તેવી ભાવનાથી તેનો સામાજિક સ્વીકાર કરવો- કરાવવો.

આધુનિક ટેક્નૉલૉજી માનવજાત પર હાવી ન થાય તેવી રીતે તેનો ઉપયોગ માનવજાતનાં કલ્યાણ માટે કરવો.

સંપત્તિનું સર્જન અને તેના સુયોગ્ય - સુચારુ સામાજિક વિનિયોગ માટે ટ્રસ્ટી બની રહેવું.

કલા, સાહિત્ય, સંસ્કાર અને સંસ્કૃતિના જતન, સંવર્ધન માટે સતત કર્મશીલ રહેવું.

માણસમાં રોકાણ કરવું. માનવમાત્રમાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના સતત વિકસતી રહે તેના માટે મથવું.

માઇક્રોસાઇન



દીપોત્સવી વિશેષાંક 2025



✦ ડૉ. ભરત જાદવ 'નિરપેક્ષ'

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ આપ્યા સમાજ ઉત્થાનના નવ નૂતન સંકલ્પો

ભારતને વિશ્વગુરુના સ્થાને સ્થાપિત કરવા પ્રતિબદ્ધ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વિકાસ માટે હમેશાં ચિંતિત અને પ્રયત્નશીલ છે. તેઓએ ભારતના સર્વાંગી વિકાસ માટે અનેક પ્રયાસો કર્યા છે,જેના પરિણામે આજે હવે દેશ દુનિયા સામે ટટ્ટાર ઊભો રહી શકે છે. ભારત વિશ્વના ગણમાન્ય દેશોની હરોળમાં આવી ઊભો છે છતાં તેને હજી વધુ ઉન્નત બનાવવા દેશવિકાસના નવ દૈદિપ્યમાન સંકલ્પો કરીને સૌ ભારતવાસીઓને પોતાના જીવનમાં અપનાવવા તેમણે અનુરોધ કર્યો છે. આ નવ એવા સામાજિક મંત્રો છે, જે સાચા અર્થમાં દેશની કાયાકલ્પ કરશે એ ચોક્કસ વાત છે.

**(૧) પાણી બચાવોઃ**

શાસ્ત્રોમાં કહેવાયું છે કે, જળ એ જ જીવન છે. પૃથ્વી ઉપર પાણીની અગત્યતા માણસ કરતા વિશેષ કોણ સમજી શકે? આજે પૃથ્વીના ૭૧ ટકા હિસ્સામાં જે પાણી છે તે પૈકીનું ૯૬.૫ ટકા સમુદ્રનું પાણી છે. પૃથ્વી પર માત્ર એક ટકા જેટલું પાણી એવું છે, જેનો ઉપયોગ માનવ જરૂરિયાતો માટે થઈ શકે છે. જો આ સ્થિતિ હોય તો પછી પાણી પ્રત્યે આપણી જાગરૂકતા ખૂબ જરૂરી બની ગઈ છે. તેથી આપણે ત્યાં કુદરતી સંપત્તિનો ઉપયોગ ખૂબ સંયમપૂર્વક કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. મહાત્મા ગાંધીજીની સાબરમતી નદીમાં એક લોટા પાણીથી પોતાનું કાર્ય પૂર્ણ કરી લેવાની ઘટના અને તેની પાછળની તેમની વિચારસરણીથી આપણે સૌ કોઈ વાકેફ છીએ. આજે વિશ્વમાં પાણીનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. કહેવાય છે કે જો ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો પાણી તેનો મુખ્ય મુદ્દો હશે. આવા સંજોગોમાં દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સૌને સંબોધિત કરતા પહેલો સંકલ્પ 'પાણી બચાવો' લેવડાવ્યો હતો.

તેમણે ગાંધીનગરની બાજુમાં સ્થિત મહુડીનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે આજથી સો વર્ષો પહેલા બુદ્ધિસાગર મહારાજજીએ મહુડીમાં લખેલું વાક્ય આપણા સૌ માટે ખૂબ પ્રેરણાદાયી છે. 'પાણી કરિયાણાની દુકાને વેચાશે.' આજે આપણે એ ભવિષ્યવાણીને સત્ય સાબિત થતી જોઈ રહ્યા છીએ. હવે આપણે પાણીના એક એક બુંદની કિંમત સમજવી પડશે એ આપણું કર્તવ્ય છે. રાષ્ટ્રધર્મ છે.

**(૨) એક પેડ મા કે નામઃ**

આપણા દેશમાં કેટલાંક વર્ષો પૂર્વે ગાઢ જંગલો હતાં. એમાં અનેક હિંસક પશુઓ હતાં. ત્યાં પરસ્પર રક્ષણ થતું. પુષ્કળ વરસાદને કારણે વૃક્ષોમાં વધારો થતો. પરંતુ વસ્તીનો સતત વધારો થતાં રહેઠાણ માટેનાં મકાનો, નિશાળો, કારખાનાં, સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા જમીનની જરૂરિયાત ઊભી થઈ. બળતણ માટે અને ઘરનું રાચરચીલું બનાવવા માટે લાકડાની જરૂર પણ પડી. પરિણામે આડેધડ જંગલો કપાતાં ગયાં. જંગલોનો વિસ્તાર ઘટતો ગયો. માનવીએ પોતાની વધતી જરૂરિયાતને કારણે આડેધડ માનવવસાહતો સ્થાપી. આને કારણે ખેતીલાયક જમીનો પણ ઓછી થવા લાગી. બીજી બાજુ જેટલાં વૃક્ષો કપાયાં, તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં નહિ. વૃક્ષો ઘટતાં વરસાદનું પ્રમાણ સતત ઘટતું રહ્યું પરિણામે ભૂગર્ભજળનું સ્તર સતત પણે નીચું ઊતરતું ગયું. તેવી સ્થિતિમાં દેશમાં જંગલોનું પ્રમાણ વધે તેવા પ્રયાસોના એક ભાગ રૂપે શ્રી નરેન્દ્ર મોદીએ 'એક પેડ માં કે નામ' ઝૂંબેશ અંગેની વાત કરતાં જણાવ્યું હતું કે કેટલાક મહિનાઓમાં દેશમાં ૧૦૦ કરોડથી વધારે વૃક્ષોનું વાવેતર થયું છે. આ વૃક્ષ પ્રત્યે માના પ્રેમ જેવો જ પ્રેમ હોવો જોઈએ. મા પ્રત્યે જેટલો પ્રેમ હોય તેટલો જ પ્રેમ દાખવીને આપણે વૃક્ષનું જતન કરવું જોઈએ. આ રીતે તેને મોટું કરવાનું છે.

વડાપ્રધાનશ્રીએ પોતાના મુખ્યમંત્રી કાળ દરમિયાન શ્રી તારંગાજીમાં બનાવેલા 'તીર્થંકર વન' વિશે જાણકારી આપતાં કહ્યું હતું કે મારા મનમાં હતું કે આપણાં ૨૪ તીર્થંકરો જે વૃક્ષો નીચે બેઠા હતા તે વૃક્ષોને શોધીને ત્યાં વાવવા છે. તે માટે મારા પ્રયાસોમાં કોઈ કમી નહોતી. છતાં માત્ર સોળ વૃક્ષો જ વાવી શકાયાં. આઠ વૃક્ષો ન મળ્યાં તે ન જ મળ્યાં. તીર્થંકરોએ જે વૃક્ષ નીચે બેસીને સાધના કરી હતી તે વૃક્ષ પણ આજે વિલુપ્ત થઈ ગયું હોય ત્યારે આપણાં સૌના હૃદયમાં પીડા થાય તે સ્વાભાવિક છે. ભવિષ્યમાં આવું ન બને અને વિશ્વને આપણે હરિયાળું બનાવી શકીએ તે માટે દરેક ભારતીયોએ વૃક્ષો વાવવા પ્રત્યે પોતાનું યોગદાન આપવું જ જોઈએ.

**(૩) સ્વચ્છતા મિશનઃ**

૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ દેશભરમાં એક રાષ્ટ્રીય આંદોલનના રૂપમાં 'સ્વચ્છ ભારત મિશન'ની શરૂઆત થઈ. સ્વચ્છતાના જન આંદોલનની આગેવાની કરતાં પ્રધાનમંત્રીશ્રીએ લોકોને આહ્વાન કર્યું કે, તેઓ એક સાફ અને સ્વચ્છ ભારતના


जागो ग्राहक जागो !
नमक कम ही खाएँ
पर अच्छा खाएँ...
OVER 25 YEARS OF TRUST
Ankur SALT
"Ankur" Committed to better QUALITY
अंकुर
रिफाइन्ड फ्री फ्लो आयोडाइस्ड नमक
अंकुर नमक
असली नमक™
अच्छे लोग... अच्छी पसंद...
Ankur Committed to Better Quality
For Trade Inquiry Please Contact :
+91 98252 30857
info@ankurgroup.in | www.ankurgroup.in

મહાત્મા ગાંધીના સ્વપ્નને પૂરું કરે.

ગાંધીજીના સ્વચ્છતા અભિયાન વિશે આપણે સૌ ઘણું બધું જાણીએ છીએ. વડાપ્રધાન મોદીજીએ સ્વચ્છતા વિશે દેશમાં જાગૃતતા લાવવા માટે અથાક પ્રયાસો કર્યા છે. વાદળી અને લીલા રંગના ડસ્ટબીન, ડોર ટુ ડોર કચરો ઉપાડવા માટેના વાહનોની વ્યવસ્થા એ આ જ અભિયાનનો એક ભાગ છે. તેમણે કહ્યું હતું કે, સ્વચ્છતામાં હિંસાથી મુક્તિ છે આપણી પ્રત્યેક ગલી, ઘર, સોસાયટી, મહોલ્લો, અને શહેર સ્વચ્છ હોવું જ જોઈએ. પ્રત્યેક વ્યક્તિએ પોતાનાથી બની શકે એટલું યોગદાન આમાં આપવું જ જોઈએ. આપણે એ ધ્યાન રાખવું જોઈએ કે આપણું આંગણું સ્વચ્છ તો આપણુ ગામ સ્વચ્છ, આપણું ગામ સ્વચ્છ તો આપણો તાલુકો સ્વચ્છ અને આપણો તાલુકો સ્વચ્છ હોય તો જિલ્લો પણ સ્વચ્છ જિલ્લાથી રાજ્ય અને રાજ્યથી રાષ્ટ્ર સુધી આ લહેર રેલાતી જાય.તે માટે આપણે સૌએ પ્રતિબદ્ધ બનવું જ રહ્યું.

**(૪) વોકલ ફોર લોકલ :**

ભારત દેશમાં બેરોજગારી દૂર કરવાનો ખૂબ મોટો કોઈ મંત્ર હોય તો તે છે 'વોકલ ફોર લોકલ.' મહાત્મા ગાંધીજીએ જે રીતે સ્વદેશી આંદોલન ચલાવેલું એ રીતે આજે જુદા પણ પ્રભાવશાળી અર્થમાં 'વોકલ ફોર લોકલ'ને મહત્વ આપવામાં આવ્યું છે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં શરૂ થયેલું 'વોકલ ફોર લોકલ' અભિયાન હવે ભારતમાં ઔદ્યોગિક પરિવર્તનનાં નવા યુગનો પ્રારંભ બન્યું છે. આ મંત્રએ દેશના સ્થાનિક ઉત્પાદનો, કારીગરો અને ઉદ્યોગોને સમર્થન આપવાની સાથો-સાથ તેમના ગૌરવને પણ વધાર્યું છે. ગુજરાત સરકાર દ્વારા પણ 'વોકલ ફોર લોકલ'ના મંત્રને ચરિતાર્થ કરવા સ્વદેશી ઉત્પાદનોને ટેકો આપવા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. પરિણામે આત્મનિર્ભર ભારત અભિયાનમાં આજે ગુજરાત પણ એક મુખ્ય એન્જિનની ભૂમિકા નિભાવી રહ્યું છે.

આપણા પરંપરાગત વ્યવસાયો આજે લગભગ નાબૂદ થવાના આરે છે. તેવી સ્થિતિમાં દેશની પ્રગતિમાં એ વ્યવસાયોને મોડિફાઈડ કરીને અથવા નવા સંશોધનો કરીને લોકલ કૌશલ્યને ગ્લોબલ સ્તરે પહોંચાડવા માટે તેમણે ખાસ અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, આજે એવી સ્થિતિ છે કે આપણા ઘરમાં રોજિંદા જીવન વ્યવહારમાં અનેક વિદેશી વસ્તુઓ પ્રવેશી ચૂકી છે. તેને ધીરે-ધીરે દૂર કરીને તેના સ્થાને લોકલ વસ્તુઓને ઉપયોગ કરવા સૌને ખાસ હાકલ કરી હતી. વિશેષમાં તેમણે કહ્યું હતું કે, જે સામાન ભારતમાં બને તે ભારતમાં વેચાય અને વિદેશમાં પણ વેચાય. આપણે વોકલને ગ્લોબલ બનાવવું છે. જે સામાન બનાવવામાં કોઈ પણ ભારતીયના પસીનાની સુગંધ હોય, જે સામાનમાં ભારતની માટીની મહેક હોય એ આપણે ખરીદવો જોઈએ અને બીજાઓને પણ તે માટે પ્રેરિત કરવા જોઈએ.

**(૫) દેશ દર્શન**

પ્રવર્તમાન વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી ટુરિઝમ પર ખૂબ ભાર મૂકતા રહ્યા છે. પ્રવાસનને વેગ આપવામાં તેઓનો ખૂબ મોટો ફાળો છે. ગુજરાતમાં કચ્છનું સફેદ રણ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. સફેદ રણને દેશ - વિદેશના લોકો માટે પર્યટનનું સ્થળ બનાવવું એ કોઈ સામન્ય ઘટના નથી. દેશ દર્શન કરવા પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે દેશ દર્શન એ સૌનું પહેલું કર્તવ્ય છે.

ભલે તમે આખું વિશ્વ ફરો પણ પહેલાં ભારત દર્શન કરો. ભારતને જાણો. આપણા દરેક રાજ્યો, એની સંસ્કૃતિ, એનો પ્રત્યેક ખૂણો કેવો છે, તેને જોવો જોઈએ. જો એ આપણે જ નહીં જોઈએ અને દુનિયાને જોવા કહીશું તો એ કેવી રીતે આવશે ?

**(૬) નેચરલ ફાર્મિંગને અપનાવવું: (પ્રાકૃતિક કૃષિ)**

ભારત કૃષિપ્રધાન દેશ રહ્યો છે. ખેતી તેનો મુખ્ય વ્યવસાય હતો. ગોબર એ મુખ્ય ખાતર હતું. પણ વર્તમાન સમયમાં ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવવા માટે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો આડેધડ વપરાશ ખૂબ થવા માંડ્યો છે. જેથી જમીનની ગુણવત્તા તો જોખમાઈ જ છે, સાથે જ તે ખાનારના સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર ઉત્પન્ન કરે છે. તેના નિવારણરૂપે ભારતમાં પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. તેને ધ્યાનમાં રાખી વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, જૈન ધર્મમાં કહેવાયું છે કે એક જીવે બીજા જીવના સંહારક ન બનવું જોઈએ. આપણે આપણી ધરતી માતાને કેમિકલથી મુક્ત કરવી છે. ખેડૂત સાથે ઊભા રહેવું છે. પ્રાકૃતિક ખેતીના મંત્રને પ્રત્યેક ગામડે લઈ જવો છે.

**(૭) હેલ્ધી લાઈફ સ્ટાઈલને અપનાવવી:**

ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. જેટલી સંસ્કૃતિ એટલા અલગ-અલગ ખાનપાન. પરંતુ છેલ્લા કેટલાક સમયમાં તેમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. વધુને વધુ લોકો હવે શોખથી બહાર ખાવા જવા લાગ્યા છે. પરિણામે સ્વાસ્થ્યના અનેક પ્રશ્નો ઊભા થવા પામ્યા છે. તેવી સ્થિતિના નિવારણ અર્થે તેમણે કહ્યું હતું કે 'ખાનપાનમાં ભારતીય પરંપરાની વાપસી થવી જોઈએ. મીલેટ્સ (જાડા ધાન્યો)નો ઉપયોગ વધારેમાં વધારે થવો જોઈએ તેમજ આપણા દૈનિક ખોરાકમાં તેલ ૧૦% ઓછું વાપરીએ જેથી મેદસ્વીતા ઓછી થાય. જૈન પરંપરામાં તો કહેવાયું છે કે, તપ અને સંયમથી શરીર સ્વસ્થ અને મન શાંત રહે છે તેનું એક મોટું માધ્યમ છે યોગ અને ખેલકૂદ.

**(૮) યોગ અને ખેલકૂદને જીવનમાં સ્થાન આપવું :**

આજકાલ નોકરી, ધંધો અને બીજા અન્ય કારણોના લીધે યોગ અને ખેલકૂદને આપણાં જીવનમાં ઉચિત ન્યાય મળતો નથી. પરિણામે દેશની સરેરાશ સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ વધતી જાય છે. સાથે જ માનસિક તણાવનું પ્રમાણ પણ વધતું જાય છે. તેવી સ્થિતિના નિવારણ અર્થે 'ઘર ઓફિસ કે સ્કૂલ અથવા પાર્કમાં આપણે ખેલકૂદ અને યોગને આપણાં જીવનમાં સ્થાન આપવું જ જોઈએ.'

**(૯) ગરીબોની સહાયતાનો સંકલ્પ:**

ભગવાન શ્રી કૃષ્ણએ ભગવદ્ ગીતામાં કહ્યું છે 'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ અર્થાત 'આ સૃષ્ટિમાં દરેક જીવ મારા સૂક્ષ્મ અંશ છે.' તેથી. જરૂરતમંદ જીવોની સેવા એ વાસ્તવમાં ભગવાનની જ સેવા છે. આપણે ત્યારે જ સુખી રહી શકીએ જ્યારે આપણો પડોશી સુખી હોય! તેથી જ તેમણે કહ્યું હતું કે 'કોઈનો હાથ પકડવો, કોઈની થાળી ભરવી એ જ સાચી સેવા છે.

આ નવ સંકલ્પોના અમલીકરણથી સમાજમાં શાંતિ, સદ્ભાવ અને કરુણા વધશે એ બહુ મોટી રાષ્ટ્રસેવા ગણાશે.

**તો આવો, આ દીપોત્સવીએ આ નવ સંકલ્પ લઈ જીવનને કૃતાર્થ કરીએ.**

# ચપટી હીંગનો ચમત્કાર...

॥ ચપટી હીંગનો ચમત્કાર ॥
લાવે સ્વાદ અને સોડમ અનેરી
**અન્નપૂર્ણા હીંગ**
દાળ-શાક હોય કે હોય અથાણું
મહેંકી ઉઠશે આપનું ભાણું

નૂતન
વર્ષાભિનંદન

अन्नपूर्णा ®
बांधानी
हींग
100% Veg.




સ્ટાન્ડર્ડ ક્વોલીટી
151

For Product Inquiry
91046 49140

વોટ્સએપ ઓર્ડર માટે :
ON WHATSAPP

Since... 1976

## અન્નપૂર્ણા હીંગ પ્રા. લી., અમદાવાદ.
E-mail : annapurnahing@yahoo.co.in

ડિસ્ટ્રીબ્યુટરશીપ માટે સંપર્ક કરો




વિરલ રાઠોડ

# આસમાની ઉત્સવની રાત્રિ તહેવારોની રાણીઃ દિવાળી

**अंधेरे में ही दीये का उजाला है**
**मानो तो ज्योति या ज्वाला ही है**
**रोशनी का त्यौहार रंगो से भरा**
**आसमान भी लाल, हरा पीला है !**

વોટ્સએપના ફોવર્ડિયા મેસેજના ધોધ વચ્ચે ફરતી થયેલ આ પંક્તિઓ ઘણું બધું કહી જાય છે. દિવાળીના માહોલમાં શુભેચ્છાઓનો ધોધ દૂધસાગરની જેમ વહે. મીઠડાં શબ્દોની પાંચ દિવસીય દુનિયા પોતીકી લાગે. દીવા, દેવપૂજા અને દિલથી ભેટવાનો ત્રિવેણી સંગમ-દિવાળી. પ્રિપ્લાન ફેસ્ટિવલની પેશન સાથે ઉજવણી, નાનામાં નાના માણસના મોઢે ફૂટતી મીઠાશની વાણી, વડીલ-સંત અને દેવાલયમાં આશીર્વાદની સરવાણી, શાસ્ત્રોની સાથે સ્મરણોની કહાણી, સોળ વર્ષના ટીનેજથી લઈ સાઈઠ વર્ષના વડીલનો સંગ મનમાં ઉભરાતો ઉમંગ રંગોળીના રંગ. ડિજિટલ યુગના દરિયા જેવડા પ્લેટફોર્મની અસર વચ્ચે પણ અજવાળાને પોંખવાનો અવસર. પરંપરાની સાથે ઉજવાતું પર્વ, ઉત્સાહનો ઉજાશ અને હૈયામાં થનગનતો ઉલ્લાસ, ક્ષણમાં મણ જેટલી માત્રાનું જીવી લેવાનો જોશ. વર્ષે એકવાર આવતા આ તહેવારને વધાવીએ એટલા શબ્દો ઓછા પડે. દિવાળી આખા ભારતમાં આનંદ અને ઉલ્લાસથી ઉજવાય છે. આપણા ગુજરાતમાં દિવાળી તો પોઝ છે. ફોટોગ્રાફ પડાવવા વાળો નહીં, સતત દોડતી જિંદગીમાં અલ્પવિરામ વાળો! મુંબઈમાં દોડતી લોકલ ટ્રેન જેવી ફાસ્ટ લાઈફમાં બ્રેક લેવાનો ઓફિશિયલ અને રિલિજીયસ પરવાનો.

દેશમાં દિવાળી ભલે એક દિવસ ઉજવાય, પણ ગુજરાતમાં દિવાળી પાંચથી સાત દિવસ ઉજવાતી જે હવે દસ દિવસ મનાવાય છે. સ્ક્રીનની દુનિયામાં સ્પર્શનો અહેસાસ છે દિવાળી. એક યુગ હતો જ્યારે ઘરમાં મીઠાઈના તવા મૂકાય ત્યારે દિવાળીના એંધાણ વર્તાય. નવમા નોરતે દિવાળીની ખરીદી માટે દુકાનમાં નવો સ્ટોક આવે. સોશિયલ મીડિયાએ ફ્લેટ કરેલી લાઈફમાં અગિયારસથી શરૂ થતું દિવાળી પર્વનું પેકેજ શેરમાર્કેટની તેજી જેવુ છે. ટોટલી અટેચમેન્ટ છે. ઈન્વોલ્વમેન્ટ છે.

એ પછી શરૂ થાય છે ટાઈમ ઓફ એંગેજમેન્ટ, મેરેજ સીઝન. ખરેખર દિવાળી સકારાત્મકતાના સહારે સ્વયં પ્રગટીને સૌને ઉજાશ આપવાનો તહેવાર છે. ઘર-દુકાન કે વ્યવસાયમાં અથવા જે સ્થળે કામ હોય ત્યા સાફ-સફાઈથી લઈને લક્ષ્મીપૂજન સુધી ઈમોશન સાથે ટ્રેડિશન ફોલો થાય છે. ડિજિટલની દુનિયામાં કોણ ચોપડા પૂજન કરે? આનો જવાબ જાણવો હોય તો, પહોંચી જાવ કોઈ પણ નગરની સૌથી જૂની માર્કેટમાં. સ્ટોક ભલે કોમ્પ્યૂટરમાં સચવાય, પણ પૂજા તો લાલ ચોપડાની જ થાય.

પોસ્ટકાર્ડ લખવાના, દિવાળી કાર્ડ મોકલવાના અને સાથે ગિફ્ટની આખી શૃંખલા દિવાળીના પાક્કા બે મહિના પહેલા શરૂ થાય. પોસ્ટકાર્ડનું સ્થાન આજે સોશિયલ મીડિયા પોસ્ટે લીધું. પરિવર્તન ખોટું નથી પણ મૌલિક લખાણના બદલે હવે એઆઈની શુભેચ્છાથી આંખ ટેવાતી જાય છે. તોરણનું સ્થાન આજે લાઈટિંગ્સે લીધુ, દિવાળી કાર્ડ હવે મોબાઈલ અને કોમ્પ્યૂટર સ્ક્રીન પર બને છે, દિવાળીના દિવસે અથવા નવા વર્ષે આવતા સ્વજનોના ફોન હવે વીડિયો કોલમાં બદલાયા, કોડિયાનું સ્થાન હજું યથાવત છે



પણ લેમ્પવાળા દીવા કે સીરિઝનું રો મટિરિયલ લઈ એને બનાવવાનો પણ અલગ આનંદ હતો. સાફ-સફાઈ વખતે વડીલો કહેતા કે, આ સંઘરેલો સાપ છે. હવે જવાબ તમે જ આપો કે, સાપ કોઈને કોઈ દિવસ ક્યાંય કામ આવ્યો ખરો? ટૂંકમાં નવાનો આનંદ લેવા જૂનું ખાલી કરવું પડશે. એ પછી ઘર હોય કે મન હોય. જૂના પાણી પર લીલ જામે ત્યારે પાણી પ્રદૂષિત થાય એમ મનમાં બાંધી રાખેલું બોજ વધારે. દિવાળી તો મોજ વધારવાનો તહેવાર છે. Darkness is not Devil and Lighting is not Magic.

**કદાચ આ એકમાત્ર એવો તહેવાર છે જેમાં નાનામાં નાનો માણસ મોટામાં મોટા માણસના સંપર્કમાં આવે છે. ખરીદારી કરે છે. દુકાન ચલાવે છે. વેચે છે અને વહેંચે પણ છે. વેપારની સાથે પીરસાતું હાસ્ય બે પૈસા ઓછા ભલે ન કરે પણ એ શોપિંગ યાદ રહી જાય છે. ડિસ્કાઉન્ટ માટે ડેલાતોડ ઝઘડા કરતા આપણે સૌ ક્યાંક તો અધૂરપમાં જ છીએ. પણ આ જ અધૂરપ આપણી મધુરપ બને ત્યારે સાચી દિવાળી.**

ઓનલાઈન શોપિંગનો કોઈ વિરોધ નથી. પણ સ્ક્રીન પર દેખાતી વસ્તુને હાથમાં લઈને ફીલ કરી શકાતી નથી આ પણ હકીકત છે. વિશ્વાસે વ્હાણ ચાલે પણ એ જ ભરોસા સાથે ભાવ ભળે ત્યારે આપણું અજવાળું બીજાને પ્રકાશ આપે છે. આપણે ભાવ તાલના માણસ કરતાં ભાવનાના માણસ બનીએ તો ડિજિટલ યુગની દિવાળી એઆઈથી ફરી ઈમોશન્સ સુધી આવશે. બજારોમાં ખરીદી એ રૂપિયાનું રોલિંગ છે. ઓનલાઈન પેમેન્ટ એ તો ટોટલી ફરતા ટ્રાંઝેક્શન છે. તેજીના તિખારા સમાન દિવાળીના દિવસો 'ફન વિથ ફાઈનાન્સ' શીખવે છે. અગાઉના વર્ષોમાં બજેટ લિમિટેડ હતું ને આનંદ અપાર હતો. આજે બજેટ વધ્યું, આનંદ વધ્યો પણ ખોટો અજંપો ન વધે એ દિવાળી.

અમાસના દિવસો અંધારિયા હોય છે પણ આ એકમાત્ર એવી અમાસ છે જેમાં દરેક ઘરે દીવા થાય છે. ધામધૂમ અને અજવાળાં થાય છે. નવી બનેલી દુકાનમાંથી કંઈ લેવાનો રોમાંચ હતો. આજે નવી વેબસાઈટમાંથી ઓર્ડર લેવાનો રોમાંચ છે. તૂટેલું ફૂટેલું બદલવા જીદ કરીએ, વેપારી સાથે ત્રીજા વિશ્વયુદ્ધમાં ઊતરીએ એમાં પણ મજા એ હતી કે, વેપારી પણ નમતું જોખીને ગ્રાહકને બાંધી લે. ગ્રાહકને પણ નવી વસ્તુ ખરીદીનો આનંદ થાય. ઓનલાઈનથી રીપ્લેસમેન્ટ પોલિસી સારી છે. હવે જવાબ તમે જ દો કે, દિવાળીની સવારે શોપિંગનું પાર્સલ ન આવે તો?

**સ્વદેશીની અપીલ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખરા અર્થમાં ગાંધીજીનું સપનું સાકાર કર્યું છે. કોડિયાથી કેશ સુધી અને રંગબેરંગી સીરિઝથી રેડીમેઈડ ગાર્મેન્ટ સુધી. એમની આ વાત જો આપણે પકડીએ તો દરેક વર્ગની દિવાળી સુધરે.**


દામ કમ ઔર દમ જ્યાદા. ડખો એ છે કે, દામની નદીમાં સૌને દરિયા જેવડું કમાઈ લેવું છે. તિમિરની સામે તેજનો વ્યાપ આપણી અંદર પણ ફેલાવો જોઈએ. પગના મોજાથી લઈને માથામાં નાંખવામાં આવતી મહેંદી સુધી અને ચશ્માથી લઈને પગની ચાંદીની ઝાંઝરી સુધી આ તહેવાર નવીનતાનો છે. નવીનતા છે ત્યાં અચરજ છે, જિજ્ઞાસા છે, આતુરતા છે.



દિવાળીમાં બધુ નવું તો મન કેમ જૂનું? બસ, શરૂઆત અહીંથી કરવાની છે. વિક્રમ સંવત બદલાય એટલે આપણા મનમાં નાવિન્ય આકાર લે એ પરિવર્તનનું પહેલું પગથિયું છે. દિવાળી પહેલા દરેક પરિવારને ત્યાં સ્વચ્છતા અભિયાન થાય એટલે કહેવાય કે દિવાળી કાઢી. પણ ખરેખર મનની દિવાળી નીકળે છે ખરી? ખરેખર તો એ દિવાળીનો આવકાર હોય, મીઠાઈ-ભોજનીયાનો ઓડકારો હોય, નવું મહેમાન ઘરે આવ્યું હોય તો મીઠડો આવકારો હોય, કોઈની અણધારી વિદાય હોય તો પણ એની અધૂરપ સાથે એની મેમરિઝ હોય. નવરાત્રીમાં રમાતા ગરબા આપણે શીખીએ ત્યારે એના સ્ટેપ ગણીયે. જગ્યા અને ગણતરી કરીને પગલાં લઈએ. જિંદગીમાં પણ જો આવું કરીએ તો આપણે સાચા ખેલૈયા.

ફરવાનો ટ્રેન્ડ અત્યારે છે એવું નથી. વર્ષો પહેલાં પણ હતો. દૂર રહેતા સંબંધીઓને ત્યાં દિવાળી થતી. સંબંધીઓ આપણે ત્યાં દિવાળી કરવા આવતા. લક્ષ્મી જ્યાંથી આવતી હોય એ ઘરને કદી બંધ ન કરાતું. ફરવા જવાનો વિરોધ નથી. તહેવારમાં ફરવું એમાં કંઈ ખોટું પણ નથી. ફન ફોર એ ચેન્જ. લક્ષ્મીપૂજનની સાથે ગૃહલક્ષ્મીની પૂજાનો પણ ઉલ્લેખ આપણાં શાસ્ત્રોમાં છે. આ દિવસો પણ એટલા પવિત્ર છે. ભારતનો સાંસ્કૃતિક વારસો વિશિષ્ટ છે દરેક તહેવારોની એક શિસ્ત છે. જ્યાં ડાર્કનેસને કોઈ માને નહીં એ અમાસ આપણી પાસે દિવાળી સ્વરૂપે છે. શરદપૂનમનું સેલિબ્રેશન આપણે ધાબે થાય. વર્ષના બે દિવસો એવા આવે જેમાં અગાશી કે ધાબુ યાદ આવે. મકરસંક્રાંતિ અને શરદપૂનમ. વાહ...વોટ એ કોમ્બિનેશન ઓફ નાઈટ સેલિબ્રેશન.

નવા વર્ષમાં તાજગી છે હેપિનેસ છે તો હોપનું મીટર પણ હાઈ હોવું જોઈએ. કોઈની યાદ પણ છે અને નવી યાદ બનાવવાનું વિઝન પણ છે. ગત વર્ષમાં ગુમાવ્યાની હતાશા કરતા હૈયે રાખી હામ એ વિચારથી નવી શરૂઆત થવી જોઈએ. દિવાળી અને નવા ચોપડાનું પૂજન એટલે નવું વર્ષ.



સેલફોન ભલે સ્માર્ટ થયા છે પરંતુ સાડી કંઈ આઉટડેટેડ નથી. ચિઠ્ઠી લખવાનું બંધ થયું તો ચિંતા કરનારા સ્વજનો કંઈ ઘટ્યા નથી. જીદ કરીને ઘરમાં જીતવા કરતાં જતુ કરીને મોટા થવાની પણ મજા છે. મજા આવે એની સાથે મનોરંજન માણવાની આ રાત છે. ફાસ્ટ લાઈફમાં આપણે જીવીએ છીએ. જોઈએ છીએ. જાણીએ છીએ પણ કંઈક માણીએ છીએ ખરા? શાંત દિમાગની ઉપજમાં થોડું તો ક્રિએટિવ કરીએ. બ્લેક કેન્વાસ પર કલરફૂલ રંગોવાળી રાત ડરામણી હોય એ વાત ખોટી પાડતી ક્ષણ એટલે દિવાળી.

ઝગમગાટનું પર્વ એક નાનકડો સંદેશો એવો પણ આપે છે કે, વધારે પડતું અજવાળું પણ સારું નહીં, આંખ આંજી દે. એના કરતા મનથી 'લાઈટ' (હળવા) રહીએ અને બીજાને પણ લવ પીરસીએ. લવની વાત છે, લસ્ટ નહીં.
હેપ્પી દિવાલી...








KHOOSHI CREATIONS-9869000624

◆ ભવેન કચ્છી



## ડિલિટ, રિચાર્જ, રીફ્રેશ અને એન્ટિવાયરસનું અજવાળું


# દિવાળી

દિવાળીનો તહેવાર હોઈ, બધાના ઘર ચકાચક થઈ જાય. દર વર્ષની જેમ કબાટના ખાનાઓ અને માળિયાની પણ સાફ સફાઈ ખરી. જે પણ જૂનું પુરાણું અને આઉટ ડેટેડ લાગ્યું. તે બધું જ ભંગાર ભેગું કરી દેતા હોઈએ છીએ. ગયા વર્ષે જે ઉપયોગી થઇ શકે તેમ માનીને સંઘરી રાખ્યું હતું તેનું વર્ષ દરમિયાન જાણે અસ્તિત્વ જ ના હોય તેમ તેને ભૂલી ચૂક્યા હતા, સફાઈ કરતાં અહેસાસ થયો કે 'અરે આ પણ સંઘર્યું હતું ? કંઈ કામનું નથી હવે આને કચરાના ઢગ જોડે જવા દો.'

વીતી ચૂકેલા વિક્રમ સંવતનું કેલેન્ડર પણ ભીંત પરથી ઉતારી નવું સ્થાન પામશે. મોબાઈલ પર શુભેચ્છા સંદેશા અને ચિત્રાત્મક પોસ્ટની વર્ષા ઝીલવા સાથે જ સ્ક્રીન પર ચેતવણી આવશે કે હવે વધુ સંગ્રહ ક્ષમતા નહિ હોઈ તમારા માટે જે બિનજરૂરી પોસ્ટ હોય તે ડિલિટ કરશો.

આપણને મોબાઈલનો વ્યવહાર ક્ષણિક પણ ખોરવાય તે કલ્પના જ અપંગ બનાવી દેતી હોઈ આપણે મોબાઈલનું દિલ અને દિમાગ હળવુંફૂલ બની જાય તે હદે ડિલિટની કવાયત કરીશું. આપણો મોબાઈલ તરોતાજા અને સજ્જ રહેવો જોઈએ. બસ એકમાત્ર આપણે જ વર્ષોથી જે આદતો, જે પૂર્વગ્રહો, અવગુણો અને સંકુચિત દષ્ટિ સંઘરીને બેઠા છીએ તેની સાફસફાઈ કે ડિલિટ નથી કરતા.

> ઘરમાં થોડા દિવસો શાકભાજી કે ફળો પણ વપરાયાં વગર પડયા રહે છે તો પણ તેની દુર્ગંધ ફેલાઈ જતાં આપણે તેને ફેંકી દઈએ છીએ. પણ આપણે આપણા દિમાગ અને દિલમાં નકારાત્મકતા જાણે ઘરેણાં હોય તેમ સેફ ડિપોઝિટ વોલ્ટમાં સાચવીને બેઠાં છીએ.



મોબાઈલના સ્ટોરેજ ક્ષમતા કરતાં વધુ ડેટા થાય અને માપદંડ બહાર આંકડો જાય તો ચેતવું. તરત ડિલિટનો દોર અપનાવવો પડે, પણ આપણી અંદર રહેલો મનનો કચરો ગટરમાં રૂપાંતરિત થઈ ઉભરાતો હોય તેમ છતાં તે ભયજનક સપાટી વટાવી ગઈ છે તેવો નિર્દેશ કરતી કોઈ સીસ્ટમ નથી. આથી બાહ્ય રીતે ભૌતિક દુનિયામાં જેને ડિલિટ કે અપડેટ કર્યા વગર ચાલતું નથી તેને માટે આપણે સાબદા છીએ પણ આપણા માંહ્યલાના ભંડકિયામાં ક્યારેય સાક્ષીભાવે દષ્ટિ કરીને કચરો સાફ નથી કરતા.

વોટ્સ એપ પર જુદી જુદી વ્યક્તિઓ શ્રેષ્ઠ જીવન, ઉમદા માનવ, વડીલોની માવજત, મિત્રતા અને પ્રેરણાત્મક પ્રસંગોની ટેક્ષ્ટ કે વીડિયો મોકલે છે ત્યારે તેમાંની ઘણી વ્યક્તિઓને અંગત અને આંતરિક રીતે આપણે જાણતા હોઈએ છીએ. વાસ્તવમાં તેઓ કેવા નિમ્ન પ્રકારનું જીવન જીવે છે, વડીલો જોડે કેવો વર્તાવ કરે છે, ઈર્ષાખોર અને મતલબી છે તે માત્ર આપણે જ નહિ સમાજમાં મહત્તમ લોકો તેવો અભિપ્રાય આપતા હોય છે.

આમ છતાં તેમના ફોરવર્ડેડ મેસેજ એવા હોય છે કે, આ ભાઈ કે બહેન જાણે શ્રેષ્ઠ આચરણના પ્રેરણામૂર્તિ હોય તેમ પોતાની જાતને માનતા હશે. અમારા જેવા લખનાર પણ તેમાં આવી જાય. શક્ય છે કે અમે જે લખીએ કે વક્તવ્ય આપતા હોઈએ

II Shree Satya II

# DAMODARDAS
## JEWELLERS

DMC Group SINCE 1961



## દિપાવલી અને નૂતન વર્ષાભિનંદનની શુભકામના

અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭

એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧

ત્યારે અમને નજીકથી ઓળખનાર મનોમન એમ પણ વ્યંગ કરતો હોય કે 'ભાઈ, પહેલા તારું જીવન અને કરણી તો આત્મદર્પણમાં જો.'

આવું થવાનું કારણ એ છે કે આપણે દિવાળી જેવા તહેવારે કે સમયાંતરે ટેકનોલોજીની ભાષામાં કહીએ તો બધું ડિલિટ, રિચાર્જ, રિલોડ અને રિફ્રેશ કરીએ છીએ. સિસ્ટમમાં હવે તો તમે નિર્દોષ હો તો પણ તમારા મશીનને ખોરવી દેવા તમે કે તમારા મશીને જેનું કંઈ બગાડ્યું પણ નથી છતાં વાયરસ હુમલો કરે છે. તે જ રીતે હવે માત્ર આપણે કોઈને ના નડીએ તે રીતે રહેવું પૂરતું નથી. તમારી શાંતિ અને સ્થિતિને ડહોળી નાંખે તેવું વાતાવરણ અને તત્વો છે આવી વ્યક્તિઓ અને ઉચાટ સર્જતા પરિબળો 'હેકર' જેવા છે.

આપણે નિમ્ન કે અનિષ્ટ તત્વોની પ્રતિક્રિયા આપતાં આપણી ઉમદા સ્થિતિથી વિચલિત થઈ તેમના જેવા બનશું તો તે 'પાઈરેટેડ સોફ્ટવેર' આપણે આપણી સિસ્ટમમાં ગ્રહણ કર્યું કહેવાય અને તમે જાણો છો કે આવા સોફ્ટવેર થોડા અરસામાં વાયરસનો હુમલો કરશે. બસ આપણે પણ સ્થૂળ અને સૂક્ષ્મ રીતે હાઈટેક ગેજેટ કે સિસ્ટમ જેવા છીએ. ખરેખર તો આપણી સૂક્ષ્મ અને સ્થૂળ દેહ રચનાનાં સિદ્ધાંતોને નજરમાં રાખીને વિજ્ઞાનીઓએ ગેજેટ્સ બનાવ્યા છે. કમનસીબે આપણે મશીનને અપડેટ રાખીએ છીએ તેના એલાર્મને ત્વરિત અનુસરીએ છીએ પણ આપણી સિસ્ટમને અવગણીએ છીએ.

ભલે ડિલિટ કે રીફ્રેશનાં સંકેતની કોઈ વ્યવસ્થા ન હોય આમ છતાં આપણે પોતે અશાંતિ, ઉચાટ-તણાવ અને કારણ વગરની વ્યગ્રતા મહેસૂસ કરીએ, અન્યની ખુશી કે સિદ્ધિથી ઈર્ષા અનુભવીએ, કોઈ વ્યક્તિ માટેની નફરત કે અણગમો અકબંધ રાખીએ તો આપણને જીવવાની મજા નહીં જ આવતી હોય. મજાની સાથે કંઈક ડંખતી હોય તેવી પીડા હશે જે આપણે કોઈને જણાવતા નહીં હોઈએ.

**આપણી પાસે પાયાની સગવડો અને સુવિધા હોય, ખાધેપીધે સુખી હોઈએ અને ઘણી વખત તો આપણો પરિવાર પણ મજાનો હોય તે છતાં જો આપણે ડિપ્રેશન, હતાશા કે કંઈ જામતું નથી તેવું અનુભવીએ તો માનવું કે આપણે કોઈ એવા નકારાત્મક બોજ અને સોચ લઈને જીવીએ છીએ જે આપણને હળવાફૂલ નથી રાખતા. બસ વર્ષો જૂના આ બાવા -જાળાની સફાઈ કરી દો.**

જો તમારા કરતાં પણ ઉતરતી સ્થિતિમાં બીજી વ્યક્તિ ખુશ રહી શકે છે અને તમે નથી રહેતા તો 'સમથિંગ ઈઝ રોંગ વિથ યુ.' આત્મમંથન અને આત્મ દર્શન કરો. તત્વજ્ઞાની બનો, પ્રેરણાદાયી વાંચો કે સાંભળો. જે વ્યક્તિ કે પરિવારની તમે ઈર્ષા કરતા હોવ તેના કરતાં તમે તેનું તે માટેનું રહસ્ય શું છે તે જ પામીને તેના જેવા બની જાઓ. પ્રેરણાલાયક વ્યક્તિ કે પરિવારની ફાઈલ જ દિમાગમાં 'ડાઉનલોડ' કરી લો.


ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરુઓમાં પશુ પંખી અને કીટકને પણ તેના ગુરુઓમાં સ્થાન આપ્યું હતું. સમડી પંખીનો પણ તેમાં સમાવેશ થાય છે. સમડી એક વખત માંસનો ટુકડો લઇ આકાશમાં ઉડી રહી હતી. તેને થયું કે દૂર સુધી ઉડી કોઈ સલામત સ્થળે માંસની મિજબાની લઈશ. તે આકાશમાં ઉંચાઈ પકડી રહી ત્યાં તો તેણે જોયું કે તેની પાછળ સમડી અને ગીધનાં ટોળાં તેની પર આક્રમણ કરવાના મિજાજ સાથે નજીક ધસી રહ્યાં હતા. સમડી ગભરાઈ ગઈ. તેણે ઉડવાની ઝડપ વધારી તો પીછો કરી રહેલ પંખીના ટોળા સાવ નજીક આવતા ગયા. સમડીને તેનું મોત નજીક દેખાયું. હમણાં જ પંખીઓ ઘેરી લઈને મને પીંખી નાખશે તે વિચારથી તેની ઉડવાની ઝડપ પણ ફફડાટ સાથે ધીમી પડી ગઈ. તે પછી તેને ત્વરિત વિચાર ઝબૂક્યો કે, 'અરે મારે ક્યાં આ પંખીઓ જોડે દુશ્મનાવટ છે.' તેઓ મને મારી એટલા માટે નાંખશે કે મારી ચાંચમાં માંસનો ટુકડો છે. મારા માટે મારાં મોતનું કારણ તો માંસનો ટુકડો છે. તેમ વિચારવા સાથે જ સમડીએ માંસનો ટુકડો ચાંચમાંથી છોડી દઈ જમીન તરફ ફેંકી દીધો. બસ તે જોતાં જ તમામ શિકારી જેવા પંખીઓનું ઝૂંડ માંસના ટુકડા તરફ ફંટાઈ ગયું. સમડીને તેના જ્ઞાને બચાવી દીધી.

આપણી અંદર પણ એવા કેટલાક ફેંકી દેવા જેવા, જીવનને બરબાદ કરી મૂકે તેવા અનિષ્ટો, વિચાર કે મહત્વકાંક્ષા હોય જે આપણી મુક્ત, મુગ્ધ અને ઉર્ધ્વ ઉડાન માટે બાધારૂપ હોય. જેને વિષે વિચારી આપણે તેને મમત, મોહ અને પૂર્વગ્રહ સમજી ફેંકી દેવા જોઈએ.

દિવાળીનું પર્વ અંધકારને દૂર કરીને પ્રકાશ પાથરવાનો છે. કોડિયા કે રોશની તો પ્રતીકાત્મક છે. ખરેખર તો અંતરના અંધકારની અટારીએ કોડિયું પ્રગટાવવાનું છે. સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ આપણા અંતરમનથી કરવાનો છે. જેમ અમુક દિવસે ધૂળ જામી જ જાય છે અને તેની સફાઈ કરવી જ પડે છે. મોબાઈલમાં પણ જગ્યા ભરાઈ જતાં ડિલિટ કરીને સ્પેસ કરીએ છીએ તેમ આપણે આપણો પોતાનો આત્મસેલ્ફી લઈએ અને જે બિનજરૂરી છે તે ડિલિટ કરીએ. પછી જુઓ નવું વર્ષ જ નહીં જિંદગી પણ જીવવા જેવી લાગે છે કે નહીં.



**મોબાઈલમાં સ્ટોરેજની જગા માટે જે પણ બિનજરૂરી છે તે ડિલિટ કરવું પડે છે પણ આપણે આપણા દિલ અને દિમાગમાં કેટલું કેટલું જૂનું સંઘરીને બેઠા છીએ.**


trusted national brand
IN KITCHENWARE SINCE 1974
ANJALI®
हर घर में
Kitchenware
Non stick
Appliances
the largest range in kitchenware
ANJALI KITCHENWARE PVT. LTD.
Anjali House, Liberty Garden Rd. No. 1, Malad (W), Mumbai 400 064. Fax : 022 28807713.
Web: anjalikitchenware.net, email:feedback@anjalikitchenware.net



✦ કેતન નાણાવટી

# દિવાળીમાં ઓછા ખર્ચે ઘર સજાવટ




નંદિની મહેતાની બે સુંદર પંક્તિઓ છે, 'હમને ઘર બનાયા હૈ ઈસલિયે, નહીં કિ દિવારો મેં બંધ હો જાયેં, બલ્કિ ઈસલિયે કિ દ્વાર કો ખોલ પાયેં !' અને દ્વાર ખોલીશું તો મિત્રો આવશે, સગા-વ્હાલાં આવશે, ઓળખીતાં આવશે. તો આવો, આપણાં ઘરને એવી રીતે સજાવીએ કે આવનારા લોકોને આવવું ગમે!

આપણે ઘરને સાવ ઓછા બજેટમાં નવો લૂક આપવાનો છે. ઘરનું ફેઈસ લિફ્ટિંગ કરવાનું છે જેથી આ દિવાળીએ ઘરે આવનાર મહેમાનોના મોઢામાંથી 'હાઉ?' અને 'વાઉ !' બંને નીકળવા જોઈએ.

તો આવો શરૂઆત કરીએ કલર કામ થી. આખા ઘરને રંગવાનું નથી માત્ર ઘરની કોઈ એક દીવાલ પસંદ કરીને તેને કોઈ બોલ્ડ કલરથી રંગી શકાય. દીવાલ ઉપર સ્ટેનસિલથી ડિઝાઈન કરાવી શકાય અથવા કલરકામની આધુનિક ટેકનિક્સ વડે દીવાલને અલગ ટેક્સચર પણ આપી શકાય. તમામ બારી, બારણાં રંગવાના નથી પરંતુ ઘરનો મુખ્ય દરવાજો જે કેટલાય વર્ષોથી એકનો એક છે તેને કોઈ એક બોલ્ડ કલરમાં રંગી શકાય.

વર્ષોથી તમારા ઘરની સીલિંગ સફેદ રંગની છે. હવે આ ટ્રેન્ડનાં પણ વળતા પાણી છે. આજે સીલિંગ પાંચમી દિવાલ ગણાય છે. સીલિંગમાં પણ લાકડાની પટ્ટીઓનું પેનલિંગ થાય છે. દિવાલ કરતાં કોન્ટ્રાસ્ટ રંગથી સીલિંગને રંગી શકાય.

ઘરનું ફ્લોરિંગ વર્ષોથી જો વિટ્રિફાઈડ ટાઈલ્સ ધરાવતું હોય તો હવે એને પણ બદલવાનો સમય થઈ ગયો છે. આ માટે વુડન કે કોર્ક ફ્લોરિંગ મોંઘું પડશે તેના બદલે પીલ એન્ડ સ્ટિક પ્રકારના વિનાઈલ ફ્લોરિંગ કિંમતમાં ખાસ્સા સસ્તા પડે છે. વિનાઈલ પીલ એન્ડ સ્ટિક પ્રકારના ટાઈલ્સ સ્ટિકર પણ વાપરી શકાય.

શક્ય હોય તો સેન્ટર ટેબલની નીચે કારપેટ પાથરી શકાય. હવે વાત કરીએ સોફાની. આપણે સોફા ઉપર પાથરવાના પાથરણાં, કુશન કવર બદલીને તેને ચોક્કસ નવો લુક આપી શકીએ.

ડાઈનિંગ ટેબલને પણ સજાવી શકાય. ડાઈનિંગ ટેબલ ઉપર મધ્યમાં લાંબુ રનર પાથરીને તેની ઉપર એક ટ્રેમાં કટલરી હોલ્ડર, પિકલ જાર્સ, કેન્ડલ સ્ટેન્ડની સાથે નાનકડી બ્લુ અથવા ગ્રીન જારમાં અથવા તાંબાના લોટામાં એલોવીરાના પાંદડાઓ ગોઠવીને તેને સરસ રીતે સજાવી શકાય.

આપણા શુ સ્ટ્રિંગ બજેટમાં પડદા બદલી શકાય એમ છે નહીં પરંતુ નવો લૂક આપવા માટે પડદાના રોડની પાછળ બે હૂક લગાવી ત્યાં ખેંચીને એક સ્પ્રિંગ ભરાવી દેવી અને એ સ્પ્રિંગમાં ટ્રાન્સપરન્ટ વાઈટ અથવા જે રંગના પડદા હોય તે રંગનું શીયર મટિરિયલ લઈ તેને સ્પ્રિંગમાં ભરાવાથી ડબલ લેયર પડદાનો લૂક ઓછા ખર્ચે મેળવી શકાશે.

જે પરિવારો ફ્લેટમાં રહે છે એમના માટે એક સમસ્યા છે ઓછો કારપેટ એરિયા. મેટ્રો સિટીઝ અને મેગા સિટીઝમાં દરેક એપાર્ટમેન્ટમાં મલ્ટિ પર્પઝ સ્પેસનું નિર્માણ કરવું પડે છે જેથી ઘર મોટું લાગે. આમાં સફળ થવા માટે સૌપ્રથમ ફર્નિચર એવી રીતે કરવું પડે કે એક જ ફર્નિચર ઘણી બધી રીતે વાપરી શકાય. દાખલા તરીકે ટીવીને દીવાલ ઉપર માઉન્ટ કર્યા બાદ એની નીચે જે સેટટોપ બોક્સ માટેનું યુનિટ આપણે બનાવીએ છીએ તેને બાર ઈંચના બદલે માત્ર ત્રણ ઈંચ વધારે પહોળું કરવું જોઈએ. ત્યારબાદ તેની નીચે પંદર ઈંચ પહોળાઈનું 'સી' આકારનું સરકાવી શકાય તેવું ટેબલ બનાવવું જોઈએ અને આવા બે ટેબલ આજુબાજુ બનાવવા જોઈએ જેથી જમવાના સમયે ૧૫-૧૫ ઈંચના બંને 'સી' આકારના યુનિટ બહાર કાઢી તાત્કાલિક અઢી ફૂટનું ડાઈનિંગ ટેબલ બનાવી શકાય અને વાપરી લીધા બાદ તેને પાછું ટીવી યુનિટની નીચે સરકાવી શકાય. તેવા 'સી' યુનિટની નીચે ચાર નાના બેકરેસ્ટ વાળી ખુરશીઓ પણ સરકાવી શકાય અને તેની પાછળ હેન્ડલ લગાવેલા હોય જેથી સામેથી જોનારને ડ્રોઅરનો આભાસ કરાવે પરંતુ તે હોય ખુરશીઓ.

**આજના જીવનની એક માગ છે પ્રાઈવસી. દરેક વ્યક્તિને પોતાની પ્રાઈવેટ પ્લેસ જોઈએ છે. અને આના લીધે જ ડિવાઈડર અથવા સેપરેટરનો કોન્સેપ્ટ ક્યારેય આઉટ ઓફ ડેટ થતો નથી. સેપરેટર ત્રણ પ્રકારના હોય છે. એક સોલિડ, બીજા ટ્રાન્સપરન્ટ અથવા સેમિ ટ્રાન્સપરન્ટ અને ત્રીજા ઓપન જેમાંથી હવા અને પ્રકાશ અવરજવર કરી શકે.**



સોલિડ પ્રકારના સેપરેટર્સમાં આપ લાકડું કે હેવી પડદા વાપરી એક રૂમમાં બે રૂમનો આભાસ ઉભો કરી શકો. ટ્રાન્સપરન્ટ અથવા સેમિ ટ્રાન્સપરન્ટ પ્રકારમાં આપ ગ્લાસના ફોલ્ડેબલ શીટ્સ કે ઉપરથી વાયરની મદદથી લટકતા ગ્લાસની ડિઝાઈન પણ વાપરી શકો. શીયર મટિરિયલના પડદા લગાડવાથી લાઈટ અને પવનની અવરજવર

રહેશે. નેચરલ ડિઝાઈન્સની સાથે નેચરલ લાઈટ અને પૂરતી ફ્રેશ એર માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે માટે આજકાલ હવા અને પ્રકાશ અવરજવર કરી શકે તેવા સેપરેટર્સ ટ્રેન્ડી ગણાય છે. ઓછા ખર્ચે બની જતા સેપરેટર્સમાં સૌથી પહેલું નામ આવે છે રોપનું. બેડરૂમમાં જ્યારે પર્સનલ સ્પેસની જરૂર ઊભી થાય ત્યારે હેવી, સોફ્ટ કે શીયર ફેબ્રિકના પડદાનો ઉપયોગ કરી શકાય છે.

હાલના સંજોગોમાં ફોલ્ડેબલ અથવા સરકી શકે એવા, પેનલ ઉપર લાગેલા સેપરેટર્સ લાભદાયક થઈ શકે છે. સારા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે આ દોડધામ ભરી જિંદગીમાં આપ પોતાની સાથે અને પરિવાર સાથે કેટલો ક્વોલિટી ટાઈમ વ્યતીત કરો છો તે પણ અગત્યનું છે અને આ સમયને યાદગાર બનાવવા માટે અથવા આપની કોઈ હોબી હોય તો તેને પૂરી કરવા માટે આપને એક સ્પેસની જરૂર પડશે. જેને આપ ઘરનો વેલનેસ કોર્નર પણ કહી શકો. ઓછા ખર્ચે વેલનેસ કોર્નર ઉભો કરવા માટે બે જગ્યા શ્રેષ્ઠ રહેશે.

આજકાલ ઘરની બારીઓ બોક્સ પ્રકારની બનાવવામાં આવે છે. જો તે પહોળા બોક્સ પ્રકારની હોય તો આપ ત્યાં બેઠક વ્યવસ્થા બનાવી શકો છો. ગાદી માટે બહુ ખર્ચ કરવાનો નથી. બજારમાં મળતું સ્પંજ લાવી તેની ઉપર જુના પડદામાંથી કવર બનાવી ચડાવી શકો છો. આવા વેલનેસ કોર્નર માટે એક બીજું આદર્શ સ્થળ છે આપની બાલ્કની. બાલ્કનીમાં લાઈવ પ્લાન્ટ્સ મૂકીને કુદરતના સાંનિધ્યમાં રહી શકો છો. માટે ઘરમાં લાઈવ પ્લાન્ટસ, ફુવારા, વિન્ડ ચાઈમ્સ વગેરેનું હોવું જરૂરી છે. ઘરમાં રહેલા જૂના પ્લાસ્ટિકના કૂંડાઓને જૂના સ્વેટર્સમાંથી બનાવેલા ઉનના કવરથી ડ્રેસઅપ કરો. અલગ અલગ પ્રકારના કલર્સ ઘરમાં જીવંતતા ઊભી કરશે.

હવે વાત કરીએ લાઈટિંગ્સની પરંતુ આજકાલ બજારમાં મળતી રિમોટ કંટ્રોલ સંચાલિત, રિચાર્જેબલ બેટરી ઓપરેટેડ લાઈટ્સ આપના માટે બેસ્ટ ઓપ્શન રહેશે. દિવાળી ઉપર આવી બે ચાર વોલ માઉન્ટ લાઈટસ લગાવીને આપ ઘરને રોશન કરી શકો છો. જૂના સ્વિચ બોર્ડ ન બદલવા હોય તો આજકાલ બજારમાં સ્વિચબોર્ડની પોલિસ પણ ઉપલબ્ધ છે. મોંઘી લાઈટ્સના ખર્ચાના કરવા હોય તો બજારમાં મળતા વિકર બાઉલ (એટલે કે વાંસના અથવા અન્ય રેસા કે પટ્ટીઓમાંથી બનાવેલી ટોપલી) ઉંધી કરીને તેને પણ ડેકોરેટિવ લાઈટ તરીકે વાપરી શકાય.

સજાવટની વાત આવે ત્યારે અમુક વસ્તુઓ છૂપાવવી પડતી હોય છે. ખાસ તો વાયર્સ. શક્ય હોય તો વાયર્સ સફેદ રંગના પસંદ કરો જેથી તે બહુ ધ્યાન ન ખેંચે. ટીવી યુનિટની પાછળ કે ફુવારા પાછળ લટકતા વાયર્સને ક્લિપ મારીને બાંધી દો જેથી તે લટકતા ન રહે. એ.સી. રૂમની અંદરનું યુનિટ પણ આજકાલ લાકડાથી ઢાંકવાની ફેશન છે અને એની ઉપર આપ દીવાલ જેવો રંગ અથવા વોલપેપર લગાવી શકો છો. જો લાકડાનો ઉપયોગ ન કરવો હોય તો એ.સી.ના પીળા પડી ગયેલા કવર્સને આપ રંગાવી પણ શકો છો અને એની ઉપર આજકાલ બજારમાં મળતા ફેશનેબલ સ્ટિકર્સ પણ લગાવી શકો છો.

> **આપનું ઘર આપના વ્યક્તિત્વનું, આપની વિચારધારાઓનું, આપની જીવનશૈલીનું પ્રતિબિંબ પાડે છે. એટલા માટે જ કેટલાક ઘરોમાં આપણને પુસ્તક તો કેટલાક ઘરોમાં પેઈન્ટિંગ્સ વધારે જોવા મળે છે અને કેટલાક ઘર આપણને મિનિ ગાર્ડનનો અનુભવ કરાવે છે.**

ઘરને મોટું દર્શાવવા માટે લાઈટની વ્યવસ્થા કર્યા બાદ આપણું ધ્યાન મિરર ઉપર કેન્દ્રિત કરીએ. આપ જૂના મિરરની ઉપર ફ્રેઈમ લગાવીને તેને નવો લૂક આપી શકો છો.

હવે કરીશું વાત કાચના સ્લાઈડિંગ ડોર્સની. ફ્લેટ્સમાં કે બંગ્લોઝમાં લિવિંગ એરીયા અને બાલ્કની વચ્ચે સ્લાઈડિંગ ડોર્સ આપેલા હોય છે આ સ્લાઈડિંગ ડોર ઉપર આપ ફિલ્મ લગાવીને તેને અલગ અંદાજ આપી શકો છો.

આવો, હવે વાત કરીએ આર્ટિફેક્ટસની જે ઘર સજાવટમાં મહત્વનો ભાગ ભજવે છે. ફ્લોર એરીયા આજકાલના ઘરોમાં ઓછો હોવાથી આપણે દીવાલનો મહત્તમ ઉપયોગ કરવાનો છે. આ માટે દીવાલ ઉપર આપણે અલગ અલગ ડેકોરેટિવ સેલ્ફ (એટલે કે છાજલીઓ) પણ બનાવી શકીએ અને તેની ઉપર સજાવટના આર્ટિફેક્ટ મૂકી શકીએ. ઘરને વિન્ટેજ લુક આપવા જૂના તાંબા પિત્તળના વાસણો જેવા કે તાંબા કુંડી, ડોલ, ગોરી વગેરે આર્ટિફેક્ટ્સ તરીકે મૂકવામાં આવે છે ટેરાકોટામાંથી બનાવેલા એનિમલ્સ તથા વાંસના વિકર વાઝ વગેરે પણ આ છાજલી ઉપર આપ મૂકી શકો.

મ્યુરલ આર્ટ પ્રમાણમાં મોંઘા હોય છે પરંતુ જો આપને તે વિષય ગમતો હોય તો તેના થ્રીડી પોસ્ટર પણ બજારમાં અવેલેબલ છે. જે મોટી દીવાલ ઉપર લગાવી શકાય. તમે મોટા પેઈન્ટિંગની આગળ નાનું પેઈન્ટિંગ મૂકી શકો અથવા મોટા મીરરની આગળ નાનકડી વસ્તુ મૂકી શકો.

દીવાલ સજાવવા માટે વર્ટિકલ ગાર્ડન પણ ઈકોફ્રેન્ડલી કોન્સેપ્ટ છે. આજકાલ બજારમાં નવ કૂંડાના કે ૧૮ કૂંડાના તૈયાર હેંગિંગ યુનિટસ મળે છે. આર્ટિફિશિયલ કે લાઈવ છોડ કે વેલ વગેરે લગાવીને દીવાલ ઉપર વર્ટિકલ ગાર્ડન ઊભો કરી શકો છો.

મહેમાનોને આપવાના મગ કે કપની ઉપર આપ પીલ એન્ડ સ્ટિક પ્રકારના સ્ટિકર્સ પણ લગાડી શકો છો જે નવી કોકરીના જેવો આનંદ આપશે.

ઘરમાં જૂના ફ્લાવર વાઝ હોય તો તેની ઉપર પણ કલર કરી શકાય અથવા તેમની ઉપર મિરર સ્ટિકર મારી શકાય જે મિરર આર્ટનો આભાસ ઉભો કરશે. (હમણાં એક મિત્રનું સફેદ બુટ ચોરાઈ ગયું તો એમણે બચેલા એક બૂટમાં આર્ટિફિશિયલ ફ્લાવર મૂકીને એને ફ્લાવર વાઝ બનાવી સર્જનાત્મકતાનો પરિચય આપ્યો હતો.)

આ દિવાળીએ ઘર સાફ કરો ત્યારે એક ગુરુ મંત્ર લઈને સફાઈ કરવા બેસજો. 'છેલ્લા એક વર્ષમાં જે વસ્તુ આપને કામ લાગી નથી અને જેની કિંમત રૂપિયા ૩૬૫થી ઓછી હોય તેનો નિકાલ કરી નાંખજો.'

આખરે તો એક મકાન એક ઘર ત્યારે જ બને છે જ્યારે એમાં હસતો ખિલખિલાટ કરતો એક પરિવાર હોય.

એટલે તો પરિવારજનો માટે કહેવાયું છે કે,

**'તારા આવવાથી ઘર, ઘર થયું,**
**જે ખૂટતું હતું, એ સરભર થયું!'**

આપને અને આપના પરિવારને દિવાળીની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન



✦ કેતન નાણાવટી



# મેઘાલયનો આ મનોહર પ્રવાસ આપણી દિવાળી સુધારશે એ નક્કી...

ગારો જાતિના નેતા વિલિયમ્સન સંગમાની લડતને લીધે ૧૯૭૦માં આસામનાં બે મોટા જિલ્લાને અલગ કરી નાના નાના ૧૨ જીલ્લાનું એક નાનકડું પહાડી અને સરહદી રાજ્ય બનાવવામાં આવ્યું અને નામ પાડવામાં આવ્યું મેઘાલય! વાદળોનો મહેલ, વાદળોનું નગર, વાદળોનું સામ્રાજ્ય એટલે મેઘાલય.

આસામના પાટનગર ગૌહાતીથી નેશનલ હાઈવે નંબર ૬ પકડો એટલે મેઘાલય તરફની સફર શરૂ થાય. બે રાજ્ય વચ્ચેની સરહદ એટલે રોડ વચ્ચેનું ડિવાઈડર.

95 kmની આહલાદક સફર કર્યા પછી અમે મેઘાલયના ચેકપોસ્ટથી મેઘાલયમાં ઓફિશિયલ એન્ટ્રી લીધી અને તરત શરૂ થયો શિલોંગનો પહાડી વિસ્તાર.

રસ્તામાં એક આશ્ચર્ય જોયું. તમામ દુકાન, રેસ્ટોરન્ટ, હોટેલ તમામ જગ્યાએ સ્ત્રી કાઉન્ટર ઉપર બેઠેલી હતી. તપાસ કરતાં ખબર પડી મેઘાલયમાં સ્ત્રીકેન્દ્રી અર્થ વ્યવસ્થા છે. મેઘાલયમાં વસતી ખાસી જાતિ ક્રિશ્ચિયન ધર્મ પાળે છે. આ લોકોમાં સ્ત્રી જાન લઈને આવે છે અને પુરુષ રડતો રડતો સાસરે જાય છે. બાળકના નામ પાછળ માતાનું નામ લાગે છે અને માતાની સંપત્તિ તેનાં મૃત્યુ બાદ પુત્રીઓને મળે છે. પુત્રોને કશું મળતું નથી. પુરુષો મોટાભાગે ઘરકામ સંભાળે છે અને બાળકોને મોટા કરે છે.

શિલોંગ જતાં રસ્તામાં ઉમીયમ લેઈક આવ્યું. ખાસી હિલ્સના પર્વતો વચ્ચે નદી ઉપર ડેમ બાંધતાં ૨૨૦ ચોરસ કિલોમીટરનું, પુષ્કળ કુદરતી સૌંદર્ય ધરાવતું જે તળાવ બન્યું તે ઉમીયમ લેઈક.

શિલોંગ પહોંચતાં જ શિમલા, ધર્મશાલા કે ઉટી જેવા પહાડી નગરનાં તમામ સ્વપ્ન ચકનાચુર થઈ ગયા. જ્યાં જુઓ ત્યાં ભીડ. શિલોંગ તેની વસ્તીની કેપેસિટી પૂર્ણ કરી ચૂક્યું છે. ક્યાંય પાર્કિંગની જગ્યા નહિં. માંડ માંડ મિનિસ્ટર્સ બંગલોની નજીક આવેલી અમારી હોટેલમાં પહોંચ્યાં અને જમવાનું પૂર્ણ કર્યું. હજુ બપોરનાં બે જ વાગ્યા હતા. પહાડી વિસ્તારમાં સૂર્યાસ્ત લગભગ ચાર વાગ્યાની આજુબાજુ થતો હોય છે તે મને ખ્યાલ હતો. બે કલાક બરબાદ





કરવા ને બદલે સીધા ડોન બોસ્કો મ્યુઝિયમ જવાનું નક્કી કર્યું.

ડોન બોસ્કો મ્યુઝિયમની સાત માળની ઇમારત આર્કિટેક્ચરની દ્રષ્ટિએ ખૂબ જ આકર્ષક હતી. મારા ભારત ભ્રમણ દરમિયાન મેં એન્થ્રોપોલોજીના ઘણાં મ્યુઝિયમ જોયા પરંતુ ડોન બોસ્કો મને તેમાં સૌથી શ્રેષ્ઠ લાગ્યું. મ્યુઝિયમની સ્વચ્છતા, સ્ટેટ ઓફ ધ આર્ટ સેન્સરયુક્ત લાઈટિંગ વ્યવસ્થા, નોલેજેબલ છતાં નમ્ર સ્ટાફ. ભારતનાં સેવન સીસ્ટર્સ રાજ્યો ઉપરાંત





For Export Dept
✉: exports@chandanmukhwas.com
✆: +91 8104107284

For Retail Dept
✉: retail@chandanmukhwas.com
✆: +91 8104107285

For Modern Trade Dept
✉: moderntrade@chandanmukhwas.com
✆: +91 8104107287

**The house of Chandan hereby solicit enquiries for:**
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts

Premium Natural Ethnic

Mouth Fresheners, Digestives, Paan, Confectionaries, Superfood & Snacks.

*Reach us on* /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas

*Products are also Available at* /www.chandanmukhwas.com big basket swiggy instamart amazon.in METRO Wholesale zepto blinkit

# શિલોંગ પિક



નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ અને મ્યાનમાર જેવાં દેશોની પ્રજા અને તેનો આનુવંશિક વિકાસ, ઘરેણાં, વાજિંત્રો, કપડાં, શસ્ત્રો, લોકકલા, બૌદ્ધિઝમ જૈનીઝમ, શિન્ટોઇઝમ, તાઓઈઝમ જેવાં ધર્મોની વિષદ્ માહિતી દર્શાવતાં બોર્ડ, ચાર્ટ, ચિત્રો પૂતળાઓ, POP મોડેલ્સ વગેરે દ્વારા આબેહૂબ દ્રશ્યો ઊભા કરી વિસ્તૃત જ્ઞાન આપવામાં આવતું હતું.

સાંજે જમતાં પહેલા લોકલ બજારની મુલાકાત લેવી હતી. ટ્રાફિકમાં કાર લઈને જવાની હિંમત ન થઈ એટલે લોકલ રીક્ષા પકડી અને પહોંચ્યાં પુલીસ બજાર. મિત્રો માટે વાંસની વસ્તુઓ ખરીદવી હતી પરંતુ નિરાશા સાંપડી. શિમલા, નૈનીતાલ, મસૂરી કે ગંગટોક જેવું ટુરિસ્ટને નજરમાં રાખીને વિકસાવ્યુ હોય તેવું કોઈ બજાર જ ન હતું. છ વાગ્યા બાદ વરસાદ શરૂ થઈ ગયો. વાતાવરણ એકદમ ઠંડુ થઈ ગયું. અહીં વન સ્ટાર હોય કે ફાઈવ સ્ટાર, કોઈ હોટેલનાં રૂમમાં એસી કે પંખો જોવાં મળતાં નથી. ઉનાળાનું મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી આસપાસ રહે છે.

શિલોંગ પીક દરિયાથી લગભગ ૨૦૦૦ મીટર ઊંચાઈ ઉપર છે. અહીંથી સમગ્ર શીલોંગ શહેરનો નજારો જોઈ શકાય છે. ઠંડી હવા, વનરાજી અને ઊડતાં વાદળોની ટોચ ઉપર હાથ ફેલાવી ઊભેલાં તમે! જીંદગી આનાથી વધારે સુખ શું આપે? શિલોંગ પિક ઉપર એરફોર્સ સ્ટેશન હોવાથી દરેક જગ્યાએ આઈ.ડી. પ્રુફ ફરજિયાત છે અને એ પણ હાર્ડ કોપી. શિલોંગ પીક પર જવા માટે આપણું વાહન છોડીને ફરજિયાત ત્યાંના લોકલ વાહનમાં મુસાફરી કરવી પડે છે. હવે આવી વ્યવસ્થા દરેક પહાડી વિસ્તારમાં જોવા મળે છે જેથી સ્થાનિક લોકોને રોજીરોટી મળી રહે.

ચેરાપુંજી દુનિયાનું સૌથી બીજા નંબરનું વેટેસ્ટ પ્લેસ ગણાય છે. શીલોંગથી ચેરાપુંજીનો બે કલાકનો રસ્તો 55kmનો છે જેમાં કુદરતી સૌંદર્ય ઠાંસી ઠાંસીને ભર્યું છે. વેલ જેવાં વાંકાચૂકાં રોડ ઉપર મોટા બુટ્ટાં ભર્યા હોય એવાં નાના નાના ગામ. એક ગામમાં ઓટલા ઉપર ભણતાં વિદ્યાર્થીઓ સાથે વાતો કરી મેઘાલયની એજ્યુકેશન સિસ્ટમ સમજવાનો પ્રયત્ન કર્યો. બે મોટી છોકરીઓ મને સમજાવતી હતી એ બંનેના નામ જ્યારે મેં બોલવાની કોશિશ કરી ત્યારે બધાં બાળકો હસી હસીને બેવડ વળી ગયાં એકનું નામ હતું પમ્પસોમીન અને બીજીનું નામ હતું પીંફામિકા!

**સામાન્ય રીતે શિલોંગથી નીકળેલી તમામ ટુરિસ્ટ ગાડી ચેરાપુંજી તરફ જતી હોય છે પરંતુ મેં રસ્તામાં ગાડીને નવા રૂટ ઉપર વાળી. મારે જવું હતું મોઉસીનરામ વિલેજ - દુનિયાનું સૌથી વેટેસ્ટ પ્લેસ જ્યાં ૩૬૫ માંથી ૩૫૦ દિવસ વરસાદ પડે છે ! સમગ્ર વર્ષ દરમિયાન લગભગ ૪૫૦ થી ૫૦૦ ઈંચ વરસાદ અહીં પડે છે. ૧૯૮૫માં આ ગામમાં એક વર્ષ દરમિયાન એક હજાર ઈંચ વરસાદનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો!**

.૫૦૦ ઘરની વસ્તીવાળું નાનકડું ગામ હતું. રવિવારની બપોર હોવાથી ગામની જે ૧૦-૧૫ દુકાનો હતી એ બધી બંધ હતી. પોસ્ટ ઓફિસ અને ચર્ચ પણ બંધ હતા. કોઈ ઘરની બહાર દેખાતું નહોતું. પોસ્ટ ઓફિસનો દરવાજો ખોલતાં અંદર ક્વાર્ટરમાં રહેતાં પોસ્ટ માસ્ટર બહાર આવ્યા. એમણે મારી સાથે અંગ્રેજીમાં થોડી વાતો કરી. આ પ્રજાની એક ખાસિયત છે. તેઓ જે 'ખાસી' ભાષા બોલે છે તે અંગ્રેજી લીપીમાં લખે છે પરંતુ તેઓ અંગ્રેજી ભાષા બોલી કે સાચી વાક્યરચના લખી શકતાં નથી. અંગ્રેજ અમલદારો સૌથી પહેલા અહીંના આદિવાસીઓને મળ્યાં અને તેઓ જે બોલતાં હતાં તે અંગ્રેજી લિપિમાં લખતાં શીખવાડ્યું. 'વેટેસ્ટ પ્લેસ ઓન અર્થ'ના બોર્ડ પાસે યાદગાર ફોટો ખેંચાવી અમે ચેરાપુંજી તરફ આગળ વધ્યા.

આજે સમગ્ર દિવસના પરિભ્રમણ દરમિયાન સ્થાનિક લોકો સાથે વધારે રહેવાનું બન્યું. આ દરમિયાન થોડીક વાતો મારા ધ્યાનમાં આવી. અહી વૃદ્ધો ખૂબ ઓછા જોવાં મળતાં હતાં અથવા એ વૃદ્ધો હશે પરંતુ તે વૃદ્ધ લાગતાં નહોતાં. લાકડીના સહારે ચાલવું પડે એવું તો કોઈ જ નહોતું. સો એ માંડ એક કે બે વ્યક્તિ ચશ્મા પહેરેલી જોવાં મળતી હતી. ટુ વ્હીલર રાઈડર્સ અને પાછળ બેઠેલ પિલિયન ડ્રાઈવર પણ ફરજિયાત હેલ્મેટ પહેરેલાં જોવા મળતાં હતાં. નાના બાળકો પુષ્કળ હતાં. જ્યાં જુઓ ત્યાં નાના બાળકો ગલીમાં રમતાં જોવાં મળતાં હતાં. ઉત્તર ભારતના પહાડી વિસ્તારો અને અહીંના પહાડી વિસ્તારોમાં આસમાન જમીનનો ફરક હતો. ઉત્તર ભારતમાં તમને પુષ્કળ વૃક્ષો જોવાં મળે જ્યારે અહીંયા વૃક્ષો ખૂબ ઓછાં ઘાસનાં મેદાનો વધારે હતા એટલે જ કદાચ અંગ્રેજો આને 'નોર્થ ઈસ્ટનું સ્કોટલેન્ડ' કહેતાં હશે!

રસ્તામાં આવતાં નાના નાના ગામની ભાગોળે ઘણા મોટા-મોટા પથ્થર જોવા મળતા હતા. કેન્દ્ર સરકારના પુસ્તકોમાં મનોલીથ વિશે વાંચ્યું હતું. કાર ઊભી રાખી થોડાં સ્થાનિક લોકો સાથે વાતચીત કરતાં ખ્યાલ આવ્યો કે તે વર્ષો પહેલાંનાં મોભાદાર લોકોનાં કબરનાં પથ્થર હતા. પુરુષ માટેના સ્ટોન ઊભા હતા જ્યારે સ્ત્રી માટેના સ્ટોન આડા હતા.

ચેરાપુંજીને લોકલ ભાષામાં 'સોહરા' કહેવામાં આવે છે. અહીંયા ભાગ્યે જ કોઈ જગ્યાએ ચેરાપુંજી લખેલું હોય છે. અહીં પાણીનાં ઘણા બધા ધોધ જોવા મળે




છે. નવેમ્બર મહિનો હોવાથી જળરાશિ ઓછી હોવાને લીધે બધા ધોધ પાતળા અને માંદલા ભાસતા હતા.

વરસાદ અહીં બહુ પડતો હોવાથી ઘરને સિમેન્ટના પ્લેટફોર્મ ઉપર વાંસનું પ્લેટફોર્મ બનાવી લગભગ જમીનથી દસેક ફૂટ ઊંચા બનાવવામાં આવે છે, જેને એ લોકો 'લેપચા' કહે છે અને ખેતરોમાં ઝાડ ઉપર જે ઘર બનાવવામાં આવે છે તેમને એ લોકો ગારો ભાષામાં 'બોરાંગ' કહે છે. પહાડી પ્રદેશોમાં વરસાદ બહુ પડે અને આપણે પણ વિજ્ઞાનમાં ભણ્યાં છીએ કે પાણી હંમેશા પથ્થરોમાં પોતાની જગ્યા કરી લે છે. પાણી જ્યાં ટપકયાં કરે ત્યાં પોલાણો કે ગુફાઓ બનતાં જાય. મેઘાલયમાં આવું ઠેર-ઠેર જોવા મળે છે. દિવસની શરૂઆતથી કરી મોસમાઈ કેવઝથી. આ ગુફા ચૂનાનાં પથ્થરોમાંથી બનેલી છે. ૧૫૦ મીટર ઊંડાઈ સુધી મુલાકાતીઓને જવા દેવામાં આવે છે. વચ્ચે-વચ્ચે છિદ્રો હોવાથી પ્રકાશ કે પ્રાણ-વાયુ પર્યાપ્ત મળી રહે છે પરંતુ ગુફામાં ક્યાંક-ક્યાંક ઘૂંટણીએ પડીને પસાર થવું પડે છે. છતમાંથી ટપકતું પાણી, છતમાંથી પાણી સાથે ટપકતાં ખનીજો નાના નાના સ્તંભો બનાવે અને ખનીજોએ જે નાના-નાના ઉર્ધ્વગામી સ્તંભો બનાવ્યા હોય તેની વચ્ચે ક્યાંક પાણી પણ વહેતું હોય! આ બધું એક યાદગાર અનુભવ રચે છે.

થોડી નજીકમાં એક કેવ ગાર્ડન પણ છે. ભારતના ૨૫થી વધારે રાજ્યોમાં મારા પ્રવાસમાં મેં મરી-મસાલાથી લઈ રૂદ્રાક્ષના ઉદ્યાનો જોયા છે પરંતુ 'ગુફા ઉદ્યાન' હું પહેલી વાર જોઈ રહ્યો હતો. જે નાની મોટી લગભગ ૧૫ ગુફાઓનો સમૂહ હતો.

ચેરાપુંજીથી વીસ કિલોમીટરના અંતરે લિવિંગ રૂટ બ્રિજ છે. આ અંતર મહત્વનું નથી પરંતુ પહોંચ્યાં બાદ જમીનથી ૩૫૦૦ પગથિયાં નીચે ઉતરવા પડે તેવો ટ્રેક છે તે અઘરો છે. આવવા જવાનાં કુલ છ કિલોમીટર માટે ચાર કલાક જેટલો સમય લાગે છે. ટ્રેકની આજુબાજુ ગાઢ જંગલ છે પરંતુ નીચે ઉતર્યા બાદ આ તમામ તકલીફોનું વળતર મળી જતા ચહેરા પર આનંદ છવાઈ જશે તેની ગેરંટી. નોંગરિયાત ગામની ભાગોળથી વહેતી ઉમશીયાંગ નદી ઉપર રબરના ઝાડના મૂળિયાનો ઉપયોગ કરી નદી ઓળંગવા માટે એક સેતુ બનાવવામાં આવ્યો છે. આ બ્રિજની ઉંમર ૫૦૦ કરતાં વધારે વર્ષ છે. આ બ્રિજ ૧૫૦ ફૂટ લાંબો અને પાંચ ફૂટ પહોળો છે જેની ઉપર આશરે ૫૦ માણસો એક સાથે પસાર થઈ શકે છે. ૧૮૪૪માં હેનરી યુલ નામના અંગ્રેજ અધિકારીની નજરમાં આવ્યો હતો અને તેણે આ બ્રિજ પ્રત્યે દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. આ બ્રિજ બાયો એન્જિનિયરિંગની કમાલ કહી શકાય!


ચોથા અને અંતિમ દિવસે એશિયાના સૌથી સ્વચ્છ ગામ એવા મઅલીલોંગ જવાનું બન્યું. ગામ હતું કે કેનવાસ પર દોરેલું ચિત્ર એ જ ખબર ન પડે ! રોડ, પાળી, ઘર, બારી, દરવાજા, બાંકડા બધું સ્વચ્છ, જાણે નવું હોય એવું ! દર ૧૦ ફૂટે વાંસનાં ડસ્ટબીન. ઘર એટલે નાના નાના કોટેજીસ અને આજુબાજુ દરેકનો પર્સનલ સ્વચ્છ ગાર્ડન. દરેક ઘર આગળ રંગેલાં કુંડાં. નદીમાંથી લાવેલા સફેદ પથ્થરોની પાળી. ગામમાં કોઈ ગાય-ભેંસ નહીં. વરસાદનું પાણી સંગ્રહ કરવાં રિચાર્જ વેલ. ઊંચાઈ પર વસેલું ગામ છે. ગામમાં એક વાંસનો મંચ બનાવેલ છે જેના ઉપરથી પાછળ આવેલાં બાંગ્લાદેશનાં ખેતરો સ્પષ્ટ જોઈ શકાતાં હતા. ૨૦૦૩માં ટ્રાવેલ મેગેઝીન 'ડિસ્કવર ઈન્ડિયા' એ તેને 'એશિયાનું સૌથી સ્વચ્છ ગામ' જાહેર કર્યું ત્યારથી ટુરીઝમના લીધે અહીંના લોકોની આવકમાં ૬૦%નો વધારો થયો છે.

મઅલીલોંગથી નીકળી ભારત અને બાંગ્લાદેશની કુદરતી સરહદ જેવી એશિયાની સૌથી સ્વચ્છ નદી એટલે કે મેંગોટ રિવર જેનું બીજું નામ ડાઉકી રીવર છે એમાં પગ બોળવાં જવાનું થયું. નદી ખરેખર ખૂબ સ્વચ્છ હતી. ૧૦ ફૂટ દૂર અને પાંચ ફૂટ ઊંડા નાના નાના પથરા પણ ગણી શકાય એટલી સ્વચ્છ નદીમાં બોટિંગ પણ કર્યું અને નદીના સામે કિનારે જઈ કેમ્પિંગ પણ કર્યું.

ભારતના ખાસી હીલ્સમાંથી ઉત્પન્ન થતી મેંગોટ રીવર બાંગ્લાદેશ તરફ વહે છે. ડાવકી ગામ આગળ તે ભારતની સરહદ પૂરી કરે છે. આ વાત જેમ નદી જાણતી નથી એમ હું પણ જાણતો ન હતો. નદીમાંથી બહાર આવ્યા પછી હું કપડાં ઉપર ચોંટેલી રેતી સાફ કરવા માટે મોટા પથ્થર પર બેઠો ત્યાં ચારે તરફથી સિસોટીઓ વાગવા લાગી અને બી.એસ.એફ.ના એક જવાને માઈક ઉપર 'ડુ નોટ એન્ટર બાંગ્લાદેશ'ની બૂમ પાડી.

ભારતના પાડોશી દેશો સાથેની લગભગ તમામ સરહદો હું જોઈ ચૂક્યો છું પરંતુ પથ્થરની ઢગલીથી બનેલી બે દેશ વચ્ચેની બોર્ડર હું પહેલી વાર જોઈ રહ્યો હતો અને સ્માઈલ સાથે હું ઊભો થઈ ગયો.

મારા આ સ્માઈલ સાથે મારો મેઘાલયનો પ્રવાસ પણ પૂરો થયો.





✦ મનહર ડી. શાહ

# જ્યાં લોકો ૧૦૦ વર્ષ કરતાં વધુ જીવે છે તે હુંઝા ઘાટીની રોમાંચક સફર...

જેમ્સ હિલ્ટને વર્ષો પહેલાં લખેલી 'બેસ્ટ હોરાઈઝન' નામની એક નવલકથામાં તેમણે હિમાલયના બરફ આચ્છાદિત પહાડોની વચ્ચે આવેલી 'શાંગ્રિલા' (પૃથ્વી પરનું સ્વર્ગ) નામની એક વેલીની કલ્પના કરેલી, આ ખીણની પ્રજાને બહારની દુનિયાની કોઈ પરવા નથી. પોતાના પ્રદેશમાં (વેલીમાં) જે પેદા થાય છે તેનો ઉપયોગ કરી ખુશ રહે છે. અહીંની આરોગ્યપ્રદ અને ખુશ્નુમા આબોહવામાં લોકો જીવલેણ બીમારીઓનો ભોગ બન્યા સિવાય લાંબુ આયુષ્ય ભોગવે છે.

આ લોકોને રોગ અને તેની વેદનાની કાંઈ ખબર નથી. ત્યારે આપણને પ્રશ્ન થાય કે શું પૃથ્વી પરનું આ સ્વર્ગ આવા પુસ્તકના બે પૃષ્ઠો વચ્ચે જ હોઈ શકે ? તો જવાબ છે ના. કારણ કે, જેમ્સ હિલ્ટને હિમાલયની ઘાટીમાં સદાબહાર રહેતી એક પડછંદ અને ખમીરવંત જાતિ પરથી જ 'લોસ્ટ હોરાઈઝન' નવલકથા લખેલી છે. દુનિયાની સૌથી વધુ તંદુરસ્ત પ્રજાના પ્રદેશનું નામ છે હુંઝા... કાશ્મીર ઘાટીમાં આવેલ આ હુંઝા પ્રદેશની લંબાઈ ૧૩૦ કિ.મી. અને પહોળાઈ ૧.૫ કિ.મી. જેટલી છે ૧૯૪૭ પછી પાકિસ્તાને ભારત પર હુમલો કરી કાશ્મીરનો ૧/૩ ભાગ પચાવી પાડ્યો હતો તેમાં 'હુંઝા' પ્રદેશ પણ આપણે ગુમાવ્યો. આ એક સ્વાયત રાજ્ય છે. તેની આંતરિક બાબતોમાં પાકિસ્તાન દખલ કરતું નથી. પરંતુ આ પ્રદેશની વિદેશનીતિ પાકિસ્તાન સંભાળે છે કરન્સી પણ અહીં પાકિસ્તાનની ચાલે છે.

હુંઝાની ચારે તરફ આવેલા બરફના પહાડોએ અહીંના લોકોનો બહારની દુનિયા સાથેનો સંપર્ક કાપી નાંખ્યો છે, બરફના પહાડો પીગળે છે અને રસ્તાઓ ધોવાઈ જાય છે. લગભગ બે હજાર વર્ષથી અહીંના લોકો બાકીની દુનિયાથી અલગ રહેતા હોવાથી કુદરતે તેમને અમુક રીતે જ રહેવા-ખાવા અને વિચારવાની શક્તિ આપેલી છે. આ સાથે લાંબુ આયુષ્ય પણ મળ્યું છે.

બે અમેરિકન ડોકટરો મેકાન બેમિક અને રેની ટેલરે જ્યારે આ ઘાટીમાં પ્રવેશ કર્યો ત્યારે તેમણે અહીં ૮૦થી ૯૦ વર્ષના વૃદ્ધોને યુવાનોની જેમ પોતાના ખેતરમાં કામ કરતાં જોયા. એમાં કેટલાકની વય તો ૧૦૦ વર્ષ કરતાં પણ વધારે હતી. છતાં તેઓ સશક્ત અને જીવનશક્તિથી



હુંઝાના રાજા
મીર મહંમદ જમાલખાન



ભરપૂર હતા. આધુનિક સંસ્કૃતિનો એક પણ રોગ અહીં દેખાતો ન હતો. કેન્સર, બી.પી., ડાયાબિટિસ, સંધિવા, માનસિક તાણ, જેવા રોગો ક્યાંય પણ દેખાતા ન હતા. કોઈએ ચશ્મા પણ પહેર્યા ન હતાં. વિશ્વની સૌથી તંદુરસ્ત પ્રજા અહીં વસે છે. હુંઝા ઘાટીની મહિલાઓ ૭૨ વર્ષની વયે પણ બાળકો પેદા કરી શકતી હતી. અહીંનું સરેરાશ આયુષ્ય ૯૦ વર્ષ જેટલું છે. હુંઝાવાસીઓની માનસિક અને શારીરિક તંદુરસ્તી જીવનના અંત સુધી જળવાઈ રહે છે.

સમગ્ર વિશ્વ આજે પરસ્પર યુદ્ધ અને આતંકના વિષચક્રમાં ઘેરાઈ ગયું છે ત્યારે દુનિયાના એક ખૂણામાં રહેતી આ ખમીરવંતી પ્રજા એકદમ શાંતિમય જીવન જીવી રહી છે. ભય, ક્રોધ, ધૃણા, કંટાળો અને ઈર્ષ્યાનું અહીં કોઈ અસ્તિત્વ નથી. પરસ્પર ભાઈચારો અને સ્નેહથી તેઓ જોડાઈ રહે છે.

હુંઝાના રાજા મીર મહંમદ જમાલખાનનો પડયો બોલ અહીંના લોકો ઝીલે છે. તેઓ પોતાની સુરક્ષા માટે ચોકીદાર કે કોઈ પોલીસ પણ રાખતા નથી. તેમનો મહેલ સૌના માટે ખુલ્લો રહે છે. આ પ્રદેશમાં કોઈ જેલ નથી, બેન્ક નથી, પૈસા નથી, હોસ્પિટલ નથી, હોટલ નથી કે અહીં કોઈ ડોકટર પણ નથી કારણ કે અહીં કોઈ બીમાર પડતું નથી. છેલ્લા ૧૫૦ વર્ષમાં એક પણ અપરાધ નોંધાયો નથી. રાજા મીર મહંમદ રોજ દરબાર ભરે છે. અહી દરેક નાના-મોટા ઝઘડાનો નિકાલ તેઓ કરે છે.

અહીં જમીનનું ખરીદ કે વેચાણ થતું નથી. જમીનની માલિકી વારસાગત હોય છે. પરિવારમાં વધારે છોકરાં હોય તો ગિલગિટ સ્કાઉટ અને પાકિસ્તાની આર્મીમાં જોડાય છે. અહીં એક વ્યક્તિ પાંચ એકરથી વધુ જમીન રાખી શકતી નથી. કોઈનો ઘોડો મૃત્યુ પામે તો પડોશી પોતાનો ઘોડો ઉછીનો આપે છે. અહીં પૈસાનું મહત્વ નથી વિનિમય પ્રથા છે એટલે ગરીબી નથી. અનાજની ખેંચ હોવા છતાં કોઈ ભૂખ્યું રહેતું નથી.

અહીં વર્ષમાં એકવાર સમૂહ લગ્નો યોજાય છે. અહીં કોઈ કોર્ટ નથી. અત્યાર સુધી છૂટા-છેડાનો એક પણ દાખલો નોંધાયો નથી.

અહીંની મહિલાઓ સુંદરતા માટે પ્રખ્યાત છે. હુંઝા ઘાટીનો ઈતિહાસ જોઈએ તો બે હજાર વર્ષ પહેલાં એલેકઝાન્ડર ધ ગ્રેટના લશ્કરમાંથી થોડા સૈનિકો પોતાની પર્શીયન પત્નીઓ સાથે આ પ્રદેશમાં વસી ગયા હતાં. શરૂઆતમાં આ લોકો લૂંટ-ફાટ કરી ગુજરાન ચલાવતા પરંતુ પછી ખેતી શરૂ કરી લૂંટ-ફાટ બંધ કરી હતી. તેમના રીત-રિવાજો પર્શિયનોને મળતાં આવે છે.

અહીં ચારે બાજુ બરફના પહાડો હોઇ બહારના લોકોને અહીં આવવું ઘણું મુશ્કેલ બને છે. ગિલગિટ સુધી વિમાન પ્રવાસ કરીને આગળ ખચ્ચર પર અથવા પગપાળા ચાલીને પ્રવાસ કરવો પડે. વર્ષના નવ મહિના બહારની દુનિયા સાથેનો સંપર્ક કપાઈ જાય છે કારણ કે બરફ પીગળવાથી રસ્તાઓ વારંવાર ધોવાઇ જાય છે. વરસાદ ભલે ઓછો પડે પરંતુ બરફ પીગળવાથી ખેતીવાડી માટે પાણી મળી રહે છે.

હુંઝામાં પોતાની ઉંમર વિશે કોઈ કંઈ વિચારતું નથી. ૭૦-૭૫ વર્ષના હુંઝાવાસી એક દોડવીરની માફક દોડી શકે છે અને પોતાના કામમાં લાગી જાય છે. હુંઝાના રાજાએ ૧૯૬૦માં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતુ કે, અમારા પૂર્વજોએ ૧૦૦ વર્ષ કરતાં વધુ આયુષ્ય ભોગવ્યું છે. તમારે ત્યાં (આપણે ત્યાં) માણસ ૭૦ વર્ષે તો મરવા પડે છે જ્યારે અહીં ૯૫ વર્ષના વૃદ્ધ માટે ૧૫ થી ૨૦ કિ.મી. ચાલવું સાવ સહજ હોય છે.

હુંઝાવાસીઓની આવી ઉત્તમ તંદુરસ્તીનું રહસ્ય તેમના આહાર અને પરિશ્રમમાં રહ્યું છે. આપણાં તેલ, મીઠું, ખાંડ, શરાબ કે ચા-કોફી અહીં પહોંચ્યા નથી એટલે હુંઝાવાસીઓનો આહાર ટોટલ પ્રાકૃતિક (ઓર્ગેનિક) છે. પાંદડાવાળા શાકભાજી અને ફળોનો તેઓ ભરપૂર ઉપયોગ કરે છે. અલબત્ત અહીં ખોરાક રાંધવા બળતણની ખેંચ પણ મહત્વનું કારણ છે. ફકત તહેવારોના દિવસે જ આ લોકો માંસાહાર કરે છે. બકરી અને ગાયનું દૂધ જ પીવે છે. રાત્રે વહેલાં સૂઈ જાય છે. અનાજમાં હાથે દળેલા ઘઉં, જવ અને બાજરીના લોટનો ઉપયોગ અહીં થાય છે. સૂકામેવામાં આ પ્રજા જરદાલુ ખૂબ ખાય છે. તેથી વંધ્યત્વના પ્રશ્નો પેદા થતાં નથી.

આમ એકંદરે જોઈએ તો અહીંનું આરોગ્યપ્રદ ખુશ્નુમા હવામાન અને જ્યોર્જિયા, અઝર બૈઝાન તથા દક્ષિણ અમેરિકાની વિલ્કા ઘાટીની આબોહવામાં ગજબની સમાનતા જોવા મળે છે. અહીં ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગ બિલકુલ કરાતો નથી.

વૈજ્ઞાનિક સર્વેક્ષણોએ પણ પુરવાર કર્યું છે કે, હુંઝાવાસીઓનો આહાર જ તેમની ઉત્તમ તંદુરસ્તીનું મુખ્ય કારણ છે. અહીં વસતી વધવાથી સ્થાનિક યુવાનો પાકિસ્તાની આર્મીમાં જોડાય છે. ત્યાંથી ખાવા-પીવાની ખોટી ટેવો લઈને આવે છે. હુંઝામાં જ્યાં ખાંડ બિલકુલ વપરાતી ન હતી ત્યાં આ ધીમા ઝેરે હવે પ્રવેશ કર્યો છે. અહીંના ફળો પહેલાં બહાર જતા ન હતા તે હવે ગિલગિટ અને રાવલપિંડીની માર્કેટમાં વેચાય છે.

ચીને પણ હુંઝા ઘાટી સુધી પાકો રસ્તો બાંધવાનું શરૂ કર્યું છે. અહીંના લોકોને ડર લાગે છે કે, આ બધી પ્રવૃત્તિઓ હુંઝાઘાટીના સ્થાનિકોના સુખ-શાંતિને નષ્ટ કરી નાંખી પૃથ્વી પરના આ સ્વર્ગને ક્યાંક નરક ન બનાવી દે! ફી



✦ નરેશ અંતાણી



દીપોત્સવી
વિશેષાંક
2025

# દિવાળીમાં ફરવાલાયક ગુજરાતના પ્રવાસન સ્થળો

**વિશ્વભરના પ્રવાસી સમૂહો જ્યાં જ્યાં પ્રવાસે જાય છે ત્યાં તેમની પહેલી નજર વિશ્વ ધરોહરમાં સ્થાન પામેલાં સ્મારકો પર પહેલી રહેતી હોય છે. ગુજરાતમાં ચાપાંનેર, રાણીની વાવ તથા અમદાવાદ શહેર આ અગાઉ વૈશ્વિક ધરોહર જાહેર થયેલાં છે અને હવે તેમાં કચ્છના ધોળાવીરાનો પણ સમાવેશ થયો છે.**

સમગ્ર ગુજરાત પ્રાચીન અને અર્વાચીન બન્ને ક્ષેત્રે દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે. અમદાવાદ નજીક લોથલ અને કચ્છના વાગડ વિસ્તારમાં આવેલા ધોળાવીરાની ૫૦૦૦ વર્ષ જૂની હડપ્પીય સંસ્કૃતિએ ગુજરાતને વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. ગુજરાતના પુરાતન વારસામાં સમ્રાટ અશોકના ત્રીજી સદીના શિલાલેખો, કચ્છના ખડીર વિસ્તારમાંથી મળતા બીજી ત્રીજી સદીના શિલાલેખો પણ મૌર્ય, ગુપ્ત અને વારસાની ઝાંખી કરાવે છે. તો તારંગા, મોઢેરા, કુંભારિયા, ગિરનાર અને પાલિતાણાના જૈન મંદિરોનું અદ્‌ભૂત શિલ્પ સ્થાપત્ય આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાનું સ્મરણ કરાવે છે.

ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યનો વારસો પણ ભારતીય અને આરબ કલાનું મિશ્રણ ધરાવતી ભવ્ય ઈમારતોમાં સચવાયો છે. ગુજરાતની ઈમારતોનું શિલ્પ, કોતરકામની કારીગરી ઉચ્ચ કક્ષાની છે. ગરવી ગુજરાતની આપણી આ ધરોહર આપણા રાજ્યના પ્રવાસન વિકાસમાં પોતાનું પ્રમુખ યોગદાન આપે છે. અહીં ગુજરાતના પ્રવાસનની વિકાસ યાત્રા તથા તેની ઉઘડતી નવી દિશાઓની વાત કરવાનો ઉપક્રમ છે.

આપણા રાજ્યમાં આવેલાં અનોખી ઊર્જા ધરાવતાં તીર્થસ્થાનો પણ ગુજરાત પ્રદેશને ધર્મરાજ્ય તરફ વધારે દોરી જાય છે. આ ઊર્જા અહીં આવતા પ્રવાસીઓ તથા શ્રદ્ધાળુઓને માનસિક તણાવમાંથી મુક્તિ આપી સ્ફૂર્તિ અને નવો જોમ આપે છે. જીવન જીવવાની જાણે નવી દિશા પ્રદાન કરે છે.

ગુજરાતના ગિરિમથકો, રિસોર્ટ વગેરે તો પ્રવાસીઓને આકર્ષવા સક્ષમ છે જ પરંતુ આ પ્રદેશનો સ્થાપત્ય વારસો તથા યાત્રાધામો પણ ગુજરાતના પ્રવાસનને વિકસાવવાના મુખ્ય સ્રોત રહ્યાં છે. એમાં પણ રાજ્યના ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ શહેર તથા હડપ્પીય સંસ્કૃતિના ધોળાવીરાએ તો વિશ્વ ધરોહરમાં સ્થાન મેળવી વિશ્વના પ્રવાસીઓને ગુજરાત તરફ લાવવામાં અને પ્રવાસન ઉદ્યોગના માધ્યમે રાજ્યના વિકાસમાં પણ નિમિત્ત બન્યાં છે. તો કચ્છનું સફેદ રણ, સોમનાથ, દ્વારકા, ડાકોર, અંબાજી, પાલિતાણા, ગિરનાર, બહુચરાજી, માતાના મઢ, તરણેતર, નારાયણ સરોવર અને શામળાજી જેવા અનેક યાત્રાધામોનો ફાળો પણ નોંધપાત્ર છે પરંતુ તાજેતરના વર્ષોમાં રાજ્યના પ્રવાસન ઉદ્યોગને નવી દિશા આપનારા સ્થળો ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ શહેર, હડપ્પીય સંસ્કૃતિનું ધોળાવીરા, કચ્છનું સફેદ રણ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, નળેશ્વરી માતા તથા સરહદ જેવાં સ્થળોએ તેમાં મુખ્ય ભાગ ભજવ્યો છે એવું કહી શકાય. આવાં સ્થાનોની ટૂંક વિગત જોઈએ.

**કલા, ઈતિહાસ અને ધર્મનો સમન્વયઃ**

**ચાંપાનેર-પાવાગઢઃ** મધ્યકાળમાં ગુજરાત બે રાજધાનીઓ ધરાવતું હતું અમદાવાદ અને ચાંપાનેર. અહમદશાહ બાદશાહે અમદાવાદ વસાવી પોતાની રાજધાની ત્યાં જ રાખી પરંતુ મહમુદ બેગડાએ ચાંપાનેર



જીતીને પોતાની રાજધાની અમદાવાદથી ખસેડીને ચાંપાનેરમાં રાખી.

હાલોલથી છ કિલોમીટર દૂર પાવાગઢ ડુંગરની તળેટીમાં ચાંપાનેર આવેલું છે. ઐતિહાસિક પૂરાવાઓ આ સ્થાનને અતિ પ્રાચીન હોવાનું ઠરાવે છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્વ વિભાગે ચાંપાનેરમાં કરેલા સંશોધન દરમિયાન અહીંથી પ્રાગ્ઐતિહાસિક કાળના ઓજારો મળી આવ્યાં છે. ચાંપાનેરમાં માનવ વસ્તીના પુરાવાઓ આપણને લાખેક વર્ષ સુધી પાછળ લઈ જાય છે. વનરાજ ચાવડાના સાથી ચાંપાએ આ નગર વસાવ્યું આથી ચાંપાના નામ પરથી આ સ્થાન ચાંપાનેર તરીકે ઓળખાયું. જો કે જાણીતા ઈતિહાસકાર-પુરાતત્વવિદ્ ડૉ. આર.એન. મહેતાના મંતવ્ય અનુસાર પાવાગઢનો પથ્થર ચંપકવર્ણનો છે. આથી તેનું નામ ચાંપાનેર થયું હોય. આ સ્થાનનું મહત્વ તો સોલંકી કાળથી વધ્યું હોવાનું જણાય છે. જૈન આગમોમાં પણ ચાંપાનેર-પાવાગઢના ઉલ્લેખો જોવા મળે છે. સોલંકી કાળ પહેલાં અહીં જૈન મંદિરો હોવાનો પણ સંભવ છે કેમ કે અચલગચ્છના સ્થાપક વિજયચંદ્ર ઉપાધ્યાય પોતાના વિહાર દરમિયાન ઈસવીસન ૧૧૧૩-૧૪માં પાવાગઢ આવ્યા હતા અને સંભવનાથના દર્શન કર્યા હોવાની નોંધનો ઉલ્લેખ તપગચ્છની બૃહત્ પટ્ટાવલીમાં કરાયો છે. આ ઉલ્લેખ અહીં સંભવનાથનું મંદિર હોવાનું સૂચવે છે.

પાવાગઢ ડુંગરની ટોચ પર મહાકાલીનું પ્રાચીન સ્થાનક છે. જૈનોના ચોથા તીર્થંકર અભિનંદનપ્રભુની શાસન અધિષ્ઠાયિકા કાલીકા દેવી છે. અચલગચ્છના આચાર્યો મહાકાલીને સ્વગચ્છરક્ષિકા માને છે. આથી મહાકાલીના સ્થાનકને લીધે ચાંપાનેર -પાવાગઢ જૈનો અને હિન્દુઓનું પૂજનીય સ્થળ રહ્યું છે. અહીં બાવન જિનાલયના ભવ્ય મંદિરનું નિર્માણ જૈન સંઘે કરાવ્યું છે. જૈનો પાવાગઢને શત્રુંજય પર્વતનો અવતાર પણ માને છે.

આજનું ચાંપાનેર મહેમુદ બેગડાએ પોતાની જીત પછી પૂર્વ તરફ બંધાવ્યું. આમ ચાંપાનેરનો ઈતિહાસ બહુ રોચક છે.

ચાંપાનેરનું નગર આયોજન



અમદાવાદને મળતું જ આવે છે. અમદાવાદની જેમ જ આ નગરને પણ જુમ્મા મસ્જિદને કેન્દ્રમાં રાખીને વિકસાવાયું છે. આ નગર કુદરતી સૌંદર્ય અને સ્થાપત્ય વારસાને લીધે ગુજરાતનું બેનમૂન સ્થળ છે. સૃષ્ટિ સૌંદર્ય અને ઈતિહાસની નજરે ચાંપાનેર-પાવાગઢ જેટલાં મહત્વના સ્થળો ગુજરાતમાં બહુ ઓછાં છે.

હિન્દુ, જૈન અને મુસ્લિમ સ્થાપત્યોનો અહીં અનોખો ત્રિવેણી સંગમ જોવા મળે છે. અહીં ૧૪મી કે ૧૫મી સદીમાં બંધાયેલાં જૈન મંદિરો ત્રણ સમૂહોમાં આવ્યા છે. બાવનદેરી મંદિરો કે નવલખી મંદિરો, ચંદ્રપ્રભુ અને સુપાર્શ્વનાથ મંદિર તથા પાર્શ્વનાથ ભગવાનનાં મંદિરો.

મુસ્લિમ શાસન દરમિયાન ચાંપાનેરમાં અનેક મસ્જિદો, રોજા અને દરગાહનું નિર્માણ કરાયું હતું. તેમાં સૌથી સુંદર અને ભવ્ય જુમ્મા મસ્જિદ છે તેની ગણના ભારતના શ્રેષ્ઠ મુસ્લિમ સ્થાપત્યોમાં થાય છે.

ચાંપાનેરના ભવ્ય અને કલાત્મક કલા વારસાને ધ્યાનમાં લઈને યુનેસ્કોએ આ પ્રાચીન વારસાને જુલાઈ ૨૦૦૪માં વિશ્વ ધરોહરનો દરજ્જો આપ્યો છે અને આ સમગ્ર સંકુલને ચાંપાનેર - પાવાગઢ આર્કિયોલોજિકલ પાર્ક એવું નામ પણ આપ્યું છે.

## ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર: રાણીની વાવ, પાટણ:

અમદાવાદથી ૧૩૦ કિલોમીટર દૂર સ્થિત સરસ્વતી નદીને કાંઠે વસેલું, ગુજરાતના સુવર્ણ યુગની સાક્ષી બનતું નગર પાટણ અત્યારે તો ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાનું વડું મથક છે ગુજરાતને 'ગુજરાત' નામ મળ્યા પહેલાની ગુજરાતની એક સમયની રાજધાની અણહિલપુર પાટણ વનરાજ ચાવડાએ વસાવ્યું હતું. આ નગર તેની સ્થાપના પછી ૬૫૦ વર્ષ સુધી ગુજરાતની રાજધાની રહ્યું હતું. આ પછી સિદ્ધરાજ જયસિંહના સમયમાં ગુજરાતના સામ્રાજ્ય અને સમૃદ્ધિનો સુવર્ણકાળ આવ્યો હતો. અલાઉદ્દીન ખીલજીએ પાટણ પર ચડાઈ કર્યા પછી મહંમદશાહે રાજધાની બદલીને અમદાવાદ વસાવ્યું. આ પછી પાટણની જાહોજલાલીનો અસ્ત થયો.



### રાણીની વાવ:


પાટણનગરની શિલ્પ સમૃદ્ધિ જગપ્રસિદ્ધ છે. અહીં સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવનું નિર્માણ કર્યું હતું જેના આરાને ફરતે શિલ્પસભર ૧૦૦૮ શિવાલયો હતા આજે તે ખંડેર હાલતમાં છે. સહસ્ત્રલિંગ તળાવની નજીકમાં જ અદ્ભૂત શિલ્પ મંડિત રાણીની વાવ એ પ્રાચીન ગુજરાતની વિશિષ્ટ ધરોહર છે. વાવની શિલ્પકળામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. આ કારણે જ યુનેસ્કોએ ઈ.સ.૨૦૧૪માં વિશ્વ વિરાસત તરીકે માન્યતા આપી છે. ભારતની રિઝર્વ બેંકે ૨૦૧૮માં રૂ.૧૦૦ની ચલણી નોટમાં પણ રાણીની વાવને સ્થાન આપી તેની મહત્તા વધારી છે.

પાટણની રાણી ઉદયમતીએ નાગરિક સ્થાપત્યની ગણનામાં આવતી આ વાવ પ્રજાને પીવાનું પાણી મળી રહે તેવા શુભ હેતુથી પોતાના પતિ ભીમદેવની સ્મૃતિમાં ૧૦૬૩માં નિર્માણ કરાવી અને નજીકમાં વહેતી સરસ્વતીના નીરથી વાવને છલોછલ ભરાવી હતી. રાણીએ નિર્માણ કરાવી હોઈ તેને 'રાણીની વાવ' તરીકે ઓળખવામાં આવે છે.

સદીઓ પહેલાં સરસ્વતી નદીમાં આવેલા પૂરને કારણે વાવ પૂરાઈ ગઈ હતી. પાછળથી છેક ૧૯૬૮ના વર્ષમાં સંશોધન

માટે વાવમાં રહેલી માટી કાઢવા ભારત સરકારના પુરાતત્વીય સર્વેક્ષણ વિભાગે અહીં ઉત્ખનન કરાવતાં સુંદર અને કલાત્મક વાવના સૌદર્યના જગતને દર્શન થયા. સાત માળ ધરાવતી આ વાવ ૬૮મીટર લાંબી, અને ૨૭ મીટર ઊંડી છે. જેનો સમાવેશ ભારતની શ્રેષ્ઠ વાવોમાં થાય છે.

વાવના દરેક માળમાં સુંદર કલાત્મક કોતરકામ કરવામાં આવ્યું છે. દેવી દેવતાઓની પ્રતિમાઓની સાથે અપ્સરાઓ અને નાગ કન્યાઓની સુંદર મૂર્તિઓ પણ જોવા લાયક છે.



### ગુજરાતની સંસ્કૃતિનું દર્શન કરાવતું અમદાવાદ નગરઃ

ગુજરાતના પુરાતત્વ અને કલા વારસાની સમૃદ્ધિમાં અમદાવાદનું પ્રદાન કદાચ સૌથી મોખરે છે. ગુજરાતમાં સલ્તનકાળની સ્થાપના થતાં તેનુ પાટનગર અણહિલવાડથી અમદાવાદ રાખવામાં આવ્યું. આ અમદાવાદ શહેરની સ્થાપના માટે જુદા જુદા સમય ઈતિહાસમાં સૂચવવામાં આવ્યા છે પરંતુ ઈ.સ. ૧૪૧૧ અને ૧૪૧૨ના વર્ષને મોટાભાગના ઈતિહાસકારો માન્ય કરે છે. આપણા પ્રાચીન પુરાતત્વીય વારસાથી અમદાવાદ છલોછલ ભરેલું છે.

૪૬૬ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવતા આ શહેરના જૂના કિલ્લેબંધ નગરને ૨૦૧૭માં વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે જાહેર કરાયું છે. અમદાવાદ નગરની પોળ પણ હેરિટેજ સાઈટ જ છે. અહીંની પોળ સંસ્કૃતિ અદ્દભૂત છે. તેમાં રહેલી વિવિધ સ્થાપત્યકલાનો વૈભવ અહીં આવતા દરેક પ્રવાસીઓ એવમ્ સંશોધકોનું ધ્યાન આકર્ષે છે.

સુલતાન અહેમદશાહે આ નગરની સ્થાપના કર્યા પછી માણેક ચોકમાં સૌ પ્રથમ જે પોળ અસ્તિત્વમાં આવી તે મુહૂર્તની પોળ 'મહુરત પોળ' તરીકે જાણીતી છે. મોગલકાળમાં પણ આ શહેરમાં પોળનું અસ્તિત્વ હોવાની નોંધ જો કે જોવા મળે છે એ સમયે ઢીંક્વા, ચોકી, હાજા પટેલની પોળ, નિશા પોળ, ભંડેરપુર પોળ વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે. મોગલકાળ પછી મરાઠાકાળમાં પોળની રચનાને વેગ મળ્યો હતો. અમદાવાદ શહેરની મોટાભાગની પોળની રચના ૧૭૬૦ થી ૧૮૧૮માં થયેલી છે. આઝાદી પહેલાં ૧૯૪૧માં કરવામાં આવેલા એક સર્વે મુજબ નગરના જુદા-જુદા વિસ્તારોમાં કુલ ૭૭૭ પોળ અસ્તિત્વમાં હતી જેમાં સમયાંતરે થોડી વધઘટ થતી રહે છે. છ ઘરની નાની પોળ (ખાંચો)થી લઈને ત્રણ હજાર ઘરની પોળ આ નગરમાં અસ્તિત્વ ધરાવે છે. નગરના આસપાસના પરાં અને શહેરોમાં આવેલી પોળ જુદી.



### ભૂપૃષ્ઠ, ધર્મ, રીત-રિવાજ અને ઈતિહાસના વારસાનું સંગ્રહસ્થાન - વૈશ્વિક ધરોહરઃ ધોળાવીરાઃ

તાજેતરમાં જ યુનેસ્કોએ કચ્છના ધોળાવીરા હડપ્પીયન નગરને વૈશ્વિક ધરોહર તરીકે જાહેર કર્યું છે ધોળાવીરાને આ સ્થાન મળતાં હવે કચ્છના ખડીર વિસ્તાર ઉપરાંત પશ્ચિમ કચ્છના ખાવડા, કાળો ડુંગર, સુરખાબનગર વગેરે પ્રવાસન સ્થળોનો પણ વિકાસ થશે. ધોળાવીરામાં પ્રવાસીઓ માટે અનેક આકર્ષણ ઉમેરાશે. પ્રવાસીઓ માટે આવાસ, ભોજન વગેરેની અતિ ઉત્તમ અને આધુનિક સુવિધાઓ વિકસશે, વિશાળ સંગ્રહાલય નિર્માણ પામશે. આમ, હવે સફેદ રણથી જાણીતા ધોળાવીરાને કારણે કચ્છનું પ્રવાસન બમણા વેગથી વિકાસ પામશે જેને કારણે સ્થાનિક રોજગારીની નવી તકો ઉપલબ્ધ બનશે.

કચ્છમાં હડપ્પાકાલીન વસાહત ધોળાવીરા સિવાય પણ અનેક સ્થળોથી મળી આવી છે. આ પૈકી કેટલાક સ્થળોનું ઉત્ખનન કરાયું છે. જ્યારે કેટલાક સ્થળોનું પ્રાથમિક કાર્ય થયું છે. આ તમામ સ્થળો ધોળાવીરા કે જેમાં કચ્છમાંથી મળી આવેલી સૌથી મોટી હડપ્પીય વસાહત અત્યાર સુધી લેખાય છે.

અવિભાજ્ય ભારતમાં આજથી પાંચ હજાર વર્ષ અગાઉ વિશાળ સિંધુ નદીના કાંઠે વિકાસ પામેલી જગતની સૌથી પ્રાચીનતમ લેખાતી સિંધુ સંસ્કૃતિ કે હડપ્પાકાલીન સંસ્કૃતિ તરીકે જાણીતી છે. ધોળાવીરા એ જગતની સૌથી પ્રાચીન સિંધુ સંસ્કૃતિની ભારતમાં થયેલી મોટી શોધ છે. કચ્છ હંમેશા અનેક સંસ્કૃતિઓનું આવાગમનનું સ્થાન રહ્યું છે. કચ્છમાં ધોળાવીરા ઉપરાંત બસોથી વધારે હડપ્પીય વસાહતો હોવાનું પુરાતત્વવિદ્દોએ શોધી કાઢ્યું છે.

**મહાબંદર ધોળાવીરાનું ભૌગોલિક સ્થાનઃ** ધોળાવીરા કચ્છના પાટનગર ભૂજથી ૨૫૦ કિલોમીટર દૂર ભચાઉ તાલુકાના પૂર્વ કચ્છના ખડીર બેટમાં આવેલું છે. આ બેટ ચારે તરફ રણથી ઘેરાયેલો છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ જે તે સમયના વ્યાપક માનવ વસવાટનું મુખ્ય કારણ ગણાવી શકાય. ખેતીની વિપુલ તક, માટીકામની સગવડ, દરિયાઈ માર્ગે અનેક દેશો સાથે વ્યાપારની સાનુકૂળતા વગેરેએ કચ્છમાં હડપ્પીય સંસ્કૃતિના વિકાસ માટે અગત્યનો ભાગ ભજવ્યો હોવાનું માની શકાય. કચ્છમાં મળી આવેલી આવી અનેક વસાહતો પૈકી એક માત્ર ધોળાવીરા જ શહેરી વસાહત છે બાકી તમામ ગ્રામ્ય વસાહતો છે. ધોળાવીરા એક સમયે મોટું બંદર હશે. અને એ સમયની વસાહતો સાથે બંદરીય માર્ગે જોડાયેલું હશે. કચ્છના રણની કાંધીએ આવી અનેક વસાહતોના અવશેષો હોવાનું પણ પ્રતિપાદિત કરાયું છે.

### કઈ રીતે પ્રકાશમાં આવ્યું ?

ભારતના પુરાતત્વીય સર્વેક્ષણ વિભાગ દ્વારા ઈ.સ. ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન બહાર પડાયેલી એ વિભાગની સતાવાર યાદી મુજબ કચ્છમાં ધોળાવીરામાં હડપ્પીય વસાહતના ચિહ્નો મળી આવ્યા હતા અને ગુજરાતના અન્ય સ્થાનોની સાથે તેનું પણ ઉત્ખનન કરવાનું જાહેર કરાયું હતું. એ પછી જગત્પતિ જોશીએ ધોળાવીરાનું આરંભિક ઉત્ખનન કાર્ય હાથ ધરતા આ


RAJANI
GROUP
Since : 1975
शुभ दीपावली
चाय, अगरबत्ती, माचिस, बॉडी स्प्रे, मसाले,
मुखवास, साबुन, पावडर तथा लिक्विड
Premium Tea
Prime
Paris Night
Turmeric
Powder
तल • तिल
SESAME
DHANADAL
EXTRA PREMIUM
EXTRA
POWER
Plus
Scan this QR
Code for
TVC Video
Scan this QR
Code for
Catalogue
www.rajanigroup.in
Follow us on:

સ્થળે વિશાળ હડપ્પીય નગર હોવાનું શોધી શકાયું. આ પછી બે દાયકા બાદ ૧૯૯૧ના ગાળામાં ભારત સરકારના પુરાતત્વીય સર્વેક્ષણના વડા શ્રી ડૉ. આર.એસ. બીસ્ટ અને તેમના સાથીદારોએ ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. પરિણામે ત્રણ ભાગમાં વહેંચાયેલું એક વિરાટ સિંધુ નગર પ્રકાશમાં આવ્યું. તમામ દ્રષ્ટિએ જોતા કંઈક ને કંઈક વિશિષ્ટતા વાળું આ નગર સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો પુરવાર થયો. જેણે કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી દીધી.



### કચ્છનું બેનમૂન સફેદ રણઃ

છેલ્લાં કેટલાંક વર્ષથી કચ્છમાં પ્રવાસીઓના ધાડેધાડા આવી રહ્યાં છે. વેકેશન કે દિવાળી જેવી રજાઓના સમયમાં તો કચ્છમાં રહેવા જગ્યા પણ મળતી નથી હોતી. કચ્છનો પ્રવાસ ઉદ્યોગ સારો એવો ફૂલ્યો ફાલ્યો છે. આ તમામ વિકાસના કારણનો સીધો જવાબ તો કચ્છના ધોરડોના સફેદ રણમાં દર વર્ષે યાજાતો રણ મહોત્સવ જ છે. આજે સફેદ રણ માત્ર કચ્છનું જ નથી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના પ્રવાસન નકશાનું મહત્વનું કેન્દ્ર બની ગયું છે. ધોરડોનું સફેદ રણ અને તેની સાથે સંકળાયેલ રણ મહોત્સવની ખ્યાતિ આજે આખાંય વિશ્વમાં છે. સફેદ રણ નજીકનો કાળો ડુંગર અને રણ સરહદ પણ પ્રવાસીઓને આકર્ષવા માટે સમર્થ છે. તો ખાવડા નજીકના આસપાસના હસ્તકળાના ગામો કચ્છની તળપદી અને અનોખી કળાનું દર્શન વિશ્વને કરાવે છે.

### વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા – સ્ટેચ્યુ ઓફ યુનિટીઃ

દેશના લોખંડી નેતા તરીકે વિખ્યાત ભારતના પ્રથમ ગૃહમંત્રી અને અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલના વિરાટ વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડતી એમની વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ગુજરાતના પ્રવાસન સ્થળોના આકર્ષણમાં ટોચના સ્થાને છે. નર્મદાના ખળખળ વહેતા પ્રવાહો સમીપે



ઊભેલી ૧૮૨ મીટરની ઊંચાઈએ આભને આંબતી આ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. ગુજરાતે તેના પનોતા પુત્રની કાયમી અને ગૌરવભરી યાદગીરીરૂપે નર્મદા કાંઠે સરદાર સરોવર ડેમના સાંનિધ્યમાં ખડી કરેલી આ પ્રતિમા અને તેને સંલગ્ન સમગ્ર સંકૂલને નિહાળવા દેશ-વિદેશના હજારો પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.

પ્રવાસીઓ લિફ્ટના માધ્યમથી આ વિરાટ પ્રતિમાની અંદર બનાવાયેલી ખાસ દર્શન ગેલેરી સુધી પહોંચીને સમગ્ર સંકુલ અને વિરાટ નર્મદા તથા સરદાર સરોવરનો નજારો નિહાળી શકે છે. પ્રતિમાના પાયામાં તૈયાર કરાયેલા વિશાળ ખંડમાં સરદાર સાહેબની આઝાદીની ચળવળ તથા દેશી રજવાડાંઓના વિલીનીકરણમાં રહેલી વિશિષ્ટ ભૂમિકાને તાજી કરતી તસવીરો સાથેની ગાથા વર્ણવવામાં આવી છે. સાંજના સમયે ખાસ લેઝર શોના માધ્યમથી સાઉન્ડ એન્ડ લાઈટ શોનો પણ અદ્ભૂત આનંદ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરે છે. ઉપરાંત સરદાર સરોવર ડેમ, વેલી ઓફ ફલાવર્સ, શૂલપાણેશ્વર મંદિર અને અભયારણ્ય, બોટિંગ, હેલિકોપ્ટર રાઈડ સહિતના અનેક આકર્ષણોનો આનંદ પણ અહીં આવતા પ્રવાસીઓ ઉઠાવે છે. આમ આ સ્થાન પણ ગુજરાતના પ્રવાસનને એક નવી દિશા આપનારું સાબિત થાય છે.

### નડાબેટ – સીમાદર્શન દ્વારા બોર્ડર ટુરિઝમને નવી દિશાઃ

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે એક નવતર પ્રકારના સરહદી પ્રવાસનનો પણ આરંભ થયો છે. બનાસકાંઠા અને કચ્છના રણને પાકિસ્તાનની સરહદ સાથે જોડતી નડાબેટ પાસેની ઝીરો પોઈન્ટ સરહદ પર પણ હવે સરહદી સલામતી દળના જવાનોની દિલેરી અને જવામર્દીને રાજ્યની તથા દેશની જનતા જાણી શકે એ માટે ખાસ પ્રકારે સીમાદર્શનનો શુભારંભ આરંભાયો છે. એ દ્વારા બોર્ડર ટુરિઝમનો પણ રાજ્યમાં વિકાસ થાય અને રાજ્યના પ્રવાસન વિકાસને પણ એક નવી દિશા મળે એવો હેતુ રહ્યો છે. આ સીમાદર્શનના કાર્યક્રમનો આરંભ થયા પછી અનેક પ્રવાસીઓ તેનો લ્હાવો મેળવી રહ્યા છે. અહીં સીમા દર્શનની સાથે સાથે આ રણમાં ઘુડખર, સુરખાબ ડેઝર્ટ સફારીનું પણ આકર્ષણ ઉમેરવામાં આવનાર છે જેથી આ સીમાદર્શન વિશ્વના પ્રવાસન નકશામાં સ્થાન પામી શકે.




આ સીમાએ આવેલ નડેશ્વરી માતાનું મંદિર પણ દર્શનીય છે. આ માતાની સેવા પૂજા સરહદી સલામતી દળના જવાનો કરે છે, નડેશ્વરી માતાજી પર જવાનોને બહુ મોટી આસ્થા છે. કહે છે કે, ૧૯૭૧ના યુદ્ધ સમયે કચ્છ-બનાસકાંઠાના આ અફાટ રણમાં માર્ગ ભૂલેલા જવાનોને નડેશ્વરી માતાએ જ માર્ગ બતાવ્યો હતો. ત્યારથી જ જવાનોની આસ્થા આ માતા પ્રત્યે વિશેષ વધી જતાં અહીં ભવ્ય મંદિરનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. નડેશ્વરી મંદિર ટ્રસ્ટ દ્વારા અહીં પ્રવાસીઓને રહેવા તથા જમવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. સીમાદર્શન કરવા જતાં પહેલા મંદિર નજીક જ દરેક પ્રવાસીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે.

આમ, રાજ્યના પ્રવાસનને એક નવી દિશા મળી છે. રાજ્ય સરકાર, ગુજરાત પ્રવાસન નિગમ તથા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ જેવાં સંસ્થાનો રાજ્યના દરેક યાત્રાધામો તથા પ્રવાસન મથકોમાં યોગ્ય માળખાકીય સુવિધાઓનો વિકાસ થાય, સ્વચ્છતા અને પવિત્રતા જળવાય, તેનો યોગ્ય પ્રચાર પ્રસાર થાય તથા વિવિધ નવા આયોજનો થકી પ્રવાસીઓની સુવિધા સચવાય એ માટે સતત પ્રયત્નશીલ છે.

ગુજરાતના પ્રવાસનને નવી દિશા મળે એ માટેના ખાનગી તથા સરકાર પ્રેરિત માધ્યમો દ્વારા નોંધપાત્ર કાર્યો કરાતાં રહે છે એ થકી આપણે જોઈ શકીએ છીએ કે, રાજ્યનો પ્રવાસન ઉદ્યોગ હવે નવી છલાંગ લગાવી વિશ્વસ્તરે વિકાસ કરી રહ્યો છે. ફી

CELEBRATING 28 Years of Service Nidhi Hospital

# Nidhi Hospital

*Adding Health to Life*

**Dr. Sunil D. Popat**
MS, FRCS(Edin), FALS, FIAGES, FICS(USA), FAIS , FMAS
SENIOR CONSULTANT GASTRO & LAPAROSCOPIC SURGEON



## *Wishing You & Your Family Members Happy Diwali & Prosperous New Year*




**BEST PRACTICES ✣ QUALITY SERVICES ✣ AFFORDABLE RATES ✣ NO SURCHARGES**
**CASHLESS MEDICLAIM AVAILABLE**

Nidhi Wellness Centre

Nidhi Health Checks

NABH ACCREDITED — CERTIFIED ISO COMPANY

## Nidhi Multi Speciality Hospital

Stadium Commerce Road, Navrangpura,
Ahmedabad - 380 009.
nidhihospital2011@gmail.com
www.nidhihospital.org




Emergency 24x7 ✆ +91 99099 17090, 079 4023 2121, 079 2642 6631



✦ સંજય થોરાત 'સ્વજન'

# અબોલ પ્રાણીઓ

## પ્રત્યે સંવેદનાની સાથે ઉજવીએ પ્રકાશનું પર્વ..!



દિવાળી એટલે પ્રકાશનો તહેવાર. આનંદનું પર્વ. આપણા માટે આ તહેવાર સુખ અને સમૃદ્ધિનું પ્રતિક છે, પરંતુ ઘરના એક અબોલ પ્યારા સભ્ય માટે, આપણા પાલતુ પ્રાણીઓ માટે દિવાળી ક્યારેક દુ:ખદ બની જાય છે. પીડાદાયક બની જાય છે.

જયારે નાનાં હતા ત્યારે દીવાળીમાં કૂતરાની પૂંછડીએ ફટાકડાંની લૂમ લગાડી સળગાવી ભાગી જતાં, પછી એ જોરજોરથી ભસે અને ભાગાભાગ કરે એ જોઈને આનંદ આવતો. પરંતુ જ્યારે આ ઘટના જોઈને પપ્પાએ મને અને મિત્રોને પ્રેમથી સમજાવ્યા ત્યારથી આવું વિકૃત કૃત્ય કરવાનું બંધ કરી દીધું હતું...

ફટાકડાંના કડાકા-ભડાકા, ઝેરી ધુમાડા, ચમકતા પ્રકાશ અને અવાજનો ઘોંઘાટ, આ બધું પ્રાણીઓ માટે અસહ્ય બની જાય છે. તેઓ માણસોની જેમ બોલી શકતા નથી, પરંતુ તેમની આકુળ વ્યાકુળ આંખો, કંપન કરતા કાન, ધ્રૂજતું શરીર અને છૂપાઈ જવાની ટેવ એમનો ગભરાટ આપણને ઘણુંબધું કહી જાય છે. દિવાળીના તહેવારમાં આપણી આસપાસના પ્રાણી પક્ષીની કાળજી કેવી રીતે રાખવી અને પેટ-ફ્રેન્ડલી દિવાળી કેવી રીતે ઉજવવી તે માટે કેટલીક આવશ્યક બાબતોનું ધ્યાન રાખીએ.

**દિવાળીમાં પ્રાણીઓ માટે ખતરાની ઘંટીઓ...**

**ફટાકડાંનો અવાજ:** કૂતરા અને બિલાડીની શ્રવણશક્તિ માણસ કરતાં ઘણી જ વધારે હોય છે. ફટાકડાંનો અવાજ તેમને કુદરતી આપત્તિ જેવો લાગે છે.

ફટાકડાંથી ઉત્પન્ન થતો ધુમાડો તેમને શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા અને અન્ય બીમારી સુધી લઈ જાય છે. પહેલાં દિવાળીમાં ઘરમાં ભરપૂર મીઠાઈઓ અને ફરસાણો હોય છે, પરંતુ તે કૂતરાં માટે ઝેરી સાબિત થઈ શકે છે.

ઘરમાં દીવા, ફટાકડાં કે લાઈટિંગથી આગ લાગવાની કે પ્રાણીઓ દાઝી જવાની શક્યતા રહે છે. ત્યારે આપણે શું ધ્યાન રાખીશું...

જો તમારું પાલતુ પ્રાણી ગભરાય કે ઈજાગ્રસ્ત થાય તો તમારે ગભરાવું નહીં. તમારું વર્તન તેમને સીધી અસર કરે છે. તમે શાંત રહેશો તો તે પણ ધીમે ધીમે શાંત થશે.

**પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો...** તેમની ઈજાઓ કે લક્ષણો ધ્યાનથી તપાસો. જો રક્તસ્રાવ, શ્વાસમાં તકલીફ કે બેહોશીની સ્થિતિ હોય તો તરત જ વેટરનરી ડોક્ટરનો સંપર્ક કરો.

**ફર્સ્ટ એઈડ ટ્રીટમેન્ટ...** નાની ઈજા હોય તો ઘરેલું સારવાર કરો, ઘા સાફ કરો એને વહાલથી પંપાળો એટલે એને રાહત થશે. પરંતુ પછી ડોક્ટરની મુલાકાત અવશ્ય લો.

**નિયમિતતા બદલાય તો પ્રાણીને તકલીફ હશે...** ઉલટી, પાતળું શૌચ, થાક, ભૂખ ન લાગવી, ઉધરસ કે તાવ જેવા લક્ષણો દેખાય તો એની તરત સારવાર કરાવો.




# Choose Your Own Style

Designer Suits • Sherwanis • Indo Western • Waist Coat
Kurta Payjama • Shirts & Trousers • T-Shirts & Jeans

**R.K**
**Garments. Cloth. Tailor**

**Only at Satellite**

**Address:** 8, Ground Floor, Shital Varsha, Shivranjani Crossroads,
Satellite, Ahmedabad. (Guj) India. **Ph: 079 – 26750153 / 54**

For Corporate, Festival & Special Occasion Gifting Inquiry, Please **Call: +91 90999 85031**

E-mail: rk@rkgarments.com I Website: www.rkgarments.com



**સેફ્ટી ફર્સ્ટ...** ઘરગથ્થું સલામતીના ઉપાયો અપનાવો. પાલતુને અંદર રાખો.

**પેટ-ફ્રેન્ડલી દિવાળી કેમ જરૂરી?**

આ દિવાળી ત્યારે જ સાચી આનંદમય બનશે જ્યારે આપણા પ્રિય મિત્રો,એટલે કે પશુ-પક્ષી પણ નિર્ભય થઈને ઉજવણીનો ભાગ બની શકે.આ રહી તેની ટિપ્સ...

**નો-નોઈઝ ફટાકડાં...** બજારમાં આવા ફટાકડાં ઉપલબ્ધ છે જે પ્રકાશ આપે છે પણ અવાજ નથી કરતા.

**ફટાકડા ફોડવાની જગ્યા..** પ્રાણીઓને તકલીફ પડે એવા રસ્તા પર નહીં, પરંતુ ખુલ્લી જગ્યાએ, કોમન પ્લોટમાં ફટાકડાં ફોડો.

**ગ્રીન દિવાળી...** પર્યાવરણ માટે દીવા અને પ્રાકૃતિક સજાવટ શ્રેષ્ઠ વિકલ્પ છે.

**ખાસ ટિપ્સ પાલતુ પશુ-પક્ષી માટે...** હંમેશાં પાલતુની નજીક રહો. તેમને ભૂખ્યા કે તરસ્યા ન રહેવા દો. આસપાસ નાના અવાજવાળા ફટાકડા (ફુલઝડી, ચકરી) વાપરવાનો આગ્રહ રાખો. ઘરમાં પેટ ફર્સ્ટ એડ કિટ રાખો જે રસ્તા પરના પ્રાણી પક્ષી માટે પણ કામમાં આવી શકે. તેમને મીઠાઈ ન આપો. પરિવાર સાથે રમાડીને તેમને પણ ઉજવણીનો ભાગ બનાવો.

દિવાળીની, ઉજવણી સાથે પ્રાણીઓની કાળજી પણ રાખો. આ દિવાળીએ જ્યારે તમે તમારા ઘર અને જીવનને દીપકોથી ઝળહળતું કરો છો, ત્યારે યાદ રાખો કે સ્ટ્રોંગ લાઈટિંગ તમારા પાલતુ પ્રાણી અને આસપાસ રહેનારા પક્ષી-પ્રાણીઓ માટે અનુકૂળ ન હોઈ શકે. પ્રાણીઓ ખાસ કરીને અવાજ પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોય છે, કારણ કે તેમની શ્રવણશક્તિ માણસ કરતાં ઘણી વધારે હોય છે. ઊંચા ડેસિબલવાળા અવાજ તેમને ભયભીત કરી દે છે. ઉત્સવ દરમિયાન ઘણીવાર પ્રાણીઓને ધ્રૂજતા, ભૂખ ન લાગવી, દુઃખી થવું કે સાંભળવામાં તકલીફ અનુભવતા જોવા મળે છે. પ્રદૂષણ, પ્રકાશ, અવાજ અને ફટાકડાંથી તેઓ એટલા ડરી જાય છે કે ક્યારેક ઘાયલ પણ થઈ જાય છે.

**ચાલો જાણીએ પ્રાણીમૈત્રી દિવાળી ઉજવવાના કેટલાક સરળ માર્ગોઃ**

ફટાકડાંના અવાજ માત્ર તકલીફ જ નથી કરતા, પરંતુ પ્રાણીઓના જીવને જોખમમાં મૂકે છે. શાંત રીતે ઉજવણી કરવાથી કરૂણાસભર વાતાવરણ સર્જી શકાય. ઘરના દરવાજા-બારીઓ બંધ કરીને અવાજ ઓછો કરો અને સુરક્ષિત જગ્યા ખોલીને રાખો જેથી ફરતા પ્રાણીઓને સુરક્ષિત જગ્યા મળી રહે. આ પગલું તેમને શાંતિ અને તણાવમુક્ત રાખશે.

પાલતુને બહાર ફેરવ્યા પછી તેમના પગ સારી રીતે સાફ કરો જેથી ફટાકડાંના અણુઓનો પ્રભાવ ન પડે. તેમના વાળ, આંખો અને મોં પણ સાફ કરો. કાન બચાવવા માટે ઈયર બડસ કે કોટન પ્લગ્સ ઉપયોગી થાય છે. ઘરમાં મધુર સંગીત વગાડો અને પાલતુની પાસે રહો. સતત તેમની સાથે વાતચીત કરો જેથી તેઓ શાંત રહે.

દિવાળીમાં ઘરમાં દીવા અને લાઈટિંગ કરાય છે. તે પાલતુ પ્રાણી પહોંચી ન શકે એ પ્રમાણે રાખો. નહીંતર વીજળીના કરંટથી દાઝવાની શક્યતા વધી જાય છે. તેમને સમયસર ફરવા લઈ જાઓ. પાલતુ પ્રાણીઓને ફરવા લઈ જવાના સમયને થોડો બદલી નાંખો. વહેલી સવાર કે મોડી રાત્રે ફરાવો જેથી ફટાકડાંના અવાજ કે આગથી તેઓને તકલીફ ન થાય. દરેક ઘરમાં અલગ-અલગ ફટાકડાં ફોડવાને બદલે, સોસાયટીમાં નક્કી સમય રાખીને એક સાથે ઉજવણી કરો. આથી અવાજ અને પ્રદૂષણ ઓછું થશે તથા બહાર ફરતા પ્રાણીઓ પરનો તણાવ ઘટશે. જ્યાં ફરતા પ્રાણીઓ હોય ત્યાં ફટાકડાં ન ફોડવા નું ખાસ ધ્યાન રાખો.

પક્ષીઓની પણ ખાસ કાળજી રાખો. ફટાકડાં અને આકાશદીવાના કારણે પક્ષીઓ ભારે તકલીફોમાં મૂકાય છે. ક્યારેક ઝાડમાં ફસાયેલ દીવાનાં કારણે પક્ષીઓના માળાં સળગી જાય છે. સળગતા તારામંડળ રસ્તા પર કે ઝાડ પર ન ફેંકો જેથી કોઈ પશુ-પક્ષી દઝાય નહીં. લોકોને જાગૃત કરવા સોશિયલ મીડિયા અભિયાન ચલાવી શકાય.

દિવાળીમાં વાહનોની નીચે શેરી કૂતરાં શરણ લેતા હોય છે, તેથી કાર સ્ટાર્ટ કરતા પહેલાં કાર નીચે જોઈ લેવું. પાલતુને ક્યારેય મીઠાઈ ન આપો. તેમાંની ખાંડ અને કૃત્રિમ ઘટકો ઝેરી સાબિત થઈ શકે છે. તેના બદલે તેમને પૌષ્ટિક આહાર આપો અને ફરતા પ્રાણીઓને પણ ખવડાવો.

ઉત્સવનો સાચો અર્થ ત્યારે જ સાકાર થાય છે જ્યારે દરેક જીવંત પ્રાણી આનંદ અનુભવે. ફટાકડાં ફોડયા વિના, પ્રકૃતિમૈત્રી અને ગ્રીન દિવાળી ઉજવવાથી આપણે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ સર્જી શકીએ છીએ. આથી માત્ર પ્રાણીઓનું કલ્યાણ જ નહીં પણ સમગ્ર પર્યાવરણનું રક્ષણ પણ થશે. ચાલો, આ દિવાળી અબોલ જીવો પ્રત્યે સંવેદના દાખવીને ઉજવીએ. અમદાવાદ, વડોદરા, ગાંધીનગર જેવા શહેરમાં પ્રાણીઓ માટે સેવા કરતી સંસ્થાઓ છે એમનો લાભ લેવાય અને ૧૯૬૨ એનિમલ હેલ્પલાઇન પર ફોન કરીને દીવાળીમાં ઘાયલ થયેલા પ્રાણી કે પક્ષીને બચાવી શકાય છે.

**સબરસ : દિવાળી માત્ર દીવો, મીઠાઈ અને ફટાકડાનો તહેવાર નથી, પરંતુ પ્રેમ, કરૂણા અને સહઅસ્તિત્વનો પણ તહેવાર છે. આપણી જેમ જ પાલતુ પશુ-પક્ષીઓ પણ આ ઘરનાં સભ્ય છે. થોડું ધ્યાન, થોડો સ્નેહ અને થોડા સાવચેતીના પગલાં લઈએ તો તેઓ પણ આનંદથી દીપોત્સવ માણી શકે. ચાલો, આ દિવાળી આપણે ઉજવીએ પ્રકાશ સાથે સંવેદના જતાવીએ!**









क्लाइमेट चेन्ज विभाग
ગુજરાત સરકાર

બેટરી
સંચાલિત
વાહન
અપનાવીએ

પેટ્રોલ બચાવીએ
તથા પર્યાવરણનું
જતન કરીએ.

## વિદ્યાર્થીઓ માટે

# દ્વિ ચક્રી વાહન યોજના

યોજનાકીય માહિતી તેમજ વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડેલ તથા
ભાવ GEDA ની વેબસાઈટ

## www.geda.gujarat.gov.in

ઉપર ઉપલબ્ધ છે.

**રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વાહન રૂ. ૧૨,૦૦૦/- ની સહાય**

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY


## ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી

ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્કઃ ફોનઃ ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ ઈ-મેઈલ: director@geda.org.in



PRIDE HOTELS & RESORTS
FESTIVE FIESTA
PRIDE PLAZA AHEMDABAD
PRIDE PLAZA KOLKATA
PRIDE PREMIER PUNE
PRIDE ELITE DWARKA
PRIDE PREMIER ASHIYANA RESORT MUSSOORIE
PRIDE PLAZA AEROCITY NEW DELHI
FROM
STAYCATIONS
to
CELEBRATIONS
EXPERIENCE THE JOY OF FESTIVITIES WITH PRIDE
Usher in the season of celebrations, from staycations to grand weddings, events to conferences with Pride Hotels & Resorts
25% OFF
Use Promocode: FF25
SCAN TO BOOK
pridehotel.com
1800 209 1400
centralreservations@pridehotel.com
PRIDE PLAZA
Delhi I Ahmedabad
Kolkata I Jaipur
*Jim Corbett I *Bagodara
PRIDE PREMIER
Bengaluru I Chennai I Pune I Indore I Nagpur
Bhopal I Udaipur I Goa I Puri
Rajkot I Mussoorie I Dehradun I Jodhpur
*Amritsar I *Kanpur I *Greater Noida
*Poloforest I *Haldwani I *Kashipur : Ramnagar
PRIDE ELITE
Haridwar I Becharaji I Phaltan I Dwarka
Rishikesh I Daman I Rudraprayag
Himatnagar I Gandhinagar
Raipur I Aurangabad
*Veraval - Somnath I *Halol
*Nainital I *Alwar I *Anand
Biznotel BY PRIDE
Vadodara : Alkapuri, Manjusar
Haldwani I Sasan Gir I Deoghar
Bharuch I Motera I Digha I Surat
*Jabalpur
*Opening Soon


SACHIN'S
Men's World
SINCE 1978
PREMIUM
MEN'S WEAR
Casual Wear
Ethnic Wear
Premium Fabric
Customized Tailoring
+91 77788 33834
Windsor Plaza, Vadodara.
sachins.com



✦ ફીલિંગ્સ ટીમ

# એક 'ડાઉન ટુ અર્થ' પ્રતિભાશાળી વ્યક્તિત્વ વડોદરાના રાજવી પરિવારના મહારાણી રાધિકારાજે ગાયકવાડ

ભારતના પ્રજાવત્સલ રાજવીઓમાં જેમની ગણતરી કરી શકાય તેવા રાજવીઓમાં વડોદરા (સ્ટેટ)ના સર સયાજીરાવ ગાયકવાડને અચૂક પ્રથમ સ્થાને ગણવા જ પડે. જેઓની દુરંદેશીતા એવમ્ પ્રજાવત્સલતાને સો-સો સલામ.



વડોદરાના આ ખાનદાન રાજવી પરિવારનું સમર્પણ અને વડોદરા પ્રત્યેનો તેઓનો અપ્રતીમ પ્રેમ સાચે જ લા-જવાબ છે. સ્વતંત્રતા પછી લોકશાહી આવી ત્યારે આ રાજવી પરિવારે પોતાના રાજ્યને અખંડ ભારતમાં ભેળવી દઈ 'દેશપ્રેમ'નું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું હતું. આ રાજવીઓના વારસદારોમાં આજે પણ પ્રજાલક્ષી સેવાકાર્યોનો સંસ્કારવારસો અવિરત ચાલું જ રહ્યો છે. રાજઘરાનાની અનેક સન્નારીઓએ પણ આ વારસાને બખૂબી સાચવ્યો છે. જેમાં ઉડીને આંખે વળગે તેવું એક પ્રતિભાશાળી નામ એટલે વડોદરાના રાજવી પરિવારની કુળવધૂ મહારાણી રાધિકારાજે ગાયકવાડ પણ આવા જ સન્નારી છે. તેમનો જન્મ વાંકાનેરના રાજવી પરિવારમાં થયો હતો. પરંતુ તેમના પિતાજી ડૉ. રણજીતસિંહજીને IAS અધિકારી બનવાની તમન્ના હોઈ તેમણે રાજા તરીકિનું બિરૂદ ત્યજી દીધું હતું અને ઉચ્ચ અભ્યાસ કરી અધિકારી બન્યા હતાં.

યોગાનુયોગ ગાયકવાડ પરિવારમાં પણ રાધિકાજીના શ્વસુર સ્વ. મહારાજા રણજીતસિંહ ગાયકવાડે પણ પોતાનું રાજવી તરીકિનું બિરૂદ ત્યજી દીધું હતું. મહારાણી રાધિકારાજે પોતાના જૂના સંસ્મરણો વાગોળતા કહે છે કે, 'ભોપાલ ગેસ દુર્ઘટના (૧૯૮૪) વખતે હું માત્ર ૬ વર્ષની હતી પણ મને બરાબર યાદ છે કે મારા પિતાજી ત્યાં કમિશનર હતા અને તેમને નીડરતાથી ફરજ બજાવી અનેક લોકોના જીવ બચાવ્યા હતાં.'



તે રાત્રે મારી જિંદગીનો પ્રથમ બોધપાઠ મને એ મળ્યો હતો કે, પ્રયત્ન કર્યા વિના કશું મળી જાય તેવી અપેક્ષા આપણે રાખવી જોઈએ નહીં. થોડા વર્ષો બાદ તેમનો પરિવાર દિલ્હી રહેવા ગયો, ત્યારના જીવન વિશે તેઓ કહે છે કે, 'અમે બહુ સાધારણ જીવન જીવ્યા છીએ.' અમે બસમાં બેસીને સ્કૂલે જતાં હતાં. પોતાની માતા પ્રત્યે આભાર વ્યક્ત કરતાં તેઓ કહે છે કે, મારી માતાએ અમને સ્વતંત્ર જીવન જીવવા માટે તૈયાર કર્યાં. એક વધુ સંસ્મરણને યાદ કરતાં તેઓ કહે છે કે, અમે જ્યારે વાંકાનેર જતાં ત્યારે ત્યાંના લોકો મને જે માન સન્માન આપતા તેનાથી મને અચરજ થતું હતું.

દિવંગત મહારાજા રણજીતસિંહ ગાયકવાડના સુપુત્ર મહારાજા સમરજીતસિંહ ગાયકવાડ સાથે વર્ષ ૨૦૦૨માં લગ્નગ્રંથિથી જોડાયેલા. મહારાણી રાધિકારાજે ગાયકવાડને ફોર્બ્સ મેગેઝિન દ્વારા ભારતીય રાજઘરાનાઓની 'ધ મોસ્ટ બ્યુટિફૂલ રોયલ વુમન' તરીકે ઘોષિત કરાયા છે. તદ્ઉપરાંત મિલેનિયર એશિયા મેગેઝિને તેમણે 'આધુનિક મહારાણી' તરીકે ગણાવ્યા છે. તેઓએ દિલ્હી વિશ્વવિદ્યાલયમાં લેડી શ્રી રામ કોલેજમાંથી માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. મહારાજા સમરજીતસિંહ ગાયકવાડ સાથે લગ્ન થતાં પહેલાં તેઓએ એક પત્રકાર તરીકે પણ કામ કર્યું છે.

હાલ, વડોદરાનો લક્ષ્મીવિલાસ પેલેસ જે બર્કિંગહામ પેલેસ કરતાં ચાર ગણો મોટો અને દુનિયાનો સૌથી મોટો ખાનગી આવાસ છે. તેમાં રહેવા છતાં નમ્રતાપૂર્ણ અભિગમ ધરાવતા આ મહારાણી પોતાનો માનમરતબો, સન્માન અને રાજવી ઠાઠમાઠથી અળગાં રહી અનેકવિધ સેવાકાર્યોમાં વ્યસ્ત રહે છે.

તેમનું માનવું છે કે, આજે ભારતમાં સૌથી વધુ જરૂરિયાત શિક્ષણ અને રોજગારીની છે. કોરોના કાળમાં તેઓ જાતે ગામડાંઓમાં જઈને ત્યાંની દયાજનક પરિસ્થિતિનો અહેવાલ લઈ સોશિયલ મીડિયા પર મૂકતા. આજે પણ તેઓ એક યા બીજી રીતે અનેક પરિવારોને મદદ કરી 'જનસેવા એ જ પ્રભુ સેવા'ને સાર્થક કરી રહ્યાં છે. લક્ષ્મીવિલાસ પેલેસમાં રાજા રવિ વર્માના ચિત્રોમાંથી પ્રેરણા લઈ સ્થાનિક



વણકરોની હાથવણાટની કલામાં તે ચિત્રશૈલીને આવરી લેતી હાથવણાટની ચીજોનું મુંબઈમાં પ્રદર્શન યોજી હાથવણાટના કારીગરોને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

મહારાણી રાધિકારાજે કહે છે કે, મેં ઘણી પરંપરાગત માન્યતાઓ તોડી છે. મારી દીકરીઓને પણ તેમનું જીવન પોતાની રીતે જીવવા માટે હું પ્રેરિત કરું છું. જેના ફળ સ્વરૂપે તેઓની દીકરી રાજકુમારી પદ્મિનીરાજે ગાયકવાડ પણ વિવિધ સેવા પ્રવૃત્તિઓના માધ્યમથી યુવાનોને સશક્ત બનાવવા માટેના પ્રોગ્રામ્સ અને મહિલાઓ માટે સર્વાઈકલ કેન્સર વર્કશોપ તથા URJA પ્રદર્શન તેમજ મહિલાઓ દ્વારા સંચાલિત સ્ટાર્ટઅપ્સ ગજરા પ્રોજેક્ટના માધ્યમથી સમાજની ઉત્તમ સેવા કરી રહ્યાં છે.



રાજમાતા શુભાંગીની દેવી સહિત આ સમગ્ર રાજવી પરિવાર વડોદરાવાસીઓની સુખાકારી માટે નવરાત્રિમાં બહુચરાજી માતાને અને ગણેશ ઉત્સવમાં ગણપતિ દાદાની પૂજા - પ્રાર્થના કરી સૌને માટે આશીર્વાદની યાચના કરતું હોય છે તથા શહેરના કલા અને સંસ્કૃતિના અનમોલ વારસાને સાચવવા હંમેશા સક્રિય હોય છે.

એક 'ડાઉન ટુ અર્થ' પ્રતિભાશાળી વ્યક્તિત્વ મહારાણી રાધિકારાજે ગાયકવાડનું વડોદરામાં ઉજવાતી નવરાત્રિ મહોત્સવ તથા ગણેશોત્સવને એક આગવી ઓળખ અપાવવામાં બહુમૂલ્ય યોગદાન રહ્યું છે. એ આ રાજવી પરિવારની મહાનતા છે. વડોદરાના આ ગૌરવશાળી ખાનદાન રાજવી પરિવારને 'ભારત રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવે તો તે યથાઉચિત સન્માન લેખાશે એ ચોક્કસ વાત છે.



✦ ફીલિંગ્સ ટીમ



# પ્રાર્થનાનો ચમત્કાર 'નવકાર મહામંત્ર'ના જાપથી ચિત્તાથી આબાદ બચાવ

પોતાના ગુરૂની આજ્ઞા લઈ જૈન સાધ્વીજી ભગવંતો પગપાળા વિહાર કરતાં-કરતાં ભદ્રેશ્વર (કચ્છ) થઈ કોટડા પહોંચ્યા. ત્યાંથી તેઓને ગઢશીશા વિહાર કરતાં-કરતાં પહોંચવાનું હતું. સ્થાનિક લોકોએ સાધ્વીજી-ભગવંતોને ચિત્તા જેવા જંગલી જાનવરથી સાવધ રહેવા ચેતવ્યા હતાં. સવારે સાત વાગે ત્રણેય સાધ્વીજી ભગવંતોએ કોટડાથી ગઢશીશાનો વિહાર શરૂ કર્યો. હજુ ત્રણથી ચાર કી.મી. જેટલા દૂર ગયા ત્યાં તો ૨૦ થી ૨૫ ફીટના અંતરે સામે ખૂંખાર ચિત્તો આવીને ઉભો રહી ગયો. ત્રણે સાધ્વીજી ભગવંતોનું આયંબિલ તપ ચાલુ હતું. ક્ષણભર તો સાધ્વીજી ભગવંતોને લાગ્યું કે, હવે બચવું અશક્ય છે. કારણ કે, બીજો પણ ચિત્તો સામે આવીને થોડા અંતરે ઉભો રહી ગયો. બન્ને ચિત્તા જાણે હૂમલો કરવા તત્પર હતા. પૂ. સાધ્વીજી ભગવંતોએ હૃદયના ઉંડાણથી નવકાર મહામંત્ર ગણવાનું શરૂ કરી દીધુ. આવી કટોકટી ત્રણેક મિનિટ સુધી ચાલી. પૂ. સાધ્વીજી ભગવંતોએ શ્રધ્ધા પૂર્વક શરૂ કરેલ નવકાર મહામંત્રના રટણનો પ્રભાવ એવો પડ્યો કે, પેલા બન્ને ખૂંખાર ચિત્તા ત્યાંથી પાછા વળી જંગલમાં ચાલ્યા ગયા. આમ પૂ.સાધ્વીજી ભગવંતોની અદ્દ્ભુત રક્ષા થઈ. સાંજે ગઢશીશા પહોંચ્યા ત્યારે તેઓને સમાચાર મળ્યાં કે, હમણાં થોડીવાર પહેલા બે ચિત્તાઓએ કોઈ માનવી પર હૂમલો કરી તેને મારી નાંખ્યો છે.

ત્યારે ચોક્કસ માનવું પડે કે, જો નવકાર મહામંત્ર આટલી અદ્દ્ભુત શક્તિ-સામર્થ્ય ધરાવતો હોય, તો આ મંત્રના દાતા પરમાત્મા મહાવીર પ્રભુને કોટિ-કોટિ વંદન જરૂર હોય જ.....જય જિનેન્દ્ર.




Radhika©
Jewellers
HappyDipawali
HappyNew year
Special Offers on Making Charges
DIAMOND
100% Off
SILVER
50% Off
GOLD
40% Off
Pinal - 90996 65566
Jyot - 97234 54354
12/16 Indrapuri Complex, New Sama Road, Vadodara


Amdavad Municipal Corporation
CONGRATULATIONS
AHMEDABAD IS THE Cleanest CITY OF INDIA
A VISION TOWARDS CLEANER AND GREENER CITY
अMDAVAD
OUR AHMEDABAD CLEAN AHMEDABAD
Congratulations and Thank You to the citizens for their cooperation and support
www.ahmedabadcity.gov.in
/AhmedabadAMC
@AmdavadAMC
@AhmedabadAMC


120 Years of Trust
કેનરા બેંક
केनरा बैंक
Canara Bank
A Government of India Undertaking
Together We Can
જ્યારે તેની બચતને
મળે પાંખો
Canara
Angel
Dream beyond boundaries
વિશેષ બચત ખાતું મહિલાઓ માટે
*નિયમો અને શરતો લાગુ
વધુ જાણવા સ્કેન કરો
કોમ્પ્લીમેન્ટ્રી ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ એરપોર્ટ લાઉન્જ એક્સેસ
વિશેષ ડેબિટ કાર્ડ ઓફર
blinkit
Myntra
bookmyshow
કેન્સર કેર ઈન્શ્યોરન્સ ₹10 લાખ* સુધી | પર્સનલ એક્સીડન્ટ ઈન્શ્યોરન્સ ₹26 લાખ* સુધી
1 Bank Number 1800 1030
www.canarabank.bank.in



✦ ફીલિંગ્સ ટીમ

# સ્લો ટીવી : વર્તમાન સમયમાં પ્રકૃતિનો આનંદ માણવાનું નૂતન નજરાણું

ઘરમાં કે ઓફિસમાં મૂકેલાં સીસીટીવીમાં કોઈ પણ પ્રકારના એડિટિંગ વગર એકધારું દૃશ્ય ચાલ્યા જ કરે, અને જોનારા તેને જોયા જ કરે એ રીતે હવે લોકો સ્લો ટીવી જોવા પાછળ ઘેલા બન્યા છે. સ્લો ટીવી એટલે કોઈ પણ પ્રકારના એડિટિંગ વગર પળેપળનું ચિત્રણ દેખાડતું ટીવી. એકાદ બે મિનિટની રીલ કે શોર્ટ ફિલ્મો જોવા ટેવાયેલો આજનો સમાજ અચાનક સીધું પ્રસારણ જેવું ટીવી જોવા મંડી પડે એ જ નવાઈ લાગે, પણ આ સાચું છે.

આપણે કોઈ બગીચામાં બેઠા હોઈએ અને બાજુના ઝાડ પર એક પક્ષી ઘાસ કે દોરાના ટુકડા ચાંચમાં પકડી લાવીને માળો બાંધતું હોય એ જોવાનો સમય, ધીરજ અને શોખ આજે કેટલા લોકો પાસે બચ્યો છે? શેરીના નાકે કે કોઈ ખુલ્લા મેદાનમાં ચણ ચણતાં પંખીઓની ગતિ, ઊડાઊડ, ઝપાઝપી અને એકબીજા સાથેની મસ્તી જોતા જ રહેવાની કળા આજે કેટલાએ કેળવી છે? એ ખૂબ મોટો પ્રશ્ન છે. નદીમાં ફરતી નાવને આ કિનારેથી સામેના કિનારે અને સામેના કિનારેથી આ કિનારે આવતાં-જતાં જોવાનો આનંદ શબ્દોમાં વ્યક્ત કરી શકાય એમ જ નથી. પાકેલાં ધાનથી લહેરાતાં ખેતરોમાં લહેરાતી હવાની મસ્તી જોવાની મજા જ અનેરી છે. પણ તે માટે સમય અને ધીરજ બંનેની જરૂર છે. હવે આ રીતના શાંત, કુદરતી અને આનંદ આપનારાં દૃશ્યો જોવા તરફ લોકોની રૂચિ વધતી જાય છે. જેમાં સ્લો ટીવીએ ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. તેમાં પ્રસારિત થતાં લાઈવ દૃશ્યો આજકાલ ખૂબ પ્રસિદ્ધ થઈ રહ્યાં છે. યેટ્રેબર્ગ સ્લો ટીવીની તુલના ઘરની બારી ખોલવા સાથે કરતાં કહે છે કે, 'સ્લો ટીવી એ એક એસ્કેપ વાલ્વ જેવી છે, જે આંખોને આરામ આપે છે.'

સ્લો ટીવીનો આરંભ ૨૦૦૯માં નોર્વેમાં થયો હતો. જેમાં બર્ગન લાઇન (નોર્વેજિયન) સાથે બર્ગનથી ઓસ્લો સુધી ૭ કલાકની ટ્રેન યાત્રાનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેને ૨૭ નવેમ્બર ૨૦૦૯માં NRK2 પરથી પ્રસારિત કરવામાં આવ્યું હતું. આ યોજના બર્ગન લાઇનના અસ્તિત્વના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે બતાવવામાં આવી હતી. આ પ્રોગ્રામને ઘણાં-બધાં દર્શકોએ નિહાળ્યો હતો. આ કાર્યક્રમે નોર્વે અને વિદેશી મીડિયા એમ બંનેનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. ત્યાર બાદ સ્વીડિશ ટીવી ચેનલ SVTએ 'ગ્રેટ એલ્ટ ટ્રેક' નામનો પ્રયોગ કર્યો હતો. જેનું લાઈવ પ્રસારણ વીસ દિવસ સુધી ચાલ્યું હતું. તેના માટે સ્વીડનના જંગલોમાં લગભગ ૩૦ ઉપરાંત કેમેરા મૂકવામાં આવ્યા હતાં. જેમાં જંગલનો શાંત વિસ્તાર, મુક્ત પણે ફરતાં હરણો, નદીમાં ફરતાં વન્ય જીવોને લગભગ દસ લાખ જેટલા લોકોએ નિહાળ્યા હતાં.

અમેરિકાના કેલિફોર્નિયામાં સાન ડિએગો પ્રાણીસંગ્રહાલયમાં પણ આવા કેમેરા મૂકીને તેનું લાઈવ પ્રસારણ બતાવવામાં આવે છે. બેલ્જિયમની સાર્વજનિક સેવા પ્રસારણે સાઈકલિંગ રેસ માર્ગ પર પસાર થનાર ખેલ રિપોર્ટર રૂબેન વેન ગુચનું જીવંત પ્રસારણ કર્યું હતું. આ યાત્રાને અનેક મોટરસાઈકલો અને હેલિકોપ્ટરની મદદથી ફિલ્માવવામાં આવી હતી. બીબીસી ચેનલ-૪ દ્વારા ૨૦૧૯માં ચીનની દીવાલ સાથે એક યાત્રાનું પ્રસારણ કર્યું હતું. આ જ ચેનલે ૨૦૧૫ અને ૨૦૧૬માં નહેરની નાવયાત્રા અને બસની સવારી જેવી ધીમી યાત્રાઓનું પણ જીવંત પ્રસારણ કર્યું હતું. આ જ રીતે સ્પેન, ફ્રાંસ, આઈસલેન્ડ, ન્યુઝીલેંડ જેવા અનેક દેશોમાં સ્લો ટીવીએ અનેરું આકર્ષણ જમાવ્યું છે.

આજે સ્લો ટીવીની લોકપ્રિયતા ખાસ કરીને યુરોપીય દેશોમાં વિશેષ છે. નોર્વેમાં સ્લો ટીવીનો આરંભ આ રીતે થયો હતો. જેમાં ટ્રેનયાત્રા અને બીજા ધીમી ગતિના કાર્યક્રમો બતાવવામાં આવે છે. સ્વીડનમાં પ્રકૃતિ, કલા અને સંસ્કૃતિસભર કાર્યક્રમોએ જબરું આકર્ષણ જન્માવ્યું છે. ડેન્માર્કમાં સ્લો ટીવીનો ઉપયોગ શિક્ષણમાં કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયો શીખવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. અમેરિકામાં પણ હવે સ્લો ટીવીનો ઉપયોગ કરી પ્રકૃતિની ધીમી ગતિની ગતિવિધિઓ વગેરે પ્રસારિત કરવામાં આવે છે.

'વર્તમાનમાં બાળકો પર વધુ પડતી ઉત્તેજનાના પ્રભાવો' એ વિગત એક દશકથી ચર્ચાનો વિષય બન્યો છે. Parents.comના એક રિપોર્ટમાં કહેવામા આવ્યું છે કે, 'નવ મિનિટ સુધીના તેજ ગતિના કાર્યક્રમો જોવાથી બાળકોની કામ કરવાની ગતિમાં કમી આવી શકે છે, જે આવેગ નિયંત્રણ, યોજના અને સંગઠન, કાર્યઆરંભ, સ્મૃતિ અને સ્થિતિસ્થાપકતા માટે ખૂબ જરૂરી છે. જેમાં ઊંઘ, શારીરિક ગતિવિધિ અને સામાજિક તાલમેલ જેવી બાબતોમાં અવરોધ ઊભો કરી શકે છે.' સ્લો ટીવી આ સમસ્યાનો સકારાત્મક ઉપાય છે. તેના ભાગરૂપે જ ત્સુકાનોએ ધીમો અવાજ, ખૂબ ઓછાં દૃશ્યપરિવર્તન, ક્લાસિક અને શિક્ષણપ્રદ વાર્તાઓ વગેરેથી ભરપૂર શો શરૂ કરીને તેમાં ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. અમેરિકા જેવા દેશોમાં પ્રકૃતિ સાથે જોડાયેલી લાઈવ સ્ટ્રીમ લોકોમાં લાગણી અને સંવેદનશીલ સંબંધો કેળવવામાં સફળ રહી છે. સ્લો ટીવી બાળકોને શાંત રહીને આનંદ માણતા શીખવે છે. તેમનામાંથી ઉશ્કેરાટ દૂર કરીને પ્રકૃતિ સાથે જોડાવાની રૂચિ જાગૃત કરે છે.

સ્લો ટીવીમાં પ્રસારિત થતાં પ્રકૃતિગત કાર્યક્રમોનું પ્રસારણ સંભવ છે કે એટલો આનંદ ન આપે જેટલું આપણે તેને પ્રત્યક્ષ જોઈને માણી શકીએ, પણ આવા કાર્યક્રમો આપણને ત્યાં સુધી જવાની પ્રેરણા તો પૂરી પાડે જ છે, તથા કોઈ કારણસર ત્યાં ન જઈ શકતા લોકોને તે આનંદ અને જ્ઞાન પૂરું પાડે છે. લોકોમાં તણાવ ઓછો કરે છે અને પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. જે મનને શાંતિ-તાજગી અર્પે છે તેમજ સકારાત્મક વિચારો તરફ વળવામાં મદદ કરે છે. તણાવ દૂર થવાના કારણે માનસિક શાંતિ અનુભવાય છે, ઊંઘ સારી આવે છે. સ્લો ટીવી અનેક લોકોના મન અને જ્ઞાનરંજન માટે એક નૂતન નજરાણા તરીકે ઉભર્યું છે. ફી



**Shri Narendrabhai Modi**
Hon'ble Prime Minister

Gujarat Industrial
Development Corporation
A Government of Gujarat Undertaking



**Shri Bhupendrabhai Patel**
Hon'ble Chief Minister, Gujarat

## Key Projects

### PM Mitra Park:

- Spread over 462 Hectares in Vansi, Navsari.
- Offers integrated facilities for spinning, weaving, dyeing, and printing, while fostering innovation, training, and exports through world-class infrastructure, enhancing competitiveness.

### Bulk Drug Park:


- Spread over 815 Hectares in Jambusar, Bharuch.
- Aims at reducing API imports and enhancing domestic pharmaceutical manufacturing capacity.

## Advantages of GIDC Industrial Estates

- **Removes the need for NA / NOC permissions**
- **Land/building titles are free from encumbrances**
- **State-of-art infrastructure and facilities**
- **Quality water supply and adequate power supply**
- **Regular maintenance of infrastructure**
- **Competitive allotment price with flexi-payment options**

## 18* Upcoming Industrial Parks spread across ~2376 Hectares

*Including PM Mitra and Bulk Drug Park




**General Parks**
A multi-sector industrial zone.

**Agro Food Park- Chhapra, Rajkot and Mudetha, Banaskantha-**
State-of-the-art parks to accelerate food processing and agri-business excellence.

**Medical Device Park- Nagalpar, Rajkot**
Dedicated hub at Nagalpar to boost medical device manufacturing and innovation.

**Vehicle Scrappage Park -Nava Madhiya, Bhavnagar**
A facility at Nava Madhiya to promote sound dismantling and scrapping of end-of-life vehicles.

**Ceramic Park- Jambudiya, Morbi**
Dedicated to enhancing Gujarat's globally renowned ceramic industry.

**GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION**
A Government of Gujarat Undertaking
Block 3,4,5, Udhyog Bhavan, Sector-11, Gandhinagar 382011, Gujarat, India.
Phone: 9879110007/23250636/23250637
Email: ipdesk@gidcgujarat.org, Website: www.gidc.gujarat.gov.in

To know more, please scan.

**સામાજિક-આર્થિક અને માનસિક સમસ્યાઓથી ઘેરાયેલા વ્યક્તિઓને સધિયારો પૂરું પાડતું**

# ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’

**‘ફીલિંગ્સ’ ફાઉન્ડેશન ચક્ષુદાન, અન્નદાન, ઓર્ગન ડોનેશન તેમજ શાકાહારી ભોજનના પ્રચાર-પ્રસાર માટે અવિરતપણે અનેક લોકોના જીવનમાં અજવાળું પાથરવાનું કાર્ય કરે છે.**





તાજેતરમાં વિશ્વના અનેક દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યાં છે ત્યારે ભારતમાં પણ મોંઘવારી અને બેરોજગારીના કારણે અનેક પરિવારોની સ્થિતિ ખરાબ થઈ છે. ઘણા લોકો આર્થિક, સામાજિક, માનસિક સમસ્યાઓથી ઘેરાઈ ગયા છે. જ્યારે તેમની સમસ્યાનો કોઈ ઉકેલ નજરે ન પડતાં, હતાશા અસહ્ય બનતાં, જીવલેણ પગલાં ભરી દઈ પરિવારજનોને પણ મુશ્કેલીમાં મુકતા હોય છે આવી મૂંઝવણભરી સમસ્યાના ઉકેલ માટે તથા મદદ પૂરી પાડવાનું કામ ‘ફીલિંગ્સ’ પબ્લિકેશન દ્વારા પ્રેરિત ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ના સ્થાપક પ્રમુખ શ્રી અતુલભાઈ શાહના નેતૃત્ત્વ અને માર્ગદર્શન હેઠળ તેમની ટીમ કરી રહી છે.

‘ફીલિંગ્સ’ મેગેઝિનનું વિશ્વમાં ૫૫થી વધુ દેશોમાં નેટવર્ક હોવાથી ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ના બેનર હેઠળ નોકરીની જરૂરિયાત હોય તેવા લોકોને ફીલિંગ્સ તેના બિઝનેસ નેટવર્કની મદદથી કોઈપણ પ્રકારના ક્ષેત્રમાં નોકરી કરવા ઈચ્છતા યુવક-યુવતીઓને તેમના ક્વોલિફિકેશનને અનુરૂપ નોકરી શોધી આપવામાં સહાય કરે છે.

‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ ચક્ષુદાન તેમજ શાકાહારી ભોજનના પ્રચાર-પ્રસાર કરી પોતાનું સમાજિક ઉત્તરદાયીત્વ એક સેવાભાવી સંસ્થાને અનુરૂપ નિભાવવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરે છે. એક અંદાજ પ્રમાણે દેશમાં ૫૦ લાખથી વધારે અંધજનો તેમના જીવનમાં પ્રકાશ રેલાય તેની રાહ જોઈ રહ્યાં છે. આ ફાઉન્ડેશન વિવિધ માધ્યમોનો સહારો લઈને લોકોને એ હકીકતથી વાકેફ કરે છે કે કૃત્રિમ રીતે ન બનાવી શકાતી કે લાખો રૂપિયા આપવા છતાં ન મળતી આંખો, મૃત્યુબાદ શરીર સાથે બળી જાય છે કે દટાઈ જાય છે. તેના બદલે મૃત્યુ બાદ જો તે દાન કરવામાં આવે તો બીજી નેત્રહીન વ્યક્તિના અંધકારમય જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે ! નેત્રદાન માટેના આ પ્રયાસોને સદીના મહાન અભિનેતા અમિતાભ બચ્ચને પણ બિરદાવ્યા છે.

માર્કેટિંગ અને પ્રમોશનની આ દુનિયામાં માંસાહાર વધુ પોષણવાળો હોવાનો ભ્રામક પ્રચાર કરવામાં આવે છે જેના કારણે આજે જીવહત્યાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે લોકોને શાકાહર અને પ્રકૃતિ તરફ વાળવા માટે ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ શાકાહારની હિમાયત કરનારા, વિશ્વના અગ્રણીઓના વિચારોને ‘રત્નકણિકા’ પુસ્તિકા દ્વારા લોકો સુધી પહોંચાડે છે.



**માનસિક વિકલાંગ બાળકોના પેરન્ટસને તેમના ભવિષ્યની ચિંતા ખૂબ સતાવતી હોય છે. તેઓ જ્યારે હયાત નહીં હોય ત્યારે તેમના બાળકોની દેખરેખ અને સાચવણી કોણ કરશે ? ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ દિવ્યાંગ તેમજ માનસિક અસ્થિર વ્યક્તિઓ માટે એક વિશેષ કેમ્પસ ઊભું કરવાનું આયોજન કરી રહ્યું છે જેથી કરીને દિવ્યાંગ વ્યક્તિઓને રહેવા-જમવાની તથા સારવારની એક ઉત્તમ વ્યવસ્થા થઈ શકે.**

વિશ્વવ્યાપી નેટવર્ક હોવાથી દેશ-વિદેશમાં લગ્ન માટે યોગ્યપાત્રની પસંદગી કરવામાં પણ ફીલિંગ્સ મદદરૂપ થઈ શકે છે. આપનો બાયોડેટા ફીલિંગ્સ કાર્યાલય પર મોકલી શકો છો.

મિત્રો, શુભેચ્છકો અને સૌ માટે પરમાર્થે ઉપયોગી થવાની ભાવનાવાળા તેમજ સંબંધીઓનો પ્રોત્સાહક સહયોગ મેળવવામાં નસીબવંતા શ્રી અતુલભાઈ શાહ આ કાર્યને પ્રતિષ્ઠા હાંસલ કરવાના સાધનરૂપ માનવાના બદલે સેવાભાવે સહજ પરમાર્થરૂપે કરે છે. તેઓનો જીવનમંત્ર છે કે સમાજે આપણને ઘણું આપ્યું છે ત્યારે સમાજને ઉપયોગી બનવાની ભાવનાથી તેઓ ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ના માધ્યમથી મદદરૂપ થઈ શકે છે. વધુ માહિતી માટે આપ **‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’**નો નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો.

**HELPLINE**
Whatsapp No : +91-98253 28488
feelingsfoundation2010@gmail.com

gandhi corporation

YOUR 2025-2026
CELEBRATION AWAITS

BOOK TODAY



7 Seas PARTY LAWN | The Belvedere Golf and Country Club | EVARA GREENS | KARNAVATI CLUB LTD.

+91 89800 00333 | +91 72038 26499

**Karnavati Club,** S.G. Hwy, Opp. Shalby Hospital - 380058.
**7 Seas,** Nr Science City Circle, Sardar Patel Ring Road - 380060.
**Evara Greens,** off Sindhu Bhavan Marg, PRL Colony, Thaltej - 380059.
**The Belvedere Golf and Country Club,** Nr Vaishnodevi Circle, Adani Shantigram - 382421.



✦ હેમંત વાળા

# આગને પણ બાગમાં ફેરવવા સક્ષમ નવી પેઢી

પેઢીઓ વચ્ચેનું અંતર સ્વાભાવિક છે. ગઈકાલે જે પરિસ્થિતિ હતી, જે ક્ષમતા હતી, જે સંભાવના હતી, જે સામાજિક માળખું હતું, જે સંસાધનો હતા તે આજે ન હોય, ન પણ હોય. જ્યાં માનવીનો વ્યવહાર આ બધી બાબતો પર આધારિત હોય ત્યાં સ્વાભાવિક છે કે, બે પેઢી વચ્ચે, જીવન પ્રત્યેનાં અભિગમ માટે ભિન્નતા હોય. બંને પેઢીમાં ધર્મ, સંસ્કૃતિ અને પરંપરા માટે એક સમાન લાગણી ન પણ હોય. જીવનને નિર્ધારિત કરતાં નૈતિક મૂલ્યો પણ બદલાય અને મૂલ્યોની વ્યાખ્યા પણ બદલાઈ શકે. માનવી-માનવી વચ્ચેની ભાવના માટે સંવેદનશીલતા અને તેની અભિવ્યક્તિનું સ્વરૂપ પણ પેઢી દર પેઢી બદલાતું જ રહ્યું છે. આમાં કશું જ અયોગ્ય કે અજુગતું નથી. સામાજિક વિકાસની આ સ્વાભાવિક પરંપરા પણ છે અને વાસ્તવિકતા પણ છે.

ક્યાંક આદર્શ સામે ગોઠવણની જીત થાય છે. ત્યારે સિદ્ધાંત સામે વ્યવહારુ અભિગમ મહત્વનો બની રહે છે. પ્રક્રિયા સામે પરિણામને મહત્વ અપાય છે. ભૌતિકતા સામે નૈતિકતા વામણી બની રહે છે. આવાં કારણોને કારણે ક્યાંક આદર્શવાદી વ્યક્તિ નિરાશ થઈ શકે. પરંતુ આજની પેઢીને તેમાંથી બહાર નીકળતા આવડે છે. સમય આવ્યે તે જરૂરી બાંધછોડ કરી દેવા તૈયાર હશે. જ્યારે પરિણામ પ્રાપ્ત ન થતું હોય ત્યારે પ્રક્રિયા અને સાધનોમાં ફેરફાર આવશ્યક બને, તેની આજની પેઢીને જાણ છે. આ યોગ્ય પણ છે. વળી, વડીલો દ્વારા ક્યારેક એમ ફરિયાદ કરવામાં આવે છે કે નવી પેઢી દરેક બાબત માટે સવાલ કરે છે. આ તો સારી બાબત છે. આપણી સનાતની સંસ્કૃતિમાં તો પ્રશ્નોત્તરીનું આગવું મહત્વ છેજ. આપણાં મોટાભાગનાં ઉપનિષદ્ અને



અન્ય શાસ્ત્રો પણ પ્રશ્નોત્તરી પર આધારિત છે. પ્રશ્નો પૂછાવા પણ જોઈએ અને તેનાં જવાબ હોવા પણ જોઈએ. માત્ર આ પ્રશ્નો તર્કબદ્ધ હોય તે જરૂરી છે, ખંડનાત્મક અભિગમ વાળા પ્રશ્નો કોઈ પણ સંસ્કૃતિમાં કે સમાજમાં ઈચ્છનીય ન ગણાય. નવી પેઢીને આની જાણ છે.

નવી પેઢીનો અભિગમ બહુ સ્પષ્ટ છે. તેઓનો દ્રષ્ટિકોણ વ્યવહારુ - પ્રેક્ટિકલ હોય છે. આ પેઢી સિદ્ધાંત કે પ્રક્રિયા કરતાં પરિણામ પર વધારે ધ્યાન આપે છે. તેઓ 'હાર્ડવર્ક'ની જગ્યાએ 'સ્માર્ટવર્ક'ની પસંદગી કરે છે. આમાં કશું જ ખોટું નથી. આજના ઝડપી જમાનામાં આ પ્રકારનો અભિગમ સ્વાભાવિક પણ છે અને સ્વીકૃત પણ છે. ઝડપી સફળતા, ઝડપી ઓળખ, ઝડપી આર્થિક સ્થિરતા માટેનાં પ્રયત્ન 'શુદ્ધતા' સાથે ન પણ થાય, તેની સામે તેમને વાંધો નથી હોતો. નવી પેઢી પોતાનું જીવન પોતાની રીતે ઘડવાનો આગ્રહ રાખે છે તે પણ સ્વાભાવિક છે. સમાજ જ્યારે વ્યક્તિલક્ષી બને ત્યારે આમ થાય. જ્યારે અમુક પ્રકારની સ્વતંત્રતાની માંગ પ્રચલિત થાય ત્યારે કોઈ પણ વ્યક્તિ આ સ્વતંત્રતાનો ઉપયોગ કરી જીવનને પોતાની રીતે આકાર આપવાનો પ્રયત્ન કરે છે. જ્યાં માર્ગદર્શન જરૂરી હોય ત્યાં આપી શકાય પરંતુ સામેની વ્યક્તિના મૂળભૂત અભિગમને બદલવાનો પ્રયત્ન યોગ્ય નથી.

યુવાનોને સારી નોકરી કે વ્યવસાય જોઈએ છે. તેમાં સુરક્ષા જોઈએ છે. જીવનમાં તેમને વૈભવી સુખ સુવિધા જોઈએ છે. મનોરંજન માટે વધારે સમય ફાળવી શકાય તેવી તેમની ઈચ્છા હોય છે. સમાજમાં સ્થાન અપાવી શકે તેવી જીવનશૈલી અપનાવવાની તેમની ખેવના હોય છે. વ્યક્તિગત તેમજ આર્થિક બાબતો માટે સ્વતંત્રતા જોઈએ છે. નવી ટેકનોલોજી અનુસારની તેમને સુવિધા જોઈએ છે. આ જનરેશનને માનસિક શાંતિ ધર્મ અને આધ્યાત્મમાં નહીં પરંતુ મુસાફરી, પાર્ટી, મહેફિલ, સમારંભ જેવી બાબતોમાં શોધે છે. તેમના માટે 'આર્થિક લાભ અપાવી શકે તેવું કામ' જ ભગવાન છે.


તેમના માટે સફળતાની વ્યાખ્યા એટલે આર્થિક સદ્ધરતા. હકીકતમાં આ બધી સકારાત્મક બાબત છે જેનાથી વ્યક્તિને, સમાજને અને રાષ્ટ્રને વિકાસના માર્ગે સરળતાથી લઈ જવાય. પ્રશ્ન ત્યારે થાય જ્યારે આ બધી બાબત માટે શોર્ટ કટ અપનાવવામાં આવે.

એમ કહી શકાય કે સમય અને ક્ષમતાનાં પ્રમાણમાં આજની પેઢીની અપેક્ષાઓ વધુ છે, મર્યાદિત સંસાધનો અને સંભાવનાના પ્રમાણમાં લક્ષ્ય કઠિન છે, કૌટુંબિક જવાબદારીઓ અને વ્યવસાયિક સુરક્ષા ઓછી હોવાથી એક પ્રકારની તણાવ-જનક સ્થિતિ છે. જેના કારણે 'સસ્તું' અને સરળ મનોરંજન વધુ સમય ભરખી જાય છે. સરખામણીની ભાવના ક્યાંક પરિસ્થિતિને વધુ મુશ્કેલ બનાવે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાં પરંપરાગત સમય-સિદ્ધ બાબતો હવે નજરઅંદાજ થતી જાય છે. મજાની વાત એ છે કે, નવી પેઢીને આ બધી વાસ્તવિકતાની ખબર હોય છે અને તેમાંથી બહાર કેવી રીતે નીકળી શકાય તેની જાણકારી પણ હોય છે. માટે પરિસ્થિતિ એવી નિરાશાજનક તો નથી. નવી પેઢીમાં એ પણ ક્ષમતા છે કે તેઓ ધારે ત્યારે પોતાની દિશા અને ઝડપ બદલી શકે છે. કોઈપણ પ્રકારનાં બદલાવ માટે તેમને અરૂચિ નથી, 'સ્વયં'ના બદલાવ માટે તેઓ તૈયાર હોય છે.

નવી પેઢીમાં શિક્ષણ, વ્યવસાયિક કૌશલ્ય, સ્થિરતા, સગવડતા, અને પોતાની પ્રગતિ જેવી બાબતો માટેનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ હોય છે, માત્ર તેઓ સંભાવના ચકાસતાં હોય છે. તેઓ જાણે છે કે જિંદગીમાં શેનું પ્રાધાન્ય હોવું જોઈએ અને કઈ કઈ બાબતોને ગૌણ ગણી શકાય. વિરોધી પરિસ્થિતિ વચ્ચે સંતુલન જાળવવાની આવશ્યકતાથી તેઓ માહિતગાર છે. અનેક પ્રકારની ક્ષમતાઓ કેળવવા આ જનરેશન સતત પ્રયત્નશીલ રહે છે. વ્યક્તિગત, કૌટુંબિક, વ્યવસાયિક બાબતો ઉપરાંત ભાવનાત્મક બાબતોમાં પણ સંતુલનનું મહત્વ તેઓ સમજે છે. જીવનમાં ન્યૂનતમવાદી અને અતિવાદી અભિગમ વિશે પણ તેઓ સ્પષ્ટ હોય છે. એટલે નવી પેઢીની પરિપક્વતા માટે શંકા-કુશંકા કરવાનું વાજબી નથી કારણકે આ તો સમયના બદલાવની વાસ્તવિકતા છે. જેનો આપણે સહર્ષ સ્વીકાર કરવો જ રહ્યો.

ભારત નસીબદાર છે કારણ કે ભારત પાસે અપાર યુવાધન છે. ભારતના તમામ યુવાનોને જો યોગ્ય શિક્ષણ અને તાલીમ યોગ્ય સમયે ઉપલબ્ધ થાય તો યુવાનોમાં રહેલી અઢળક સંભાવનાઓ અને અપાર બુદ્ધિ કૌશલ્યની સમૃદ્ધિ આવતીકાલના ભારતને સમૃદ્ધ અને શક્તિશાળી રાષ્ટ્ર બનાવી ભારતના ભાગ્ય ઘડતરમાં નવી દિશા-નવી ખોજનો પરચમ લહેરાવશે તે ચોક્કસ વાત છે. જરૂર છે આ યુવા શક્તિનો રચનાત્મક ઉપયોગ કરવાની.

'અમને નાંખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં...



✦ આર.જે. સચીન વજાણી

# ત્રીજી પેઢીના સ્ટાર કિડ્સની આજ ઔર કલ

**બોલીવુડના નામાંકિત પરિવારોના સંતાનોમાંના કેટલાક મા-બાપના બનાવેલા રેડીમેડ રસ્તા પર ચાલવાનું પસંદ કરે છે તો પોતાનો માર્ગ પોતાની જાતે પસંદ કરનારા સ્ટાર કિડ્સની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય એટલી છે...**

મા કે બાપ બોલીવુડ સેલિબ્રિટી હોય એટલે તેમના સંતાન પણ બોલીવુડમાં જ કામ કરશે એવું ધારી લેવામાં આવે છે... અથવા તો પહેલેથી સ્વીકારી લેવામાં આવે છે એમ કહીશું તો જરા પણ અતિશ્યોક્તિ નથી.

આ ફિલ્મી સેલિબ્રિટીઓને જે પ્રેમ દર્શકો પાસેથી મળ્યો હોય છે એટલો જ પ્રેમ તેમના બાળકોને નથી મળતો. વીરુ દેવગનના દીકરા અજય દેવગનને, સુનીલ દત્તના દીકરા સંજય દત્તને, સલીમના ખાનના દીકરા સલમાન ખાનને, નાઝીર હુસેનના ભત્રીજા આમિર ખાનને, શર્મીલા ટાગોરના દીકરા સૈફ અલી ખાનને અને અસંખ્ય એવા કલાકારોને આ યાદીમાં સામેલ કરી શકાય, પણ આ બીજી પેઢી બાદ ત્રીજી પેઢીનું શું? આજની જનતા વધારે સજાગ છે અને તેઓ કલ્પનાશક્તિ કરતાં વાસ્તવિકતાને વધારે પ્રાધાન્ય આપે છે. કદાચ એટલે આજે આ ત્રીજી પેઢીના સ્ટાર કિડ્સને અલગ પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. એમાંના કેટલાક તો એવા છે જે બોલીવુડના નામથી જ દૂર ભાગે છે. પોતાની મન - મરજીની દુનિયામાં તેઓ રાજીખુશીથી કામ કરી રહ્યા છે.

ત્રીજી પેઢીના સ્ટાર કિડ્સ વિશે ચર્ચા કરતાં પહેલાં, આપણે એ સમજવું જરૂરી છે કે, બોલીવુડમાં સ્ટારડમ કેવી રીતે બને છે. સામાન્ય લોકો માટે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશવું એ એક મુશ્કેલીભર્યું કામ હોય છે, કેમ કે તેમાં સામેલ હોય છે સખત મહેનત, ઓડિશનની ભરમાર અને એક દમદાર નેટવર્કિંગ. પણ સ્ટાર કિડ્સ માટે આ પ્રોસેસ થોડી સરળ બની જાય છે. તેમના માતાપિતા સેલિબ્રિટીઝ હોવાને કારણે તેમને ફિલ્મ ઈન્ડસ્ટ્રિઝ સાથે જોડાણનું એક વિશાળ નેટવર્ક પહેલેથી જ મળેલું હોય છે. આથી, તેઓ સરળતાથી મોખરાનું સ્થાન મેળવવાનું શરૂ કરી દે છે. તેમ છતાં પોતાની આવડત અને કલાને પૂરવાર કરવાનું તેમના માથે જોખમ હોય જ છે.

અભિષેક બચ્ચન એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મહાનાયકના દીકરાની આંગળી પકડીને બોલીવુડમાં લોન્ચ કરવાનું જોખમ લેવા કોઈ ફિલ્મમેકર એ સમયે તૈયાર નહોતો અને એવામાં તેના માટે તેના પિતાની ઓળખ, આબરૂ ક્યાંક મોટો પડકાર બની ગઈ હતી. તેમ છતાં પડતા-શીખતા અભિષેકે પોતાનો ચાહક વર્ગ જાતે ઊભો કર્યો છે .

બચ્ચન પરિવારની વાત નીકળી છે તો એ વાત પણ જાણવી આપણા માટે જરૂરી છે કે અમિતાભ બચ્ચનની દીકરી શ્વેતા બચ્ચન નંદાના દીકરા અગત્સ્ય નંદાએ



અભિનયના ક્ષેત્રમાં આગળ વધવાની શરૂઆત કરી દીધી છે. ૨000ની સાલમાં જન્મેલા અગત્સ્યે ૨૦૨૩માં 'ધ આર્ચીસ' દ્વારા અભિનયના ક્ષેત્રમાં એન્ટ્રી કરી હતી. ઝોયા અખ્તર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં બોની કપૂર અને શ્રીદેવી કપૂરની દિકરી ખુશી કપૂર અને કિંગ ખાન શાહરૂખ ખાનની દીકરી સુહાના ખાને પણ અભિનય કર્યો હતો. આ નામો જાણીને એ વાતની પુષ્ટિ તો થઈ જાય છે કે બોલીવુડના નામાંકિત પરિવારોના નબીરાઓ પણ તેમના માતા-પિતાની જેમ બોલીવુડમાં જ કામ કરવા માંગે છે અને




એમાં પણ ખાસ કરીને એક્ટિંગના ક્ષેત્રમાં.

શહેનશાહના પરિવારની વાત કરવાની સાથે બાદશાહની પણ વાત કરી જ લઈએ. શાહરૂખ ખાનના મોટા દીકરા આર્યન ખાને શરૂઆતમાં એક્ટિંગમાં પ્રયાસ કર્યો હતો પણ એમાં કશું વળ્યું નહીં. ત્યાર બાદ તેણે 'ધ લાયન કિંગ' (૨૦૧૯)માં સિમ્બા માટે અને ૨૦૨૪માં 'મુફાસાઃ ધ લાયન કિંગ'માં પપ્પા શાહરૂખ અને નાનાભાઈ અબરામ સાથે ડબિંગ કર્યું હતું, જેને સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. હવે આર્યને પોતે 'The Ba***ds of Bollywood' નામની એક ટેલિવિઝન સિરીઝ ડિરેક્ટ કરી છે, જે માટે તાજેતરમાં મીડિયા સામે તેણે પહેલીવાર પોતાના પ્રોજેક્ટની વાત કરી હતી. આ પ્રોજેક્ટ તેના જ પિતાની કંપની રેડ ચિલીસ એન્ટરટેઈનમેન્ટ દ્વારા બનાવવામાં આવી છે.


મીડિયા સાથેની વાતચીતમાં આર્યને ખુલ્લા મને નમ્રતાથી જે વાત કરી હતી, એ મીડિયાને તથા દર્શકોને પણ ઘણી ગમી હતી. આર્યને કેલિફોર્નિયાથી ફાઈન આર્ટ્સની ડિગ્રી મેળવી છે અને ભવિષ્યમાં હવે તે કેવા પ્રકારના પ્રોજેક્ટસ લઈને આવશે એના પર સૌ કોઈની નજર રહેશે. વળી આર્યનની બહેન સુહાના પણ ન્યૂયોર્કથી ડ્રામા અને એક્ટિંગ શીખી આવી છે અને નાનપણથી થિયેટર્સ પણ કરી રહી છે. તેમ છતાં અહીં બોલીવૂડમાં તે પોતાની સ્વતંત્ર ઓળખ બનાવવા મહેનત કરી રહી છે. હા, તે ચંકી પાન્ડેની દીકરી અનન્યા પાંડેની જેમ બ્રાન્ડ એન્ડોર્સ કરતી અને પોતાની આઈપીએલની ટીમ કેકેઆરને સપોર્ટ કરતી અવાર-નવાર જોવા મળી જાય છે.

ત્રીજી પેઢીથી પણ આગળ વધીએ તો કપૂર ફેમિલી એક એવી ફેમિલી છે જેને દર્શકોનો પાસેથી ભરપૂર પ્રેમ મળ્યો છે. પૃથ્વીરાજ કપૂરથી માંડી રણબીર કપૂર સુધી આ ફેમિલીએ દર્શકોનું વર્ષો સુધી મનોરંજન કર્યું છે. શરૂઆતમાં જ્યારે રણબીર કપૂરની બોલીવુડમાં એન્ટ્રી થયેલી હતી ત્યારે આવનારા સમયમાં તે લોકોના દિલો પર રાજ



કરશે એ વાત કોઈએ નહોતી વિચારી. 'સાંવરીયા' (૨૦૦૫), 'રોકેટ સિંહ' (૨૦૦૯), 'અજબ પ્રેમ કી ગજબ કહાની' (૨૦૦૯), 'રોકસ્ટાર' (૨૦૧૧), 'બરફી' (૨૦૧૨), 'યે જવાની હૈ દિવાની' (૨૦૧૩), 'સંજૂ' (૨૦૧૮), 'એનિમલ' (૨૦૨૩) જેવી ફિલ્મો થકી તે લોકોના મનમાં ઘર કરી શક્યો. પણ હા, શરૂઆતના તબક્કામાં તેણે પણ પરસેવો તો ખૂબ પાડવો જ પડ્યો હતો.

બચ્ચન, ખાન અને કપૂર ફેમિલી બાદ રોશન પરિવાર પણ આ યાદીમાં અચૂક સ્થાન પામે. રાજેશ રોશન અને રાકેશ રોશને



બોલીવુડમાં એન્ટ્રી કર્યા પછી રિતિક રોશને પોતાની એક અલગ અને સ્વચ્છ આભા ઊભી કરી છે અને હવે રાજેશ રોશન અને કાંચન રોશનની દિકરી પશ્મીના રોશન પણ અભિનયના ક્ષેત્રમાં એન્ટ્રી કરી ચૂકી છે. માત્ર ૨૯ વર્ષની આ યુવતીએ ૨૦૨૪માં 'ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ' નામની રોમેન્ટિક કોમેડી ડ્રામા ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં તેની સાથે વધુ એક સ્ટાર કિડે અભિનય કર્યો હતો જેનું નામ છે જીબ્રાન ખાન. જીબ્રાન, બી.આર.ચોપડાની ખૂબ જ પ્રખ્યાત 'મહાભારત' સિરિયલમાં અર્જુનનું પાત્ર ભજવનાર અભિનેતા ફિરોઝ ખાન અને કાશ્મીરાનો દીકરો છે. જીબ્રાને ૧૯૯૯થી વર્ષ ૨૦૦૨ સુધી બાળ કલાકાર તરીકે 'કભી ખુશી કભી ગમ' (૨૦૦૧) (સ્કૂલના એન્યુઅલ ડેમાં ભારતનું રાષ્ટ્રગીત ગાતો બાળક અને એ ઈમોશનલ સીન યાદ છે) અને 'રિશ્તે' (૨૦૦૨) જેવી ફિલ્મમાં અભિનય કર્યો હતો અને ત્યારબાદ ૨૦૨૪થી સક્રિયપણે તે અભિનયમાં હાથ અજમાવી રહ્યો છે.

મુંબઈની એચ.આર. કોલેજથી ભણતર પૂરું કર્યા બાદ ન્યુયોર્ક જઈને ડ્રામેટિક્સની ડિગ્રી મેળવનારો આમિર



ખાનનો દીકરો જુનૈદ ખાન આમ તો લાઈમ લાઈટથી દૂર રહે છે અને પોતાની સાદગી માટે ઘણો વખણાય છે. મોટાભાગના લોકો એટલું જ જાણે છે કે જુનૈદે ૨૦૨૪માં આવેલી ફિલ્મ 'મહારાજા' થી પોતાનું કરિયર શરૂ કર્યું હતું અને ત્યારબાદ ૨૦૨૫માં તેની ફિલ્મ 'લવયાપા' રિલીઝ થઈ હતી પણ ઘણા ઓછા લોકોને ખબર છે કે જુનૈદ વર્ષ ૨૦૧૭ થી સતત થિયેટર્સ સાથે જોડાયેલો રહ્યો છે અને ૨૦૧૪માં આવેલી આમિર ખાનની ફિલ્મ 'પીકે'માં તે આસિસ્ટન્ટ ડિરેક્ટર રહ્યો



હતો.

અત્યાર સુધી આપણે જે પણ સ્ટાર કિડ્સની વાત કરી એમાંના મોટાભાગના સ્ટાર સંતાનો અભિનયના ક્ષેત્રમાં જ કામ કરતા જોવા મળ્યા છે. અભિનયથી અલગ કામકાજમાં હાથ અજમાવનારા સ્ટાર કિડ્સમાં ડેવિડ ધવનના મોટા દીકરા રોહિત ધવનનું નામ જરૂરથી ઉમેરી શકાય.

તેણે ન્યૂયોર્ક યુનિવર્સિટીથી ફિલ્મ મેકિંગમાં ડિગ્રી મેળવી છે. ૨૦૦૬ માં આવેલી શાહરૂખ ખાનની ફિલ્મ 'ડોન'માં તે આસિસ્ટન્ટ ડિરેક્ટર રહ્યો હતો અને

૨૦૦૭માં આવેલી ફિલ્મ 'પાર્ટનર'માં તે અસોસિયેટ ડિરેક્ટર રહ્યો હતો. ૨૦૧૧માં આવેલી ફિલ્મ 'દેશી બોય્ઝ', ૨૦૧૬ની 'ઢીશુમ' અને ૨૦૨૩માં આવેલી 'શહેઝાદા' ફિલ્મમાં તે પોતે સ્ક્રીન રાઈટર અને ડિરેક્ટર તરીકેની જવાબદારી બજાવતો જોવા મળ્યો હતો. આ ઉપરાંત આલિયા ભટ્ટની બહેન શાહિન ભટ્ટે 'ઝહેર' (૨૦૦૫) અને 'જીસ્મ-૨' (૨૦૧૨) જેવી ફિલ્મોના દ્રશ્યો લખ્યા છે અને 'રાઝ ૩' (૨૦૧૨)માં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું છે. આ સ્ટાર કિડ્સ રૂપેરી પડદે દેખાતા ન હોવાને લીધે તેમના વિશે લોકો ભાગ્યે જાણે છે.

આ ઉપરાંત જોવા જઈએ તો સુસ્મિતા સેનની દીકરી રેની સેન એસોસિએટ ડિરેક્ટર તરીકે ૨૦૨૩માં આવેલી 'બેડ ન્યુઝ'માં કામ કરી ચૂકી છે. રવિના ટંડનની દીકરી રાશા ઠડાણીએ પણ 'આઝાદ' (૨૦૨૫) ફિલ્મમાં અભિનય કર્યો હતો અને તેનું ગીત 'ઉઈ અમ્મા' ઘણું વાયરલ થયું હતું. જેકી શ્રોફનો દીકરો ટાઈગર શ્રોફ આજે એક અભિનેતા તરીકે આપણને જોવા મળે છે જ્યારે જેકીની દીકરી કૃષ્ણા શ્રોફ બોલીવૂડથી અલગ ફિટનેસ સેન્ટર ચલાવે છે. અનુરાગ કશ્યપ જેઓ પોતાની ફિલ્મો માટે જેટલા વખણાય છે, એટલા ટ્રોલ પણ થાય છે, તેમની દીકરી આલ્યા કશ્યપ પોતાની યૂટ્યુબ ચેનલ ચલાવે છે.

ટૂંકમાં જે સ્ટાર કિડ્સની અહીં આપણે વાતો કરી એના પરથી એટલું તો કહી જ શકાય કે, મોટાભાગના સ્ટાર સંતાનો મા-બાપના બનાવેલા રેડીમેડ રસ્તા પર ચાલવાનું વધારે પસંદ કરે છે એવા ઘણા ઓછા સ્ટાર કિડ્સ છે જે પોતાની અલગ કેડી કંડારવામાં રસ ધરાવે છે. બોલીવુડ એ આપણા દેશનું એક એવું ક્ષેત્ર છે જે પોતાને ગરીબ ગણાવતા લોકો પાસેથી પણ ફિલ્મી ટિકિટના નામે ૨૫૦-૩૦૦ રૂપિયા તો કઢાવી જ લેતું હોય છે અને એનાથી ગણ્યાં-ગાઠ્યાં લોકો કરોડોમાં કમાણી કરી જાય છે. તેમ છતાં આંખો આંજી નાખે એવી ગ્લેમરસ ઈન્ડસ્ટ્રીથી અલગ થઈને પોતાની એક અલગ ઓળખ બનાવવાની ઘેલછા ઘણા ઓછા સ્ટાર કિડ્સમાં જોવા મળી રહી છે.

ભારતીય ફિલ્મ ઉદ્યોગ, માત્ર ફિલ્મો બનાવવાની જગ્યા નથી, પણ એક સંસ્કૃતિ, સમાજની છબી અને સપનાઓનું વિશ્વ છે. આ ઉદ્યોગમાં દર વર્ષે હજારો લોકો પ્રવેશવા માટે પ્રયત્ન કરતા રહે છે અને આંગળીના વેઢે ગણી શકાય એટલા લોકો નિયમિત કામ કરતા રહે છે. પરંતુ જ્યારે કોઈ વ્યક્તિનું જન્મજાત એક્સેસ હોય, ખાસ કરીને સ્ટાર કિડ્સ તરીકે ઓળખાતા સેલિબ્રિટી પરિવારોના સંતાનો, તો તેમને નાનપણથી જ અલગ ઓળખ, અલગ ટ્રિટમેન્ટ મળતી રહે છે. આ ટ્રિટમેન્ટની તેમના પર સકારાત્મક અસર થાય છે કે નકારાત્મક એ તેમના પારિવારિક ઉછેર પર આધાર રાખે છે. તેમ છતાં, દરેક સ્ટાર કિડ પોતાનું અલગ યુનિવર્સ ધરાવે છે. કેટલાક પોતાના કામથી સાબિત કરી બતાવે છે કે નેપોટિઝમ સિવાય પણ તેઓ કાબેલ છે. ભારતીય સમાજમાં સેલિબ્રિટી લાઈફસ્ટાઈલ ખૂબ જ આકર્ષક ગણવામાં આવે છે. લોકો તેમની જીવનશૈલી અને અભિનયની સ્ટાઈલથી પ્રભાવિત થતા હોય છે. સ્ટાર કિડ્સના ઉદાહરણોથી ખૂબ જ સ્પષ્ટ થાય છે કે, નેપોટિઝમના હોવા છતાં, પ્રતિભા, મહેનત અને સમયની જરૂરિયાત દરેક વ્યક્તિ માટે સરખી રહે છે. તેમને પૂરતી ટ્રેનિંગ અને મહેનત કરવાની જરૂર પડે છે, અન્યથા આજના યુગમાં ડિજિટલ અને ઓટીટી પ્લેટફોર્મ હોવા છતાં તેઓ લાંબા સમય સુધી ટકી નથી શકતા. ફી











SWISS POINT
નવસારીના નામાંકિત ટ્રાન્ઝિટ ડેવલપર્સ ના વૈભવી પ્રોજેક્ટ
નવસારીમાં વિકાસની નવી ઊંચાઈઓ તરફ સ્માર્ટ કોમર્શીયલ તેમજ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ
એમિનિટીઝ:
•૨૪ કલાક સિક્યુરિટી •ફાયર ફાઈટર સિસ્ટમ •સીસીટીવી સર્વેલન્સ
•ચિલ્ડ્રન પ્લે એરિઆ •જોગીંગ ટ્રેક •લશ ગ્રીન ગાર્ડન
શા માટે આ સ્થળ તમારા માટે આદર્શ છે!
નવસારી રેલ્વે સ્ટેશન ૩ કિમી (૫ મિનિટ)
બુલેટ ટ્રેન સ્ટોપ ૨૩ કિમી (૧૫ મિનિટ)
સુરત એરપોર્ટ ૪૦ કિમી (૩૦ મિનિટ)
નેશનલ હાઈવે નં. ૪૮ ૩ કિમી (૫ મિનિટ)
ડાયમન્ડ બુર્સ સુરત ૩૪ કિમી (૨૫ મિનિટ)
SWISS POINT
રેડી પઝેશન
કોમર્શિયલ પ્રોપર્ટી તુરંત રેન્ટ માટે તૈયાર
કોમર્શિયલ અને રેસિડેન્શિયલના સેપરેટ ટાવર 2BHK & 3 BHK ફ્લેટ્સ
કોર્પોરેટ ઓફિસ, શોરૂમ અને રહેઠાણ માટે લક્ઝરીયસ સંકુલ
સ્વિસ પોઈન્ટ
ગણદેવી રોડ, એક્સિસ બેંકની સામે, લુન્સીકુઈ, નવસારી - ૩૯૬૪
RERA NO. PR/GJ/NAVSARI/NAVSARI/Others/MAA08600/110621
નવસારીનો વૈભવી રેસિડેન્શિયલ પ્રોજેક્ટ
એવો લેક-વ્યુ કે જ્યાં દરેક સવાર લાવે નવી તાજગી
SWISS LAKE
Crafting a better tomorrow
એક્સીલન્સ લીવીંગ
લીમીટેડ યુનિટ
લોન સુવિધા ઉપલબ્ધ
સંપૂર્ણ ટાઈટલ કલીયર
એન્ટ્રન્સ ગેટ | CCTV કેમેરા | ફાયર સેફ્ટી | 24 x 7 વોટર સપ્લાય | 24 x 7 સિક્યુરિટી
સ્વિસ લેક
ટીકા નં. 67, C. S.No. 42220, આશાબાગ, દુધીયા તળાવ, નવસારી
RERA NO. : PR/GJ/NAVSARI/NAVSARI/VijalporMunicipality/RAA15216/130525/310327
SWISS MEADOWS
3 BHK ELITE HOME
નવસારી એરૂ ચાર રસ્તા નજીક પરિવાર માટે પરફેક્ટ હોમ
✓ સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર
✓ લોન સુવિધા ઉપલબ્ધ
✓ લીમીટેડ યુનિટ
✓ સંપૂર્ણ ટાઈટલ કલીયર
લક્ઝરીયસ રેસીડન્સીયલ પ્રોજેક્ટ
"હવે ફ્લેટના ભાવમાં રો-હાઉસ"
સ્વિસ મેડોસ
નિસર્ગ વિલાની બાજુમાં, એ-વન બંગ્લોઝની સામે, એરૂ ચાર રસ્તા નજીક, નવસારી.
RERA NO. : PR/GJ/NAVSARI/NAVSARI/NavsariUrbanDevelopmentAuthority/MAA15021/260325/310329
એમેનીટીસ • લશ ગ્રીન ગાર્ડન • સીનીયર સીટીઝન સીટીંગ • ચિલ્ડ્રન પ્લે એરિયા • જોગીંગ ટ્રેક • પાર્કીંગ • 24 x 7 વોટર સપ્લાય • 24 x 7 સીક્યુરીટી • CCTV કેમેરા
TRANSIT DEVELOPERS PVT. LTD.
Symbol of Elegance & Luxury
Follow us
+91 95120 20328
+91 98794 20328
OUR PROJECT
SWISS High Holborn | SWISS GALAXY | SWISS | SWISS | SWISS INFINITY
PRAGATI Mahila Mandal | HIGHGATES | SWISS Highlands | SWISS JUNCTION | NISARG VILLA
email: malavdhruv@transitdevelopers.com • visit us: http://www.transitdevelopers.com
Scan me! for website
PROMSERVE/TDPL-290925





✦ આર.જે. સચીન વજાણી

# ક્રિકેટર્સ કિડ્સનું કરિયર કયા પંથે?

**દીવા નીચે અંધારું હોય એ વાત નામાંકિત ક્રિકેટર્સના કિડ્સ માટે ક્યાંક સાચી સાબિત થતી જોવા મળે છે. જે ક્રિકેટરોએ પહેલો વર્લ્ડ કપ અપાવ્યો એમના સંતાન આજે ક્યાં છે અને શું કરે છે એ કેટલા લોકો જાણે છે?**

દીવા નીચે અંધારું હોય એ વાત નામાંકિત ક્રિકેટર્સના કિડ્સ માટે ક્યાંક સાચી સાબિત થતી જોવા મળે છે. જે ક્રિકેટરોએ પહેલો વર્લ્ડ કપ અપાવ્યો એમના સંતાનો આજે ક્યાં છે અને શું કરે છે એ કેટલા લોકો જાણે છે?

દરેક પિતા ઈચ્છતો હોય કે તેનો દીકરો તેના દ્વારા ઊભા કરવામાં આવેલા એમ્પાયરને સાચવે અને ચલાવે. ઘણાંખરા એમાં સફળ પણ થાય છે અને ઘણાં નથી પણ થતાં. ભારત જેવા દેશમાં માત્ર બે ક્ષેત્ર એવા છે જેમાં અબજો રૂપિયાની લેવડદેવડ અને કમાણી થતી હોય છે અને સાથે સાથે પોપ્યુલારિટી પણ નિયમિત મળતી રહે છે. આ બે ક્ષેત્ર છે બોલીવુડ અને ક્રિકેટ.

આપણે અહીં વાત કરીશું ક્રિકેટની, જેને ભારતભરમાં એક ઝનૂન, એક પેશન સાથે ફોલો કરવામાં આવે છે અને ભગવાનની જેમ પૂજવામાં આવે છે. આ ક્રિકેટે ઘણા ખેલાડીઓની કારકિર્દી બનાવી છે, તો ઘણાની બગાડી પણ છે. ૧૯૮૩માં જ્યારે ભારતે કપિલ દેવના નેતૃત્વમાં પોતાનો પહેલો વર્લ્ડ કપ જીત્યો ત્યારે કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે આ દેશનું ક્રિકેટ બોર્ડ ક્યારેક વિશ્વનું સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ બની જશે અને એ દેશનો કોઈ સભ્ય આઈસીસીના ટોચના હોદ્દા પર બેસી સમગ્ર ક્રિકેટ જગતનું સુકાન સંભાળશે.

ક્રિકેટ જગતમાં આપણે એ ખ્યાતનામ ક્રિકેટરોને જ યાદ રાખીયે છીએ જેમણે કંઈક અલગ મુકામ હાંસલ કર્યા હોય, જેમ કે કપિલ દેવ, સુનીલ ગાવસ્કર, સચીન તેન્ડુલકર, મહેન્દ્ર સિંહ ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા વગેરે... પણ અન્ય ક્રિકેટરોનું શું? જે પ્રમાણે ક્રિકેટની એક ટીમમાં ૧૧ પ્લેયર્સે સાથે મળીને રમવું જરૂરી હોય છે એ પ્રમાણે દરેક ક્રિકેટરને પણ માન-સન્માન મળવું જરૂરી છે.



સચીન તેન્ડુલકર અને વિનોદ કામ્બલી એક જ ગુરુ પાસેથી ક્રિકેટ શીખ્યા પરંતુ આજે વાસ્તવિકતા શું છે એ આપણે સૌ જાણીએ છીએ. ક્રિકેટરોના વ્યક્તિગત જીવનને અવગણી, જો તેમના ક્રિકેટ જગતને આપેલા યોગદાન પર ધ્યાન આપીએ તો દરેક ક્રિકેટર પોતાની એક અલગ આઈડેન્ટિટી લઈને મેદાનમાં ઉતરે છે. આ ખેલાડીઓએ પોતે જે નામના મેળવી છે એ આજે તેમના સંતાનો આગળ વધારી રહ્યા છે. અલબત્ત આપણે એવા કેટલા ક્રિકેટર્સના સંતાનોને જાણીએ છીએ? મોટાભાગની જનતા એ જ જાણે છે કે સચીન તેન્ડુલકરનો દીકરો અર્જુન તેન્ડલુકર છે અને એ આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે રમે છે પણ એ સિવાયના અન્ય ક્રિકેટર્સના કિડ્સનું શું? ચાલો તો આજે અન્ય ક્રિકેટર્સ અને તેમના સંતાનો વિશે ઓછી જાણીતી વાતો પર ચર્ચા કરીએ.

ભારતીય ક્રિકેટ જગતના ઈતિહાસમાં અનેક પ્રખર ખેલાડીઓ માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય મંચ પર પણ ભારતનું ગૌરવ વધારવામાં સક્ષમ રહ્યા છે. આવા શ્રેષ્ઠ ક્રિકેટર્સની વારસાગત લહેર આજે તેમના સંતાનોમાં પણ જોવા મળી રહી છે, જે ક્રિકેટ જગતમાં પોતાનું આગવું સ્થાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભારતને પહેલો વર્લ્ડ કપ અપાવનાર કેપ્ટન કપિલ દેવથી વાત શરૂ કરીએ. કપિલ અને રોમીને અમીયા નામે એક દીકરી છે. અમીયા આમ તો મીડિયા



અને લાઈમલાઈટથી દૂર રહે છે પણ કપિલ દેવ પર જ્યારે બાયોપિક બની ત્યારે તેણે ડિરેક્ટર કબિર ખાનને આસિસ્ટ કર્યું હતું.



ભારતીય ક્રિકેટ ટીમના એક સમયના એવા કપ્તાન જેમના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ ઘણા બદલાવ કર્યા અને તેમની દાદાગીરીને લીધે ઘણા પ્રતિભાશાળી ખેલાડીઓ ટીમને મળ્યા. દાદાના હુલામણા નામથી જાણીતા સૌરવ ગાંગુલીએ પણ પોતાની કારકિર્દીમાં અનેક ઈતિહાસ રચ્યા છે, તેમનું એકમાત્ર સંતાન તેમની દીકરી સના ગાંગુલી છે. જે શાસ્ત્રીય નૃત્ય ઓડિશીમાં પોતાની મમ્મીની જેમ પારંગત છે. તેણે સાત વર્ષની ઉંમરમાં પોતાનું પહેલું સ્ટેજ પર્ફોમન્સ આપ્યું હતું. સામાન્યપણે તે મીડિયાથી દૂર જ રહે છે.



ગાંગુલીના કેપ્ટનપદેથી નીકળ્યા બાદ અનિલ કુંબલેને ટીમની કમાન સોંપવામાં આવેલ હતી. ઈન્ડિયન ક્રિકેટ ટીમના આ રાઈટ હેન્ડેડ લેગ સ્પિનર પોતાની ઘાતક બોલિંગથી અનેક રેકોર્ડ પોતાના નામે કરી ચૂક્યા છે જેમાંના કેટલાક રેકોર્ડ્સ આજે પણ અકબંધ છે. અનિલ અને તેની પહેલી પત્ની ચેતનાની દીકરીનું નામ અરૂણી કુંબલે છે. તે વ્યાવસાયિક રીતે અરૂણી એક CA છે અને તેણે લંડનની ઈમ્પિરીયલ કોલેજથી પોતાનું ભણતર પૂરુ કર્યું છે. ચેતનાથી છૂટાછેડા લીધા બાદ અનિલને ત્યાં મયાસ કુંબલે નામનો દીકરો અને સ્વાસ્તિ કુંબલે નામની દીકરી છે. મયાસ એક વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર છે.



ભારતીય ટેસ્ટ ક્રિકેટની વોલ તથા ટીમ ઈન્ડિયાના કોચ રહી ચૂકેલા શાંત સ્વભાવના ધણી રાહુલ દ્રવિડ અને વિજેતા પેન્ડહારકરનો દીકરો સમીત છે. હાલ તે ૧૯ વર્ષનો છે. રમતોમાં ખાસ કરીને તે ક્રિકેટમાં રસ ધરાવે છે અને જુનિયર ક્રિકેટર તરીકે પોતાનું કૌશલ્ય રજૂ કરી રહ્યો છે. તેણે બેંગ્લોર યુનાઈટેડ ક્રિકેટ કલબ (BUCC) માટે U-14 ટીમમાં પ્રતિનિધિત્વ કર્યું છે અને ટાઈગર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો છે. રમતગમત ઉપરાંત તેને સ્વિમિંગ, પ્રવાસ અને સંગીત સાંભળવામાં પણ ઘણો રસ છે. તેનો એક નાનો ભાઈ પણ છે જેનું નામ અન્વય દ્રવિડ છે.




વીરુ પ્રાજીની વાત કરીએ તો તેમને પણ બે સંતાન છે. આર્યવીર સહેવાગ અને વેદાંત સહેવાગ. ઉલ્લેખનીય છે કે સહેવાગના બંને દીકરા ક્રિકેટમાં રસ ધરાવે છે અને આઈપીએલમાં દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ) માટે રમે છે. ૨૦૨૫માં ડીપીએલની એક ટીમ સેન્ટ્રલ દિલ્હી કિંગ્સે આર્યવીરને આઠ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો જ્યારે વેદાંત અનસોલ્ડ રહ્યો હતો. અંડર ૧૯માં આર્યવીર પોતાના પિતાની જેમ ટોપ ઓર્ડર બેટ્સમેન તરીકે રમે છે. છેલ્લી સીઝનમાં તેણે મેઘાલય સામે ૨૯૭ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી.

વિરેન્દ્ર સહેવાગ અને તેના બાળકો સાથે એક કિસ્સો પણ ઘણો પ્રચલિત છે. આપણે સૌ જાણીએ છીએ કે વીરુ પાજી પોતાની બિન્ધાસ બોલી અને વનલાઈનર પંચ માટે જાણીતા છે. તેમણે પોતાના બાળકોને ક્રિકેટ અંગે પ્રેરિત કરવા ફરારી ચેલેન્જ આપી રાખી છે. આ ચેલેન્જ હેઠળ તેમણે કોઈપણ ક્રિકેટની ફોર્મેટમાં ૩૧૯ રનનો આંકડો પાર કરી બતાવવાનો રહેશે. ૩૧૯ રન સહેવાગનો બેસ્ટ ટેસ્ટ સ્કોર છે. જે તેણે ૨૦૦૮માં ચેન્નઈમાં સાઉથ આફ્રિકા સામે બનાવ્યો હતો. જોકે પપ્પાએ આપેલી આ ચેલેન્જ આર્યવીર ૨૩ રનથી ચૂકી ગયો હતો પણ પિતા વિરેન્દ્રએ તેને પોતાની આ ક્રિકેટ માટેની પેશનને ઝળહળતી રાખવાની સલાહ આપેલ.



૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના એક મસ્ત મજાના પ્લેયર એટલે દક્ષિણ ભારતના કે. શ્રીકાંત, જેનું હુલામણું નામ ચીકા છે. ચીકાના બે દીકરા પહેલો આદિત્ય અને બીજા અનિરૂદ્ધ. અનિરૂદ્ધ એક પ્રોફેશનલ ક્રિકેટર રહી ચૂક્યો છે અને તે આઈપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ (૨૦૦૮થી ૨૦૧૩ દરમિયાન) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (૨૦૧૪) માટે પણ રમી ચૂક્યો છે. ટી૨૦માં તેણે કુલ ૭૭ મેચ રમી છે જેમાં ૨૬.૧૮ની એવરેજથી ૧૨૫૭ રન બનાવ્યા છે જેમાં સાત હાફ સેન્ચુરી પણ સામેલ છે. ૨૦૧૫ બાદ તેને આઈપીએલમાંથી રિલીઝ કરી દેવામાં આવ્યો હતો અને હવે તે કોમેન્ટેટર તરીકેની ભૂમિકા બજવતો જોવા મળે છે.

સચીન તેન્ડુલકરની અગાઉના દિગ્ગજ ક્રિકેટરોમાં સુનીલ ગાવસ્કરનું નામ અચૂક લેવાય. આજની તારીખમાં તે પોતાની



તીખી બોલી અને આખા-બોલી ટીકા ટિપ્પણી માટે જાણીતા કોમેન્ટેટર છે. તેમનો દીકરો રોશન ગાવસ્કર આજે તેમની જેમ જ ક્રિકેટ રમ્યા બાદ કોમેન્ટ્રી કરતો જોવા મળે છે. રોશને ભારતીય ટીમ માટે માત્ર ૧૧ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમી છે. તે મિડલ ઓર્ડર લેફ્ટ હેન્ડેડ બેટ્સમેન હતો અને ક્યારેક સ્લો લેફ્ટ આર્મ ઓર્થોડોક્સ બોલર તરીકે પણ જોવા મળતો હતો. ડોમેસ્ટિક ક્રિકેટમાં તે રણજી ટ્રોફીમાં બંગાળની ટીમ તરફથી રમતો અને દુલીપ ટ્રોફીમાં ઈસ્ટ ઝોનથી રમતો. એ સમયે મુંબઈમાં ટોપ ઓર્ડર બેટ્સમેનની ભરમાર હોવાથી તેને મુંબઈ માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમવાનો યોગ્ય ચાન્સ તરત ન મળ્યો હોવાથી તે બંગાલ તરફથી રમ્યો હતો. આઈપીએલમાં તે કલકત્તા નાઈટ રાઈડર્સ માટે રમ્યો હતો. ૨૦૧૨માં તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી. બંગાળ વતી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમતા તેણે ૭૫ મેચમાં ૫૧.૨૪ની એવરેજથી ૫૦૭૩ રન પોતાના નામે કર્યા છે. ક્રિકેટમાંથી નિવૃત્ત થયા બાદ તે ૨૦૧૩માં કોમેન્ટ્રી કરતો જોવા મળ્યો હતો.

જે પ્રમાણે રોજર બિન્નીને કોઈ ઓળખાણની જરૂરત નથી એ પ્રમાણે એના દીકરા સ્ટુઅર્ટ બિન્નીને પણ ખાસ ઓળખની જરૂરત નથી. તેણે ૨૦૦૩-૦૪ સીઝનમાં કર્ણાટક માટે પોતાની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં એન્ટ્રી લીધી હતી, પણ ફર્સ્ટ-ક્લાસ ટીમમાં નિયમિત સ્થાન જાળવી શક્યો ન હતો. તેમ છતાં, તેણે પોતાના પ્રતિભાશાળી કેરિયરમાં વન-ડે, ટી-૨૦ અને ટેસ્ટ મેચમાં નોંધપાત્ર પ્રદર્શન કરીને ભારત માટે ઘણી યાદગાર ક્ષણો ઊભી કરી છે.



સ્ટુઅર્ટે આઈપીએલમાં પણ પોતાનું ખાસ સ્થાન બનાવ્યું હતું અને તે રાજસ્થાન રોયલ્સ, મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર જેવી ફ્રેન્ચાઈઝી માટે રમતો જોવા મળ્યો હતો. આઈપીએલ ૨૦૧૦માં, સ્ટુઅર્ટને મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા ખરીદવામાં આવ્યો હતો. એક વર્ષ પછી, ૨૦૧૧માં રાજસ્થાન રોયલ્સે તેને પોતાની ટીમમાં સામેલ કર્યો. જોકે ૨૦૧૬ના ઑક્શન દરમિયાન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે બિન્નીને ૨ કરોડ રૂપિયામાં ખરીદી પોતાની ટીમમાં સામેલ કર્યો હતો. ૨૦૨૧માં સ્ટુઅર્ટે તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરીને પોતાના ક્રિકેટ કેરિયરની યાત્રા પૂર્ણ કરી અને આજે પણ ક્રિકેટ જગતમાં તેણે આપેલા યોગદાન અને વિવિધ ટૂર્નામેન્ટમાં કરેલા પ્રતિભાશાળી પ્રદર્શન બદલ યાદ કરવામાં આવે છે. સ્ટુઅર્ટ બિન્નીની પત્ની માયાન્તી લેન્ગર એક સ્પોર્ટ્સ એન્કર છે.

આ ક્રિકેટરોના દીકરા જેટલા નામાંકિત છે અને મીડિયામાં જોવા મળી જતા હોય છે, એટલી જ આ ક્રિકેટર્સની દીકરીઓ સોશિયલ મીડિયા પર પણ માંડ જોવા મળતી હોય છે. એવી જ એક દીકરી છે



રવિ શાસ્ત્રીની દીકરી જેનું નામ છે અલેખા, જે ભાગ્યે જ સોશિયલ મીડિયામાં કે કોઈ ઈવેન્ટમાં જોવા મળે છે. સૈયદ કિરમાનીનો દીકરો સાદીક કિરમાની આજે એક ક્રિકેટ કોચ તરીકે કામ કરે છે. આવા અસંખ્ય ક્રિકેટર્સ છે જેમના સંતાનો આજે ક્રિકેટમાં નહીં પણ ક્રિકેટની બહારની દુનિયામાં કામ કરી રહ્યાં છે.

જોકે આજે આ જૂની પેઢી કહેવાતા ક્રિકેટ કિડ્સના સંતાનોને ત્યાં પણ સંતાનો છે. એવામાં જે ક્રિકેટર્સને આજે આપણે રમતા જોઈએ છીએ, જેમ કે વિરાટ કોહલી, રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ અને મહેન્દ્ર સિંહ ધોની, સુરેશ રૈના, હરભજન સિંહ વગેરેમાંના કેટલાકના સંતાનોની ઉંમર હજુ ૧૦ વર્ષની પણ નથી. તેમ છતાં તેઓ લાઈમલાઈટમાં આવતા રહેતા હોય છે. આ નવી પેઢીના ક્રિકેટ કિડ્સની વાત કરવા આપણે પણ ખાસ્સો સમય રાહ જોવી પડશે. ફી






સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
દિવાળી અને નૂતન વર્ષની
શુભકામનાઓ
સૌના સાથ, સૌના સહકારથી
વિકસિત ભારતના નિર્માણ તરફ આગળ વધીએ
આવો, GST
બચત ઉત્સવ
મનાવીએ
સ્વદેશી
અપનાવીએ
ભારતને
આત્મનિર્ભર
બનાવીએ
હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

✦ ફીલિંગ્સ ટીમ




# નમોત્સવ

## વડનગરથી વિશ્વ ફલક સુધીની વડાપ્રધાન મોદીજીની જીવન યાત્રા


નરેન્દ્ર મોદીજીનું નામ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી અંકિત થયું છે. જેનું મુખ્ય કારણ તેમની રાષ્ટ્રભાવના, સદ્‌ગુણો, સ્વભાવ અને હિંમત છે. ભારતના આ યુગપુરુષની યાત્રાને આમ તો દરેક ભારતીય જાણે છે પરંતુ તેનો તાદશ અનુભવ, તેમની જીવનયાત્રાના સારા નરસા પ્રંસગોને નજીકથી જાણવાનો લ્હાવો તેમના સદ્‌ગુણો અને શૌર્યથી દરેક ભારતીયને હૃદયસ્થ કરાવે એવો એક માત્ર અદ્‌ભૂત કાર્યક્રમ એટલે 'નમોત્સવ.'

ભારતના એક યુગપુરુષની રાષ્ટ્ર સમર્પિત યાત્રાને સમગ્ર ભારતીયો સાથે જોડતો અદ્‌ભૂત શો એટલે 'નમોત્સવ.' ભારતીય સંસ્કૃતિમાં કલા ક્યારેય ફક્ત મનોરંજન પૂરતી મર્યાદિત નથી રહી, તે સદા સમાજને દિશા આપતી, મૂલ્યોનું સંવર્ધન કરતી અને રાષ્ટ્રપ્રેમ જગાવતી રહી છે. ત્યારે ભારતના ભવ્ય વારસાનું જતન કરતો, સંસ્કૃતિનું સંવર્ધન કરતો અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જીવનમાંથી યુવાનોએ શીખવા જેવી સ્કિલ, સ્કેલ અને સ્પીડને અનોખા રંગમાં રજૂ કરતો કાર્યક્રમ 'નમોત્સવ' તાજેતરમાં વડોદરાના આંગણે ભવ્યતાથી સંપન્ન થયો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન અને કવન પર આધારિત આ મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શો માત્ર એક કાર્યક્રમ ન રહેતાં, તે સમગ્ર ભારતીયો માટે ગૌરવ એવમ્ રાષ્ટ્રપ્રેમની ભવ્ય ઉજવણી બની રહ્યો.

'નમોત્સવ' શબ્દમાં જ સમર્પણ અને ઉજવણીનો ભાવ છલકે છે ત્યારે આ કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જીવનના પ્રસંગોને કલા, સંગીત, નાટક અને ટેકનોલોજીના અદ્‌ભૂત સંગમથી રજૂ કરતો દેશનો પ્રથમ પ્રયોગ હતો. કોઈ જીવંત નેતાના જીવનચરિત્રને તેમની હયાતીમાં આટલી ભવ્યતા સાથે રજૂ કરવાનો આ કદાચ પહેલો પ્રયાસ ગણી શકાય. સમગ્ર કાર્યક્રમની પટકથાનું આલેખન જાણીતા હાસ્યકલાકાર અને લોકસાહિત્યકાર શ્રી સાંઈરામ દવેએ કર્યુ છે. તો સમગ્ર કાર્યક્રમનું દિગ્દર્શન રંગભૂમિના ખૂબ જ અનુભવી દિગ્દર્શક વિરલ રાચ્છે કર્યુ હતું.

નમોત્સવના દરેક એકટમાં મોદીજીની સફર ફક્ત દ્રશ્યો દ્વારા જ નહીં, પરંતુ સંગીત, નૃત્ય અને લોકકલા દ્વારા લોકોના હૃદય સુધી પહોંચે તે માટે સમગ્ર કાર્યક્રમને સંગીતબદ્ધ જાણીતા સંગીતકાર રાહુલ મુંજારીયા દ્વારા કરવામાં આવેલ, બેક ગ્રાઉન્ડ મ્યુઝિક દર્શન ઝવેરીનું હતું. સમગ્ર કાર્યક્રમની સેટ ડીઝાઈન મુંબઈના સુપ્રસિદ્ધ સેટ ડીઝાઈનર પ્રસાદ વાલવાલકર દ્વારા કરવામાં આવેલ. ડાન્સ કોરિયોગ્રાફી માટે અંકુર પઠાણની ટીમે તથા મુંબઈના ડિમોલિશન ડાન્સ ગ્રૂપ તેમજ અમદાવાદ, કેરળ, નડિયાદ, જૂનાગઢના વિવિધ ડાન્સર્સ ગ્રૂપ દ્વારા અદ્‌ભૂત પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. કાર્યક્રમની સંકલ્પના અમિત દવે દ્વારા કરવામાં આવી હતી.

મોદી સાહેબની એન્ટ્રી પણ હંમેશા અલગ અને યુનિક હોઈ તેઓના જીવન અને કવન પરના આ કાર્યક્રમમાં તેમની આ પર્સનાલિટીને ઈમર્સિવ



ટેક્નોલોજી દ્વારા એક સ્પેશિયલ એન્ટ્રી સાથે દર્શકોને મોદીજીના જીવનથી હૃદયસ્થ કરવામાં આવી. મલ્ટિમીડિયા કાર્યક્રમોમાં આ સૌ પ્રથમ વાર કરવામાં આવી હતી. તો સમગ્ર કાર્યક્રમને એક વિશાળ મલ્ટિમીડિયા સ્વરૂપે હાઈફાઈ એલઈડી સ્ક્રીન અને લાઈટિંગ સાથે અનેક લોકોએ મન મૂકીને માણ્યો હતો.



સૂત્રધાર તરીકે સાંઈરામ દવે આખા કાર્યક્રમના કેન્દ્રમાં રહ્યાં, તેમની લોકશૈલી, હાસ્ય અને હૃદયસ્પર્શી ભાષાએ હજારો દર્શકોને મોદીજીના બાળપણથી લઈને વડાપ્રધાન બનવા સુધીની યાત્રામાં સતત ૨ કલાક સુધી જકડી રાખ્યાં હતાં.



**બાળપણની ઝાંખી :-**

કાર્યક્રમની શરૂઆત 'નમોત્સવ હો' ટાઈટલ સોંગથી થઈ હતી. જેમાં ઊર્જાભર્યા નૃત્યો અને ઝળહળતી લાઈટિંગ વચ્ચે મંચ પર અચાનક ૪૦ ફૂટ લાઈવ ટ્રેન આવી. તે દ્રશ્ય જોઈ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. ટ્રેનમાંથી બહાર આવતા બાળ નરેન્દ્રનું પાત્ર જોઈ દર્શકોમાં આનંદની ચીચીયારીઓ ગુંજી ઉઠી.



**માતા સાથેની આત્મીયતા :-**

બીજી બાજુ તેમના માતુશ્રી હીરાબા સાથેના નાનપણના દ્રશ્યો, પ્રશ્ન-જવાબો અને માતૃત્વથી છલકાતા ગીતોએ સૌની આંખો ભીની કરી દીધી. મોદીજીના બાળપણના પ્રસંગો, તેમની જીજ્ઞાસાવૃત્તિ, સાહસ અને હિંમતનો પણ શ્રોતાગણને અહીં સાક્ષાત્કાર થતો હતો.



**સંવિધાન યાત્રાઃ-**

સુરેન્દ્રનગરથી શરૂ થયેલી સંવિધાન યાત્રામાં મંચ પર ૨૦ ફૂટના હાથીને જોઈ દર્શકો તાળી પાડી ઉઠ્યા. તો સાંઈરામ દવે સ્વરચિત સંવિધાનનું પ્રથમ ગીત 'જય સંવિધાન'માં અદ્ભૂત ડાન્સની કૃતિઓ દ્વારા વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સુરેન્દ્રનગરમાં હાથીની સવારી સાથે કાઢેલ સંવિધાન ગૌરવયાત્રાને દર્શકોએ જાણે રૂબરૂ નિહાળી હોય તેમ લાગતુ હતું.

**કચ્છનો વિકાસ :-**

ત્યારબાદ કચ્છનું રૂપાંતર રજૂ થયું. જેમાં 'રણોત્સવ' પહેલાનું નિર્જીવ કચ્છ. 'રણોત્સવ' બાદનું વિકસિત કચ્છ જોઈ, કચ્છી લોકસંગીત સાથે મંચ પર ૨૦ ફૂટની ઉંટગાડી સાથે લોકો જાણે રણોત્સવમાં પહોંચી ગયા હોય તેવો આભાસ થયો. રણોત્સવ પછીના વિકસેલા કચ્છનો ફરક



દર્શકોએ નાટયરૂપાંતર અને વિઝયુઅલથી માણ્યો હતો.

**મુખ્યમંત્રીથી પ્રધાનમંત્રી સુધી :-**

સમગ્ર કાર્યક્રમ મોદીજીના મુખ્યમંત્રી અને વડાપ્રધાન રૂપે કરેલા કાર્યોને સમર્પિત હતો. સાંઈરામ દવેએ ફેક્ટ ફાઈલ સ્વરૂપે કાર્યોને રજૂ કર્યા. વિકાસ, ગરીબ કલ્યાણ, આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા આ બધું સંગીત અને દ્રશ્યો દ્વારા જીવંત બની ગયું.

CM અને PM તરીકે ના નરેન્દ્રભાઈના કાર્યોના દ્રશ્યો દર્શાવે છે કે કેવી રીતે મહેનત, દ્રઢનિષ્ઠ અને સમાજ પ્રેમથી મોટી સફળતાઓ પ્રાપ્ત કરી શકાય છે. 'મોદી સ્ટોરીઝ' માં દર્શાવવામાં આવ્યું કે કેવી રીતે લોકોના જીવનમાં તેમના કાર્યનો પ્રભાવ પડયો, જે દર્શકો માટે હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી સાબિત થાય છે.

સાંઈરામ દવે કલા અને કાવ્યના મહારથી તરીકે સુપ્રસિદ્ધ વ્યક્તિ વિશેષ છે. જે સૂત્રધાર તરીકે દર્શકોને વડનગરથી વિશ્વફલક સુધીની વડાપ્રધાનની જીવનયાત્રામાં જોડાયાં. આજની યુવા પેઢી ટેકનોલોજી



**'પ્રત્યેક દ્રશ્ય દર્શકોને લાગણી અને વિચાર બંનેમાં જોડે છે, જે સમાજને વધુ જાગૃત અને જવાબદાર બનાવે છે.'**

**– સાંઈરામ દવે**

અને મનોરંજનના અનેક માધ્યમોમાં ડૂબી જાય છે. ત્યારે જીવનમાં મહેનત, ધૈર્ય અને પ્રેરણાનું મહત્વ સમજાવવું વધુ જરૂરી બની ગયું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આપણા વડાપ્રધાનશ્રીના જીવનમાંથી આજના યુવાધનને પ્રેરણા મળે તથા નૈતિક મૂલ્યો, હિંમત અને સામાજિક જવાબદારીના વિવિધ પાઠ ભણવા મળે તે હતો.





## ૬ સૂરીલા ગાયકો દ્વારા ગીતોની ગૂંથણી:-

'નમોત્સવની' શરૂઆત સ્વરચિત 'તું ક્રાંતિ કી જ્યોતિ નમસ્તે નમસ્તે' સાથે થઈ હતી. આ ટાઈટલ સોંગમાં તરવરાટ ભર્યા નૃત્યો સાથે કાર્યક્રમોની એક ઉષ્મા પૂર્ણ શરૂઆત થઈ હતી. સમગ્ર કાર્યક્રમમાં સિમ્ફની સાથે ગુજરાતી અને હિન્દી ગીતોની મોજ દર્શકોએ માણી. ગીતોને સ્વર ગુજરાતના નામાંકિત સુરીલા ગાયકો બલરાજ શાસ્ત્રી, વિમલ મહેતા, અલ્પા પટેલ, ગાથા પોટા, ધૈર્ય રાજપરા, દિપાલી વ્યાસ, સાંઈરામ દવે, તેજલ બારોટ તથા હિમાંશુ ચૌહાણે આપ્યો હતો. ૧૦૦ જેટલા નૃત્યકારો, ૪૦ રંગભૂમિના કલાકારો અને ૬૫થી વધુ ડાન્સર્સને જોડીને વડપ્રધાનના જીવનપ્રસંગોને અહીં રજૂ કરાયાં હતાં

## સ્ટંટ, નૃત્યો અને કળાનો સંગમ :-

મુંબઈના Demolition Crew દ્વારા 'ઓપરેશન સિંદૂર' પર દિલધડક સ્ટંટ સાથે ડાન્સ રજૂ થયો. દર્શકો મંત્રમુગ્ધ થઈ તાળીઓ પાડી ઉઠ્યા હતાં.

'સોગંધ મુજે ઈસ મીટ્ટી' ગીત પર પેટ્રિઓટિક ડાન્સ પરફોર્મન્સ દ્વારા આર્મીના જવાનોના અદમ્ય સાહસ અને શૌર્યને બિરદાવતા ઉપસ્થિત સૌ શ્રોતાઓએ 'ભારત માતા કી જય'ના નારા લગાવી અદમ્ય ઉત્સાહનું દર્શન કરાવ્યું હતું.

કેરળની લોકપ્રસિદ્ધ માર્શલ આર્ટ કલારીપયાટુના કલાકારોએ મોદીજીના જીવન પ્રેરિત ગીત પર વીરરસ ભર્યો 'વૉર ડાન્સ' રજૂ કર્યો હતો. આ દ્રશ્યે એ સમગ્ર શ્રોતાગણમાં ઊર્જા અને દેશપ્રેમનો પ્રવાહ જગાવ્યો. તદ્ઉપરાંત લોકસંગીત, આધુનિક તાલ અને દેશભક્તિથી ભરેલા ગીતો દ્વારા છ જેટલાં સૂરીલા ગાયકોએ કાર્યક્રમને એકદમ જીવંત બનાવી દીધો હતો. સાંઈરામ દવેની મનમોહક વાણી અને લોકશૈલીને સુમધુર સંગીતનો સહયોગ મળતા આ કાર્યક્રમ મનોરંજનની સાથે જીવન ઉપયોગી ઉત્તમ પ્રેરણાનો અદ્ભૂત સંગમ સ્થાન બની રહ્યો એ આ 'નમોત્સવ'નું જમા પાસું ગણીએ તો યથાયોગ્ય લેખાશે. ફી










*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**
Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.



**S.S. White Technologies** Milton Keynes, UK



**S.S. White Technologies** Wadhwan, Gujarat, India



**S.S. White Technologies Inc. Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com




✦ દેવિકા રાહુલ ધ્રુવ

# સમયનું વિસ્મયઃ

**એનાં ક્રિયાપદો પણ ઘણાં. દા.ત. સમય ચાલે છે, સમય દોડે છે, સમય ઊડે છે. એ વહે છે, સરે છે, ફરે છે. સમય મળે છે, ફળે છે અને એ જાય છે, આવે છે, નડે છે, ઘડે છે, વગેરે વગેરે.. સમય શું-શું નથી કરતો એ સવાલ છે, વળી મોટામાં મોટો, નહીં ઉકેલાતો પ્રશ્ન તો એ છે કે, સમયને પાછો વાળી શકાય છે? આ સવાલ ભૌતિકશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી અને અન્ય વિજ્ઞાનીઓને પણ થાય છે જ.**

કાનામાત્ર વગરનો આ શબ્દ 'સમય'. એમાં કેટલું બધું વિસ્મય ભર્યું પડ્યું છે?

સદીઓથી અવિરતપણે એકધારો ચાલે જ જાય છે. ન તો એને કશી તમા છે કે ન પરવા. લયબદ્ધ રીતે એ સતત ચાલે છે. જે કંઈ બદલાય છે તે કુદરતદત્ત અથવા તો માનવસર્જિત સંજોગો બદલાય છે અને છતાં નવાઈની વાત તો એ છે કે આપણે કહીએ છીએ કે, સમય બદલાયો છે. સવાલ એ છે કે શું, સમય બદલાય છે ખરો? આ વિશે થોડું વધુ વિચારીએ.

આમ જોઈએ તો, પહેલો મુદ્દો તો એ આવે કે, આકાર વગરનો અને અદ્રશ્યરૂપે રહેલો આ સમય છે શું? શું આપણે એને જોઈ શકીએ છીએ? એના સ્વરૂપ કે આકાર વિશે વર્ણવી શકીએ છીએ? કશુંક નિયમિતપણે ગતિમાં રહે છે. આપણે એને ક્ષણ નામ આપ્યું. પછી એના માપ નક્કી કર્યા. મિનિટોનાં, કલાકોનાં, દિવસ અને મહિનાઓનાં, વર્ષો અને યુગોનાં એમ કાટલાં ખડકી દીધાં. માણસે સમયને નંબરો આપીને જીવનને અવસ્થાઓમાં આવરી લીધું, વિભાગોમાં વહેંચી નાંખ્યું. ને પછી આપણે એને એક મોટું શીર્ષક આપી દીધું 'સમય'. સાચે જ, આ સિવાય બીજું શું કહી શકાય? કોઈની સાથે વાત થાય તો આપણે બોલી ઊઠી છીએ કે આપણે કેટલાં વર્ષે મળ્યાં? વાર્તા માંડીએ તો પણ ૪૦ વર્ષ પહેલાંની આ વાત.. કહી શરૂ કરીએ. અથવા તો ઓહોહો.. તમને ૬૫ વર્ષ થયાં? લાગતા નથી હોં!

આમ, જેના વિશે કશી ખબર નથી એને આપણે 'સમય' કહી આગળ વધ્યાં. સમયનુ સામર્થ્ય પણ કેટલું બળવાન છે? ચૂપચાપ, એકધારો ચાલતો આ સમય આપણને કેટલું શીખવાડી જાય છે ? એ એક મોટામાં મોટું આશ્ચર્ય નથી શું? પોતે કશુંયે ન કહેતો કે કોઈને માટે કશું પણ ન કરતો આ સમય વળી કોઈને માટે ખરાબ બની જાય છે તો કોઈને માટે એકદમ સરસ બની જાય છે. બોલો, એ કેવું? એ સ્થિતિ પણ નક્કી તો પાછો માણસ જ કરે છે! આ તે વિડંબના છે કે વિચિત્રતા?

ખરેખર આ વિષય પર જેટલા ઊંડા ઉતરીને વિચારીશું એટલાં આશ્ચર્યો ઉઘડતાં જશે અને ઉઘડેલાં હશે તો વિસ્તરતાં જશે. મને યાદ છે: નાની હતી ત્યારે દાદીમા કહેતાં કે આપણી તો ખૂબ જાહોજલાલી હતી. તારા દાદા તો શરાફી પેઢી ચલાવતા ને ઘેર તો ઘોડાગાડીઓ દોડતી. કેટલાં બધાં તો મકાનોયે હતાં. પછી તારા દાદા ગયા ને કાળે કરીને બધું ઘસાતું ચાલ્યું. જ્યારે જ્યારે આ સાંભળતી ત્યારે પણ સવાલ તો થતો જ કે, આ બધું કાળે કર્યું? એટલે શું? સમયે કર્યું? પણ પછી વિચારો ત્યાં જ અટકી જતા. પછી તો જેમ-જેમ મોટાં થતાં ગયાં તેમતેમ એ સવાલો જુદાજુદા રૂપે જાગતા ગયા. છેવટે જવાબ તો એ જ મળતો કે, સમય કશું નથી કરતો, એ તો માત્ર ચાલે જ છે. માણસના સંજોગો બદલાય છે અને તે પણ અલગ અલગ રીતે. કોઈના વ્યક્તિગત કારણે, કોઈના સામાજિક તો કોઈના નૈસર્ગિક કારણે અને એના ઉપરથી જ આપણે સમયને સારો કે ખરાબ કહેતાં હોઈએ છીએ.

કોલેજના વખતમાં શબ્દાર્થ-મીમાંસા ભણતી વખતે પણ આ સમય, મારી નજર સામે હંમેશાં આવીને ઊભો જ રહેતો. વિદ્વાન ભાષાશાસ્ત્રીઓએ કરેલાં અને હેમચંદ્રાચાર્યથી માંડીને આધુનિક પ્રવાહના સમર્થ સમીક્ષકોએ તારવેલાં જાતજાતનાં અર્થઘટનોની વાત અત્રે કરવી નથી પરંતુ એક સાદીસીધી સમજણથી વિચારીએ તો પણ લાગ્યા વગર રહેતું નથી કે સમય અદ્રશ્ય અને આકારવિહીન હોવા છતાં એના કેટકેટલા સ્પર્શ છે! અનુભૂતિઓ છે! જો ગણવા બેસીએ તો જીવનથી મરણ પર્યંતમાં એની કેટલી બધી વૈવિધ્યતા છે, સર્વોપરિતા છે. અરે, હજી વધુ વિચારીએ તો ક્યાંક પાછલા અને પુનર્જન્મમાં પણ એ લપાઈને, છુપાઈને બેઠેલો દેખાય છે. આમ, જીવન અને જગતના પ્રત્યેક સજીવ અને નિર્જીવ તત્વમાં સમયનું સત્વ છે છતાં એ તો સર્વથા વિરક્ત છે. આ એક આશ્ચર્ય નથી શું?

આમ, સમયને વ્યાખ્યામાં બાંધવો અને સમજવો મુશ્કેલ છે. ઈટાલિયન લેખક કાર્લો રોવેલ્લીનું એક પુસ્તક છે. The Order of Time (2018) ત્રણ ભાગોમાં વહેંચાયું છે. તેમના કહેવા મુજબ સમય એક ભ્રમ છે, ભ્રાંતિ માત્ર છે. આ વિચારનાં મૂળ તેમણે, એક ફ્રેંચ ગણિતશાસ્ત્રી ઍલન કોન્સના Thermal Time Hypothesis માંથી મળેલા છે તેમ તેઓ જણાવે છે. ક્યાંક વાંચવામાં તો એમ પણ આવ્યું હતું કે, વાસ્તવિકતા અને ઘટનાઓનું એક જટિલ નેટવર્ક છે, જેના પર આપણે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના સિકવન્સ પ્રોજેક્ટ કરીએ છીએ. આખું બ્રહ્માંડ એક નિશ્ચિત્ત નિયમોનું પાલન કરે છે, જેમાંથી સમય નામનું તત્વ બહાર આવે છે. આ કેટલી મોટી અજાયબી થઈ?



આ સંદર્ભે વીસમી સદીનાં ખૂબ જ મોટા કવિ ટી.એસ. ઍલિયેટની કવિતા If Time and Space, as sages say, Are things which cannot be પણ યાદ આવી જ જાય છે. તેના અનુવાદક શ્રી વિવેક ટેલરે સમજૂતી આપતાં સરસ વાત સમજાવી છે કે, અસ્તિત્વના આરંભબિંદુથી જ માણસ સમય નામનો કોયડો ઉકેલવા સતત મથતો આવ્યો છે. પ્રાગૈતિહાસિક કાળની ગુફાઓના ચિત્રોથી લઈને આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંત સુધી સમયનાં પગલાં સર્વત્ર જોવા મળે છે. સમયથી પર અને પાર જવાની મથામણ યોગીઓ-વૈજ્ઞાનિકો સદૈવ કરતા આવ્યા છે. કદાચ એટલે જ સમય પર દરેક ભાષાઓમાં ઘણું બધું સુવિચારો રૂપે પણ લખાયું છે. કેટલાંક ઉદાહરણો જોઈએ.

- Time is the engine of our Universe; nothing is without it.
- Time is always right to do what is right-Martin Luther King
- Time has the power to heal all the situations. Just give some time to time to change its time!
- Time is a final currency- Not money. Not Power. It is Time-David Crosby.

**મને સમય હતો ત્યારે મારો સમય ન'તો,**
**હવે સમય મારો છે ને મને સમય નથી.**

**દોસ્ત કેટલો ચાલાક હતો તું! ગિફ્ટમાં 'ઘડિયાળ' તો આપી ગયો પણ ત્યાર પછી 'સમય' આપવાનું ભુલી ગયો!!**

સમાપનમાં છેલ્લે તો એ જ કહેવું છે કે સમય સુપ્રીમ છે. સમયના સામર્થ્યની વાત સહજ નથી. સમય માત્ર ઘડિયાળના ફરતા કાંટા નથી. એ વીતીને કદી પાછો વળતો નથી કે ભાવિની વીતક કદી કહેતો નથી. સમય તિથિ-વારમાં વહેંચાતો હશે પણ કોઈની મૂઠ્ઠીમાં કદી બંધાતો નથી. એ આંસુથીયે રોકાતો નથી ને સ્મિતથી કદી છેતરાતો નથી.

સમયને જાણવો અને જિરવવો, એ જબરદસ્ત જિગરનું કામ છે. એ તો ક્ષણક્ષણની સમજ છે, ઈશ્વરના સામર્થ્યનો અંશ છે.

**સમય 'સુપ્રીમ' છે.**
**સર્વોપરિ અને સર્વોત્તમ છે.**



✦ યજ્ઞેશ આચાર્ય

# પરદેશની ઝાકમઝોળ નવરાત્રિમાં શ્રદ્ધા-ભક્તિ અને સંસ્કૃતિના સંસ્કારોની સૌરભ

આશા ભોંસલેનો બર્મિંગહામમાં શો હતો, પ્રથમ શોમાં તેમણે એક ગુજરાતી ગીત રજૂ કર્યું એ ગીત ઉપર પ્રેક્ષકો બેઠક ઉપરથી ઉભા થઇ ગરબે રમવા લાગ્યા. એ પછીના શો માટે આશાજીએ એ ગીતના રચયિતા અવિનાશ વ્યાસને ટિકિટ મોકલીને બર્મિંગહામ બોલાવ્યા. તેમને કશું કહ્યું નહીં, આ શોમાં તેમણે 'તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે, મને ગમતું રે ગાવાનું શરૂ કર્યું ત્યારે પ્રેક્ષકોએ ઝૂમી ઉઠીને ગરબે રમવાનું શરૂ કર્યું ત્યારે અવિનાશભાઈને કહ્યું કે 'જૂઓ તમારું આ ગીત ભારત બહાર પણ કેટલું લોકપ્રિય છે? એને લોકો કેવી રીતે પોંખે છે? અવિનાશભાઈ આ દ્રશ્ય જોઈ ગદ્‌ગદ્‌ થઈ ગયા હતા. એક ઈન્ટરવ્યૂમાં આશા ભોંસલેએ આ વાત કરી છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (IIM-A) દ્વારા ૨૦૨૫માં કરાયેલા એક અભ્યાસ મુજબ, આશરે ૧.૩ મિલિયન ભારતીય ગુજરાતીઓ વિદેશમાં વસે છે, જેમાં કુલ ૪.૯ મિલિયન લોકો ગુજરાતી બોલતા હોવાનું જાણવા મળ્યું છે, આ પ્રવાસી ગુજરાતી સમુદાય તેમના સંસ્કારો, ધાર્મિક માન્યતાઓ અને શ્રદ્ધાને સાથે લઈને ગયા છે અને એટલે જ ભારતીય ઉત્સવો તેઓ જ્યાં વસે છે ત્યાં ઉજવે છે.

આ હિન્દુસ્તાની ગુજરાતીઓનો પસંદગીનો ઉત્સવ નવરાત્રિ છે. દુનિયાના સૌથી લાંબા નવ દિવસ ઉજવાતા આ ઉત્સવનું હાર્દ માતાજીની સ્તુતિ, સાધના અને આરાધનાની અભિવ્યક્તિરૂપ ગરબાને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરે ૬ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ (‘ગુજરાતના ગરબા’) માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાના પ્રતિનિધિઓની યાદીના એક ભાગ તરીકે માન્યતા આપી હતી. આ સમાવેશ ભારત માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

નવરાત્રિની ઉજવણી ભારતની જેમ વિવિધ દેશોમાં પૂરી શ્રદ્ધા અને વિધિવિધાન સાથે ઉજવાય છે આ માટે ભારતના સુપ્રસિદ્ધ કલાકારોના બુકિંગ પણ ચાર-છ મહિના પહેલા શરૂ થઈ જાય છે. ગુજરાતના આગવી હરોળના ગાયકોએ છેલ્લા ૨૫-૩૦ વર્ષથી વિદેશોમાં વસતા ગુજરાતીઓને રાસ ગરબાની સંસ્કૃતિના માધ્યમથી એક તાંતણે જોડી રાખી છે.

એ પછીની પેઢીના મુંબઈના સંગીત જગતની સર્વ સ્વીકાર્ય અને આદરપાત્ર સંગીત બેલડી આસિત-હેમા દેસાઈએ લાગલગાટ પચ્ચીસ વર્ષ સુધી લંડનના લેસ્ટરમાં શ્રુતિ આર્ટના નિમંત્રણથી નવરાત્રિમાં ગુજરાતના ભાતીગળ રાસ-ગરબા ઉપરાંત સુગમ સંગીતની પ્રસ્તુતિ કરીને પ્રથમ કાર્યક્રમથી જ શ્રોતા-દર્શકો ઉપર એક આગવો પ્રભાવ પાથર્યો હતો. ચંદુભાઈ મટાણીએ લંડનમાં લગભગ ૧૯૯૯થી શરૂ કરેલી આ પરંપરાની વાત કરતા આસિત દેસાઈએ કહ્યું કે, લેસ્ટરમાં ૭૦૦-૮૦૦ લોકો નવરાત્રિની ઉજવણીમાં સામેલ થાય છે, ત્યાં ખુલ્લા મેદાનમાં ગરબા રાસના આયોજન થતાં નથી. અમે ૭૦૦-૮૦૦ દર્શકોની ક્ષમતાના હોલમાં જ કાર્યક્રમો કર્યા છે. શરદ પૂર્ણિમાના સમાપનના દિવસે વિશાળ હોલમાં ગરબાના કાર્યક્રમો થાય છે જેમાં સાતેક હજાર લોકો શામેલ થાય છે.

આસિતે એક સરસ વાત કરી કે, આફ્રિકન દેશોમાંથી અહીં વસેલા ગુજરાતીઓ અગિયારસ કે શ્રાવણ માસમાં એકટાણા કે ઉપવાસ તથા હિન્દુસ્તાની રીતરિવાજને અનુસરી પૂજા પાઠ કરે છે. નવરાત્રિમાં ભાઈઓ પણ ગળામાં ખેસ કે માથે પાઘડી અને ચોરણી-કેડીયું તો બહેનો દેશી ગામઠી કાપડા, ઓઢણા, હાથમાં ચૂડલા, ગળામાં ચાંદીનો ભારેખમ હાર,


PATEL BROTHERS®
પટેલ બ્રધર્સ...છવાય ગુજરાતી, ખવાય ગુજરાતી ને ગવાય ગુજરાતી..
Patel Brothers is U.S. based grocery retail chain that focuses on flavors and foods found in the Indian sub-continent and the Middle East.
we strive to reconnect people with the familiar flavors of India.
Guarantee the best spices and freshest foods
Our mission is to bring the best ingredients from around the world, right to your doorstep.
ORGANIC
Wide variety Grocery & Spice products
North American retail locations Found 51 locations
Patel Brothers
Patel Family's journey to build their own business.
Groceries including dry goods, frozen items & fresh produce.
PATEL BROTHERS
PATEL BROTHERS FARMERS MARKET
PATEL BROTHERS
PATEL BROTHERS
All Online orders are fulfilled ONLY at
Patel Brothers
2410 Army Trail Rd. Hanover Park, IL 60133 P: 630-213-2222 F: 630-213-2259
Website : www.patelbros.com / www.patelbrothersusa.com

કાનમાં ઓક્સિડાઈઝ્ડ એરિંગ્સ બંગડીઓ, કેડે રૂપાનો કંદોરો અને મંગ ટીક્કા સાથે સજ્જ થઈને ગરબા રાસ રમે છે. ટ્રાન્ઝિટમાં જ્યાં કચ્છી પ્રજા મોટી સંખ્યામાં વસે છે તેવા યુનાઈટેડ આરબ અમીરાતના દુબઈ અને મસ્કત ઉપરાંત કેનેડાના ટોરેન્ટોમાં પણ અમે નવરાત્રિમાં પ્રસ્તુતિ કરી છે. અમે ઢોલ, શરણાઈ, કાંસીજોડા જેવા પારંપારિક વાદ્યવૃંદ સાથે લંડનમાં (શરદ પૂર્ણિમાના દિવસ સુધી પૂરા ભક્તિભાવ અને આસ્થા સાથે પરફોર્મન્સ આપ્યા છે. વચ્ચે ઘટ સ્થાપનાના પ્રતીક રૂપ માતાજીની પ્રતિમા મૂકી, દીવડા પ્રગટાવી મા અંબાની આરતી ગવાય ત્યારે ભક્તિભાવનું એક સરસ રંગદર્શી વાતાવરણ અમે અનુભવ્યું છે. અમે ભાતીગળ અને પરંપરાગત ગરબા રાસ સિવાય ક્યારેય રંભા-થંભા કે એવા ફિલ્મી ગીતો ગાયા નથી. અમેરિકામાં અમે ચારેક વાર રાસ ગરબા રજૂ કર્યા છે.

છેલ્લા દસેક વર્ષથી આસિત-હેમા દેસાઈના સાંગીતિક વારસાને તેમના પુત્ર આલાપ દેસાઈએ સંભાળ્યો છે અને તે દર વર્ષે નવરાત્રિ યુ.કે.માં જ કરે છે, એક સરસ તબલા વાદક આલાપે પણ સુગમ સંગીતમાં માતા-પિતાની જેમ પોતાની સાંગીતિક ઉંડી સૂજ-સમજને પ્રસ્થાપિત કરી છે.

એક વર્સેટાઈલ સિંગર તરીકે દેશ વિદેશમાં પોતાના સમૃદ્ધ કંઠ અને ગાયકીથી શ્રોતાઓ ઉપર છવાઈ જતા પાર્થિવ ગોહિલે વિદેશોમાં નવરાત્રિની ઉજવણી વિશે વાત કરતાં જણાવ્યું કે, વિદેશોમાં સામાન્ય રીતે સપ્ટેમ્બરથી જ પ્રિ-નવરાત્રિની ઉજવણી શરૂ થઈ જાય છે. અમેરિકા, યુકે, કેનેડા જેવા દેશોમાં તો મોટા પાયે કાર્યક્રમો એડવાન્સમાં ગોઠવાય છે. થોડાં વરસો પહેલાં જ્યાં પહેલાં કદાચ આવાં કાર્યક્રમો થતા જ નહોતા એવા જર્મની, સ્વિટ્ઝરલેન્ડ અને જાપાન જેવા દેશોમાં પણ મેં પ્રિ-નવરાત્રિની શરૂઆત કરી હતી. આજે પણ ત્યાં નવરાત્રિની ઉજવણીમાં લોકો ઉત્સાહથી જોડાય છે.

લંડન હોય કે ટોક્યો ખેલૈયાઓ ચણિયા-ચોળી અને કેડિયું-કુર્તા પહેરીને પૂરા ભક્તિભાવથી ગરબા રાસ રમે ત્યારે એક ગુજરાતી તરીકે એવી અનુભૂતિ થાય છે કે વિશ્વનો કોઈ ખૂણો થોડા કલાકો માટે ગુજરાત બની ગયો હોય. પાર્થિવ છેલ્લા બે દાયકાથી અમેરિકા, યુરોપ, આફ્રિકા, મિડલ ઈસ્ટ, એશિયા જેવા અનેક દેશોમાં નવરાત્રિમાં પર્ફોર્મ કરે છે. તેમણે કહ્યું કે હું જ્યાં નવરાત્રિમાં જાવ છૂં ત્યાં હંમેશા સર્વેશ્વરી અંબા માતાજીની આરાધના-સાધનાને આવરી લેતા ભાતીગળ ગરબા-રાસ જ ગાઉં છું કારણ કે ગરબા એ ફક્ત સંગીત નહિ, આપણી સંસ્કૃતિ અને સંસ્કારની ઓળખ છે અને આ વૈશ્વિક પ્રતિષ્ઠામાં ક્યારેય ઓછપ ના આવે તેનો હિમાયતી રહ્યો છું.

ખેલૈયાઓની સામેલગીરી વિષે પાર્થિવે કહ્યું કે, વિદેશમાં મોટા ભાગે ભાઈઓ-બહેનો સર્કલમાં જ ગરબે રમે છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના ગ્રૂપ સાથે રાસ ગરબા રમવાનું ચલણ શરૂ થયું છે. પણ આનંદ એ વાતનો છે કે ગરબા-રાસની ચાલી આવતી પરંપરાને તેઓ હૃદયમાં રાખીને પૂરી શ્રદ્ધા સાથે મારી સાથે ગાતા ગાતા રમે છે. વિશિષ્ટતા એ છે કે નવી અને જૂની પેઢી એકસાથે ગરબે ઘૂમે ત્યારે એક સરસ સંગમતીર્થનું દ્રશ્ય જોવા મળે છે.

પાર્થિવ હંમેશા પોતાના સાજીંદાઓ સાથે પંદર દિવસ આગોતરા રિહર્સલ કરીને જ જાય છે વિવિધ દેશોમાં જ્યાં પણ હું ગયો છું ત્યાં નવરાત્રી ફક્ત ગુજરાતીઓની નથી. પંજાબી, દક્ષિણ ભારતીય, આફ્રિકન, અમેરિકન, યુરોપિયન સહુ ઉત્સાહથી જોડાય છે. આજે દાંડિયા રાસ-ગરબાનું પર્વ નવરાત્રિ ખરેખર વૈશ્વિક ફેસ્ટિવલ બની ગયો છે.

ઘણા દેશોમાં નવ દિવસના કાર્યક્રમો તો કેટલાક દેશોમાં માત્ર બે-ત્રણ દિવસ થાય છે. પરંતુ તેમાં ખેલૈયાઓનો ઉત્સાહ ઊર્જાવાન અને ભાવમય જોયો છે. વિદેશોમાં મોટા ભાગે ટિકિટ શો થાય છે.

આયોજકો વિષે તેનો અભિપ્રાય છે કે, તમામ આયોજકોનું વર્તન કલાકારો સાથે ખૂબ જ સન્માનજનક અને પ્રોફેશનલ રહ્યું છે. કલાકારોને પૂરું માન-સન્માન મળે છે. હા, દરેક વર્ષે આયોજકોનો આગ્રહ નવા ગરબા-રાસ રજૂ કરવાનો રહે છે. હું દર નવરાત્રિમાં નવા ગરબા સાથે જ વિદેશ જાઉં છું.

વિદેશોમાં ખેલૈયાઓ અને દર્શકોની સલામતી માટેના કાયદાઓનું કડક પાલન થાય છે. પોલીસ, ફાયર સેફ્ટી અને અન્ય નિયમો કલાકારો અને ખેલૈયા બંનેને સુરક્ષાનો ભરોસો આપે છે. પોતાના યાદગાર અનુભવને વર્ણવતા પાર્થિવે કહ્યું કે વિદેશમાં જન્મેલી નવી પેઢી જ્યારે મન મોર બની થનગાટ કરે કે તારી બાંકી રે પાઘલડી ગાવાની ફરમાઈશ કરે અને તેના પર ઝૂમી ઊઠે છે, ત્યારે એક હિન્દુસ્તાની તરીકે ગૌરવ થાય કે આપણી સંસ્કૃતિ સાચે જ સરહદો પાર કરીને નવી પેઢીમાં સડસડાટ ઉતરી છે.

'મારું ભારત'ને છાતી સરસું રાખીને છેલ્લા ૩૬ વર્ષથી અમેરિકા, યુ.કે., દુબઈ, ઓમાન, હોંગકોંગ દેશોમાં નવરાત્રિમાં ગાવા માટે જતાં વડોદરાના પૂર્વ કસ્ટમ-એકસાઈઝ સુપ્રિ. વત્સલા પાટીલ કહે છે કે, 'આ દેશોમાં વતનથી દૂર રહીને પણ ગુજરાતીઓએ પોતાને મળેલી સંસ્કાર અને સંસ્કૃતિની વિરાસત બરકરાર રાખી છે.' અહીં નવરાત્રિની ઉજવણી એક બે મહિના અગાઉ શરૂ થાય છે. અમેરિકામાં જ નહીં પણ ઓમાનમાં નવરાત્રિના આરંભે માતાજીની તસ્વીર વચ્ચે મૂકી માંડવડી


અમેરિકાના જર્સીમાં ગરબે ઘૂમતા ગુજરાતીઓ





BRIDAL LEHENGA CHOLI | SILK SAREES | KURTIS | DRESS MATERIALS | INDO WESTERN DRESSES | CUSTOMIZED FAMILY OUTFITS

# श्री LAXMI HALL

Opp. Circuit House, Alkapuri • 49, Mangalbazar, Vadodara.

+91 89052 49282 (Video Call Facility)

https://www.facebook.com/shreelaxmihall shreelaxmihall shahaakash97@gmail.com



## ટોરેન્ટોમાં ગરબે ઘૂમતા ગુજરાતીઓ

લઈને મા સમક્ષ 'ગરબો' મૂકીને માતાજીના આગમનની છડી પોકારતા ૨૦-૨૫ હજાર લોકો એકી અવાજે માતાજીનો જયઘોષ કરી ઘટ સ્થાપન કરે છે એ દ્રશ્યએ મને ખૂબ રોમાંચિત કરી છે. આવું મેં ગુજરાતમાં નથી જોયું. અહીંનું યુવાધન પર્વની માન-મર્યાદા અને પૂરી શિસ્ત સાથે ત્રણ તાલી, હિંચ, રાસ અને ટીટોડો રમે છે. પારસીપેનીમાં તો લોકો માત્ર ગરબા જ ગાઈને રમે છે. કોઈ ગાયક ફિલ્મી ગીતો ગાવા શરૂ કરે તો ખેલૈયાઓ જ હાથ હલાવી તે બંધ કરવાની ફરજ પાડે છે.

૨૦-૨૫ વર્ષ પહેલાં ગુજરાતી લોક સાહિત્યના ગરવા ગાયક પ્રફુલ દવેના 'મણિયારા' અને 'માધુબાના બાગ' લોક ગીતોએ અમેરિકાને ઘેલું કર્યું હતું. તેમને પ્રિ-નવરાત્રિ અને નવરાત્રિ માટે બુક કરવા માટે જૂન મહિનાથી આયોજકો ઉત્સુક રહેતા. તેમણે ગાયનને વિરામ આપી તેમનો વારસો દીકરી ઈશિતા અને દીકરા હાર્દિકને સોંપ્યો છે.

અમેરિકામાં મોટેભાગે જ્યાં ગુજરાતીઓ વસે છે એવા ૩૦ રાજ્યોમાં સતત આઠ વર્ષથી ગુજરાતી ગરબાના કાર્યક્રમો આપનાર અમદાવાદના વિપુલ અને નિહારીકા આચાર્યએ જણાવ્યું હતું કે, નાના શહેરોમાં ભક્તિભાવ પૂર્વક આરતીથી પ્રસાદ સુધી સહુ આનંદ ઉત્સાહથી ભાગ લે છે. એટલું જ નહીં નવ રાત સુધી નાના પાયે અને શનિ-રવિ રજાના દિવસોએ વિશાળ સંખ્યામાં લોકો ૪૦-૫૦ માઈલ દૂરથી આવતા હોય છે.

ગુજરાતીઓ મોટી સંખ્યામાં વસે છે એવા હ્યુસ્ટનમાં ૨૦૦૧માં શુક્ર-શનિવારે લગભગ આઠ હજાર લોકોએ અમારા ભાતીગળ ગરબા-રાસ સાથે રમઝટ બોલાવી હતી. છેલ્લા ત્રણેક વર્ષથી અમેરિકામાં પ્રિ-નવરાત્રિની જેમ હવે પોસ્ટ નવરાત્રિની ઉજવણીનો ટ્રેન્ડ શરૂ થયો છે.

'ઈસરો'ના મારા પરમ મિત્ર પ્રોડ્યુસર હર્ષજીત ઠક્કરના 'મહેફિલ' નામના ગુજરાતી ગીત ગઝલની ઓનલાઈન સ્પર્ધામાં એવોર્ડ જીતનાર નિશા ઉપાધ્યાયને ગુજરાતી, હિન્દી, ઉડિયા, ભોજપુરી, કન્નડ અને મરાઠી ફિલ્મોમાં પાર્શ્વગાયન માટે અનેક એવોર્ડ મળ્યા છે. એક વર્સેટાઈલ સિંગર તરીકે વર્તમાન પેઢીની જાણીતી ગાયિકાએ કહ્યું કે, 'હું નવરાત્રિ મોટાભાગે ખાસ કરીને વડોદરા અને અન્ય શહેરોમાં જ કરું છું. છેલ્લા ત્રણ વર્ષથી નવરાત્રિ બાદ હું મારા વાદ્યવૃંદ સાથે કેનેડાના ટોરેન્ટો અને આસપાસના શહેરોમાં માત્રને માત્ર આપણા પ્રાચીન અને અર્વાચીન ગરબાના પર્ફોર્મન્સ કરવા જાઉં છું. ત્યાંના લોકોમાં માતાજી પ્રત્યેની અપાર શ્રદ્ધા મેં જોઈ છે.' નિશાએ કેનેડામાં પોતાની સર્વ પ્રથમ નવરાત્રિનો સ્વાનુભવ ટાંકતા કહ્યું કે, 'મેં આયોજકોને પૂછેલું કે લોકો માતાજીની માંડવડી આસપાસ વર્તુળાકારે ગરબા કરશે? ત્યારે તેઓએ એક સૂરે કહેલું કે ખેલૈયાઓ એક વિશાળ વર્તુળાકારમાં રમશે. આયોજકોએ એક સરસ વાત ઉમેરી કે વિશાળ વર્તુળાકારે રમવાથી સંઘ ભાવના કેળવાય છે. અહીં ફક્ત ગુજરાતીઓ જ નહીં તમામ સમાજના લોકો આ ઉજવણીમાં સામેલ થાય છે.'

અહીં સુરક્ષા અને સલામતીના સખ્ત નીતિ નિયમોનો લોકો ચૂસ્ત અમલ કરે છે જે આયોજનની ઉજળી બાજુ છે. વતનથી દૂર વસતા લોકો અમને પોતિકા માનીને ભરપૂર પ્રેમ આપવા સાથે અમારી પ્રસ્તુતિને સતત પોંખતા રહે છે તેથી અમારો ઉત્સાહ બેવડાય છે. તાજેતરમાં જ ગુજરાતી ફિલ્મ 'બચુભાઈ' માટે શ્રેષ્ઠ ગાયિકાનો નિશાને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

મુંબઈમાં સ્થાયી ગુજરાતી કાવ્ય સંગીતની ઊંચા ગજાની મૂળ ભાવનગરની ગાયિકા રેખા ભટ્ટ ત્રિવેદીએ ગૌરવભેર કહ્યું કે, 'ગુજરાતી કાવ્ય સંગીતના દિગ્ગજ સ્વરકાર ગાયક પરમ શ્રદ્ધેય પુરુષોત્તમ ઉપાધ્યાયના આશીર્વાદથી મને સૌ પ્રથમવાર એટલાન્ટામાં શક્તિ મંદિરમાં નવરાત્રિમાં ગાવાની તક મળી હતી. અમેરિકામાં તેમના નવરાત્રિ પૂર્વેના કાર્યક્રમો છ મહિના પહેલા બુક થઈ જતાં. શરૂઆતમાં થોડા શાસ્ત્રીય ટચ સાથેના ગરબા રજૂ કરેલા જેને ખેલૈયાઓએ વધાવ્યા હતા. આરંભે માતાજીની સ્તુતિઓ સંસ્કૃત ભાષામાં ગાવાનો મેં ઉપક્રમ રાખ્યો હતો. જે કેલિફોર્નિયાના સેક્રેમેન્ટોના ગુજરાતી

## જાપાનમાં રંગમંચ ઉપર દાંડીયા રાસ




## ઓમાનમાં ગરબે ઘૂમતા ગુજરાતીઓ



સમાજને ખૂબ પસંદ પડ્યો હતો. કેટલાક શ્રદ્ધાળુ માઈભક્તો મારી સાથે પ્રત્યેક શબ્દોને સાથે ગણગણતા જોયા ત્યારે તેઓએ ભારતથી જોજનો દૂર રહી અહીં સાચવેલી આપણી પરંપરા માટે મને ખુબ માન થયું હતું.' રેખાએ જણાવ્યું કે, 'ત્યાં વસતા ગુજરાતી લોકોનો આતિથ્ય ભાવ એવો કે ઓળખતા ના હોય તો પણ પોતાને ત્યાં રહેવા જમવા માટે આગ્રહથી લઈ જાય. એક રમૂજી અનુભવ વર્ણવતા તેમણે કહ્યું કે, એક પરિવારે મને બાજરાના રોટલા કેમ બને તે શીખવવા કહ્યું, મેં તેમને ૨૫-૩૦ રોટલા ઘડી આપ્યા, તેઓએ કહ્યું કે, 'આ અમે ફ્રોઝન કરી એક મહિના સુધી આરોગશું. ત્યારે તમને યાદ કરશું.'

કલાકારોની સલામતીની જવાબદારી આયોજકો ઉપર રહેતી હોવાથી તેઓ આ બાબત ખૂબ સજાગ અને સાવધ રહી તમામ નીતિ નિયમોનું કડક પાલન કરાવે છે એટલે કલાકારો નિશ્ચિંત ખેલૈયાઓના ઉત્સાહને વધારે છે. આયોજકો તરફથી કલાકારોને પુરસ્કાર સમયસર મળી જાય છે? તેવા પ્રશ્નનો જવાબ આપતાં રેખા ત્રિવેદીએ કહ્યું કે, મોટાભાગે કલાકારોને પેમેન્ટ મળી જાય છે. તેમને થયેલા કડવા અનુભવની શ્રદ્ધાયે વાત કરતા કહ્યું કે, એક આયોજકે મને એરપોર્ટ જતાં પેમેન્ટ આપું છું કહી મને એરપોર્ટ ઉપર ડ્રોપ કરી પુરસ્કાર આપ્યા વગર જતા રહ્યાં હતાં. પરંતુ આવી વાતો હું ક્યારેય યાદ રાખતી નથી. હાલ અમેરિકાના સ્ટાર સિટીમાં રહેતા તરૂ પંકજ મોદી કહે છે કે, અમે ૧૯૮૬થી ૨૬ વર્ષ રૌનોકેમાં રહ્યા. આ નાના શહેરમાં ૧૫-૨૦ ભારતીય પરિવારો રહેતા. ત્યારે બે તબીબ દંપતીએ સરગમ બેન્ડ ગ્રૂપ શરૂ કર્યું હતું જે નવરાત્રિમાં શુક્રવાર-શનિવારના બે દિવસ ઢોલક અને કીબોર્ડ સાથે ગરબા ગાતા હતા. તેઓની ઈચ્છા રૌનોકેમાં મંદિર બનાવવા માટે પૈસા એકઠા કરવાની હતી. બે યુગલોની સક્રિયતાના કારણે આસપાસના શહેરના લોકો આવતા થયા. તેમની લોકપ્રિયતા વધતા અન્ય શહેરોએ પણ વિવિધ તારીખો પર તેમના ગરબા માટે જૂથને આમંત્રણ આપ્યું. શરૂમાં ૩ તાલી, રાસ અને બાદમાં બરોડા શૈલીનું દોઢીયું, અઢીયું એમ વિવિધ શૈલીઓના ગરબા રમાતા થયા. હાલ ૩૦૦થી વધુ લોકો ૩ રાઉન્ડ ગરબે ઘૂમે અને પછી રાસ રમે છે. કોઈ ટિકિટ નહી, નિશુલ્ક પ્રવેશ, પણ બધાએ મંદિર માટે ખાસ કરીને શહેરના મોટેલ અને સ્ટોર ધરાવતા ગુજ્જુઓએ દિલથી મોટી સખાવત કરી છે. તેમણે કહ્યું કે, અહીં અમે બધા હિન્દુ તહેવારો ખૂબ જ શ્રદ્ધાથી ઉજવીએ છીએ.

અમેરિકી પ્રજા ડાન્સ પ્રેમી છે તેઓ પણ ઢોલના તાલે આપણા ગરબામાં નાચી ઉઠે છે. આપણા રિધમિસ્ટ પણ ફાસ્ટ રિધમમાં તેમને નચાવે છે. હવે તો અમેરિકામાં નાના-મોટા સમારંભો, શુભ પર્વો અને વિવિધ કોન્ફરન્સમાં પણ ગુજરાતી રાસ-ગરબાની કૃતિઓ રજૂ કરવાની નવી પ્રથા પડી છે. આપણી લોક સંસ્કૃતિની પરંપરાનો વારસો ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ અનેક પેઢીઓ સુધી જળવાશે તે સંસ્કૃતિ પ્રેમી ભારતીયો માટે ગૌરવની વાત છે.

ગુજરાતના સંજય ઓઝા, ડો.પાર્થ ઓઝા, ફાલ્ગુની પાઠક, આદિત્ય ગઢવી સહિતના અન્ય કલાકારો પણ અહીં પરદેશમાં ખૂબ લોકપ્રિય છે. ફી



















# શ્રી આશિષ ચૌહાણની જીવનયાત્રા આધારિત સ્મૃતિગ્રંથ 'સ્થિતપ્રજ્ઞ'ની હિન્દી આવૃતિ

## નવી દિલ્હી ખાતે શાનદાર વિમોચન

પ્રચંડ પુરુષાર્થ મજબૂત મનોબળ અડગ સિદ્ધાંતો અને નિઃસ્વાર્થ સમાજ સેવાનો અદ્‌ભૂત સમન્વય જેઓના જીવનમાં આપણને નયનગોચર થાય છે, તેવું એક વિલક્ષણ અને વિચક્ષણ પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વ ટેકનોલોજી અને અર્થશાસ્ત્રનો સમન્વય એટલે... શ્રી આશિષભાઈ ચૌહાણ.

ડૉ. મયૂર શાહ દ્વારા લખાયેલ પુસ્તક 'સ્થિતપ્રજ્ઞ'એ માત્ર આશિષ ચૌહાણની જીવન યાત્રાની કથા નથી એને હજારો ભારતીયોની પણ જીવનગાથા ગણાવીએ તો જરા પણ અતિશયોક્તિનો ભાવ નથી.

આ પુસ્તકમાં શાંતિ-સંયમ અને આત્મ ચિંતનની અનોખી ગુંજ સાંભળવા મળે છે એટલે જ તો આ ગુંજ ગુજરાતી ભાષાની સરહદ વટાવીને હવે હિન્દી, અંગ્રેજી અને મરાઠી ભાષાના માધ્યમથી સમગ્ર વિશ્વમાં સંભળાય છે.

તાજેતરમાં નવી દિલ્હીના હેબિટેટ સેન્ટરમાં આયોજિત એક સમારોહમાં આ સ્મૃતિગ્રંથ 'સ્થિતપ્રજ્ઞ'ની હિન્દી આવૃતિનું વિમોચન માન.કાયદા અને ન્યાયમંત્રી એવમ્ સંસદીય કાર્યમંત્રી શ્રી અર્જુનરામ મેઘવાલજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં ગણમાન્ય વ્યક્તિ વિશેષ તરીકે માનનીય ન્યાયમૂર્તિ અલ્હાબાદ હાઈકોર્ટ શ્રી વિનોદકુમાર દિવાકરજી, પૂર્વ અધ્યક્ષ SEBI શ્રી દામોદરન (IAS) પૂર્વ અધ્યક્ષ BSE શ્રી એસ. રવિ પ્રોફેસર સુરેશ હેબિટેટ સેન્ટર, પુસ્તકના લેખક ડૉ. મયૂર શાહ તથા સુશ્રી શ્વેતા રાજપાલ કોહલીની ગરિમામયી ઉપસ્થિતિએ સમારોહને ચિરંજીવ બનાવ્યો હતો. એક સફળ ગુજરાતીની 'સ્થિતપ્રજ્ઞ' જીવનયાત્રા આવનારા સમયમાં અનેક ઉગતી પ્રતિભાઓના જીવનને આ પુસ્તકના માધ્યમથી એક અલગ અંદાજમાં અલંકૃત કરવામાં બહુ મોટું યોગદાન આપી ભારત ભાગ્ય વિધાતા બનશે એ ચોક્કસ વાત છે.





# ટાટા મેમોરિયલના નવી મુંબઈ કેમ્પસમાં N.S.E. ફાઉન્ડેશન દ્વારા બનનાર મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ માટે ભૂમિપૂજન થયું

નેશનલ સ્ટોક એક્ષ્ટેન્જ ઓફ ઈન્ડિયા (NSE) દ્વારા તેની C.S.R. પહેલના ભાગરૂપે નવી મુંબઈ ખાતે આવેલ ટાટા મેમોરિયલ સેન્ટર સાથે જોડાણ કરી ૧૧ માળની કેન્સર હોસ્પિટલ પ્રોજેક્ટ માટે મલ્ટિસ્પેશિયાલિટી બ્લોક અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર બનાવવાના પ્રોજેક્ટનું તાજેતરમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રૂ. ૩૮૦ કરોડના ખર્ચે પૂર્ણ થનારો આ પ્રોજેક્ટ જુલાઈ ૨૦૨૭માં કાર્યરત થવાની ધારણા છે.

આ પ્રસંગે NSEના MD અને CEO શ્રી આશિષકુમાર ચૌહાણે જણાવ્યું હતું કે, 'આ સીમા ચિહ્નરૂપ પહેલમાં ટાટા મેમોરિયલ સેન્ટર સાથે ભાગીદારી કરવાનો N.S.E.ને ગર્વ છે. અમારો ઉદ્દેશ્ય ભારતમાં કેન્સર સામેની લડાઈમાં મહત્વપૂર્ણ યોગદાન આપવાનો છે.'

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨.૪ લાખ ચોરસ ફૂટનો બિલ્ટ અપ એરીયા ધરાવતો આ પ્રોજેક્ટ લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા EPC મોડમાં બનાવવામાં આવશે. ૧.૩ લાખ જેટલા OPD દર્દીઓ અહીંની સેવાનો લાભ દર વર્ષે લઈ શકશે.

GMDC
Gujarat Mineral Development Corporation Ltd.
(A Government of Gujarat Enterprise)
FUELING THE GROWTH

# જવાબદારીભર્યા ખાણકામ સાથે સામુદાયિક સર્વાંગી વિકાસ







GMDC દૃઢપણે માને છે કે ખાણકામનો હેતુ જેટલો ખનીજો સાથે જોડાયેલો છે, તેટલો જ તે સામુદાયિક વિકાસ સાથે પણ જોડાયેલો છે. આ વિચારધારાને સાકારિત કરવા, તેમનું સામુદાયિક વિકાસ કાર્યો સાથે જોડાયેલું ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ (GVT), છેલ્લા ત્રણ દાયકાથી પણ વધુ સમયથી એ સુનિશ્ચિત કરી રહી છે કે કંપનીના વિકાસના લાભો તેના કાર્યરત (ઓપરેશનલ) વિસ્તારની આસપાસના લોકો સુધી પહોંચે. આ જવાબદારી નિભાવતા, 2024-25 દરમિયાન, GMDCએ તેના વિવિધ CSR પહેલ અને કાર્યક્રમોના માધ્યમે ₹25.5 કરોડનો ખર્ચ કર્યો, જેનાથી ગુજરાત અને ઓડિશાના 290 ગામડાઓમાં રહેતા 3.8 લાખથી વધુ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અનેક લોકો સુધી તેનો સીધો લાભ પહોંચ્યો છે.

₹25.5 કરોડ CSR ખર્ચ
3.8 લાખ લાભાર્થીઓ
290 ગામડાઓ

આ CSR પહેલ દરેક પ્રદેશની સ્થાનિક જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ અનુસાર, વિવિધ સ્વરૂપે બદલાતી રહે છે. ગુજરાતમાં, CSRની અનેક પહેલનો મુખ્ય ઉદ્દેશ સામુદાયિક જીવનની ગુણવત્તામાં સુધાર કરવાનો છે, જેમાં ઉત્તમ શિક્ષણ, આરોગ્ય સંભાળની ત્વરીત પહોંચ, રોજગાર માટે કૌશલ્ય વિકાસ અને જળ સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આજે, કડીપાણીમાં આદિવાસી બાળકો માટે અંગ્રેજી માધ્યમની સ્કૂલો પણ શરૂ થઇ રહી છે, જે તેમના ઉજ્જવળ ભવિષ્યને નવી પાંખો આપી રહી છે. આ ઉપરાંત કચ્છના અંતરિયાળ ગામોમાં મોબાઇલ મેડિકલ વાન દ્વારા આરોગ્ય સેવાનો લાભ પહોંચી રહ્યો છે. સાથે જ, શરૂ કરાયેલા વિવિધ કૌશલ્ય કાર્યક્રમો યુવાનો અને મહિલાઓને સશક્ત બનાવે છે, જેથી તેઓ આત્મનિર્ભર બનીને સ્થિર અને સન્માનજનક જીવન જીવવા પગભર બની શકે.

ઓડિશામાં, GMDCએ અંગુલ અને સુંદરગઢમાં વિશ્વાસના પાયા પર પોતાના CSR કાર્યોની શરૂઆત કરી. સમુદાય સાથેના જોડાણથી આગળ વધીને, તેના પ્રારંભિક પગલાંઓમાં ધાર્મિક ભાવનાનું સન્માન કરવામાં આવ્યું. GMDC દ્વારા પુરીના પ્રખ્યાત જગન્નાથ મંદિરને સહકાર આપતા આનંદ બજાર ખાતે એક વિશાળ શેડ બનાવવા માટે ભંડોળ પૂરું પાડવામાં આવ્યું, જે દરરોજ અહીં આવતા હજારો દર્શનાર્થીઓ તથા પૂજારીઓને આરામ અને છાંયડો આપે છે. આ ઉપરાંત યુવાઓ અને મહિલાઓ માટે ખાસ સ્થાનિક તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા, જેથી તેઓ પ્રાદેશિક ઉદ્યોગોને અનુરૂપ કૌશલ્યો શીખી પોતાના માટે રોજગારની નવી તકો મેળવી શકે. સુંદરગઢના અનેક પરિવારો માટે, આ તાલીમ માત્ર એક કૌશલ્ય નથી, પરંતુ સ્થિર આવકની ખાતરી સાથે ગૌરવપૂર્ણ જીવન જીવવાનો નવો માર્ગ છે.

40,000+ ગ્રામજનો સુધી પહોંચતી મોબાઇલ મેડિકલ વાન
આદિવાસી બાળકો માટે અંગ્રેજી સ્કૂલોની સુવિધા
6 સ્થાનિય કેન્દ્રો પર કૌશલ્ય તાલીમ


આ તમામ પ્રયાસોની અસર માત્ર આંકડાઓમાં નહીં, પરંતુ તે લાખો પરિવારના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનમાં દેખાય છે. આરોગ્ય અને તબીબી પહેલ અંતર્ગત આશરે ₹16.97 કરોડ ખર્ચ કરવામાં આવ્યા, જે દર્શાવે છે કે ઉત્તમ અને ત્વરીત ઉપલબ્ધ આરોગ્ય સેવા એ જ માનવ જીવન માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ ઉપરાંત ગ્રામીણ વિકાસ, કલા અને સંસ્કૃતિ, શિક્ષણ, કૌશલ્ય તાલીમ અને જળ સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં પણ રોકાણ કરવામાં આવ્યું. આ તમામ પહેલ એક એવી મજબૂત સાંકળ રચે છે, જે શિક્ષણને આરોગ્ય સંભાળ સાથે, આજીવિકાને માળખાગત સુવિધાઓ સાથે અને સંસ્કૃતિને સ્થિરતાના મૂલ્યો સાથે મજબૂત રીતે જોડે છે.

અંગુલ અને સુંદરગઢમાં CSRના માધ્યમે કાર્યો
પુરીના જગન્નાથ મંદિરે મંડપ માટે સહાય
સ્થાનિક યુવાનો માટે કૌશલ્ય તાલીમ

GMDC માટે, CSR એ માત્ર નિયમનું પાલન નથી, પરંતુ સામુદાયિક વિકાસ સાથે જોડાયેલો પાયાનો સિદ્ધાંત છે. GMDCનો વિશ્વાસ છે કે સાચી અને સ્થાયી પ્રગતિ માત્ર ત્યારે જ શક્ય છે, જ્યારે વ્યાવસાયિક વિકાસની સાથે-સાથે તેની સાથે જોડાયેલા સમુદાયોનો પણ સર્વાંગી વિકાસ થાય. આ દૂરંદેશી સાથે GMDC હંમેશા સંપૂર્ણ જવાબદારીપૂર્વક અવિરત રીતે કાર્ય કરવાની સાથે સમુદાયોને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરે છે. આજે GMDC ગૌરવ સાથે કહે છે કે, તેમના વિકાસની દરેક સફળતા એ સામુદાયિક સશક્તિકરણની સિદ્ધિ છે.

₹16.97 કરોડ આરોગ્ય
₹11.05 કરોડ ગ્રામીણ વિકાસ
₹8.67 કરોડ શિક્ષણ અને કૌશલ્ય તાલીમ
₹1.86 કરોડ જળ સંરક્ષણ





✦ શ્રીસ્મિતા ભટ્ટ

# 'સ્ટીલ મેન ઓફ ઈન્ડિયા' વિસ્પી ખરાડી

સુરતના સામાન્ય પારસી પરિવારમાં જન્મેલ વિસ્પી ખરાડી 'સ્ટીલમેન ઓફ ઈન્ડિયા'નું ટાઈટલ જીતીને વર્લ્ડ સેલિબ્રિટી બની ગયા છે જેની નોંધ વિશ્વના સૌથી મોટા ઉદ્યોગપતિ એલન મસ્કે પણ લીધી છે. સમગ્ર વિશ્વના વેલ ટ્રેઈન્ડ એથ્લીટો સામે પોતાની આગવી પ્રતિભાના બળે ચમકતા આ ગુજરાતી ડાયમંડની પોતાની સક્સેસ સ્ટોરી ફીલિંગ્સના વાચકો માટે તેમના જ શબ્દોમાં માણીએ...

**- આપનો પરિચય ટૂંકમાં આપો.**

(એક પ્રભાવક સ્મિત સાથે) આમ તો મારો પરિચય આપવો થોડો ડિફીકલ્ટ છે. કારણ કે ઘણી બધી વસ્તુ સાથે હું જોડાયેલો છું. શરૂઆતમાં એમ.બી.એ. માર્કેટીંગ કર્યા બાદ મેં બેંકમાં કામ કર્યું હતું. આઈ.આઈ.એમ બેંગ્લુરૂથી બેંકિંગનો પોર્ટફોલિયો મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો. સાથો-સાથ મેં સ્પોર્ટ્સમાં ધ્યાન આપ્યું અને એથલીટને ટ્રેનીંગ આપતો ગયો. લગભગ ૧૦ વર્ષ મેં બેંકમાં કામ કર્યું હતું. સાથે હું આર્મી અને B.S.F ફોર્સને પણ ટ્રેનિંગ આપતો હતો. બોલિવુડમાં માર્શલ આર્ટિસ્ટ તરીકે જાણીતા એવા અક્ષય સર સાથે કુડો અને માર્શલઆર્ટને લોકો સુધી પહોંચાડવાની તક મને મળી હતી. આજે પણ તેમાં કાર્યરત છું. ત્યારબાદ 'ગિનીસ વર્લ્ડ રેકોર્ડ' બનાવવાની મારી જે તમન્ના હતી તે પૂરી થઈ છે. હું 'ફીટ ઈન્ડિયા મુવમેન્ટ' સાથે પણ જોડાયેલો છું. જે અતર્ગત હું ભારતને એક 'ફીટ નેશન' બનાવવામાં મારો પૂરતો ફાળો આપવા માંગું છું.

**- આઈ.આઈ.એમ બેંગ્લુરૂથી બેંકિંગનો અભ્યાસ કર્યા બાદ ફિટનેસ અને માર્શલ આર્ટમાં આવવાનું કારણ જણાવો.**

અભ્યાસની વાત કરું તો ઉચ્ચ શિક્ષણનું ખૂબ જ મહત્વ છે. જેના થકી જીવનમાં ઘણું બધુ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ સ્પોર્ટ્સ પણ એક કરીયર છે. આપણા ભારતીય બાળકોમાં ઘણું ટેલેન્ટ છે. જો તેઓને યોગ્ય માર્ગદર્શન અને સપોર્ટ મળે તો તેઓ સ્પોર્ટ્સમાં વિશ્વ કક્ષાએ પહોંચી શકે છે. મારું માનવું છે કે સ્પોર્ટ્સ તેમજ ફિટનેસ ટ્રેનિંગ પણ એટલું જ અગત્યનું સ્થાન ધરાવે છે. હું શરૂઆતથી જ સ્પોર્ટ્સમાં એક્ટીવ હતો. મારી ધૂન પુરી કરવા મેં માર્શલઆર્ટ તેમજ ફિટનેસ એકેડમી સ્ટાર્ટ કરી હતી.

**- સુરતના એક સામાન્ય પારસી પરિવારમાં જન્મ થયો ત્યારથી લઈને 'સ્ટીલ મેન ઓફ ઈન્ડિયા' બનવા સુધીની આપની સફર કેવી રહી?**

મારા માટે આ સફર એટલી ટફ તો નથી રહી. પરંતુ ખૂબજ મજેદાર રહી છે. જેમાં મને ઘણું શીખવા અને જાણવા મળ્યું છે. મારા મેન્ટર એવા મેહુલ વોરાથી લઈને અક્ષય સર (અક્ષય કુમાર) સુધી મિલીટરી ટ્રેનિંગથી લઈને પોલીસ ટ્રેનિંગ આપવા સુધી ઘણું બધું મેં નજીકથી અનુભવ્યું છે. સાથો-સાથ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાની ધૂન પણ હતી જ. હું ચોક્કસ કહીશ કે મારી આ સફર ઘણી રોમાંચક રહી છે.

**- અત્યાર સુધી ૧૭ જેટલા ગિનિસ વર્લ્ડ રેકોર્ડ આપે હાંસલ કર્યા છે તે અંગે વિગતે વાત કરો.**

આ વર્લ્ડ રેકોર્ડ બનાવવા પાછળ મેં ખૂબ જ કઠિન ટ્રેનિંગ લીધી હતી. એક મુખ્ય વાત મારા મગજમાં સતત ચાલતી હતી કે જો હું રેકોર્ડ બનાવવામાં ફેલ થઈશ તો વિશ્વ કક્ષાએ એમ કહેવાશે કે, એક ભારતીય રેકોર્ડ બનાવવામાં ફેલ થયો. મારા ભારતીય ગર્વને ગૌરવવંતુ રાખવા મેં આ પેઈન ફૂલ રેકોર્ડ હાંસલ કર્યો છે. અટારી બોર્ડર પર જ્યારે આ રેકોર્ડ બનાવવાનો હતો ત્યારે મેં પોતાની અંદર એક એવો રોમાંચ અનુભવ્યો હતો કે, આપણા દેશનો તિરંગો હશે તેની સામે હું આ રેકોર્ડ સ્થાપિત કરું છું.

**- પોતાની માર્શલ આર્ટનો ઉપયોગ કરી તમે કેટલા લોકોના જીવ બચાવ્યા છે?**

માર્શલ આર્ટ આત્મરક્ષા માટે ખૂબ જ ઉપયોગી છે. એક વાર અસામાજિક તત્વો દ્વારા મારા મિત્રો પર હૂમલો થયો હતો. હોકી સ્ટીક જેવા હથિયારોથી હૂમલો કરવામાં આવેલ. જ્યારે મારા પર હૂમલો થયો ત્યારે માર્શલ આર્ટના કારણે મેં સ્વબચાવની ટેકનિક અપનાવી જેમાં હું એક કોર્નરમાં જઈને બેસી ગયો જેથી તેઓ મને ચારે તરફથી ઘેરી ન શકે અને મારુ અમુક અંશે રક્ષણ થાય. બીજા ઘણાં મારા વિદ્યાર્થીઓના કિસ્સા છે જેમાં તેઓએ માર્શલ આર્ટથી સ્વબચાવ કરી લોકોની પણ રક્ષા કરી છે.

**- એક માર્શલ આર્ટિસ્ટ તરીકે આપ ભારતીય સુરક્ષાબળના કમાન્ડોને કઈ રીતે પ્રશિક્ષિત કરો છો? તેના ઉત્તમ પરિણામો વિશે જણાવો.**

મારા મેન્ટરો પાસેથી જે જ્ઞાન મને મળ્યું છે. તે હું ભારતીય સુરક્ષાબળના કમાન્ડો અને પોલીસ ફોર્સને પ્રશિક્ષિતને કરવામાં કામે લગાડું છું. હું પણ એ લોકો પાસેથી ઘણું બધું શીખું છું. આપણાં દેશના રક્ષકોને ટ્રેનિંગ આપતા મને દેશભક્તિની જે અનુભૂતિ થાય છે તે જ મારો રીવોર્ડ છે. હું મારા દેશના રક્ષકોનો ખૂબ જ આદર કરું છું. તેઓને નિ:શુલ્ક ટ્રેનિંગ આપી જે આત્મ સંતોષ મળે છે એ મારા માટે સૌથી સુંદર પરિણામ છે.

**- બોલિવુડમાં પણ સ્ટંટમેન તરીકે આપ સક્રિય છો. તે અનુભવો વિશે જણાવો.**

બોલિવુડમાં મેં 'બ્રધર્સ' તેમજ 'નામ શબાના' જેવી મૂવીમાં કામ કર્યું છે. જેમાં અક્ષય કુમાર સર સાથેના એક કિસ્સાની હું વાત કરીશ કે, અમે એક સ્ટંટ પરફોર્મ કરતા હતા. અમારે ફાઈટ કરવાની હતી. સખત તાપ વચ્ચે લેધરની સીટ પર એ ફાઈટ ખુલ્લા શરીરે કરવાની હતી. અનેક રી-ટેક થઈ રહ્યાં હતાં. તેવામાં મારી હાલત ખૂબ ખરાબ થઈ ગયેલી. આ જોતાં અક્ષય સરે મારા માટે પણ ખાસ

ધ્યાન આપીને સુવિધા ઊભી કરાવી હતી. આ મારા માટે યાદગાર કિસ્સો હતો.

**- આપની આ સ્ટીલ બોડીનું રહસ્ય શું છે?**

સ્ટીલ બોડીનું રહસ્ય કહું તો હું બહુ સ્ટ્રોંગ છું એમ તો નહી કહું પરંતુ આ ટાઈટલ જ્યારે મને મળ્યું ત્યારે લોકોનો મારી તરફનો અનહદ પ્રેમ એને હું રહસ્ય ગણાવીશ. મારા ઘરના સભ્યો અને ખાસ કરીને મારી પત્ની પણ મને મારા ન્યુટ્રીશનમાં ખૂબ જ હેલ્પ કરે છે. સખત ડાયેટ અને ઉત્તમ અભ્યાસથી મેં આ ફિટનેસ મેળવી છે.




વિવિધ પ્રકારની માર્શલ આર્ટની તાલીમ આપશ્રી એ ભારતમાં અને પરદેશમાં કોના માર્ગદર્શન હેઠળ મેળવેલ છે? તે પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે કે, 'માર્શલ આર્ટની ટ્રેનિંગ મેં મારા મેન્ટર મેહુલ વોરા સર પાસેથી લીધી છે, અને અક્ષય કુમાર સર પાસેથી પણ મને ટ્રેનિંગ મળી છે.

**- આપના પરિવારનો સપોર્ટ કેટલો મળે છે?**

સપોર્ટની વાત કરું તો મારા ઘરના દરેક સભ્યોનો આમા મોટો ફાળો છે, કારણ કે, મારા પિતાજી પણ એક કુસ્તીબાજ હતા. મારા બાળકો પણ મારી પ્રેક્ટિસ દરમિયાન હાજર રહીને મારું મનોબળ વધારે છે. મારી માતા અને પત્ની મને સતત પ્રેરિત કરતાં રહે છે. આમ પરિવારનો સપોર્ટ મારા માટે ખૂબ જ અગત્યનો છે. જો તમારા ઘરમાં પણ કોઈ એથલીટ હોય અને તે પોતાની ફિટનેસને ઉત્તમ બનાવવા માટે મહેનત કરતો હોય, તો તેને સપોર્ટ આપો.

**- આપના પ્રેરણાસ્ત્રોત તરીકે કોને ગણાવશો?**

હું નાનો હતો ત્યારથી જ જેકી ચેન તેમજ બ્રુસ લી ના મૂવીઝ જોતો. ત્યારે હું માર્શલ આર્ટથી ઘણો પ્રભાવિત થયેલો. ત્યાર બાદ મને મેહુલ વોરા સર પાસેથી ટ્રેનિંગ મળી. અક્ષય કુમાર સર પણ મને પ્રેરિત કરતાં રહે છે.

**- અત્યારે દેશમાં ચાલી રહેલા 'સ્વદેશી' અભિયાન વિશે આપ શું કહેશો?**

દેશમાં ચાલી રહેલ સ્વદેશી અભિયાનને હું દિલથી આવકારું છું. આપણા દેશને ભારતીયો જ ભારતમાં રહીને આગળ લાવવાનો પ્રયત્ન કરે એ ખૂબ જરૂરી છે. સ્વદેશી મુવમેન્ટથી પ્રભાવિત મારી ભવિષ્યની એક યોજના છે. જેમાં નેચરલ સપ્લીમેન્ટ તૈયાર કરી ભારતીયો સુધી પહોંચાડવા અંગેની છે.

**- આપનું ભવિષ્યનું વિઝન શું છે? તે જણાવો.**

ભારત આજે વર્લ્ડનું ડાયાબિટીસ કેપિટલ કહેવાય છે. ત્યારે હું ફિટ ઈન્ડીયા મૂવમેન્ટના એમ્બેસેડર તરીકે લોકો સુધી ફિટનેસ અને માર્શલ આર્ટની જાગૃતિ ફેલાવવા માંગુ છું. ભારતને 'તંદુરસ્ત રાષ્ટ્ર' તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થાય એ મારું વિઝન છે.

**- અત્યારે આપ વૈશ્વિક સેલિબ્રીટીની કક્ષાએ છો, (એલેન મસ્ક પણ આપનાથી પ્રભાવિત છે) ત્યારે 'ભારત ભાગ્ય વિધાતા' તરીકે આપનું શું યોગદાન હશે ?**

એલેનમસ્ક સરે મારી નોંધ લીધી છે ત્યારે હું એમ કહીશ કે એનાથી મને પ્રસિદ્ધિ મળી એ બરાબર છે પરંતુ આવનાર પેઢીના યુવાઓ તેમજ બાળકોને હવે ખ્યાલ આવે છે કે એક ભારતીય તરીકે વિસ્પી ખરાડી જો વર્લ્ડ રેકોર્ડ કરી શકે છે તો અમે પણ કરી શકીએ છીએ એ જ મારું 'ભારત ભાગ્ય વિધાતા' તરીકેનું યોગદાન ગણું છું.

**- આપનું ફેવરીટ ફૂડ - ફેવરીટ પુસ્તક અને ફેવરીટ પર્યટન સ્થળ જણાવો.**

મારા ફેવરીટ ફૂડની હું વાત કરું તો જેનાથી ફિટ રહી શકાય એ બધું જ પરંતુ આપણી દરેક ઈન્દ્રીયને સંતોષી રાખવી જરૂરી છે. મને આઈસ્ક્રીમ ખૂબ જ ભાવે છે. પરંતુ એ હું ક્યારેક, ખૂબ લિમીટેડ માત્રામાં ખાઉં છું. હું એક ન્યુટ્રીશન એક્સપર્ટ પણ છું. તેને લગતા ઘણાં પુસ્તકો વાંચુ છું. મારા મનપસંદ પર્યટન સ્થળની વાત કરું તો મારે એડવેન્ચર એક્ટિવિટી માટે ન્યુઝીલેન્ડ જવાની ઈચ્છા છે.

**- આપની દિનચર્યા જણાવો. કેવો ખોરાક લો છો? કઈ-કઈ એક્સરસાઈઝ કરો છો?**

વહેલી સવારે હું કાર્ડીયો કરું છું. ત્યારબાદ નાસ્તામાં સ્ક્રેબલ એગ્સ લઉં છું. તેની સાથે થોડા ડ્રાયફ્રુટ્સ લઉં છું. ત્યાર બાદ હું મારુ કામ કરું છું. લંચમાં પણ પ્રોટીન, વિટામિનનો ખ્યાલ રાખું છું. જેમાં રાઈસ, ચિકન, એગ્સ અને સલાડ લઉં છું. ત્યારબાદ એક કલાક વેઈટ ટ્રેનિંગ કરું છું. ત્યારબાદ હું એથ્લેટસને ટ્રેનિગ આપુ છું. પછી હું માર્શલ આર્ટની મારી પ્રેક્ટિસ કરું છું. આ સિવાય ડીનરમાં પણ હું બેલેન્સ્ડ ફૂડ લઉં છું.

**- આજના યુવા સમાજને માટે આપનો કોઈ ખાસ સંદેશ.**

'હું પહેલાં એ કહીશ કે, ભારતીય તરીકે ગર્વ અનુભવો. ખરા ભારતીય બનો. બીજું પોતાના શરીર માટે ભલે લોકો કે મિત્રો સેલ્ફીશ કહે પરંતુ જંક ફૂડ અને વ્યસનો માટે ઘસીને ના પાડતા શીખો. ફિટ બનો અને આગળ વધો.'

**- આજનું યંગ જનરેશન સિક્સપેક બોડી બનાવવા માટે શોર્ટકટ તરીકે ડ્રગ્સનો ઉપયોગ કરે છે તેની ગંભીરતા વિશે વાત કરો.**

આ ઘણી ગંભીર વાત છે. કે લોકો ફિલ્મ એક્ટરોને જોઈને પ્રભાવિત થાય છે. પરંતુ તેઓ પોતાના કામને અનુલક્ષીને ચાલતા હોય છે. હું બોડી બિલ્ડરોની માન મર્યાદા જાળવું છું. પરંતુ સ્ટીરોઈડ કે અન્ય કોઈ ડ્રગ્સ આપણાં D.N.A. માટે ખતરનાક છે. તેનાથી હંમેશા દૂર રહો.

**- આપની સિક્સપેક બોડીના ઘણા ચાહકો હશે જ એમની તમારા માટેની ક્રેઝીનેશની કોઈ ઘટના બની હોય તો જણાવો.**

અત્યાર સુધી તો એવો કોઈ કિસ્સો નથી બન્યો પરંતુ મને એક્ટીંગ અને મોડલીંગની ઓફરો આવતી રહે છે. એક ફિટ વ્યક્તિ તરીકે હું મને મળતા બધા કોમ્પલીમેંટસને દિલથી આવકારું છું.

**- ફીલિંગ્સના વાચકો માટે આપનો શું મેસેજ આપશો ?**

ફીલિંગ્સ મેગેઝિન દ્વારા હું એક જ મેસેજ આપવા માંગુ છું કે ફિટ બનો અને એક ભારતીય તરીકે વિશ્વ કક્ષાએ દેશની નામના પ્રસ્થાપિત કરો. ફી






Feelings
GLOBAL MEDIA
Interview | Talk-Show
Current Affair



























## જેમાં તમને તમારા મોબાઈલ કે કોમ્પ્યુટરના સ્ક્રીન પર મળશે

વિશ્વભરની અવનવી માહિતી, અનેક વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાતો અને તે સિવાય ઘણુંબધુ...

FOLLOW US ON

# આજે જ સબસ્ક્રાઈબ કરો ફીલિંગ્સ ગ્લોબલ મીડિયા

@feelingsglobalmedia



✦ ફીલિંગ્સ ટીમ

# ૧૦૮ ઉપવાસની તપશ્ચર્યાથી બ્રેઈન કેન્સરને હંફાવતા વડોદરા-અલકાપુરી જૈન સંઘના

# ધર્મેશ દોશી

સામાન્ય રીતે કેન્સર શબ્દ કાને પડતાં જ માણસ હતાશ થઈ જાય, હતપ્રભ થઈ જાય પરિણામે ક્યારેક કેન્સરનો હાઉ જીવલેણ પુરવાર થતો પણ જોવા મળે છે. આ તમામને અતિક્રમી જનાર જિનશાસનની પ્રભાવનામાં બે મુખ્ય બાબતો એટલે 'નવકાર મંત્રનો જાપ' અને ઉપવાસની કઠિન તપશ્ચર્યાના ફળ સ્વરૂપે બ્રેઈન કેન્સરને હંફાવનાર ધર્મેશભાઈ દોશીની જીવન સફર કોઈ રોમાંચક નવલકથાથી જરા પણ ઉતરતી નથી.

મૂળ ભાવનગરના વતની એવા ધર્મેશભાઈ દોશી પોતે વૈષ્ણવ પરિવારમાંથી આવે છે પરંતુ તેમના સહધર્મચારિણી ક્રિષ્ણાબેન જૈન પરિવારના છે. ઈ.સ. ૨૦૧૩માં ધર્મેશભાઈને મગજના કેન્સરનું નિદાન થયેલું. ડોકટરોએ તેઓને થોડા સમયના મહેમાન હોવાનું જણાવી દીધેલું. પરંતુ જિનશાસનના સંસ્કારોથી સભર એમના પત્ની ક્રિષ્ણાબેને તીર્થંકરોએ બતાવેલા માર્ગે ચાલવા ધર્મેશભાઈને પ્રેરિત કર્યા. તેમની વાતને ગ્રાહ્ય રાખી ધર્મેશભાઈએ ૨૦૧૬માં જૈનાચાર્ય મહારાજ સાહેબના દર્શન કરીને જીવનમાં પ્રથમ વખત અઠ્ઠાઈ તપની તપશ્ચર્યા કરી હતી. આ તપશ્ચર્યાનો તેમણે એક અલગ અનુભવ થયો. તેમનો આત્મવિશ્વાસ વધ્યો અને તેઓના જીવનમાં ઘણું બધું સુંદર પરિવર્તન આવવા માંડ્યું. ત્યાર પછી તેમણે દર વર્ષે આ તપશ્ચર્યા ઉત્તરોત્તર વધારી. ૩૦ ઉપવાસની માસ ક્ષમણ તપશ્ચર્યા, ૪૫ ઉપવાસનું સિદ્ધ તપ, ત્યારબાદ ૪૮ ઉપવાસની તપશ્ચર્યા, ત્યાર પછીના વર્ષમાં ૫૧ ઉપવાસ ત્યાર બાદ, ૬૩ ઉપવાસ પછી નવકાર મંત્રના શબ્દો જેટલા ૬૮ ઉપવાસની તપશ્ચર્યા તેમણે કરી હતી.

ચાલુ વર્ષે અલકાપુરી જૈન સંઘમાં બિરાજમાન પ.પૂ. આચાર્ય શ્રીમદ રામચંદ્ર સુરીજી મહારાજ સમુદાયના પ.પૂ. મુનિરાજ ધુરંધર વિજયજી મ.સા.ના આશીર્વાદ એવમ્ પ.પૂ. આચાર્ય મનમોહન સુરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આચાર્ય હેમપ્રભ સુરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શન મુજબ ધર્મેશભાઈ દોશીની ૧૦૮ ઉપવાસની ખૂબ જ કઠિન તપશ્ચર્યા પૂર્ણ થઈ છે. જ્યાં શબ્દો વિરામ પામી જાય ત્યાંથી શ્રદ્ધાની શરૂઆત થાય છે. અને આવી શ્રદ્ધા જ માનવ જીવનમાં અશક્યને શક્ય બનાવે છે. ધર્મેશભાઈ પોતાની આ ૧૦૮ ઉપવાસની તપશ્ચર્યાના આધ્યાત્મિક અનુભવની વાત કરતાં કહે છે કે, 'જૈન ધર્મમાં રાત્રિ ભોજનના ત્યાગની જે વાત છે તે ખૂબ સાચી છે, વૈજ્ઞાનિક છે.'

ઉપવાસની મહત્વતા વિશે તેમણે કહ્યું કે, ઉમાસ્વાતિ મહારાજ વિરચિત 'તત્વાર્થધિગમ્' ગ્રંથમાં લખ્યું છે કે, તપસનિર્જરા તપ થી જ પાપકર્મનો નાશ થાય છે. જેનો અનુભવ ધર્મેશભાઈને થયો છે. એટલે જ તો તેઓ ચોવિહારનો નિયમ દ્રઢતાથી પાળે છે અને બ્રેઈન કેન્સરને હંફાવે છે.

આમ વિજ્ઞાનને પણ અચંબિત કરી દેનાર ધર્મેશભાઈની આ ઉપવાસ તપશ્ચર્યા અનેક મોક્ષ માર્ગી જીવો માટે પ્રેરણાદાયી તો છે જ સાથો-સાથ જિનશાસનની પ્રભાવના પણ વધારનારી છે. નવકાર મંત્ર અને ઉપવાસની તપશ્ચર્યા માત્ર જિનશાસન માટે નથી પરંતુ માનવ માત્ર માટે અનુકરણીય છે, આદરણીય છે.

જય જિનેન્દ્ર. ફી




■ ફીલિંગ્સ ટીમ





■ સરોજ એસ. ખેતિયા
■ કલ્પના એચ. ગોપિયાણી

# પ્રેરણાદાયી વિરલ વ્યક્તિત્વ
# શ્રી પ્રેમશંકર વી. ભટ્ટ (આઈ.એ.એસ. નિવૃત્ત)ની 'જીવનયાત્રા'

ગુજરાત રાજ્યની પ્રશાસન સેવા અને નૈતિક શાસનનું એક પ્રેરણારૂપ વ્યક્તિત્વ તરીકે જો કોઈ નામ ચમકે છે, તો તે છે શ્રી પ્રેમશંકર વસનજી ભટ્ટ. ૨૭ ડિસેમ્બર, ૧૯૨૭ ના રોજ જામનગર જિલ્લાના વસઈ ગામે જન્મેલા શ્રી ભટ્ટ સાહેબનું જીવન સાચા અર્થમાં પ્રેરણાદાયી છે. નાની વયે જ પિતાનું અવસાન થતાં માતા શ્રી અમૃતબા ભટ્ટે પોતાના પુત્રમાં સંસ્કાર, શ્રદ્ધા અને શિસ્તના બીજ વાવ્યાં. વસઈ અને આમરા ગામની શાળાઓમાં પ્રાથમિક અભ્યાસ કરીને તેમણે જામખંભાળિયાની જી.વી.જે. હાઈસ્કૂલમાંથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવ્યું. તે સમયના કપરા દિવસોમાં પણ તેમની આંખોમાં જ્ઞાનનો દીપક ઉજ્જવલિત રહ્યો.

શિક્ષણ પ્રત્યેની તેમની તીવ્ર લગન તેમને મુંબઈની વિલ્સન કોલેજ સુધી લાવી. સંસ્કૃત વિષયમાં પ્રથમ શ્રેણી મેળવીને તેમણે ધર્મશાસ્ત્રમાં એમ.એ. કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો. ત્યારબાદ બોમ્બે ગવર્નમેન્ટ લો કોલેજમાંથી એલ.એલ.બી. કરીને કોન્સ્ટિટ્યુશનલ લોમાં શ્રેષ્ઠતા હાંસલ કરી. એ સમયના વિદ્વાનો જેમ કે ફાલી નરીમન, સોલી સોરાબજી અને અનીલ દિવાન તેમની સાથી પેઢીના હતા. મુંબઈમાં અભ્યાસકાળ દરમિયાન તેઓ સ્વાતંત્ર્ય આંદોલનના સમયની ચળવળના સાક્ષી રહ્યાં. યુવાનીમાં તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામના અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો અને દેશભક્તિના ભાવ સાથે પોતાને રાષ્ટ્રસેવા માટે સમર્પિત કરવાનો સંકલ્પ કર્યો. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ સ્વાતંત્ર્ય દિવસના ઐતિહાસિક ઉત્સવના પણ તેઓ સાક્ષી બનેલા તે ક્ષણોએ તેમના મનમાં દેશસેવાની અડગ જ્વાલા પ્રગટાવી. જીવનભર તેઓ ગાંધીજીના સિદ્ધાંતોના અનુયાયી રહ્યાં. સત્ય, અહિંસા, સાદગી અને સેવા તેમના વ્યક્તિત્વના મજબૂત આધારસ્તંભ બની રહ્યાં.

તેમણે જામનગરમાં વકીલાતનો પ્રારંભ કર્યો અને ટૂંક સમયમાં જ પ્રતિભાશાળી યુવાન વકીલ તરીકે ખ્યાતિ મેળવી. પરંતુ જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ઉચ્છંગરાય ઢેબરે નવી પેઢીને રાજ્યસેવામાં આવવાનું આહવાન કર્યું, ત્યારે તેમણે પોતાના સફળ વકીલાત જીવનનો ત્યાગ કરી રાજ્યસેવામાં જોડાવાનું નક્કી કર્યું. સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ ક્રમે પસંદ થઈ તેઓ ગુજરાત પ્રશાસન સેવા અને બાદમાં ભારતીય પ્રશાસન સેવા (આઈ.એ.એસ.)માં જોડાયા. સહાયક કલેક્ટરથી લઈને સચિવ સુધીના અનેક મહત્વના હોદ્દાઓ સંભાળી તેમણે ગુજરાતના વિકાસ અને શાસનવ્યવસ્થાને નવી દિશા આપી.

તેમણે વિવિધ હોદ્દાઓ પર જેમકે પંચાયત, મજૂર, સમાજ કલ્યાણ, આરોગ્ય, શહેરી વિકાસ અને ગૃહ વિભાગ જેવા અનેક વિભાગોમાં સચિવ તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમની શાસનશૈલી શિસ્તબદ્ધ પરંતુ માનવતાભરેલી હતી. નીતિ-નિર્ધારણમાં દીર્ઘદ્રષ્ટિ અને અમલમાં તેમની પારદર્શિતાથી પ્રશાસનમાં પ્રામાણિકતા અને સંવેદનશીલતાનો સુમેળ રહેતો. જ્યારે પણ અછત, પૂર, દુષ્કાળ અથવા કુદરતી આફત જેવી પરિસ્થિતિઓ ઉભી થઈ, ત્યારે તેમણે પોતાની ટીમને પ્રેરણા આપીને સમર્પિત રીતે રાહત અને પુનર્વસનનું કાર્ય કર્યું. તેમણે હંમેશાં રાજ્ય અને જનહિતના વ્યાપક હિત માટે અડગ અને દઢપણે નિર્ણયો લીધા. દરેક સંજોગોમાં યોગ્યતા તથા માનવતાથી કામ લીધું. નેતૃત્વ, નિષ્ઠા, ઈમાનદારી, માનવતા અને સંવેદનશીલતા તેમના પ્રશાસક તરીકેના સૌથી વિશિષ્ટ ગુણધર્મો હતાં. તેઓ દુરંદેશી દ્રષ્ટિ ધરાવતા હતા જેમની વિચારધારા માત્ર કાગળ પર નહોતી. પોતાના વિઝનને હકીકતમાં પરિવર્તિત કરવાની અદભૂત ક્ષમતા ધરાવતા હતાં. રાજ્યના સર્વાંગી વિકાસ માટે તેમની દષ્ટિ અને પ્રયાસો અતિપ્રેરક અને અભૂતપૂર્વ હતા. તેમને અનેક યુવા અધિકારીઓને માર્ગદર્શન, પ્રોત્સાહન અને પ્રેરણા આપી પ્રેરિત કર્યા હતાં.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ તરીકે તેમણે પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા અને અનેક નીતિઓ અમલમાં મૂકી. નિવૃત્તિ બાદ પણ તેમણે જાહેરજીવનમાં સક્રિય રહીને જાગૃત નાગરિક પરિષદ હેઠળ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાપના માટેની જનહિત અરજીમાં માર્ગદર્શન આપ્યું, જેના પરિણામે ગુજરાત હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો અને ગાંધીનગરમાં કોર્પોરેશન રચાયું.

શ્રી ભટ્ટ સાહેબ શ્રેષ્ઠ સુશાસક ઉપરાંત, કવિ, સાહિત્યપ્રેમી અને વિચારક પણ હતા. 'દિલે ઉઠ્યા જે સુર' નામનો તેમનો કાવ્યસંગ્રહ તેઓના હૃદયની મધુર સંવેદનાનું પ્રતિબિંબ છે. સાહિત્યપ્રેમને કારણે તેઓ ગુજરાત સાહિત્ય પરિષદ અને સાહિત્ય સભા સાથે સક્રિયપણે જોડાયેલા રહ્યા. તેમની કાવ્ય સૃષ્ટિ જીવનપ્રેમ, રાષ્ટ્રભક્તિ અને આધ્યાત્મિક ભાવના સાથે સંકળાયેલી હતી. કવિતાઓની જેમ જ તેમનું વ્યક્તિત્વ શાંત, ઉદાર અને ઊંડાણસભર હતું.

પોતાના જીવનસાથી પૂજ્ય લલિતાબેન સાથેનું દામ્પત્ય જીવન પરસ્પર સન્માન અને પ્રેમનું મિશ્રણ હતું. લલિતાબેનનો સાથ તેમનો શક્તિસ્રોત હતો જેમણે જીવનના દરેક ચરણમાં તેમની સાથે રહીને એક આદર્શ પરિવાર અને ઉત્તમ સંતાનોનું પાલન કર્યું.

શ્રી ભટ્ટ સાહેબે પ્રશાસનની જટિલ પરિસ્થિતિઓમાં હંમેશાં શાંતિપૂર્વક, તર્કપૂર્ણ અને ધીરજથી નિર્ણયો લીધા છે. તેઓ માનતા કે શાસનનો અર્થ છે 'લોકો માટે કાર્ય, નિયમોમાં





**'જીવનયાત્રા' પુસ્તકના વિમોચન સમારોહમાં તસ્વીરમાં દર્શાવેલ મહાનુભાવો ઉપરાંત વિખ્યાત સાહિત્યકાર-લેખક અને મોટીવેશનલ સ્પીકર શ્રી મનોજ મુંતશીરે હાજર રહીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું.**

માનવતા અને નિર્ણયમાં ન્યાય.' તેમની સાથે કાર્ય કરનારા અધિકારીઓ આજે પણ તેમના શિષ્ટાચાર, વ્યક્તિત્વ અને મનોભાવના ઉદાહરણો આપે છે.

તેમણે પોતાના જીવનના છેલ્લા વર્ષોમાં સમાજસેવા અને સાહિત્યને અર્પિત કર્યા. 'જીવનયાત્રા પુસ્તક' તેમનું જીવનદર્શન છે જેમાં બાળપણથી લઈને નિવૃત્તિ સુધીની સ્મૃતિઓ, અનુભવો અને આધ્યાત્મિક વિચારો સમાયેલ છે. પુસ્તકમાં એક અનોખી સાદગી છે જે વાચકને માત્ર તેમની કથા નથી કહેતી, પણ એક જીવનશૈલી શીખવે છે. આ પુસ્તક એ પણ બતાવે છે કે એક અધિકારી કેવી રીતે સરકારી ફરજ ને માનવ સેવા માં પરિવર્તિત કરી શકે.

તેમને કુલ પાંચ સંતાનો છે. શ્રીમતી સરોજબેન ખેતિયા, જેઓએ બી.એ. અને એલએલબી સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું અને વિવાહ પછી સંગીત અને સાહિત્ય પ્રત્યેનો રસ જાળવી રાખ્યો છે. સરોજબેન એક સંગીતપ્રેમી અને સામાજિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર જોડાયેલી ગૃહિણી છે.

નાની પુત્રી શ્રીમતી કલ્પના ગોપિયાણીએ એમ.એ. કરીને પોતાના પતિ શ્રી હરેશ ગોપિયાણી, ઈજનેર અને કન્સલ્ટન્ટ સાથે વિવાહ કર્યા બાદ કેનેડા ખાતે વસવાટ કર્યો છે.

તેમના પુત્રોમાં ન્યાયમૂર્તિ શ્રી પી. પી. ભટ્ટે ન્યાયપાલિકા ક્ષેત્રે ૨૬ વર્ષ સુધી ઉત્તમ સેવા આપી અને પોતાના પિતાના વારસાને જાળવી રાખ્યો. તેમણે ગુજરાત હાઈકોર્ટના પ્રથમ રજીસ્ટ્રાર જનરલ તરીકે ન્યાયિક માળખાની સુધારણા, આધુનિકીકરણ તથા ન્યાયવ્યવસ્થાની કાર્યક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું જેના બદલ તેમને નેશનલ એવાર્ડથી સન્માનિત કરવામાં આવેલા. હાલમાં તેઓ વિવાદ નિવારણ મધ્યસ્થતા અને સામાજિક સેવાકાર્યોમાં સક્રિય છે.

તેમના પુત્ર શ્રી જયંત ભટ્ટ ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ છે, જેમણે ૪૦ વર્ષથી વધુ સમયથી વકીલાત ક્ષેત્રે સેવા આપીને અનેક સરકારી-અર્ધસરકારી સંસ્થાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા જાહેર સંસ્થાઓ અને ખાનગી કંપનીઓ તથા નિગમો માટે મહત્વપૂર્ણ કાયદાકીય સેવાઓ આપેલ છે. શ્રી આશિષ ભટ્ટ પણ વરિષ્ઠ વકીલ તરીકે ૨૫ વર્ષથી વધુ સમયથી ગુજરાત રાજ્યની અદાલતોમાં કાર્યરત છે.

તેમના તમામ પૌત્રપૌત્રીઓ પણ પોતાના ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવે છે. વિરલ ખેતિયા રિલાયન્સ ડિજિટલના જનરલ મેનેજર તરીકે મુંબઈમાં કાર્યરત છે. અર્પિતા શાહ બહુરાષ્ટ્રીય કંપની જે પી મોર્ગનમાં નેતૃત્વ કરે છે. જીત ભટ્ટ પ્રતિષ્ઠિત ક્વીન મેરી યુનિવર્સિટી ઓફ લંડનમાંથી આંતરરાષ્ટ્રીય કાયદામાં એલએલએમ (LL.M.) પૂર્ણ કર્યું છે. તેઓ વાણિજ્યિક કાયદા તેમજ આંતરિક અને આંતરરાષ્ટ્રીય આર્બિટ્રેશન ક્ષેત્રે નિષ્ણાત ગણાય છે. હાલમાં તેઓ ગુજરાત હાઈકોર્ટમાં પ્રખર વકીલ તરીકે પ્રેક્ટિસ કરે છે અને સાથે સાથે ભારતની અગ્રણી કાનૂની યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે શિક્ષણકાર્ય પણ કરે છે.

વિધી ભટ્ટે પ્રતિષ્ઠિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) માંથી કાનૂન અભ્યાસ પૂર્ણ કર્યો છે અને હાલ ગુજરાત હાઈકોર્ટમાં મહત્વપૂર્ણ પ્રેક્ટિસ ધરાવે છે. તેઓ સર્વિસ લો અને લેબર લો જેવા વિષયો પર નિષ્ણાત છે અને તેમની પ્રતિષ્ઠા તેમના વ્યવસાયિક કાર્યદક્ષતામાં પ્રતિબિંબિત થાય છે. ધરા ભટ્ટ ગુજરાત રાજ્યની પ્રથમ મહિલા સોલિસિટર તરીકે જાણીતા છે. તેમણે પોતાના પતિ શ્રી પાર્થ ભટ્ટ સાથે મળીને ભટ્ટ એન્ડ કું. નામની પ્રતિષ્ઠિત કાનૂની ફર્મ સ્થાપી છે. તેઓ બંને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને આજે ગુજરાતના કાનૂની ક્ષેત્રમાં અગ્રણી સ્થાન ધરાવે છે.

માધવી ભટ્ટે ફિલ્મ જગતમાં સહસિક માર્ગ અપનાવ્યો છે તેમણે પ્રખ્યાત નિર્દેશક પ્રકાશ ઝા સાથે મળીને અનેક સુપરહિટ બોલીવૂડ ફિલ્મોનું સહ-નિર્દેશન કર્યું છે તથા અનેક વેબ સિરીઝ, જેમાં લોકપ્રિય આશ્રમ શ્રેણીનો પણ સમાવેશ થાય છે, તેનું નિર્દેશન કર્યું છે. તેમજ હર્ષ ગોપિયાણી, જેમણે કેનેડામાં ગ્રેજ્યુએશન અને માસ્ટર્સ કર્યા બાદ કેનેડાની પબ્લિક હેલ્થ સેવામાં કાર્ય કર્યું અને હાલ ફ્રાન્સની પ્રતિષ્ઠિત લિયોન યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા છે તેઓ પણ કુટુંબના ઉત્કૃષ્ટ યુવાનોમાંના એક છે.

આવા આદર્શ સંતાનો અને પૌત્રપૌત્રીઓ ભટ્ટ સાહેબની જીવનદષ્ટિ, સંસ્કાર અને મહેનતનું સાચું પ્રતિબિંબ છે અને તેમના વારસાને જીવંત રાખે છે. શ્રી ભટ્ટ સાહેબનું જીવન આપણને શીખવે છે કે, 'શાસન એ અધિકાર નથી, ફરજ છે અને સેવા એ ઉપાસના છે.' તેમનો વારસો નૈતિકતા, કાર્યનિષ્ઠા અને માનવતાના સંગમરૂપે ચિરંજીવ રહેશે.

'જીવનયાત્રા' તેમની આત્મકથા માત્ર નથી, પરંતુ એ એક યુગની કથા છે. એક એવા વ્યક્તિત્વની, જેણે વહીવટને આધ્યાત્મિકતા સાથે જોડ્યો અને નીતિને કરૂણાથી પલટાવી. આજેય તેમની યાદ આપણા મનમાં શાંતિ અને પ્રેરણાનું પ્રતીક બની રહી છે. શ્રી પ્રેમશંકર વી. ભટ્ટ સાહેબને આ ભાવભીની શ્રદ્ધાંજલિ એવા વ્યક્તિત્વને અર્પણ છે જેણે પોતાના જીવનને શ્રેષ્ઠ અને પ્રેરણાદાયી બનાવ્યું.



✦ ફીલિંગ્સ ટીમ



# અનેક જવાબદારીઓ વચ્ચે 'જલકમલવત્' રહી ભારતના ભાગ્ય ઘડતરમાં નિમિત્ત બનતું (વડોદરાનું) એક શાલીન વ્યક્તિત્વ

## પરેશભાઈ પરીખ...

ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ ગુજરાત (CAIT)ના પ્રેસિડેન્ટ, ગુજરાત પ્રદેશ વ્યાપાર સેલ (BJP)ના મેમ્બર, વડોદરા વેપાર વિકાસ એસો.ના પ્રમુખ, JITO વડોદરાના પૂર્વ પ્રમુખ તથા લાયન્સ અને જુનિયર ચેમ્બરમાં પણ ઉચ્ચતમ પદ ભોગવી જવાબદારીભર્યા હોદ્દાઓ જેમનું આભૂષણ બન્યા છે તે વ્યક્તિ વિશેષ પ્રતિભા એટલે શ્રી પરેશભાઈ પરીખ... એક 'ડાઉન ટૂ અર્થ વ્યક્તિત્વ.'

પોતાની અતિ વ્યસ્તતા વચ્ચે ફીલિંગ્સને આપેલ મુલાકાતમાં પરેશભાઈએ પોતાની જીવન કિતાબને સહજતાથી ખોલતાં ફીલિંગ્સના વાંચકોને જણાવ્યું કે, 'લીડરશિપના ગુણો તો શરૂઆતથી જ મારામાં હતાં. ઈ.સ. ૧૯૯૦માં જયેશભાઈ દલાલે મને જુનિયર ચેમ્બરમાં સભ્ય બનાવ્યો. ઈ.સ. ૧૯૯૧થી ૧૯૯૬ બનિયન સીટીમાં હું પ્રમુખ બન્યો. સમાજ સેવા અને વેપારમાં પણ હું આગળ રહેતાં ઈ.સ. ૧૯૯૬માં જુનિયર ચેમ્બરનો પ્રતિષ્ઠિત 'કમલપત્ર એવોર્ડ' મને એનાયત થયેલ. ઈ.સ. ૨૦૦૦માં જુનિયર ચેમ્બરનો હું સ્ટેટ પ્રેસિડન્ટ બન્યો હતો.'

૨૦૦૪-૦૫માં ગુજરાતમાં ઓકટ્રોય નાબૂદીનો જંગ છેડનાર પણ પરેશભાઈ હતાં. આ આંદોલનથી તેઓનું રાજકીય કદ વધ્યું હતું. ઈ.સ. ૨૦૦૬માં તત્કાલીન મોદી સરકારે ગુજરાતમાંથી ઓકટ્રોય નાબૂદીની જાહેરાત કરી હતી. એ જ વર્ષમાં જીતો (JITO)માં પરેશભાઈની એન્ટ્રી થયેલી તેમાં પ્રમુખ અને સેક્રેટરી જેવા મહત્વના હોદ્દાઓ તેમણે બહુ સફળ રીતે શોભાવ્યા હતાં.

પરેશભાઈનું માનવું છે કે, જેમ જાપાનના લોકો જાપાનમાં બનેલ વસ્તુને જ ખરીદવાનો આગ્રહ રાખે છે તેવી માનસિકતા ભારતમાં પણ હવે કેળવાવી જોઈએ. જો આપણે સ્વદેશી અપનાવીશું તો ડોલર સામે આપણો રૂપિયો મજબૂત બનશે. જી.ડી.પી. વધશે અને રોજગારીની નવી તકો પેદા થશે. અલબત માત્ર 'સ્વદેશી'ના સહારે આપણે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા નહીં બની શકીએ. આપણી વિશ્વ વેપાર નીતિને પણ બદલવી પડશે.

એક સફળ વેપારી તરીકે તેમનું માનવું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા જો FDI પર લગામ લગાવવામાં આવે તો ભારતના સેંકડો નાના વેપારીઓનો ધંધો બચી જાય. આ માટે છેલ્લાં ૧૨ વર્ષથી તેઓ કેન્દ્ર સરકાર સામે લડત ચલાવી રહ્યાં છે. એક પારદર્શક FDI પોલિસીની તેઓ તરફેણ કરે છે.

પોતાનો પરિવાર વર્ષોથી પરદેશમાં સ્થાયી હોવા છતાં પરેશભાઈનું દિલ તો હંમેશાં 'હિન્દુસ્તાની' જ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના સ્વદેશી અપનાવો અભિયાનની શરૂઆત કરતાં તેમણે ઓનલાઈન ખરીદી બંધ કરી છે. પરદેશથી આવતા કપડાં પણ પહેરવાનું ટોટલ બંધ કર્યું છે.

દેશના યુવાનોને ભારતમાં જ રહી સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ આગળ વધવા તેમણે આહવાન કર્યું હતું. આગામી દિવસોમાં જો વિશ્વયુદ્ધ થશે તો ભારત પોતાની તટસ્થ નીતિના કારણે બચી જશે. તેવું તેમનું માનવું છે. અનેક જવાબદારી ભર્યા હોદ્દાઓ ઉપર હોવા છતાં શાલીન વ્યક્તિત્વ ધરાવતા પરેશભાઈ માને છે કે, 'મારું પ્રેરણા સ્રોત મારી માતા છે. મારા પરિવારની હૂંફ મને અહીં સુધી લઈ આવી છે.' બહુમુખી પ્રતિભા સંપન્ન એવા પરેશભાઈ પરીખને તેઓના ઉજ્જવળ ભવિષ્યની ફીલિંગ્સ પરિવાર તરફથી અનેક-અનેક શુભેચ્છાઓ... ફી

## પારસધામ ગિરનારના આંગણે યોજાયો અનોખો 'અનુકંપા ઉત્સવ'



રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પારસધામ ગિરનાર ખાતે તાજેતરમાં નિઃશુલ્ક પશુ શસ્ત્રક્રિયા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

યુગો પહેલાં જૈનોના ૨૨માં તીર્થંકર પ્રભુ નેમનાથ ભગવાને મૃત્યુના મુખમાં જઈ રહેલાં હજારો અબોલ પશુઓનો વેદનાભર્યો ચિત્કાર સાંભળીને એમના પર કરૂણા કરી જે ભૂમિ પર એમને અભયદાન આપ્યું હતું તે જ ગિરનારની ધન્ય ભૂમિ પર એમના જ નામના 'પ્રભુ નેમ દરબાર'માં પરમ ગુરુદેવની કરૂણા ભાવનાથી સેંકડો અબોલ જીવોને શાતા પમાડનારી આ અનોખી શસ્ત્રક્રિયા શિબિર સફળતા પૂર્વક સંપન્ન થઈ છે ત્યારે પોતાની શક્તિ - સામર્થ્ય અને સેવાનું યોગદાન આપી જીવદયાના આવા કાર્યમાં સહભાગી બનવા પારસધામ ગિરનાર તરફથી સહુ જીવદયાપ્રેમી ભાવિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ નવા પરિવેશમાં

crocodile city creations
Where Stories Become Legend







ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ જે હાલમાં નવા પરિવેશ સાથે ફિલ્મો પ્રસ્તુત કરી રહ્યો છે. તે પરિવર્તનને ઝીલીને બદલાતા સામાજિક પ્રવાહોને સમજી, સમાજને અરીસો ધરવાનું કામ કરે છે. ક્રોકોડાઈલ સીટી ક્રિએશન્સ વર્તમાન સમાજની સમસ્યાઓ જેવી કે, ધ્વનિ પ્રદૂષણ, વડીલોની મુશ્કેલીઓ, સમયની બરબાદી જેવા વિષયોને સર્જનાત્મક રીતે શોર્ટ ફિલ્મો દ્વારા રજૂ કરવા કાર્યરત છે. આમાં જ આગળ વધતાં ક્રોકોડાઈલ સીટી ક્રિએશન્સ આગામી સમયમાં 'ટાઈમથીફ' અને 'ફેઈથ' ટાઈટલવાળી બે શોર્ટ ફિલ્મો રજૂ કરવા પ્રયત્નશીલ છે. જેનો આધાર જેન-ઝીને ટાઇમ મેનેજમેન્ટ અને ઈશ્વર પ્રત્યે અંધશ્રદ્ધા નહીં પણ શ્રદ્ધાવાન થવા સારું પ્રેરિત કરશે.


SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE
PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE
सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा
NOVEL
SWASTHYA SETU IS THE NEW NORMAL
Amines®
Biotech Pvt. Ltd.
Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in
Customer Care No.:
+91 97237 07339
Follow us:
Available at:
JPOINT®

# વડોદરા સ્થિત જયંતોર્મિ સાહિત્ય સેવા ટ્રસ્ટને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અનોખી સિદ્ધિ બદલ વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયામાં સ્થાન મળ્યું



પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજશ્રી દ્વારા પ્રેરિત વડોદરાના શાહ પરિવારના મોભી જયંતિલાલ અને ઉર્મિલાબેન શાહના સ્મરણાર્થે સાહિત્યકાર હરીશ શાહ દ્વારા સંચાલિત ગુજરાતી સાહિત્યને સમર્પિત થયેલ જયંતોર્મિ સાહિત્ય સેવા ટ્રસ્ટ આજે વટવૃક્ષ બની ગયું છે. ટ્રસ્ટે છેલ્લા બે વર્ષમાં ૮૦ જેટલાં ગુજરાતી સાહિત્યકારો-કવિઓને સન્માનિત કરી પોતાનું સામાજિક ઉત્તરદાયીત્વ નિભાવ્યું છે. તાજેતરમાં ગુજરાતી સાહિત્યના આ ફેમિલી ટ્રસ્ટને અમદાવાદ ખાતે આવેલ 'વર્લ્ડ રેકોર્ડસ ઓફ ઈન્ડિયા' દ્વારા વર્લ્ડ રેકોર્ડસ ઓફ ઇન્ડિયા માં સ્થાન આપી ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી હરીશભાઈ શાહ અને ટ્રસ્ટી ગણને મેડલ તથા સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રવર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પણ આ ટ્રસ્ટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. ઉપરાંત પદ્મશ્રી તુષાર શુક્લ, લોર્ડ ભીખુ પારેખ, વડોદરા શહેર પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમર તથા આણંદ પોલીસ કમિશનર શ્રી જી.જી વસાણીનું બહુમાન કરી જયંતોર્મિ ટ્રસ્ટે તેઓની સેવાઓને બિરદાવેલ છે.

ગુજરાતી સાહિત્યની સેવાને વરેલા આ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના ખ્યાતિપ્રાપ્ત લેખકો-કવિઓ શ્રી રાજેન્દ્ર શુકલ, ભાગ્યેશ જહા, માધવ રામાનુજ, અંકિત ત્રિવેદી, ભાષાવિદ્ બાબુ સુથાર, ડૉ. જયેશ ભોગાયતા ગુલામ અબ્બાસ 'નાશાદ', દિનેશ ડોંગરે 'નાદાન', ભરત ભટ્ટ, રઈશ મણિઆર તથા ગૌરાંગ ઠાકરનું સન્માન કરી તેઓને પ્રોત્સાહિત કરેલા છે.

હાલમાં આ ટ્રસ્ટમાં ૩૦૦ ઉપરાંત મેમ્બર્સ છે. જેમાં જોડાવાનું નિઃશુલ્ક છે. આગામી સમયમાં ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતના ગઝલકારોની પ્રતિયોગિતા, મેરેથોન કવિ સંમેલન, ષષ્ઠપીઠ સાહિત્ય પર્વ-૨ તથા સુપર સિનિયર સિટિઝન સાહિત્યકારોને આર્થિક સહાય જેવા વિવિધ કાર્યક્રમો કરવાનું આયોજન હોવાનું ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી હરીશભાઈ શાહે જણાવ્યું હતું.

જયંતોર્મિ સાહિત્ય સેવા ટ્રસ્ટને ફીલિંગ્સ પરિવાર તરફથી ઉજ્જવળ ભવિષ્યની અનેક શુભકામના... ફી

# હ્યુસ્ટનની સાહિત્ય સરિતાએ ઉજવ્યો કલમનો ઉત્સવ અને દેવિકા ધ્રુવના કાવ્યસંગ્રહ 'અહીંજ બધું'નું વિમોચન

ગુજરાતી સાહિત્ય સરિતાની ૨૭૨મી બેઠક સુગરલેંડના Clyde and Nancy Jacks Conference Center ખાતે યોજવામાં આવી હતી, જેમાં આશરે ૯૫ જેટલા સભ્યોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત શ્વેતાબેન શ્રોફના કંઠે સરસ્વતી-વંદનાથી થઈ હતી.

ત્યારબાદ નરેન્દ્રભાઈ વેદે આ ખાસ બેઠક 'કલમનો ઉત્સવ'નાં મુખ્ય મહેમાન, ગુજરાતનાં સુપ્રસિદ્ધ કવિ શ્રી કૃષ્ણ દવે અને તેમનાં ધર્મપત્ની મધુબહેન, હ્યુસ્ટનનાં કવયિત્રી દેવિકાબહેન ધ્રુવ, મુખ્ય પ્રાયોજક ડૉ. કોકિલાબહેન પરીખ અને હાજર રહેલા સૌ ગુજરાતી સાહિત્ય રસિકોનું સ્વાગત કર્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી નિખિલભાઈ મહેતાએ મુખ્ય મહેમાનનો પરિચય કરાવ્યો હતો.

બેઠકનાં દ્વિતીય તબક્કામાં શ્રી કૃષ્ણ દવેના હસ્તે ગુજરાતી સાહિત્ય સરિતાનાં વરિષ્ઠ સભ્ય અને ગુજરાતી ડાયસ્પોરાનાં પ્રસિદ્ધ કવયિત્રી દેવિકાબહેન ધ્રુવનાં કાવ્યસંગ્રહ 'અહીં જ બધું'નું વિમોચન થયું હતું, જે સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

પુસ્તકના વિમોચન પ્રસંગે શ્રી કૃષ્ણ દવેએ દેવિકાબહેનને શુભેચ્છા પાઠવીને એમનાં કાવ્યસંગ્રહમાંથી થોડાંક ચૂંટેલા કાવ્યોનું પઠન કરીને એમની લેખનકળાને બિરદાવી હતી. ત્યારબાદ દેવિકાબહેને પણ એમનાં મનગમતાં કાવ્યો 'લ્યો અમે તો ચાલ્યાં પાછાં કલમને કરતાલે' અને 'શતદલ પંખ ખીલત પંકજ પર' વગેરે વાંચી સંભળાવ્યાં હતાં.

ત્યારબાદ સંસ્થાનાં સભ્ય શ્રીમતી ભાવનાબહેન દેસાઈના સુમધુર કંઠે દેવિકાબહેનની બે સુંદર રચનાઓ 'કલમને કરતાલે' અને 'અણધારી આ હલચલ થઈ ગઈ' સાંભળવાનો અનેરો લ્હાવો પણ મળ્યો, જેમાં શબ્દ સાથે સૂરનો સુભગ સમન્વય પ્રેક્ષકોએ માણ્યો હતો.



કાર્યક્રમના આ બીજા તબક્કાના અંતે સંસ્થાના પ્રમુખ શ્રી નિખિલભાઈએ દેવિકાબહેનને સન્માન-પત્ર અર્પણ કરીને સૌને વાંચી સંભળાવ્યું હતું.

ત્રીજા તબક્કામાં શ્રી કૃષ્ણ દવેએ હળવી શૈલીમાં થોડાંક બાળગીતો રજૂ કરીને સૌને ખડખડાટ હસાવીને વાતાવરણમાં હળવાશ ભરી દીધી હતી.

આ યાદગાર બેઠકમાં ૯૫ વર્ષના વાર્તાકાર શ્રી આનંદ રાવ લિંગાયત, સંસ્થાના સ્થાપક શ્રી દીપકભાઈ ભટ્ટ તેમજ નાસાના વૈજ્ઞાનિક ડૉ. કમલેશ લુલ્લાની હાજરી નોંધપાત્ર હતી. ફી

Mobile : +91 94283 19245

(Since - 1904)

# MAHAVIR® BANDHANI

*Home of Authentic Bandhani Products.*

- BANDHANI
- GHARCHOLA
- LEHERIYA PATOLA
- LEHENGA CHOLI
- DRESS MATERIALS
- SHAWL
- DESIGNER KURTI
- DUPATTA

Video Call
Facility Available.

Home Delivery
Facility Available.

mahavirbandhani

Nr. Jain Temple Circle, Chandi Bazar, Jamnagar, Phone : 0288-2553018
Branch :- 1) Old Soni bazar Chandi Bazar Jamnagar
2) Super market town hall Road Jamnagar 0288-2555719

■ નટવર આહલપરા



# ને સૂરજ ઊગ્યો...

અનુરાગની આંખનાં ખૂણા ભીના થઈ ગયા હતાં. તે મનોમન ઈશ્વર સામે વાત કરતો હતો, 'પ્રભુ હું ક્યારે પિતા બનીશ?' માધુરીને અનુરાગ ટેસ્ટટ્યૂબ બેબી વિશે સમજાવતો હતો પણ માધુરીને વાત ગળે ઊતરી નહોતી.

સમય પસાર થતો, એમાં એક દિવસ મુંબઈથી અનુરાગનો કોલેજકાળનો મિત્ર મયૂર અનુરાગની આઠમી વર્ષગાંઠ ઊજવવા આવવાનો હતો. માધુરી બારીની બહાર ખુલ્લા આકાશમાં ઊડતાં પંખીઓને નિર્જીવ નજરે તાકી રહી હતી, સૂના ઘરના દ્વાર વિશે કોઈ કહી શકતા ન હતા. માત્ર અનુરાગ અને માધુરી જ એકમેકને, કહી શકતા હતા. એક સ્ત્રી મા ન બની શકે, એક પુરુષ પિતા ન બને આ તે કેવી કરુણતા! આ તે કેવી પીડા! બંનેના ચહેરાઓ ઘણું બધુ કહી જતાં હતા. અનુરાગના મિત્ર મયૂરને આ બાબતે કોઈ જાણ નહોતી.

અનુરાગ હિંચકા ઉપર બેસીને છાપું વાંચતો હતો, ત્યાં જ કાર અનુરાગના બંગલા પાસે આવીને ઊભી રહી હતી, તેમાં અનુરાગનો મિત્ર મયૂર હતો. કારના બે-ત્રણ હોર્ન સાંભળી અનુરાગ દરવાજા પાસે ગયો હતો. બંને મિત્ર ભેટી પડયાં હતાં. અનુરાગે બૂમ પાડી હતી. 'માધુરી' માધુરી જો કોણ આવ્યું છે?

માધુરી પોતાના બેડરૂમમાંથી બહાર આવી ન હતી. તે ખૂબ જ થાકેલી અને ઉદાસ લાગતી હતી. મયૂર પાંચ વર્ષ બાદ અનુરાગને ઘરે આવ્યો હતો. જમ્યાં પછી મયૂર, માધુરી અને અનુરાગ ડ્રોઈંગ રૂમમાં બેઠાં હતાં. મયૂરે માધુરીને પૂછયું હતું કે, 'કેમ ભાભી શું ચાલે છે?' માધુરીએ નિરાશા ભર્યો જવાબ આપ્યો હતો.

ઠીક છે. મયૂરે ફરીને પૂછયું હતું, 'કેમ ઉદાસ છો?' અનુરાગે વચ્ચેથી વાત બદલી નાખીને કહ્યું હતું કે, 'તેને એકલા હાથે કામ બહુ રહે છે માટે થાકેલી લાગે છે.'

ત્યારબાદ અનુરાગ મયૂરને ડ્રોઈંગ રૂમમાંથી બહાર લઈ ગયો હતો. બંને બંગલાના બગીચામાં બેઠાં હતા. અનુરાગે મયૂરને બધી વાત કરી હતી. બંને બંગલામાં પાછા ફર્યા હતા. માધુરીના લગ્નની આઠમી વર્ષ ગાંઠ મયૂર સાથે અનુરાગે ઊજવી હતી. મયૂર માધુરીને વધુ કાંઈ પૂછતો નથી પણ મિત્રની પીડાને બરોબર સમજી ગયો હતો અને તે પ્રમાણે વર્તન કરતો હતો.

અનુરાગ પણ મયૂર સાથે ઓફિસના કામનું બહાનું કાઢી મુંબઈ ગયો હતો. મયૂર અનુરાગને એક અનાથ આશ્રમમાં લઈ ગયો હતો. તે વિચારતો હતો કે, 'બાળક એટલે પ્રભુ.' બાળક વિનાનું ઘર સ્મશાન જેવું લાગે છે.

આશ્રમની બધી કાર્યવાહી પૂર્ણ કરી પાંચ વર્ષના બાળકને લઈ અનુરાગ અને મયૂર મુંબઈથી અમદાવાદ જવા માટે નીકળ્યાં હતા. બાળકને અનુરાગ જોતો જ રહેતો હતો. જાણે અનુરાગના જીવનનો અંધકાર, બાળકના આગમનથી દૂર થઈ રહ્યો હતો. બાળકને પણ મજા પડી ગઈ હતી. જે દિવસ અનુરાગ અને મયૂર અમદાવાદ પહોંચ્યા હતા તે જ દિવસે માધુરીનો જન્મ દિવસ હતો.

સવારના સાત વાગ્યા હતાં. મયૂરની કાર અનુરાગના બંગલા પાસે આવી ઊભી રહી ગઈ હતી. અનુરાગે બૂમ પાડી હતી. 'માધુરી... ઓ... માધુરી'. માધુરી બહાર આવી હતી. અનુરાગ અને મયૂર બાળક સાથે ઘરમાં દાખલ થયાં હતાં. અનુરાગે માધુરીને કહ્યું હતું કે, 'માધુરી જો તો કોણ આવ્યું છે.' આ છે આપણો પુત્ર. મેં તેને 'મલય' નામ આપ્યું છે. હું તારા જન્મદિને મલય તને ભેટ આપું છું.

માધુરી ક્ષણભર તો સ્તબ્ધ થઈ ગઈ હતી. મલયનો ફૂલ જેવો ચહેરો, કાળી ભમ્મર આંખો જોઈ માધુરીના હૃદય સાગરમાં ફરીવાર માતૃત્વના મોજા ઉછળતાં હતાં જાણે કે કેટલાય વર્ષો પછી તેના હૃદયમાં કોઈ



બાળક માટે પ્રેમની ભરતી હતી !

માધુરી બે ડગલાં આગળ વધી હતી. અને મલયને ઊંચકી લઈ પોતાની છાતીએ ચાંપ્યો હતો.

'બેટા મલય, હું તારી મમ્મી છું' મલય મમ્મી શબ્દનો અર્થ જાણે સમજ્યો ન હોય તેમ ચકળવકળ આંખે જોઈ રહ્યો હતો. થોડીવાર પછી મલય પણ માધુરીને વળગી પડ્યો હતો. અનુરાગ અને મયૂર, માધુરી અને મલયને જોયાં જ કરતાં હતાં. પછી ત્રણેયની આંખમાંથી હર્ષના આંસુ ટપકતા હતા.

આઠ વર્ષની પીડા આમ એકાએક હળવી થઈ જશે તે અનુરાગ-માધુરીના માન્યામાં નહોતું આવતું અનુરાગ અને માધુરી ફરી એકવાર નજીક આવી રહ્યાં હતા.

મલય બંનેને બહુ વ્હાલો લાગતો હતો. તેની કાલી-ઘેલી વાતો સાંભળવી માધુરીને બહુ ગમતી હતી. તેની સાથે નાચવું-કૂદવું અને ગાવું માધુરીનો નિત્યક્રમ બની ગયો હતો. માધુરી અને અનુરાગને તો જાણે સુખનો જેકપોટ જડી ગયો હતો.

મલયના આગમનથી અનુરાગ અને માધુરી વચ્ચેની તિરાડ સંધાઈ ગઈ હતી. મલય હવે છ વર્ષનો થઈ ગયો હતો. સવારે અનુરાગ અને માધુરી વહેલા ઊઠીને પરવારી ગયાં હતા. કારણ, મલયના સ્કૂલ એડમિશન માટે જવાનું હતું. માધુરીની આંગળી પકડીને ચાલતો મલય બંગલાની બહાર આવ્યો હતો. સૂર્યના કિરણો અનુરાગ, માધુરી અને મલયના ચહેરા ઉપર પડતાં હતાં. માધુરીએ મલયને પોતાની છાતીએ લગાડીને અનુરાગને કહ્યુ હતું, 'અનુરાગ મને જાણે લાગે છે કે આપણા જીવનમાં કોઈ નવા સંબંધનો સૂરજ ઉગ્યો છે!' અનુરાગ માધુરીને કહેતો હતો, 'માધુરી, સૂરજ તો રોજ એનો એ જ ઊગે છે અને આથમે છે.'

માધુરીએ અનુરાગને વળતો જવાબ આપ્યો હતો. 'ના, આ તો મારા જીવનમાં ઊગેલા નવા સંબંધના સૂરજની હું વાત કરું છું.

અનુરાગ, માધુરી અને મલય ધીમે-ધીમે સૂર્યના પ્રકાશમાં પડતા પડછાયાને ઓળંગતા-ઓળંગતા સ્કૂલમાં પહોંચ્યાં હતા.











✦ અનુરાધા દેરાસરી



# આ છે સ્ત્રીની નારાયણી શક્તિ

**સી**તાદેવી મહિલા ઈલેક્ટ્રિશિયન છે. તેઓ બિહારના ગયા શહેરના જ નહિ પરંતુ કદાચ ભારતના પહેલા મહિલા ઈલેક્ટ્રિશિયન છે અને અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ છે.

થોડા વર્ષો પહેલાં ભારતીય સ્ત્રીને અબળા અને કમજોર ગણવામાં આવતી. કુટુંબ પર મુશ્કેલી આવતી અને પતિનો કોઈ કારણસર સાથ ન હોય તો ભારતીય મહિલાઓ કમજોર પડી જતી અને કુટુંબ નિર્વાહ અને અન્ય કારણોસર આડા રસ્તે કમાણી કરતી. જ્યારે આજની આધુનિક નારી શિક્ષિત હોય કે અંતરિયાળ ગામડાની કે શહેરની અશિક્ષિત મહિલા પરંતુ મુશ્કેલીના પડકારને ઝીલી, સમાજના વહેણની વિરુદ્ધ જઈને મુશ્કેલીમાંથી રસ્તો કાઢે છે. કુટુંબનો આર્થિક નિર્વાહ કરે છે તેમજ સંતાનોનો ઉછેર ભણતર આપીને કરે છે અને અન્ય મહિલાઓ માટે નવો રસ્તો કંડારે છે.

ગયા શહેરના મહિલા ઈલેક્ટ્રિશિયન સીતાદેવીએ આ જ જીવન સમીકરણ પૂરું પાડયું છે અને બીજી સ્ત્રીઓ માટે પ્રેરણાત્મક દ્રષ્ટાંત પૂરું પાડયું છે તેમજ પુરુષોના વર્ચસ્વવાળા ઈલેક્ટ્રિશિયનના ક્ષેત્રમાં પદાર્પણ કરી પુરુષવર્ગની આ ક્ષેત્રની મોનોપોલી તોડી છે.

**વિસ્તારથી ફોકસ કરીએ સીતાદેવી મહિલા ઈલેક્ટ્રિશિયનની વાત પર...**

સીતાદેવીનો જન્મ બિહારના ગયા શહેર પાસેના ગામમાં થયો હતો. ઘરની આર્થિક સ્થિતિ અત્યંત નબળી, એટલે ગરીબીએ ભરડો લીધેલો. બે ટંક ખાવાના સાંસા, ત્યાં ભણવાનું તો ક્યાંથી પોસાય? આથી સીતાદેવી શાળાએ ના જઈ શક્યા. ગામડાના નિયમ પ્રમાણે નાની ઉંમરમાં, ગયામાં રહેતા ઈલેક્ટ્રિશિયન સીયારામ જોડે પરણાવી દેવામાં આવ્યા.

સીતાદેવીનું જીવન ગૃહકાર્ય, ૩ બાળકોનો ઉછેર ને પતિની સેવામાં જતું હતું. સીતાદેવી આ પરિસ્થિતિથી સંતુષ્ટ હતા. ત્યાં ચોથીવાર દીકરો જન્મ્યો એ વરસનો થયો અને સીતાદેવીના જીવનમાં મોટો વળાંક આવ્યો.

પતિ સીયારામની તબિયત લથડવા માંડી. તેઓ લાંબુ બેસી કામ કરી શકતા નહિ. આથી સીતાદેવીએ વહેલું કામ પતાવી, સીયારામની ઈલેક્ટ્રિકની દુકાને જઈ મદદ કરવા માંડી. આમાં રિપેરિંગનું જોવા પણ માંડયું. થોડા જ દિવસમાં એવી પરિસ્થિતિ આવી કે સીયારામને લીવર પર સોજો આવ્યો અને બીમારીએ જોર પકડયું. આથી તેમને આરામ કરવો પડે તેવું નિદાન આવ્યું.

પરિસ્થિતિ એવી આવીને ઊભી રહી કે આવક બંધ થઈ ગઈ. ઘર કેવી રીતે ચલાવવું? ખાવાના સાંસા, પતિની દવાઓ અને બાળકોના ભણતરનો ખર્ચ કેવી રીતે કાઢવો?

નાનપણથી સીતાદેવી મુશ્કેલી સામે સદા લડતા ને તેમાંથી રસ્તો કાઢતા ને આગળ વધતા. તેમના આ હિંમ્મતવાળા સ્વભાવ અને દ્રઢ મનોબળને કારણે તેમણે પોતે મહિલા ઈલેક્ટ્રિશિયન બનવાનું નક્કી કર્યું. તેના પતિ સીયારામે મંજૂરી આપી અને સીતાદેવીએ સીયારામની ઈલેક્ટ્રિકની દુકાને જવાનું શરૂ કર્યું

સીતાદેવી બપોરે મદદ કરવા તો જતા જ હતા. આથી તેમને થોડું થોડું તો રિપેરિંગનું જ્ઞાન હતું જ. હવે પદ્ધતિસર, પતિ પાસે શીખવાનું શરૂ કર્યું. તેમણે સ્વિચ રિપેરિંગ અને પંખા રિપેરિંગથી શીખવવાનું શરૂ કર્યું.

સીતાદેવીએ મહિલા ઈલેક્ટ્રિશિયન બનવાનું બીડું તો ઉપાડયું. પણ સામે મુશ્કેલીઓનો પહાડ ઊભો હતો. સીતાદેવી જણાવે છે કે, અમારી દુકાન કાચી ફૂટપાથ પર હતી આથી એક બાજુ બીમાર પતિ ખાટલા પર સૂતા સૂતા મને રિપેરિંગનું કામ શીખવાડતા. બાળકો નાના હતાં સૌથી નાનો દીકરો તો ૧ વર્ષનો જ હતો. તેને હું ખોળામાં બેસાડતી અથવા બાજુમાં બેસાડી કામ કરતી. બીજા ત્રણ છોકરાઓ ફૂટપાથ પર રમતાં. તેઓ જણાવે છે કે કોઈ સામાન લેવા બજારમાં જવાનું થાય તો નાના ૧ વર્ષના દીકરાને ઊંચકીને જોડે લઈ જતા.

બીજી મુશ્કેલીમાં સીતાદેવીને સામાજિક મુશ્કેલીઓ આવી. આ વ્યવસાય, સામાજિક વ્હેણની સામે તરીને કરવાનો હતો. ઈલેક્ટ્રિશિયન પુરુષવર્ગ જ હોય તેવી સચોટ માન્યતા બિહારના જૂનવાણી

વિચારોવાળા સમાજમાં પ્રવર્તતી. આથી મહિલા ઈલેક્ટ્રિશિયન તરીકે સીતાદેવી કામ કરે તો, તેમને પુરુષો સાધનો આપવા આવે તેની સાથે કામ કરવું પડે, કોઈ બોલાવે તો ત્યાં પુરુષોના સંપર્કમાં આવવું પડે વગેરે વગેરે. આથી ઘરના અન્ય કુટુંબીજનો સગાઓ અને પડોશીઓ સખત ટીકાઓ કરી મહેણાંટોણા મારવા માંડયા. પરંતુ દ્રઢ મનોબળવાળા સીતાદેવીએ આ ટીકાઓ અને મહેણાંટોણાની અવગણના કરી.

સીતાદેવી જણાવે છે કે, 'એક બાજુ આ સમાજની જૂનવાણી માન્યતાઓવાળી વિચારસરણી હતી અને બીજી બાજુ મારા સંતાનોનો ઉછેર, પતિની દવાઓનો ખર્ચો અને બાળકોનું ભણતર. મારી પાસે કોઈ વિકલ્પ જ ન હતો. અને કોણ કહે છે પુરુષો જે કામ કરી શકે, તે સ્ત્રી ના કરી શકે? થોડી વાર લાગે પણ મક્કમ ને દ્રઢમનોબળ અને કાર્ય માટેના સમર્પણ વડે સ્ત્રી, પુરુષો કરે તે વ્યવસાય કરી જ શકે છે અને આ વિચારસરણી અમલમાં મૂકી, મેં ઈલેક્ટ્રિશિયનનું કામ શીખવાનું શરૂ કર્યું.'

ધીરે ધીરે સીતાદેવી બધા ઈલેક્ટ્રિક સાધનોનાં રિપેરિંગ વિષે શીખતા ગયા. પતિ ઉપરાંત ગયાના એક મોટા ઈલેક્ટ્રિશિયન પાસે પણ થોડી ટ્રેનિંગ લીધી. જોતજોતામાં સીતાદેવી ઈલેક્ટ્રિકના બધા સાધનો જેવા કે મિક્સર, બોસ, એસી, માઈક્રોવેવ ઓવન, વેલ્ડિંગ મશીન, દરેક જાતનાં પંખા વગેરે દરેક સાધનનું રિપેરિંગ કામ કરતા થઈ ગયા.

હવે સીતાદેવી સાચા અર્થમાં ઈલેક્ટ્રિશિયન હતાં. મહિલા હોવા છતાં હવે તેમને ધીરે ધીરે ઘણા ગ્રાહકો મળવા માંડયા હતા. તેમની સખત મહેનત, કામ અંગેની સમજ અને કાર્ય માટેના સમર્પણે તેમની ટીકા કરનારાઓ પણ તેમને કામ આપવા માંડયા. એટલું જ નહિ વખાણ પણ કરવા માંડયા.

સીતાદેવી સવારે વહેલા ઉઠે, ઘરનું કામ કરે રસોઈ કરી લગભગ નવ વાગે દુકાન ખોલીને બેસે. બપોરે ૨.૦૦ વાગે ૧ કલાક માટે ઘેર આવે. જમી ઘરકામ કરી, સાંજની રસોઈની તૈયારી કરી પાછા ૩.૩૦ વાગે દુકાન પર જાય તે રાત્રે ૯.૦૦ થી ૯.૩૦ ઘેર આવે. બને ત્યાં સુધી તેઓ કોઈ કામ બાકી નથી રાખતાં, જો કોઈ ઈલેક્ટ્રિક સાધન રહી ગયું હોય રિપેર કરવાનું તો બને તો ઘેર લાવે નહીં તો બીજે દિવસે તો આપી જ દે.

ત્રણ વરસના અનુભવ પછી તેઓ કોઈ બોલાવે તો ઘેર પણ જાય છે. આજે સીતાદેવીનું નામ ગયાના બાહોશ ઈલેક્ટ્રિશિયનોમાં થાય છે. જોવાની ખૂબી એ છે કે સીતાદેવી ઈલેક્ટ્રિશિયનનું આટલું કામ કરે છે પરંતુ તેઓ જરાય ભણ્યા નથી. છતાં ઈલેક્ટ્રિશિયન તરીકે બધું કામ કરી શકે છે. તેઓએ ભયંકર ઠંડી, ગરમી ને વરસાદમાં પણ કામ કર્યું છે.

તેમની આ છેલ્લા પંદર વર્ષની મહેનતે તેઓનાં ત્રણે સંતાનો સ્નાતક સુધી ભણ્યા છે. નાનો ભણી રહ્યો છે. મોટો દીકરો હવે સીતાદેવીને તેમનાં કામમાં મદદ કરે છે. મોટી દીકરીનાં લગ્ન પણ આ ઈલેક્ટ્રિશિયન તરીકેની કમાણીમાંથી કર્યાં છે.


પતિ સીયારામની લીવરની બીમારીની દવા પણ પટના, ચેન્નાઈ અને દિલ્હી કરાવી. હવે સીયારામની બીમારી ઘણી સારી થઈ છે.

સીતાદેવી પોતાના ગામની મહિલાઓને ખાસ સમજાવે છે કે તમારામાં જે હુન્નર હોય તેનો ઉપયોગ કરી તમે તમારો નાનો ધંધો ઉભો કરો. આર્થિક ઉપાર્જન તમારા કુટુંબને ઉપયોગી થશે, તમારા અસ્તિત્વને પણ વિકાસ કરવામાં મદદરૂપ થશે.

સીતાદેવી જીવનના અંત સુધી મહિલા ઈલેક્ટ્રિશિયન તરીકેનું કામ ચાલુ રાખી અને ઘરોમાં પ્રકાશ ફેલાવવા માગે છે. ■





■ યજ્ઞેશ આચાર્ય





# ચહેરાને ચમકાવતી સ્ટીરોઈડયુક્ત કોસ્મેટિક ક્રીમનો આડેધડ ઉપયોગ ખતરો બની રહ્યો છે.

ચહેરાને ચમકાવવા કે ચહેરા ઉપર થતી નાની મોટી ફોલ્લી કે ખીલ તેમજ શરીરના વિવિધ ભાગોમાં આવતી ખંજવાળ માટે બજારમાં મળતા સ્ટીરોઈડયુક્ત કોસ્મેટિક્સ ક્રીમથી કદાચ કામચલાઉ રાહત થાય કે ચહેરો ચળકે પરંતુ તેના સમજ વગરના ઉપયોગના પરિણામો ભયાનક પુરવાર થઈ શકે છે. આ વિષયે મુંબઈના અંધેરીના લો પ્રોફાઈલ ડર્મેટોલોજિસ્ટ ડૉ. પંકજ જાગીરદારને લાંબા અભ્યાસ બાદ અનેક ચોંકાવનારા કારણો મળ્યા છે. તાજેતરમાં તેમણે 'સ્ટીરોઈડ ઓલ્ટર્ડ ડર્માટોસિસ' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. તેમાં લોકલ સ્ટીરોઈડના દુરુપયોગની ગંભીર ચિંતા દર્શાવવામાં આવી છે. લોકલ સ્ટીરોઈડ્સનો વ્યાપક પ્રમાણમાં દુરુપયોગ થયાનું તેમના અભ્યાસનું તારણ છે. આબાલ-વૃદ્ધ સહુ કોઈ માટે તેમનો આ અભ્યાસ એક ચેતવણીરૂપ છે.



મુંબઈના ડર્મેટોલોજિસ્ટ
ડૉ. પંકજ જાગીરદાર

૧૯૫૨માં સુલ્ઝબર્ગર અને વિટ્ટેન દ્વારા ટોપિકલ કોર્ટિકોસ્ટેરોઈડ્સ (TC) વિષે કરવામાં આવેલા પ્રેઝન્ટેશનને ચામડીના રોગના દર્દીની સારવાર અને ઉપચારના વિજ્ઞાનમાં એક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. ત્યારબાદ વિવિધ માત્રાની ક્ષમતાઓ અને ફોર્મ્યુલેશન સાથે અન્ય ટોપિકલ સ્ટીરોઈડ્સની દવાઓ મળતી થતાં ત્વચા રોગની સારવારમાં ક્રાંતિ આવી છે. ચામડીના રોગના વિજ્ઞાનીઓ માટે ચામડીના અસાધ્ય રોગની અસરકારક સારવાર કરવામાં ટોપિકલ સ્ટીરોઈડ્સે મોટો ફાળો આપ્યો છે. ડોક્ટરો અને દર્દીઓ દ્વારા TCને બધી બીમારીઓ માટે રામબાણ ઈલાજ તરીકે બિરદાવતાં તેણે ઝડપથી લોકપ્રિયતા મેળવી હતી. જો કે આ દવાઓના ઉપયોગથી જણાયેલા રાહતના કારણે આ દવાઓનો નિષ્ણાતોની સલાહ કે પ્રિસ્ક્રિપ્શન વિના દુરુપયોગ પણ શરૂ થયો હતો. સ્ટીરોઈડના કારણે ચામડીના રોગના દર્દીની મોટાભાગે આઉટડોર પેશન્ટ તરીકે સારવાર કરવામાં આવે છે. ટોપિકલ સ્ટીરોઈડ્સનો ઉપયોગ ખીલ, ચામડી કાળી કે સફેદ થવી (પિગમેન્ટેશન), ફંગલ ચેપ, ખંજવાળ જેવા વિવિધ લક્ષણો માટે થાય છે તો ઘણીવાર ચહેરાના ચળકાટ માટે કોસ્મેટિક ક્રીમ તરીકે કે કોઈપણ પ્રકારની ફોલ્લીઓમાં સ્કિન ક્રીમ તરીકે કરવામાં આવે છે.

ડર્માટોફાઈટોસિસ અને ચામડીના અન્ય ચેપી રોગ માટે ટોપિકલ કોર્ટિકોસ્ટેરોઈડ્સનો દુરુપયોગથી નિદાનની મૂંઝવણ અને ઈલાજો સામે પડકારો ઉભા થયા છે સ્ટીરોઈડ્સનો ઉપયોગ બળતરા વિરોધી, ખંજવાળ વિરોધી, મેલાનોજેનિક, એન્થ્રોપોજેનિક અને રોગપ્રતિકારક શક્તિને દબાવવા માટે થાય છે. જેના લાંબા સમય સુધી કરાતા અનિચ્છનીય ઉપયોગથી તે આડ અસરોનું કારણ બની શકે છે.

પરંતુ ટોપિકલ સ્ટીરોઈડ્સે ત્વચારોગ વિજ્ઞાનીઓને ચામડીના કોપની અનેક મુશ્કેલ સારવાર કરવાની ક્ષમતામાં મોટો ફાળો આપ્યો છે. અભ્યાસમાં ચામડીના બદલાયેલા રોગ જેવા કે રક્તપિત્ત, લાલ અંડકોશ સિન્ડ્રોમ, ક્ષતિગ્રસ્ત ચહેરો વગેરેની ક્લિનિકલ તપાસમાં સ્ટીરોઈડના ઉપયોગ વિષે ગંભીર ચિંતા દર્શાવવામાં આવી છે. આપણે ત્યાં આસાનીથી ઉપલબ્ધ હોવાના કારણે લોકલ સ્ટીરોઈડ્સનો ખૂબ જ વ્યાપક પ્રમાણમાં દુરુપ્રયોગ થઈ રહ્યો છે. આ અભ્યાસ સ્ટીરોઈડના દુરુપયોગના કેસોની વાસ્તવિક સંખ્યાનો તો માત્ર એક અંશ જ છે. મતલબ કે હવે લોકલ સ્ટીરોઈડના દુરુપયોગ ઉપર ગંભીરતાથી ધ્યાન નહી અપાય તો ભવિષ્યમાં તેના ખરાબ પરિણામો આવશે.

આપણે સામાન્ય ભાષામાં જેને 'ધાધર' કહીએ છીએ તે માટે સ્થાનિક સ્ટીરોઈડ મિશ્રિત ક્રીમનો મોટાભાગે દુરુપયોગ થતો હોવાનું આ અભ્યાસમાં ડૉ. પંકજને જણાયું છે. ચામડી પર થતી ફૂગ કે ધાધરનો ચેપ ભારતમાં એક મોટી સમસ્યા છે. એક સમયે ધાધરની સારવાર સરળ માનવામાં આવતી હતી, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તેની સારવાર કરવી મુશ્કેલ બની રહી છે. આનું એક મુખ્ય કારણ બજારમાં સરળતાથી મળતા એવા વિવિધ ક્રીમ્સ છે, જેમાં સ્ટીરોઈડ (Steroid) ભળેલું હોય છે.

પરંતુ હકિકતમાં આ સ્ટીરોઈડ તમારી ચામડીની રોગપ્રતિકારક શક્તિને નબળી પાડીને ફૂગને વધુ ફેલાવવાનો માર્ગ મોકળો કરે છે. આને જ અમે 'સ્ટીરોઈડ ઓલ્ટર્ડ ધાધર' કહીએ છીએ.

કેટલાક દર્દીઓમાં મોઈશ્ચરાઈઝર અને ફાઉન્ડેશનનો સંયુક્ત ઉપયોગ, તેમજ સનસ્ક્રીન જેવા કોસ્મેટિક ઉત્પાદનો કારણભૂત રહ્યા છે. અરૂચિ, ભૂખ ના લાગવી, મદ્યપાન, બળતરા, આંતરડાના રોગ, પાચન તંત્રમાં શિથિલતા, સ્તનધારીના ઝિંક સ્ત્રાવમાં ખામી (લેક્ટોજેનિક અઉઊ), અને આંતરડાના માલાબ્સોર્પ્શન સિન્ડ્રોમ, સ્વાદુપિંડના વિકારો, બર્ન્સ, મેલિગ્નન્સી અને રેનલ ડિસઓર્ડર જેવી બીમારીઓમાં ઝિંકની ઉણપ નોંધાઈ છે.

વડોદરામાં પ્રથમવાર સિમ્યુલેટર દ્વારા મોટર કાર - ફોર વ્હીલર ચલાવતા શીખો

ફાલ્ગુનીબેન : (O) ૮૨૩૮૦૯૮૮૫૦

# શ્રી આસ્થા મોટર ટ્રેનીંગ સ્કૂલ




ફોરેન ટાઈપ સિમ્યુલેટર દ્વારા આપવામાં આવતુ શિક્ષણ



FF- 6, આદિત્ય એવન્યું, કોટક મહિન્દ્રા બેંક સામે, મહાવીર હોલ ચાર રસ્તા, આજવા રોડ, વડોદરા.



# NUMEROLOGY
CONSULTATION

" Numerology can change your destiny "

SS Numerologistt

Numerologists claim to divine the future through ancient practices related to the numbers associated with a person's name, birth date, and other basic aspects of life.

They also profess to interpret the past, discern a person's character, and measure the amount of luck a person has.

Fix your Career, Health, Wealth & Relationship by fixing the numbers in your life.



Fourtune Teller Sangeeta Shukla

Call For Appointment
+91- 7678427245

## HOW DO WE GUIDE?

- Analysis of date of birth
- Lucky Colour & Numbers
- Name spelling correction
- Signature Correction
- Relationship & Health
- Business Guidence
- Mobile Numerology
- Vastu Guidence



## ૨૮ વર્ષ, ૫૫ દેશો, ૪૦ લાખથી વધુ વાચકોનું ગ્લોબલ નેટવર્ક



'Feelings'-International Gujarati Family Magazine

ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**Subscription Offer**

1 Year Subscription INDIA ₹ 1100

1 Year Subscription ABROAD US $100

## Subscription Form

Name : Mr/Ms.............................................................Period :..............................

Address : ...........................................................................................

..........................................................................City :.........................

Pin :.............................. Ph (Off):.............................(Resi)..............................

Mobile:.............................. E-mail :...........................................................

Please find enclosed Cheque/DD no:.............................. Dated..................... for Rs................................ favoring

FEELINGS MULTIMEDIA LTD.

Date :...../...../........................Receipt No.:...............................Signature :......................................

Website: www.feelingsmultimedia.com

**FEELINGS MULTIMEDIA LIMITED**

**Corporate Office:** 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India).
Cell: 088663 99530, **E-mail:** info@feelingsmultimedia.com, atulshah496@gmail.com

**USA (NEW JERSEY) :** 266 MIDDLESEX ESSEX TPK., SUITE 207 ISELIN, NJ 08830 E-mail : infousa@feelingsmultimedia.com

INTERNATIONAL ASSOCIATES : USA | UK | CANADA | AUSTRALIA | KENYA | MUSCAT | DUBAI | MALAYSIA



✦ દર્શના પટેલ

# કોપરાપાક (નાળિયેર બરફી)



**સામગ્રી :**

★ તાજા નાળિયેરનું છીણ: ૨ કપ
★ ખાંડ: ૧.૫ કપ (સ્વાદ મુજબ ઓછી-વધતી કરી શકાય)
★ દૂધ (ફુલ ફેટ): ૧ કપ
★ ઘી: ૧ ચમચી (નોન-સ્ટિક પેન માટે વૈકલ્પિક)
★ ઈલાયચી પાઉડર: ૧/૨ ચમચી
★ સજાવટ માટે: પિસ્તા અથવા બદામની કતરણ

**બનાવવાની રીત:**

★ તૈયારી: સૌ પ્રથમ, એક થાળીને ઘીથી ગ્રીસ કરીને તૈયાર રાખો.
★ મિશ્રણ બનાવવું: એક જાડા તળિયાવાળી કઢાઈમાં નાળિયેરનું છીણ, ખાંડ અને દૂધ લો.
★ ધીમા તાપે પકાવવું: આ મિશ્રણને ધીમાથી મધ્યમ તાપ પર સતત હલાવતા રહો. ખાંડ ઓગળશે અને મિશ્રણ પ્રવાહી બનશે.
★ ઘટ્ટ કરવું: લગભગ ૧૫-૨૦ મિનિટ સુધી પકાવવાથી દૂધ બળી જશે અને મિશ્રણ ઘટ્ટ થવા લાગશે. મિશ્રણ જ્યારે કઢાઈના કિનારા છોડવા લાગે અને ગોળો વળી શકે તેવું થાય (પાક તૈયાર થાય) ત્યારે ગેસ બંધ કરી દો.
★ સુગંધ ઉમેરવી: ગેસ બંધ કર્યા પછી તેમાં ઈલાયચી પાઉડર ઉમેરીને બરાબર મિક્સ કરી લો.
★ સેટ કરવું: આ મિશ્રણને તરત જ ઘી લગાવેલી થાળીમાં પાથરી દો અને એકસરખું ફેલાવી દો.
★ સજાવટ: ઉપરથી પિસ્તા અથવા બદામની કતરણ વડે સજાવીને હળવા હાથે દબાવી દો.
★ પીસ પાડવા: જ્યારે મિશ્રણ સહેજ ગરમ હોય, ત્યારે છરી વડે ચોરસ અથવા મનપસંદ આકારના પીસ પાડી લો.
★ ઠંડું કરવું: તેને સંપૂર્ણપણે ઠંડું થવા દો. ઠંડું થયા પછી પીસ અલગ કરીને કોપરાપાકનો સ્વાદ માણો!



# ઈન્સ્ટન્ટ કોકોનટ લાડુ (નાળિયેરનાં લાડું)

**સામગ્રી :**

★ ડેસિકેટેડ કોકોનટ (સૂકા નાળિયેરનું છીણ): ૧ કપ
★ કન્ડેન્સ્ડ મિલ્ક (દૂધમેળ): ૧/૨ કપ (અથવા જરૂર મુજબ)
★ ઘી: ૧ ચમચી
★ ઈલાયચી પાઉડર: ૧/૪ ચમચી
★ કોટિંગ માટે: થોડું ડેસીકિટેડ કોકોનટ અલગથી

**બનાવવાની રીત:**

★ છીણ શેકવું: એક કઢાઈમાં ૧ ચમચી ઘી ગરમ કરો. તેમાં નાળિયેરનું છીણ ઉમેરીને ધીમા તાપ પર ફક્ત ૨ મિનિટ માટે શેકો, જેથી તેની કાચી સુગંધ દૂર થાય. તેનો રંગ બદલાવો ન જોઈએ.
★ મિશ્રણ બનાવવું: તેમાં કન્ડેન્સ્ડ મિલ્ક અને ઈલાયચી પાઉડર ઉમેરો.
★ સતત હલાવવું: મિશ્રણ ઘટ્ટ થાય અને કઢાઈ છોડવા લાગે (લગભગ ૩-૪ મિનિટ) ત્યાં સુધી સતત હલાવતા રહો.
★ ઠંડું કરવું: મિશ્રણને એક પ્લેટમાં કાઢીને સહેજ હૂંફાળું થવા દો.
★ લાડુ વાળવા: હથેળી પર થોડું ઘી લગાવીને આ મિશ્રણમાંથી નાના-નાના લાડુ વાળી લો.
★ કોટિંગ: તૈયાર લાડુને કોટિંગ માટે રાખેલા ડેસીકિટેડ કોકોનટમાં રગદોળી લો.
★ સર્વિંગ: નાળિયેરના સ્વાદિષ્ટ લાડુ તૈયાર છે! તમે તેને એરટાઇટ કન્ટેનરમાં સ્ટોર પણ કરી શકો છો.


આપ સૌને દિવાળી અને
નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ...
-શ્રી હરિ મસાલા પરિવાર
NO ONION
NO GARLIC
ચાઈનીઝ મસાલા
હવે,
માત્ર રૂા.10/-માં...
4 SERVING
SINCE 2008
શ્રી હરિ®
રેડી-ટુ-કૂક મસાલા
My Chinese™
Chinese Spice Fusion
● 'માય ચાઈનીઝ' બનાવતી વખતે મીઠું કે સોસ ની
જરૂર નથી, માત્ર પેકેટનો મસાલો જ વાપરવો.
SHRI HARI
READY TO COOK MASALA
Chinese Fried Rice Masala
चाईनीज़ फ्राईड राईस मसाला
Chinese Spice Fusion
My Chinese
SHRI HARI
READY TO COOK MASALA
Chinese Noodles Masala
चाईनीज़ नूडल्स मसाला
Chinese Spice Fusion
My Chinese
SHRI HARI
READY TO COOK MASALA
Combo Pack
Chinese Manchurian
+ Gravy Masala
चाईनीज़ मन्चुरियन
+ ग्रेवी मसाला
Chinese Spice Fusion
My Chinese
SHRI HARI
READY TO COOK MASALA
Schezwan Fried Rice Masala
शेज़वान फ्राईड राईस मसाला
Chinese Spice Fusion
My Chinese
IMAGE MAKER-9327020557
હવે ઑનલાઈન શૉપિંગ કરો... www.shriharimasala.com
CUSTOMER CARE : +91 94092 00015 / +91 63536 87099
Mfg. by: SHRI HARI MASALA, Guj., INDIA. AN ISO 22000 CERTIFIED CO.
E-mail: shriharimasalahalol@gmail.com



'બધિર' અમદાવાદી

# ઢૂંઢો ઢૂંઢો રે સાજના ઢૂંઢો...

એક સર્વે પ્રમાણે મનુષ્ય એક વર્ષમાં સરેરાશ સાઈઠ કલાક ઘરમાં આડી અવળી મૂકી ગયેલી વસ્તુઓ શોધવામાં ગાળે છે. આ સર્વે કરનારા લોકો અમારા કુટુંબની વ્યક્તિઓનો ઈન્ટરવ્યૂ લેવા નહોતા આવ્યા બાકી અમારા કુટુંબની એક એક વ્યક્તિ મહિનામાં સાઈઠ કલાક શોધખોળમાં ગાળતી હશે એવો અમારો દાવો છે.

પોતાની ચીજવસ્તુઓને આડે હાથ મૂકીને ભૂલી જવું એ મનુષ્યની પ્રકૃતિનું અભિન્ન પાસું છે. તમારી જ વસ્તુઓની તમારે જરૂર પડે ત્યારે અમુક જગ્યાએથી મળી જ જશે એ માન્યતા જ ભૂલ ભરેલી છે. અમારા ઘરમાં તો કોઈ પણ વસ્તુની જરૂર પડે ત્યારે સીધું એની શોધમાં લાગી જવાનો રીવાજ છે. આ માટે તમે એકલા જવાબદાર નથી હોતા એ પણ એક હકીકત છે. જેમ કે મારે સવારે ઉઠીને પહેલું કામ ટૂથપેસ્ટ શોધવાનું હોય છે જેના માટે આગલા દિવસે છેલ્લે બ્રશ કરનાર જવાબદાર હોય છે. ટૂથપેસ્ટ શોધવા માટે મારે બાથરૂમ, કિચન અને બેડરૂમ ફેંદી વળવા પડે છે. છેવટે એ મને ક્યારેક બાલ્કનીની પાળી પરથી કે પછી સ્ટડી ટેબલ પરથી મળે છે. મને આશ્ચર્ય છે કે આડેહાથ મૂકાયેલી વસ્તુ સંતાકૂકડીની ચેમ્પિયન કેવી રીતે બની જાય છે? તમે તમારા ચશ્મા ક્યાંક 'ઠેકાણે' મૂકો છો – એવા 'ઠેકાણે' કે તમે પોતે પણ ચશ્માં વગર એને શોધી ન શકો. હાથમાં રમતી ચાવીઓ એવી રીતે ગાયબ થઈ જાય છે જાણે કોઈએ જાદુ કર્યો હોય! કમનસીબે એ ગાયબ થવાનું રહસ્ય દર વખતે જુદું હોય છે. જોકે ચોરીની બાબતમાં અમે નિશ્ચિંત છીએ કેમ કે અમારી તિજોરીની ચાવી અમને પોતાને પણ ધોળે દા'ડે જડતી નથી તો પછી ચોરના હાથમાં આવવાની શક્યતા તો નહિંવત છે.

સૌથી વધુ આડા હાથે મૂકાતી વસ્તુ હોય તો એ છે ટીવીનું રીમોટ. અમારા પાડોશીના ટીવીનો રીમોટ એકવાર ફ્રીજના ફ્રીજરમાંથી મળેલો! ઈંગ્લેન્ડ સાથેની પાંચમી ટેસ્ટનો છેલ્લો દિવસ હતો અને ટીવીનું રીમોટ જડતું નહોતું. એમણે સોફાના કુશન ઉછાળ્યા, ડ્રોઅર તપાસ્યા, અને બાથરૂમમાં પણ જોયું ત્યાંય રીમોટ ન મળ્યું. પછી યાદ આવ્યું કે એમણે રીમોટને એમના એનઆરઆઈ મહેમાને આપેલો ચોકલેટ બાર સમજીને ફ્રીજરમાં મૂકી દીધેલું! આ તો ઠીક છે કે એમને બત્તી થઇ બાકી ફરી મહેમાન માટે આઈસક્રીમ કાઢવાનો થાય ત્યારે જ જડત! આ કારણથી જ અમારી તો ટીવી બનાવતી કંપનીઓને અપીલ છે કે ટીવી સાથે મિસકોલ મારીને શોધી શકાય એવું રીમોટ આપો.

મિસકોલ મારવા પરથી યાદ આવ્યું કે જેને રોજ શોધવી પડતી હોય એવી વસ્તુઓની યાદીમાં આજકાલ મોબાઈલ ફોન ટોપ ઉપર છે. 'મારો ફોન જડતો નથી જરા મિસકોલ મારજો ને' આ વાક્ય લગભગ દરેક ઘરમાં દિવસમાં દસ વાર બોલાતું હોય તો નવાઈ નહિ. જોકે મને ભૂતકાળમાં આવો મિસકોલ ભારે પડ્યો હતો. એકવાર મારો મોબાઈલ જડતો નહોતો એટલે મેં બહેરી પ્રિયાને મારા મોબાઈલ પર મિસકોલ મારવાનું કહ્યું તો ઓશિકા નીચેથી નાગીનની ધૂન સંભળાઈ! ત્યાર પછી પ્રિયાએ મારા મોબાઈલમાં એના કોન્ટેક્ટનો રિંગટોન 'આ દેખે જરા, કિસ મેં કિતના હૈ દમ..' કરી નાખ્યો છે!

ઘરમાં બેધ્યાનપણે કે બેદરકારીથી મુકાઈને ભુલાઈ ગયેલી વસ્તુઓ શોધવા માટે ચોક્કસ વ્યુહની જરૂર પડે છે. આ મામલે દુનિયાના લોકો બે ભાગમાં વહેંચાયેલા છે. એક વર્ગ હિન્દી ફિલ્મની પોલીસ જેવો છે. હિન્દી ફિલ્મોમાં જ્યારે કોઈ ગેંગસ્ટર પોલીસના હાથમાંથી

છટકી જાય ત્યારે એમનો અધિકારી 'શહર કા ચપ્પા ચપ્પા છાન મારો' એટલે કે શહેરના તસુ એ તસુની તપાસ કરો એવો આદેશ આપતો હોય છે. ઘરમાં લુપ્ત થયેલી કે ગાયબ થયેલી વસ્તુને શોધવા માટે તમે આવી રીતે ઘરના ચપ્પા ચપ્પા પર ફરી વળી શકો છો. એમાં તમારે ઘરના એવા એવા ખૂણે શોધવાનું આવશે જ્યાં તમે કદી નહિ ગયા હોવ. પ્રખર શોધુ લોકો પોતાના ટૂથબ્રશ માટે માળિયા સુદ્ધા ફેંદી વળતા હોય છે. જોકે અમારો અનુભવ કહે છે કે આ વ્યૂહમાં ખાસ ફાયદો થતો નથી. એમાં 'સંઘર્યો સાપ કામમાં આવે' એ કહેવત પણ તમને નડશે. આ સંઘરેલા સાપ તમારી શોધખોળ દરમિયાન તમારા પગમાં આવશે. હા, તમને ઘણી એવી વસ્તુઓ પણ મળશે જે તમે વર્ષોથી શોધી રહ્યા હતા.

બીજો વર્ગ એવું માને છે કે આપણે વસ્તુઓ ઈરાદાપૂર્વક આડીઅવળી નથી મૂકતા, પણ આપણાથી બેધ્યાનપણે જ મૂકાઈ જતી હોય છે. આ વર્ગનો મત છે કે આવી સ્થિતિ ઉપસ્થિત થાય તો સૌ પ્રથમ શાંતિ જાળવો ભલે એ વસ્તુ સાડત્રીસમી વાર શોધી રહ્યા હોવ. જાતને દોષ પણ દેશો નહિ કેમ કે માણસ આખો દિવસ દિવસ પોતાને દોષ દેતો રહે તો કામ ક્યારે કરે! એટલે મનમાં કોઈપણ પ્રકારની અકળામણ પણ ન લાવો. એક જગ્યાએ બેસીને સ્મૃતિમાં પાછા જાવ અને છેલ્લી વખત તે વસ્તુ ક્યારે, ક્યાં અને કેવી રીતે ઉપયોગમાં લીધી હતી તેનું સ્મરણ કરો. પછી રૂમ પ્રમાણે શોધવાનું શરૂ કરો. જ્યાં તે વસ્તુ સામાન્ય રીતે રાખવામાં આવતી હોય, ત્યાંથી શોધવાનું શરૂ કરો. સામાન એક પછી એક ઉથલાવો. જો શક્ય હોય તો અન્ય સભ્યોને પણ ધંધે લગાડો. શોધતી વખતે એકની એક જગ્યા ફરીથી તપાસો. શોધ્યું હોય ત્યાં ફરી શોધો. અમારું સંશોધન કહે છે કે, ખોવાયેલી વસ્તુઓ સામાન્ય રીતે તમે છેલ્લે જે જગ્યાએ શોધો છો એ જગ્યાએથી જ મળી આવતી હોય છે. જે જગ્યાએ તમે શોધી રહ્યા છો ત્યાંથી વસ્તુ ન મળે તો જાણજો કે એ વસ્તુ તમે છેલ્લે ત્યાં નહિ મૂકી હોય.

આવી શોધખોળમાં ઘણીવાર કાંખમાં છોકરું અને ગામમાં ઢંઢેરો એ કહેવત જેવું પણ બનતું હોય છે. એકવાર મારા વાંચવાના ચશ્મા જડતા નહોતા. એની શોધમાં કંપાઉન્ડમાં આવેલા વાંદરાથી લઈને અમારા ઘરે રમવા આવેલા પાડોશીના પપ્પુ સુધીના તમામ શંકાસ્પદોની પૂછપરછ કરી. અડધા કલાકની ધમાધમી પછી મારી પત્નીએ મારા જ ગળામાં લટકાવેલા ચશ્માં ઉઠાવીને મને પહેરાવી દીધા. એ વખતે મેં એટલું જ કહ્યું કે જોયું? મેં મૂક્યા હોય તો ઠેકાણે જ મૂક્યા હોય!

શોધ પણ સાચી દિશામાં કરો એ જરૂરી છે. તમને કરડેલું કૂતરું ઉત્તર દિશામાં ગયું હોય અને કૂતરાં પકડવાની ગાડીવાળાને તમે દક્ષિણ તરફ મોકલો તો પરિણામ નહિ મળે. કૂતરું ઉત્તર તરફ ગયું હોય તો એને ઉત્તરમાં જ શોધવાનું રહે છે. તમારા હાથમાંથી પડેલો સિક્કો રસ્તાની બાજુમાં આવેલી ગટર તરફ ગયો હોય તો તમારે તમારી શોધ ગટર સુધી લંબાવવાની રહે છે. જરૂર પડે ગટરની અંદર પણ.


ખોવાયેલી ચીજ માટે તમે યોગ્ય જગ્યાએ તપાસ કરો એ પણ એટલું જ રૂરી છે. આ માટે એક લોથલના જમાનાનો જોક છે. એક ભાઈ રાત્રે સ્ટ્રીટલાઈટ નીચે કૈંક શોધી રહ્યા હતા. એમના પાડોશીએ પૂછ્યું કે શું ખોવાયું છે? પેલાએ કહ્યું વીંટી. પાડોશીએ પૂછ્યું ક્યાં ક્યાં ફર્યા હતા? હું આ બગીચામાં ગયો ત્યારે વીંટી આંગળી પર હતી. તો બગીચામાં શોધો ને! બગીચામાં તો અંધારું છે પેલાએ જવાબ આપ્યો. ટૂંકમાં કવિ કહેવા એ માંગે છે કે વસ્તુ જ્યાં ખોવાઈ હોય ત્યાં એની ખોજ કરો. ઘરમાં ખોવાયેલી વસ્તુ ઘરમાંથી જ મળશે. એવું જ મનની શાંતિનું પણ છે એને પણ બહાર શોધશો નહિ. તત્વજ્ઞાન પૂરું.

છેલ્લે એટલું જ કહેવાનું કે તમારી ચીજવસ્તુઓ વારંવાર ખોવાતી હોય તો ફક્ત એટલું જાણી લો કે તમે એકલા નથી. તમે એસીપી પ્રદ્યુમન અને શેરલોક હોમ્સ જેવા મહાખોજીઓની લાંબી અને ગર્વિત પરંપરાનો ભાગ છો! ફી






**સુનભાઈ સાધો...**



**જે લોકો ન્યુઝ ચેનલ પર ચાલતી ડીબેટ રસ લઈને જોઈ શકતા હોય એ લોકો લગ્નજીવનમાં પણ સુખ શોધી જ લેતા હોય છે.**



✦ સંજય થોરાત 'સ્વજન'

## ગાંધીનગરમાં અદ્‌ભૂત આકર્ષણ જમાવતા

# બાળુડાંના ગરબા



ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં નવરાત્રી દરમિયાન એક વિશિષ્ટ પ્રકારના ગરબાનું આયોજન કરવામાં આવે છે. જેનું નામ છે 'બાળુડાંના ગરબા' એટલે કે સ્પેશિયલ એબિલિટી ધરાવતા બાળકો... આ ગરબા મહોત્સવની વિશેષતા એ છે કે આ માટે કોઈ ફંડફાળો કરવામાં આવતો નથી, લોકો સ્વયંભૂ આવીને પોત પોતાની રીતે યથાશક્તિ મદદરૂપ બની આ કાર્યક્રમ ઉપાડી લે છે.

શારીરિક-માનસિક દિવ્યાંગોને સામાન્ય સમાજ સાથે જોડવાનો હેતુ ધરાવતો ગાંધીનગરનો વિશિષ્ટ ગરબા મહોત્સવ 'બાળુડાંનાં ગરબા' આ વર્ષે સતત ૨૧મા વર્ષે સફળતાપૂર્વક યોજવામાં આવ્યો. બાળુડાં સાથે અંતરંગ લાગણી ધરાવતા અને આ કાર્યક્રમને સતત સહાય કરનાર સ્વ. નિલેશ પુજારાની પુણ્ય સ્મૃતિમાં આ વર્ષે બાળુડાના ગરબા યોજવામાં આવ્યા હતા. સ્વર્ગસ્થના મિત્રો અને પરિવારજનો ઉપરાંત જિલ્લામાં કાર્યરત સંસ્થાઓના તાલીમાર્થી દિવ્યાંગો તથા શહેરમાં વસતા દિવ્યાંગો, તેમના પરિવારજનો સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

હોટલ પથિકાશ્રમ નિલાયા ખાતે આ વિશિષ્ટ ગરબા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિલાયા ગ્રૂપ દ્વારા બાળુડાઓને ગરબા રમવાની તથા ભોજનની પણ સુવિધા આપવામાં આવી હતી.



ગાંધીનગર બ્રહ્માકુમારીઝનાં અગ્રણી કૈલાશદીદી, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશનના કુલપતિ ડો. આર સી પટેલ, સ્ટુડન્ટ વેલફેર ઓફિસર જતીન ભટ્ટ, ગુજરાત બ્રહ્મસમાજના અધ્યક્ષ અને જાણીતા એડવોકેટ ડો. અશ્વિન ત્રિવેદી, એડવોકેટ હિમાંશુ પટેલ, સાધનાના અગ્રણી ભાનુભાઈ ચૌહાણ, સમાજસેવક હર્ષાબા ધાંધલ, નિમેષ રાવલ, સી એલ મહેતા, પ્રજ્ઞાબેન પટેલ, પ્રીતિ શર્મા, કવિતા કોટક, પાર્થ ઠક્કર, ખ્યાત ખેલવીર મનીષાબેન ત્રિવેદી, નિલાયા ગ્રૂપના કૌશલભાઈ, વિજયભાઈ, સુનિલભાઈ તથા પથિકાશ્રમ નિલાયા પરિવારના તમામ સભ્યો, નાટ્યકાર હસમુખ મેકવાન અને હિમાંશુ ભચેચ, સિનિયર ફોટોગ્રાફર રાકેશ ભટ્ટ, કલાકાર કિરીટ પુજારા, સંજય તન્ના, પ્રજ્ઞાબેન ગજ્જર અને મિલન પટેલ, જાણીતા કોલમ લેખક અને સાહિત્યકાર સંજય થોરાત, કથક કલાગુરુ હાર્દિકા શુકલ, અદાકાર દિવ્યકાન્ત વર્મા, અદાકારા દિપલ પરમાર અને તસવીરે ગાંધીનગરના મેનેજિંગ તંત્રી કશ્યપ નિમાવત આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ વિશિષ્ટ ગરબા કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી હતી. એ પ્રથમ વર્ષે અંગત મિત્રોએ માત્ર ૧૦૦ રૂપિયા ઉઘરાણી કરી આ બાળુડાના ગરબા આયોજિત કર્યા હતા, એ પછી ક્યારે પણ રૂપિયા ઉઘરાવવાની જરૂર પડી નથી. ગાંધીનગરના કલાકારો દ્વારા સ્થાપિત સંસ્થા ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ કલબ (જી ઈ કલબ) દ્વારા આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ પહેલા જ વર્ષથી આ કાર્યક્રમની જવાબદારી સમાજે ઉપાડી લીધી હતી. પરિણામે હવે આ કાર્યક્રમ સમાજનો પોતાનો કાર્યક્રમ બની રહ્યો છે. જી ઈ કલબ ઉપરાંત, સાધના પેરેન્ટ્સ એસોસિએશન, ગ્રો ફાઉન્ડેશન, શ્રી જલિયાણ સેવા ગ્રૂપ, પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ ગ્રૂપ, નિલાયા ગ્રૂપ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી હવે નિયમિતપણે આ કાર્યક્રમના આયોજનમાં સક્રિય ભૂમિકા ભજવી રહી છે. તે ઉપરાંત, અનેક નામી-અનામી નાગરિકો પણ પોતાનું આર્થિક કે સમયનું દાન આપીને આ કાર્યક્રમને સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે.

મજાની વાત એ છે કે આ બાળુડાંના ગરબા જોવા તો અનેક લોકો આવે છે પરંતુ નવરાત્રી દરમિયાન ગરબા ન રમતા લોકો પણ આ બાળકો સાથે ગરબા રમીને બાળકોને વહાલ કરે છે. આ વિશિષ્ટ ગરબા મહોત્સવના આયોજકો અને ઉપસ્થિત રહેનાર સૌ સેવાભાવી લોકોને ફીલિંગ્સ મેગેઝિનની ટીમ દિલથી અભિનંદન પાઠવે છે. ફી





આપના મંગલ ફેરામાં અમારા આશીર્વાદ તમારી સાથે
શ્રીજી કલેક્શન
- શેરવાની - સૂટ - જોધપુરી - બ્રાઇડલ - કપલ પેર
- ઇન્ડો વેસ્ટન - બ્લેઝર - કોટી,કુર્તા - ચોલી - પ્રીવેડિંગ ગાઉન
- બહેનબા માટે રાજપુતી પોશાક
તેમજ લગ્નમાં લાગતા દરેક પોષક અમારે ત્યા મળશે.
તેમજ રજવાડી સાફા પણ ઓર્ડરથી બાંધી આપવામાં આવશે.
મહારાણા પ્રતાપ સર્કલ, લોટેશ્વર ભાગોળ, ન્યુબ્રિજપાસે, આણંદ.
Call:+91 96388 35021/+91 99047 69356 IG: Shreeji_collection95




PLUS POINT
your cultural expression.
ESTD: 1995
SUIT
BLAZER
SHERWANI
INDO-WESTERN
JODHPURI
CHOLI
Bridal Choli, Pre wedding gwon, Couple collection Available on rent.
• RENT • BUYBACK • CUSTOMISE
+91 72111 12003
Ghanshyam Complex, Beside Urban Bank,
Gamdivad, Anand - 388001




Shubh Vivah
SV ETHNIC
OUR SERVICES :
• MALA • BLAZER
• SHERWANI • SUIT
• INDOWESTERN • KURTA
• JODHPURI • MOJDI
• DUPPATA
Sherwani, Indo-Western, Suit will be available for rent and made to order.
Shubh Vivah
Mohanlal Central Square, Tower Bazar, Gamdivad Road, Anand-388 001.
Yash Patel
9979496259 8140653155
RENT & SALE




C.B. JETHVA
Collection
Your outlook is our Lookout
SUIT & SHERVANI • SHUTING & SHIRTING • DULHA COLLECTION
G/3, Ramkrishna Shopping Centre,
Mayfair Road, Anand-388 001.
M.: 94290 31811, 94295 43240,
Ph.: 02692 - 256698 | www.cbjethva.com




Radhe
CREATION
NIHIL KA.PATEL
+91 9574500281
+91 84900 23200
+91 98798 53079
103, Maruti Shamam, A.V.Road,Opp. Nandbhumi,Anand
radhe_cvreation_2020




મો. ૯૨૨૭૩ ૪૯૧૩૪ • મો. ૯૮૭૯૩ ૩૪૫૩૪
ન્યુ અલીગઢ
લોક એન્ડ ગન સેન્ટર
દરેક જાતની એરગન તથા એર પિસ્તોલ, એરગન, બંદૂક, રિવોલ્વરના કવર મળશે તેમજ એરગનનું સંતોષકારક રિપેરિંગ કરી આપવામાં આવશે.
ઓટોમેટીક મશીનથી દરેક ઇમોબીલાઇઝર કાર (સેન્સરવાળી), રીમોટવાળી, ટુવ્હીલર, ઇમ્પોર્ટેડ ડોર લોક, અલ્ટ્રા (ડોટ વાળી) ઓરીજીનલ ટાઇપની ચાવી ફક્ત બે મીનીટમાં બનાવડાવો. તેમજ દરેક કાર-રીમોટના ઓરીજીનલ સેલ નાખી આપવામાં આવશે.
ભગવાનદાસ બંદૂકવાલા બિલ્ડિંગ,
સરકાર દવાખાના સામે, સ્ટેશન રોડ, આણંદ




MI કચરીયાવાળા
તારાપુરવાળાનું પ્રખ્યાત
સફેદ તથા કાળા તલનું
ગુંદર-મેથી, કાજુ બદામનું
કચરીયું
તલનું તેલ, ખજુરપાક,
સુકા મેવાથી ભરપુર તથા
તલની ચિકકી, સીંગની ચિકકી
માવા તથા ચોકલેટ ચિકકી મળશે.
I.M. 7698693704,6352845286
યુનિયન બેંક સામે, મેફેર રોડ, આણંદ.





ફીલિંગ્સ મેગેઝિન
આણંદ શહેર તેમજ
જીલ્લામાં આપની
જાહેરાત આપવા તેમજ
લવાજમ માટે સંપર્ક કરો.
ભગવાનસિંહ રતનસિંહ રાઠોડ
(બી. આર. રાઠોડ)
આણંદ
મો. : ૭૬૦૦૭૬૮૧૨૦




Kamlesh +91 99041 64972
avsar.cards24@gmail.com
AvsaR
Exclusive Wedding Card Gallery
Gift Envelopes
Wedding Cards, Invitation Cards,
Four Colour Visiting Cards Printing etc.
2, Shubhlaxmi Shopping Centra,
Station Road, Anand (Guj.-India)




• SUIT
• SHERWANI
• BRIDAL WEAR
• GOWN
• COUPLE COLLECTION
• KOTI KURTA
BRIDE & BARAAT
RENT | BUY | CUSTOMISE
+91 7573-007070
+91 75750 24696
WEST COURT
TRP mall, The Retail Park, 1077 to 1080, West Court, Bopal, Ahmedabad, Gujarat 380058
@brideandbaraatt



# કેવું રહેશે આપનું
# વિક્રમ સંવત ૨૦૮૨નું વર્ષ




**મેષ : (અ.લ.ઈ.)** મેષ રાશિના જાતકો માટે આ વર્ષ પ્રેમ અને ઉત્સાહથી ભરેલું રહેશે. તમારે તમારા લોકો સાથે નિકટતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આ વર્ષે વિદેશ યાત્રાની મજબૂત તકો છે. ઘણા અનિયંત્રિત ખર્ચાઓ પણ તમને વ્યથિત કરી શકે છે.

**પ્રણય અને સંબંધોઃ** આ વર્ષ તમારા માટે પ્રેમથી ભરેલું રહેશે પરંતુ ઘણી વખત થોડી વિપરિત લાગણીઓ ઉદ્‌ભવશે, જે તમારી વચ્ચે અન્ય ગેરસમજોને જન્મ આપી શકે છે. પ્રેમમાં તમારે બેવફાઈનો સામનો કરવો પડી શકે છે. વર્ષના અંતિમ ચરણમાં સંબંધમાં સારો સુધારો થઈ શકે છે.

**નાણાંકીય બાબતોઃ** સારું જીવન જીવવા માટે સમજદારીપૂર્વક ખર્ચ કરવો. પરિવારના કેટલાક વડીલ અને તમારા ભાઈ-બહેનો તરફથી પણ તમને લાભ મળી શકે છે. વર્ષના મધ્યમાં તમને મહેનતના પ્રમાણમાં ઘણું વધારે વળતર મળશે. તેમજ અત્યારે કરેલું રોકાણ તમને ભવિષ્યમાં આર્થિક રીતે મજબૂત પણ બનાવશે. પ્રેમજીવન વિતાવી રહેલા લોકો પોતાના પ્રિય માટે કોઈ મોટો ખર્ચ કરશે.

**નોકરી અને વ્યવસાય :** વર્ષના યોગો પરથી લાગી રહ્યું છે કે તમારો બિન્દાસ સ્વભાવ રહેવાથી કામકાજમાં ઓછું ધ્યાન આપવાથી નફો ઘટે. આ સ્થિતિને ટાળવા માટે શરૂઆતથી જ સતર્ક રહેવું. તમારા હરીફો ખૂણામાં છૂપાયેલા છે, નોકરીના પ્રશ્નો ધીમે ધીમે ઉકેલાશે. બહુરાષ્ટ્રીય કંપનીઓમાં કામ કરતા લોકોને વિદેશ પ્રવાસ કરવાની તક મળશે.

**અભ્યાસ :** વિદ્યાર્થીઓને નવા વિષયો શીખવા અને સમજવાની તક મળશે. તમે કેટલાક નવા અભ્યાસક્રમોમાં પણ પ્રવેશ લઈ શકો છો. તમે સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય રહેશો, આ તમારા શિક્ષણને અસર કરી શકે છે. જ્યોતિષ, ગુપ્ત વિજ્ઞાન, ઉપચાર, અવકાશ વિજ્ઞાન વગેરે સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત કરવાની સુવર્ણ તક મળી શકે છે.

**સ્વાસ્થ્ય :** પરિવારના કોઇ સભ્યનું સ્વાસ્થ્ય ચિંતાનો વિષય રહેશે. વર્ષના મધ્યમાં આળસ તમને ઘેરી લેશે અને તમે મોટાભાગે ઊર્જાનો અભાવ અનુભવશો. જો તમે કોઈ રમતગમતની પ્રવૃત્તિ કરો છો, તો તમારા પગનું ધ્યાન રાખવું, વર્ષની શરૂઆતમાં ઈજા થવાની શક્યતા છે.




**વૃષભ : (બ.વ.ઉ.):** સારા-નરસા અનુભવો અને જીવનની તમામ ચડતી-પડતી સાથે આ વર્ષ પૂરું કર્યા પછી, આવનારૂ આ વર્ષ તમને નવી શક્તિ, સામર્થ્ય આપે તેવી શુભેચ્છા. આ વર્ષે, તમારા પરિવાર અને મિત્રો સાથેના તમારા સંબંધો સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ વર્ષના રાશિફળ અનુસાર, જો તમે તમારી લાગણીઓને નિયંત્રિત કરી શકતા નથી તો આ સમય તમને કઠિન લાગશે. તમે પ્રતિભાશાળી છો અને દરેક પ્રતિકૂળ પરીસ્થિતિનો સામનો કરવા સક્ષમ છો, પરંતુ આ માટે તમારે પોતાનામાં વિશ્વાસ રાખવાની જરૂર છે. તમારા જીવનસાથીના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું. પરિવારના વડીલોનું ધ્યાન રાખવું અને તેમની વાત પર ધ્યાન આપવું. પારિવારિક જીવનમાં કોઈ અશાંતિ આવી શકે છે, જે તમને માનસિક રીતે વ્યથિત કરી શકે છે. વિદ્યાર્થીઓને કોઈ સારી સિદ્ધિ મળી શકે છે, જેના કારણે પરિવારના સભ્યો તમારા પર ગર્વ કરી શકે છે. અચાનક વિદેશ યાત્રા કરવાની પરિસ્થિતિ આવી શકે છે.

**પ્રણય અને સંબંધોઃ** આ વર્ષે તમારા માટે પ્રેમ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. તમારા પ્રિયને સમજવાનો પ્રયાસ કરવો જો તમે પરિણીત છો, તો આ વર્ષ તમારા માટે ઉતાર-ચઢાવથી ભરેલું રહેશે. કેટલીક બાબતોમાં સાસરિયાઓ સાથે મતભેદો ઉભા થઈ શકે છે. તમારા પ્રિયપાત્રને સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ પણ થઈ શકે છે.

**નાણાંકીય બાબતોઃ** પ્રેક્ટિકલ બનો,

પોતાના પર વિશ્વાસ રાખો અને બિલકુલ દેખાડો કરવો નહીં. ગ્રહોની સ્થિતિ અનુસાર, નાણાંકીય સ્થિરતા છે, પરંતુ નાણાં ખર્ચવાના સંદર્ભમાં તમારા ઉડાઉ સ્વભાવને નિયંત્રિત કરવાની જરૂર છે. જોખમી રોકાણોમાં નુકસાન થવાના સંકેતો છે. તમને ગુપ્ત નાણાં મળવાના સંકેતો છે. તમને કોઈ પ્રિયજનની મિલકત પણ મળી શકે છે.

**નોકરી અને વ્યવસાયઃ** કામ પર સફળતા તમારી રાહ જોઈ રહી છે. ભાગીદારી અને વ્યવસાય વિસ્તરણ તમારા માટે જબરદસ્ત લાભ લાવશે. હાર માનશો નહીં, ગમે તેટલું કઠિન હોય. તમારી નાણાંકીય સ્થિતિ સારી રહેવાની છે. તમારા ઉપરી તમારા પ્રદર્શનથી ખુશ થશે.

**અભ્યાસઃ** આ વર્ષે વિદ્યાર્થીઓ તેમની સિદ્ધિઓથી ખુશ રહેશે. તમને તમારા પાછલા પ્રયત્નોના સારા પરિણામો પ્રાપ્ત થશે. ધ્યાન અને કસરત વિશે વિચારો જેથી તમારી એકાગ્રતા વધશે. તમને તમારા અભ્યાસમાં લાભ મળશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ તમને કઠિન પડકારો આપી શકે છે.

**સ્વાસ્થ્યઃ** વૃષભ રાશિના આ વર્ષના ફળકથન અનુસાર, તમારા સ્વાસ્થ્ય માટે એક નાજૂક પરિસ્થિતિની આગાહી કરવામાં આવી છે. માનસિક સ્વાસ્થ્ય તમારા માટે ચિંતાનો વિષય હોઈ શકે છે. પોતાને સ્વસ્થ રાખવા માટે, તમારે ચોક્કસપણે જીમ જવું જોઈએ અથવા મોર્નિંગ વોક માટે જવું જોઈએ તથા યોગ્ય આહાર લેવો જોઈએ.




**મિથુન : (ક.છ.ઘ.):** મિથુન રાશિના તમામ જાતકોને નૂતન વર્ષની ખૂબ જ શુભેચ્છાઓ. ગત વર્ષ દરમિયાન તમારા પર ગણેશજીના આશીર્વાદ રહ્યા તેવી રીતે આ વર્ષમાં પણ તમારા જીવનમાં ખુશીઓ આવે તેવી શુભેચ્છાઓ. જાન્યુઆરી અને ફેબ્રુઆરીનો તબક્કો અપેક્ષા કરતા થોડો ધીમો રહેશે. ભૂતકાળની કોઈ વાત તમને આ તબક્કામાં વ્યથિત કરી શકે છે. જો કે, તમે થોડા સમય પહેલાં જે લક્ષ્યો નક્કી કર્યા હતા તે પ્રાપ્ત કરવાની ઉચ્ચ સંભાવના છે. કાર્યની દૃષ્ટિએ, તમારા પ્રયત્નો તમને ફળ આપી શકે છે. મિથુન રાશિના જાતકો માટે આ વર્ષ કારકિર્દીમાં ફેરફારો કરવા માટે અનુકૂળ ન રહેવાનું દર્શાવે છે. પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન નોકરી મળવાની ઉચ્ચ સંભાવનાઓ છે. મિથુન રાશિ માટે આ વર્ષે વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસની ઉચ્ચ સંભાવનાઓ દેખાઈ રહી છે. ગુરુ અને શનિની સ્થિતિ તમારા જુસ્સાને ઉત્તેજિત કરી શકે છે. બીજી તરફ, બેદરકારી તમને પરાજય તરફ દોરી જશે, તેથી સાવચેત રહેવું કારણ કે આ વર્ષ માટેનું રાશિ ફળ તમને આખા વર્ષ દરમિયાન સાવધ રહેવાની સલાહ આપે છે. આ વર્ષે લાંબા અંતરની મુસાફરીની ઘણી શક્યતાઓ રહેશે.


**પ્રણય અને સંબંધોઃ** આ વર્ષ માટે મિથુન રાશિની પ્રેમ કુંડળી પરિપૂર્ણતા અને નવી શરૂઆત સૂચવે છે. તમે સંબંધોમાં અર્થ શોધશો. રોમાંસ તમારા જીવનનું બીજું પાસું હશે જે તમને ક્યારેક મોહની દુનિયામાં લઈ જશે. એક મોહક શક્તિ તમારા પ્રેમ માટે દબાણ કરી શકે છે, પરંતુ તેનો સમજદારીપૂર્વક ઉપયોગ કરો.

**નાણાંકીય બાબતોઃ** નાણાંની દૃષ્ટિએ આ સમય તમારા માટે સારો રહેશે. તમારા નાણાંનું યોગ્ય રીતે સંચાલન કરવું અને તેમાં શિસ્તબદ્ધ રહેવું. આ વર્ષનું રાશિફળ સૂચવે છે કે રોકાણ પર વળતર ચોક્કસ મળશે. આ વર્ષે આવકના એક કરતાં વધુ સ્રોત રહેશે. રોકડનો અચાનક પ્રવાહ તમને ખુશ કરી શકે છે

**નોકરી અને વ્યવસાયઃ** આ વર્ષ દરમિયાન તમારી કારકિર્દી સફળતાથી ભરેલી રહેશે, જોકે તમારે કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડશે. તમારા સાથીદારો અથવા હાથ નીચે કામ કરનારા લોકોને સાથે બહુ ગુસ્સો રાખવો નહીં. ગ્રહો સૂચવે છે કે જેમ જેમ વર્ષ આગળ વધશે, તમારે શીખવું પડશે અને વિકાસ કરવો પડશે. દૃઢતા અને ધીરજ એ શબ્દો છે જે તમારે ધ્યાનમાં રાખવા જોઈએ.

**અભ્યાસઃ** આ વર્ષ તમારા તરફથી શ્રેષ્ઠ પ્રયાસો અને તમારા શિક્ષણમાં પ્રગતિની અપેક્ષા રાખશે. તમારે એક સારા અને મહેનતુ વિદ્યાર્થીની જેમ તમારા લક્ષ્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જે તમને સારા પરિણામો આપી શકે છે.

**સ્વાસ્થ્યઃ** તમે આખા વર્ષ દરમિયાન સારું સ્વાસ્થ્ય જાળવી શકશો. તમે કસરત માટે સમયના પાબંદ રહેશો અને સ્વસ્થ દિનચર્યાનો અભ્યાસ કરશો. જોકે આ વર્ષના મધ્યમાં, તમારા સ્વાસ્થ્યમાં ઋતુગત સમસ્યાઓ જેમ કે તાવ, ખાંસી, શરદી અને કેટલીક એલર્જી સંબંધિત સમસ્યાઓથી અસર થઈ શકે છે,




**કર્ક : (ડ.હ):** સૌથી પહેલા તમને નવા વર્ષના ખૂબ જ અભિનંદન અને આપનું આ વર્ષ તમામ પ્રકારે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય સાથે પસાર થાય તેવી ગણેશજીના ચરણોમાં અરજ સાથે ચાલો આ વર્ષના રાશિફળ પર નજર કરીએ. આ વર્ષ તમારા માટે સકારાત્મકતાથી શરૂ થઈ રહ્યું હોય તેવું લાગે છે અને કેટલાક સારા સમાચાર તમારી રાહ જોઈ રહ્યા છે, આ સમય તમારા માટે કંઈક કરવા માટેનો છે, તેથી આ સમયનો મહત્તમ ઉપયોગ કરવો. કૌટુંબિક વિવાદો હવે દૂર થશે આ વર્ષનું રાશિ ભવિષ્ય કહે છે કે તમે પોતાને ભાગ્યશાળી અનુભવશો. કર્ક રાશિના જાતકો વર્ષના અંતિમ ચરણમાં તેમના એકંદર વિકાસ અને વૃદ્ધિના સાક્ષી બનશે. તમે શૈક્ષણિક ક્ષેત્રમાં પણ પ્રગતિ કરશો. વિદેશ જવાનું થઈ શકે છે, જે તમારા ખર્ચમાં વધારો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વર્ષની શરૂઆતમાં તમારી માતાને સ્વાસ્થ્યને લગતી સમસ્યા વ્યથિત કરતી રહેશે, તમે આધ્યાત્મિક દૃષ્ટિકોણથી પોતાનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરશો, ધાર્મિક યાત્રાઓ તમારામાં માનસિક શાંતિ લાવશે.

**પ્રણય અને સંબંધોઃ** આ વર્ષની કુંડળી અનુસાર ક્યારેક તમે ખૂબ જ કઠોર બની જાવ છો. આ તમારા સંબંધોને નકારાત્મક રીતે અસર કરે છે. આ વર્ષ તમને થયેલા નુકસાનને ભરપાઈ કરવાની તક લાવશે. આ તકનો સમજદારીપૂર્વક ઉપયોગ કરો અને તમારા જીવનને પ્રેમથી ભરી દો. તમારા સંબંધોને કાળજીપૂર્વક સંભાળો.

**નાણાંકીય બાબતોઃ** આ વર્ષે તમે વૈભવી વસ્તુઓ પર ઘણા નાણાં ખર્ચ કરશો. ભારે ખર્ચ નાણાંની આવક-જાવકમાં ખલેલ પહોંચાડી શકે છે. જોકે, મિલકતમાં રોકાણ નફાકારક રહેશે,

**નોકરી અને વ્યવસાયઃ** આ વર્ષે તમે તમારી કારકિર્દીને આગળ વધારવામાં સફળ થશો. જો તમે અભ્યાસ કે કારકિર્દી માટે વિદેશ જવાનું વિચારી રહ્યા છો, તો સફળતાની પ્રબળ શક્યતા છે. કર્ક રાશિના લોકો લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે હઠીલા હોય છે, વર્ષના બીજા ભાગમાં તમારા વિરોધીઓ સક્રિય રહેશે. વ્યવસાયમાં વિદેશથી લાભ થવાના સંકેતો છે. કોન્ટ્રાક્ટ અને ભાગીદારીના દસ્તાવેજોમાં સાવચેત રહેવું. વર્ષના છેલ્લા ત્રણ મહિનાઓ તમારા વ્યવસાયિક પ્રોજેક્ટ માટે ખાસ કરીને ફાયદાકારક રહેશે.

**અભ્યાસઃ** સખત મહેનત કરો અને નવી જિજ્ઞાસા સાથે શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ઘણો ફાયદો કરાવી શકે છે. આ વર્ષ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવા માટે તમારા પક્ષમાં છે.

**સ્વાસ્થ્યઃ** આ વર્ષમાં તમારૂ સ્વાસ્થ્ય સારું રહેશે. જોકે, તમારી માતા અને તમારા

જીવનસાથીનું સ્વાસ્થ્ય તમારા માટે ચિંતાનો વિષય બની શકે છે. સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવા માટે યોગ અથવા ધ્યાનનો અભ્યાસ કરવો.




**સિંહ: (મ.ટ.):** આ વર્ષ આપના માટે ખૂબ જ મંગલકારી રહે તેવી પ્રાર્થના. આ વર્ષ તમને આશ્ચર્યચકિત કરી શકે છે. તમે તમારા સપનાઓનો પીછો કરશો અને તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરશો તેમજ તમે જે કંઈ મેળવવા માટે પ્રયત્નશીલ હતા તે બધું પ્રાપ્ત કરશો. સિંહ રાશિના જાતકો માટે આ વર્ષમાં તકો ગુમાવવાની ઉચ્ચ સંભાવના છે. કોઈપણ નિર્ણય લેતા પહેલાં બે વાર વિચારવું. શરૂઆતના થોડા મહિનાઓ પછી, પરિસ્થિતિ અનુકૂળ બનશે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થવા લાગશે. નોકરી માટે વિદેશ જવું ફાયદાકારક રહી શકે છે.

**પ્રણય અને સંબંધો:** ખાસ કરીને પરિવારની મહિલાઓ પ્રત્યે તમારો પ્રેમ અને કાળજી વ્યક્ત કરવાનું ભૂલશો નહીં. તેમનું સ્વાસ્થ્ય તમને આખા વર્ષ દરમિયાન વ્યથિત કરી શકે છે. આ વર્ષે તમારું બ્રેકઅપ થઈ શકે છે, તેથી તમારા સંબંધો કાળજીપૂર્વક પસંદ કરો.

**નાણાંકીય બાબતો:** તમે આખા વર્ષ દરમિયાન સરળતાથી નાણાં કમાઈ શકશો. સિંહ રાશિ વર્ષની શરૂઆતમાં બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે વધારાના નાણાં ખર્ચી શકે છે. મે થી જૂન સુધીમાં તમારી પાસે નાણાં આવશે અને આ સમયમાં આવનારા નાણાંનું સારું રોકાણ કરીને, તમે ભવિષ્યમાં તેને અનેકગણું વધારી શકો છો.

**નોકરી અને વ્યવસાય:** વર્ષના શરૂઆતના મહિનાઓ તમારા માટે સારા રહેશે અને માર્ચ મહિનો પ્રમોશનના સમાચાર લાવી શકે છે. જો તમે સરકાર તરફથી કેટલાક લાભની અપેક્ષા રાખતા હોવ તો પરિસ્થિતિ તમારા માટે અનુકૂળ લાગે છે. વ્યવસાયમાં થોડા મહિના મુશ્કેલીભર્યા હોઈ શકે છે. આ વર્ષે તમારા મિત્રો અથવા ભાગીદારો સાથે કોઈ નવો પ્રોજેક્ટ શરૂ કરશો નહીં, કારણ કે તમને છેતરપિંડી થઈ શકે છે.

**અભ્યાસ:** ઘણી સમસ્યાઓ એકસાથે ક્યારેક એટલી મોટી થઈ જાય છે કે તમે તેનો સામનો કરી શકતા નથી. આવી પરિસ્થિતિઓમાં તમારે ભગવાનનો આશ્રય લેવો જોઈએ અને પૃથ્વી પર ભગવાન - માતાપિતા અને ગુરુના રૂપમાં જ જોવા મળે છે.

**સ્વાસ્થ્ય:** આ વર્ષે બાળકોનું સ્વાસ્થ્ય તમારા માટે ચિંતાનું કારણ બની શકે છે. હકીકતમાં, તમારા પરિવારની બધી મહિલાઓને આ વર્ષે થોડી વધારાની કાળજી લેવાની જરૂર છે. નિયમિત ચેકઅપ કરાવવાનો પ્રયાસ કરવો. આ વર્ષ સ્વાસ્થ્યની દૃષ્ટિએ મધ્યમ ફળદાયી છે. જો કે, તમે સ્વસ્થ દિનચર્યા અને આહાર પર ધ્યાન કેન્દ્રિત કરશો તો ગંભીર બિમારીનું જોખમ ટાળી શકો છો.




**કન્યા : (પ.ઠ.ણ.):** કન્યા રાશિના જાતકોએ આ વર્ષે ઘણી બાબતો પર ખાસ ધ્યાન આપવું પડશે. વ્યક્તિગત જીવન, કારકિર્દી અને મિલકત એવા ક્ષેત્રો છે જેના વિશે તમે આ વર્ષે થોડા ચિંતિત રહેશો. તમારા જીવનના લગભગ તમામ ક્ષેત્રોમાં નવી ઘટનાઓ બનશે. આ ફેરફારો એકંદરે તમને વિકાસ તરફ દોરી જશે. વાર્ષિક કુંડળી અનુસાર, સખત મહેનત એજ તમારા માટે જે ઈચ્છો છો તે બધું પ્રાપ્ત કરવાની ચાવી છે. આ વર્ષ તમારા માટે ફળદાયી બનવાનું છે. આ વર્ષ તમારા માટે ફક્ત વ્યક્તિગત અને વ્યાવસાયિક જ નહીં પરંતુ આધ્યાત્મિક વિકાસ કરાવનારૂ પણ રહેશે. જો તમે વિદેશ જવાનું વિચારી રહ્યા છો, તો આ વર્ષે ઘણા અવરોધો આવી શકે છે.

**પ્રણય અને સંબંધો:** જે લોકો હજુ પણ સાચા પ્રેમની શોધમાં છે, તેમના માટે એ કહેવું જ જોઈએ કે આ વર્ષે તમારી આશાઓ પૂર્ણ ન થાય પણ તમારે તમારા તરફથી પ્રયાસ કરતા રહેવું જોઈએ. આ વર્ષે પ્રિય સાથે કેટલાક સારા અને રોમાંચક અનુભવો થશે.

**નાણાંકીય બાબતો:** વર્ષની શરૂઆતમાં તમારી નાણાંકીય સ્થિતિ સારી રહેશે. તમારી મહત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે બિન-ભરોસાપાત્ર માધ્યમોનો આશરો લેવો જોઈએ નહીં. આ સમય તમારા માટે અનુકૂળ છે. શેરબજારમાં રોકાણ કરીને તમે આ વર્ષે ઘણા નાણાં કમાઈ શકો છો.

**નોકરી અને વ્યવસાય:** આ વર્ષ સિદ્ધિની દૃષ્ટિએ ઉત્તમ છે. તમારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું. સરકારી કર્મચારીઓએ આ વર્ષે સાવચેત રહેવાની જરૂર છે. જો તમે નવો વ્યવસાય શરૂ કરવાનું વિચારી રહ્યા હોવ, તો આ વર્ષે તેમાં સફળ થઈ શકો છો. કોઈપણ કોર્ટ કેસ શાંતિપૂર્ણ રીતે સમાપ્ત થઈ શકે છે.

**અભ્યાસ:** વિદ્યાર્થીઓ માટે ગ્રહો સારા પરિણામોનું વચન આપી રહ્યા છે. સખત મહેનત વિના કોઈ પરિણામ પ્રાપ્ત થઈ શકતું નથી.જો તમે પરીક્ષાના પરિણામની રાહ જોઈ રહ્યા છો, તો તે તમારા પક્ષમાં આવશે.

**સ્વાસ્થ્ય:** આ વર્ષ સ્વાસ્થ્યની દૃષ્ટિએ તમારા માટે વધારે અનુકૂળ રહેશે નહીં. ખાસ કરીને શરૂઆતના તબક્કામાં વધુ સાચવવું પડશે. તમારા આહારનું ધ્યાન રાખવું. સ્વસ્થ જીવનશૈલી અપનાવવી.




**તુલા : (ર.ત.):** આ વર્ષમાં સર્વ પ્રકારે તમારી પ્રગતિ થાય તેવી ગણેશજીના ચરણોમાં પ્રાર્થના. તુલા રાશિ માટે, આ વર્ષ પ્લાનિંગ અને અમલ માટે સમર્પિત છે. આ વર્ષનું ફળકથન સૂચવે છે કે એકવાર તમે કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવાનું નક્કી કરી લો, તો કોઈ તમને રોકી શકશે નહીં. આ વર્ષમાં ઉતાવળ તમારા માટે દુશ્મનનું કાર્ય કરી શકે છે. તમારા સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું અને આગળ વધતા રહેવું. ઘર, દુકાન અથવા અન્ય કોઈપણ મિલકત ખરીદવાનું તમારું સ્વપ્ન સાકાર થઈ શકે છે. વિદેશ મુસાફરીની સારી તકો મળશે. તમે તમારા કેટલાક મિત્રો સાથે કેટલીક નવી યોજના બનાવશો અને નવો વ્યવસાય પણ શરૂ કરી શકશો.

**પ્રણય અને સંબંધો:** તમારે સંબંધોની બાબતમાં ખૂબ કાળજી રાખવી પડશે. મુશ્કેલીમાં મુકાયેલા સંબંધો આખા વર્ષ દરમિયાન ચિંતાનું કારણ બની શકે છે. ઉતાવળ કરવી નહીં. શાંતી અને ધીરજ રાખવી અને સમય પસાર થવા દેવો.

**નાણાંકીય બાબતો:** નાણાંકીય બાબતો આ વર્ષે તમને ખુશીઓથી ભરી દેશે. તમે ઘર ખરીદવા ઈચ્છતા હોવ કે દુકાન કે રહેણાંક મિલકત, તમે આ વર્ષે બધું જ મેળવી શકો છો કારણ કે તમારી પાસે નાણાંની કોઈ અછત રહેશે નહીં. વર્ષની શરૂઆતમાં તમારે મુસાફરી પર ખર્ચ કરવો પડશે.

**નોકરી અને વ્યવસાય:** નોકરીમાં તમને પ્રમોશન મળી શકે છે. સારી નોકરી મેળવવાના તમારા પ્રયાસો પણ સફળ થઈ શકે છે. આ વર્ષ વ્યવસાયમાં સફળતાની નવી શક્યતાઓ અને તકો લાવશે.

**અભ્યાસ:** વિદ્યાર્થીઓ માટે ગ્રહો નક્ષત્રો સારા સંકેતો આપી રહ્યા છે. રાહુનો પ્રભાવ તમને દરેક સમસ્યામાંથી બહાર નીકળવામાં સફળ બનાવશે. તમે આ વર્ષે શિક્ષણમાં ધરમૂળથી પરિવર્તન અનુભવશો. આ વર્ષે સ્પર્ધામાં સારી સફળતા મળવાની પ્રબળ શક્યતા છે. તમારા મિત્રો અભ્યાસમાં તમારો સાથ આપી શકે છે.

**સ્વાસ્થ્ય:** આ વર્ષે તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. જોકે, નકારાત્મક વિચારો તમારા મનને અસર કરી શકે છે. તમારે યોગ્ય ખોરાક લેવા પર ધ્યાન આપવું જોઈએ. તમારા બાળકોનું સ્વાસ્થ્ય તમારા માટે વધુ ચિંતાનો વિષય રહેશે.



**વૃશ્ચિક : (ન.ય.):** આ વર્ષ તમારા જીવન માટે પ્રગતિ અને સમર્થન સાથે ઉત્તમ રહી શકે છે. તમે આ વર્ષે જીવનના વિવિધ ક્ષેત્રો વચ્ચે સંતુલન જાળવી શકશો. તમારી તાર્કિક અને વિશ્લેષણાત્મક ક્ષમતાઓ આ વર્ષે વધુ ફળદાયી પરિણામો આપી શકે છે. આ ક્ષમતાઓનો જેટલો વધુ ઉપયોગ કરવામાં આવશે, તેટલા વધુ સ્પષ્ટ રીતે તમે લાભો જોશો. તમે ફક્ત તમારી જાત અને તમારા લોકો પ્રત્યેની જવાબદારીઓ જ નહીં નિભાવો, પરંતુ અન્ય લોકો માટે પણ મદદનો હાથ લંબાવશો. તમે પરોપકારી ગુણોથી સંપન્ન થશો. મિલકત ખરીદી હોય કે વાહન ખરીદી, બધું જ શક્ય બનશે. વર્ષની શરૂઆતમાં તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખવું. તમારી દરેક ખુશીમાં તમને તમારા ભાઈઓ અને મિત્રોનો ટેકો સ્પષ્ટપણે દેખાશે.

**પ્રણય અને સંબંધો:** પરિવાર સાથેના સંબંધો સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું કારણ કે વર્ષની શરૂઆતમાં તમારા પરિવારનું વાતાવરણ તણાવપૂર્ણ રહેશે. તમે તમારા પ્રિયથી પણ અસંતુષ્ટતા અનુભવશો. જે લોકો અપરણિત છે તે લોકો આ વર્ષે લગ્ન કરી શકે છે. પ્રેમ સંબંધો આ વર્ષે તમને ઘણી ખુશીઓ આપી શકે છે.

**નાણાંકીય બાબતો:** આ વર્ષે નાણાંની દૃષ્ટિએ વૃદ્ધિની કોઈ મર્યાદા નથી. જીવન તમને જે જોઈએ છે તે આપવા માટે તૈયાર રહેશે. વર્ષની શરૂઆત થોડી ધીમી હોઈ શકે છે. તમને કોઈ અણધારી રીતે નાણાં મળી શકે છે.

**નોકરી અને વ્યવસાય:** આ વર્ષે તમારા ભાગ્યમાં નવી જવાબદારીઓ અથવા નવી નોકરી પણ સામેલ થઈ શકે છે. ભાગીદારી તમારા માટે નસીબદાર રહેશે પરંતુ યાદ રાખો કે ઉતાવળમાં કરવામાં આવેલા કોઈપણ કાર્યને બગડતા વાર નહીં લાગે.

**અભ્યાસ:** વિજ્ઞાન અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓ માટે આ વર્ષે કંઈક સારું થવાની સંભાવના છે. તમે જેટલું વધુ સંશોધન અને વિશ્લેષણ કરશો, તેટલા વધુ સફળ થશો. તમારે જવાબદારીઓથી ભાગવાની જરૂર નથી. અભ્યાસ તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ધ્યાન અને આધ્યાત્મિકતાના વિષયો પણ તમને તેમની તરફ ખેંચશે.

**સ્વાસ્થ્ય:** આ વર્ષે તમે સક્રિય, સ્વસ્થ અને ખુશ રહેશો. વૃશ્ચિક રાશિના જાતકો ઊર્જાથી ભરપૂર હોય છે, તેથી તમે તમારા મિત્રો સાથે ટ્રેકિંગ કરવા અથવા કોઈ નવી સાહસિક રમતોમાં ભાગ લેવા ઈચ્છતા હશો. જો તમે આવા કાર્યક્રમોમાં જાઓ, તો તમને તાપ અને ગરમી સંબંધિત બીમારી અથવા ડિહાઇડ્રેશન થવાની શક્યતા રહેશે.



**ધન : (ભ.ધ.ફ.):** નવા શરૂ થયેલા વિક્રમસંવતની પરોઢ આપના જીવનમાં અનેક ખુશીઓ, નવી આશાઓ, સફળતાઓ અને નવા વિચારો તેમજ જીવનમાં ચિરસ્થાયી સુખ, સમૃદ્ધિ અને શાંતિ લાવે તેવી શુભેચ્છા. આ વર્ષ કેટલાક ઉતાર-ચઢાવ સાથે શરૂ થઈ રહ્યું છે. તમારા અંગત જીવનથી લઈને વ્યાવસાયિક જીવન સુધી આખા વર્ષ દરમિયાન સાવધ રહેવાની તમને સલાહ આપવામાં આવે છે. આશા એવો શબ્દ છે જે આપની રાશિ માટે આ વર્ષે મહત્વપૂર્ણ બની રહેશે. ભલે તે મિલકત હોય, પૈસા હોય, પ્રેમ હોય કે સફળતા હોય, બધું જ તમારા માટે રાહ જોઈ રહ્યું છે. તમારી મહેનતનું પરિણામ ચોક્કસ તમને મળશે. જેમ જેમ કાર્યો તમારા પક્ષમાં થશે તેમ તેમ તમે આત્મવિશ્વાસુ બની જશો. વિદ્યાર્થીઓ માટે સખત મહેનતનો સમય છે પરંતુ તે મહેનત સફળતા તરફ દોરી જશે.

**પ્રણય અને સંબંધો:** પ્રેમ જીવન વિતાવી રહેલા લોકો માટે તેમના પ્રિયને પોતાના પરિવાર સાથે પરિચય કરાવવાનો આ યોગ્ય સમય છે. જો કે, તમારે તમારા પ્રેમને જીવંત રાખવા માટે કેટલાક વધારાના પ્રયત્નો કરવા પડશે. તમારા પ્રિયનો પ્રેમ તમારું દિલ જીતી લેશે.

**નાણાંકીય બાબતો:** નાણાંકીય રીતે, વર્ષની શરૂઆત તમારા માટે વધુ ફળદાયી રહેશે. ધન રાશિની કુંડળી દર્શાવે છે કે તમે અનન્ય ધીરજ સાથે પડકારોનો સામનો કરશો અને વિજયી બનશો. ગુરુનો પ્રભાવ તમને નાણાંની અછત અનુભવવા દેશે નહીં અને તમારા ખર્ચાઓ પણ નિયંત્રણમાં રહેશે.

**નોકરી અને વ્યવસાય:** આ વર્ષે તમે આત્મવિશ્વાસથી ભરપૂર સફળતાનો માર્ગ મોકળો કરશો. તમારે જે કંઈ કરવાનું છે તેમાં તમારી જાતને સંપૂર્ણપણે ડૂબાડી દેવી જોઈએ. નોકરીમાં સફળતા ધીમે ધીમે મળશે.

**અભ્યાસ:** આ વર્ષની શરૂઆતમાં તમે જે પણ યોજના બનાવો છો, તમે આખા વર્ષ દરમિયાન તે જ યોજનાનું પાલન કરશો. જો તમે શરૂઆતમાં બેદરકાર રહેશો, તો તમે આખા વર્ષ દરમિયાન અભ્યાસમાં પાછળ રહેશો. ઉચ્ચ શિક્ષણમાં તમારે ઘણા પડકારોનો સામનો કરવો પડી શકે છે.

**સ્વાસ્થ્ય:** આ વર્ષે તમારું સ્વાસ્થ્ય થોડું નાજૂક લાગે છે. ખોરાક અને શ્વસન ચેપ થવાની શક્યતા છે. આ તરફ વધુ ધ્યાન આપવું અને જરૂર પડ્યે ડોક્ટરની મુલાકાત લેવી. પ્રદૂષણનું સ્તર વધારે હોય ત્યાં મુસાફરી કરવાનું ટાળવું. ગુસ્સાને કાબૂમાં રાખતા શીખવું અન્યથા માનસિક તણાવ વધી શકે છે.



**મકર : (ખ.જ):** આ વર્ષનું રાશિફળ સૂચવે છે કે તમે જે પડકારોનો સામનો કર્યો છે તેનાથી તમે મજબૂત બન્યા છો. તંદુરસ્ત ટેવો તમને સારું સ્વાસ્થ્ય જાળવી રાખવામાં મદદ કરશે. યોગ અને ધ્યાન જેવી પ્રવૃત્તિઓની ભલામણ કરવામાં આવી રહી છે. સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરવી નહીં. આ વર્ષે વૈભવ અને આરામ તમારી ઈચ્છાના નિર્ણાયક શબ્દો રહેશે. તેથી જીવનમાં સંયમ જાળવવાનું ભૂલશો નહીં. તમારે તમારા ભાવનાત્મક સંબંધોને બગડવા ન દેવા જોઈએ. કંઈક નવું શરૂ કરવા માટે આ વર્ષ ખૂબ સારું છે. તમે તમારા જીવનમાં કોઈ નવા વ્યક્તિને સ્થાન પણ આપી શકો છો. આર્થિક સ્થિતિ સારી રહેવાની શક્યતા છે. વિદ્યાર્થીઓને પડકારોમાંથી બહાર આવવાની તક મળશે અને તેમની પ્રતિભા દર્શાવવાની તકો આખા વર્ષ દરમિયાન સતત મળતી રહેશે.

**પ્રણય અને સંબંધો:** આ વર્ષે તમે ખૂબ જ ભાવનાશીલ રહેશો પરંતુ તેના કારણે મનથી નબળા પડવું નહીં. એકલા રહેવું એ એકલતા નથી અને સંગાથ એ સાચા પ્રેમની ગેરેંટી નથી. પોતાની જાત સાથે સમય વિતાવવો. પ્રેમ સહિત તમારા જીવનના દરેક પાસામાં કંઈક નવું શરૂ કરવા માટે આ સારો સમય હશે, પરંતુ સાવચેત રહેવું.

**નાણાંકીય બાબતો:** આ વર્ષે તમે તમારા પરિવારના ખર્ચાઓ પૂરા કરવા તેમજ તેમની ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે ખુશીથી નાણાં ખર્ચ કરશો. તમારા નિ:સ્વાર્થ દયાળુ કાર્યોનું સારું ફળ મળી શકે છે. તમે કેટલીક યાત્રાઓ પર પણ જઈ શકો છો.

**નોકરી અને વ્યવસાય:** મકર રાશિના લોકોને આ વર્ષે મોટી સફળતા મળવાની છે. તમારી વાર્ષિક કુંડળી અનુસાર, નવી કારકિર્દી શરૂ કરવાની સંભાવના સૌથી વધુ છે. આ વર્ષે નકારાત્મકતા ટાળવી. ક્યારેક પાસાઓ ઊંધા પડી શકે છે, પરંતુ આશાવાદી રહેવું. થોડા સમયમાં બધું સામાન્ય થઈ જશે. હિંમતનો સાથ છોડવો નહીં.

**અભ્યાસ:** આ વર્ષ મકર રાશિના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વિદેશગમનનો યોગ લાવશે. તમારે તમારા શિક્ષણને મહત્વ

આપવાનું શીખવું પડશે. જ્યારે જીવનમાં કંઈ કામ કરતું નથી, ત્યારે ફક્ત શિક્ષણ જ કામ કરે છે. તમારો મહત્વપૂર્ણ સમય બગાડો નહીં.

**સ્વાસ્થ્ય:** આ વર્ષે તમને સ્વાસ્થ્ય મામલે કદાચ ચિંતાથી ભરી શકે છે. આ વર્ષે તમારે વધુ ઉત્સાહમાં રહેવાનું છે. જોકે, તેને આક્રમકતા સાથે ભેળવશો નહીં અન્યથા તણાવ અને અનિદ્રા થઈ શકે છે.

**કુંભ: (ગ.શ.સ.):** આ વર્ષનું રાશિ ભવિષ્ય જણાવે છે કે આરામદાયક જીવન માટે કેટલીક મોંઘી ચીજો ખરીદવાનું તમને પરવડશે, તમે મુસાફરી પર જઈ શકશો. વાર્ષિક કુંડળી અનુસાર, કેટલાક નવા સમાચાર અને તકોનો લાભ ઉઠાવી શકો છો. આપની રાશિના જાતકો આ વર્ષે આધ્યાત્મિક વિકાસનો અનુભવ કરી શકે છે. માનસિક શાંતિ વધશે અને તમારા કાર્યમાંથી અવરોધો દૂર થશે. કુંભ રાશિના વિદ્યાર્થીઓને શિક્ષણ વિશે ચિંતા કરવાની જરૂર નથી કારણ કે જ્ઞાન મેળવવા માટે અભ્યાસ જ તમારૂ એકમાત્ર લક્ષ્ય રહેશે. મુસાફરી તમારા માટે સમૃદ્ધિની શક્યતાઓ લાવશે. વર્ષના મધ્યમાં કૌટુંબિક સમસ્યાઓ તમારી ચિંતા વધારશે. વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, કેટલીક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ તમને ચિંતા કરાવી શકે છે.

**પ્રણય અને સંબંધો:** આ વર્ષે બાળકો તમારા માટે ખુશીનો સ્રોત બનશે. તમે તેમની સાથે ખુશ રહેશો અને તે લોકો તમારા ચહેરા પર સ્મિત લાવવા માટે નાના નાના પ્રયાસો પણ કરી શકે છે. કોઈપણ શંકાઓ વિશે તમારા પ્રિય સાથે સ્પષ્ટ વાતચીત કરવી એ સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો સૌથી સરળ રસ્તો હશે. પરિવાર સાથેના નાના નાના મુદ્દાઓ ઘણીવાર તમારો મૂડ બગાડી શકે છે.

**નાણાંકીય બાબતો:** નોકરિયાતવર્ગ માટે નાણાંકીય લાભ, પગારમાં વધારા સિવાય વધારાના લાભો મળવાની સંભાવના છે. જો તમે થોડો પ્રયાસ કરશો તો વ્યક્તિગત સંપત્તિમાં પણ નોંધપાત્ર વધારો થશે. તમે નવું વાહન અથવા ફ્લેટ ખરીદી શકો છો. આ વર્ષે વૈભવી સાધનો પર ખર્ચ કરવાની પ્રબળ શક્યતાઓ રહેશે.

**નોકરી અને વ્યવસાય:** નવી નોકરી મળવાના તેમજ ફ્રેશર્સને ઉત્તમ તક મળવાના ચાન્સ છે. સામાજિક કાર્યો માટે કામ કરવાની તમારી ઇચ્છા તમારા વ્યવસાયિક નિર્ણયોને ખૂબ પ્રભાવિત કરી શકે છે.

**અભ્યાસ:** આ વર્ષ વિદ્યાર્થીઓ માટે ઘણી તકો લઈને આવવાનું છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તમને સકારાત્મક પરિણામો મળશે. વિદેશની પ્રખ્યાત યુનિવર્સિટીમાં સ્થાન મેળવવાની પ્રબળ શક્યતા છે. આ વર્ષે તમારા સપનાઓને સાકાર કરવા માટે સખત મહેનત કરવી જરૂરી છે. આ વર્ષે તમને એક સારા માર્ગદર્શકને મળવાની શુભ તક મળશે જે તમને તમારા જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રેરણા આપી શકે છે.

**સ્વાસ્થ્ય:** આ વર્ષે ઘણી મુસાફરીનું પ્રમાણ ઘણું વધારે રહેશે, તેથી સ્વસ્થ રહેવા માટે બધી જરૂરી બાબતો સાથે તૈયાર રહેવું. શ્વાસોચ્છવાસની સમસ્યાઓ તમારા માટે ચિંતાનો વિષય રહેશે, તેથી નિયમિત તપાસ માટે ડોક્ટર પાસે જાઓ અને કસરત તેમજ યોગ્ય આહાર લઈને અન્ય લોકોથી થતા ચેપથી પોતાને સુરક્ષિત રાખવા. તમે તમારા માતાપિતાના સ્વાસ્થ્ય વિશે ચિંતિત રહેશો.

**મીન : (દ.ચ.ઝ.):** આ વર્ષમાં ડગલેને પગલે તમારા મનમાં સંવાદિતા શબ્દ સૌથી પહેલા આવશે. આ શબ્દ તમારા માટે આખા વર્ષ દરમિયાન ખૂબ ઉપયોગી થશે. તમે તણાવમુક્ત રહેશો, તમારી કાર્યક્ષમતા સારી રહેશે. તમે આનંદ અને ઉત્સાહનો અનુભવ કરશો. તમારી જીવનશૈલી જીવંત બનશે જે સમાજના અન્ય લોકો માટે પણ પ્રેરણાની ભાવના પેદા કરી શકે છે. તમારી વાર્ષિક કુંડળી અનુસાર, આ વર્ષ ઘણી રીતે સારું રહેશે. ઘણી તકો, વૃદ્ધિની સંભાવનાઓ લઈને આવશે. તમારી આવક પણ વધવાની શક્યતા છે. તમારામાં શિસ્ત લાવવી. જો તમે બધું નિયમો અનુસાર કરશો, તો તમને દરેક જગ્યાએથી સફળતા મળવાનું શરૂ થઈ. વિદ્યાર્થીઓએ તેમની શૈક્ષણિક પરીક્ષામાં સારું પ્રદર્શન કરવાની અને સંપૂર્ણ પ્રયાસ કરવાની છેલ્લી તક માનવી પડશે.

**પ્રણય અને સંબંધો:** આ વર્ષે તમારો જુસ્સો વધશે અને તમારો પ્રિય તમારા વ્યક્તિત્વ માટે તમારો આભાર માનશે. વૈવાહિક સંબંધોમાં મીઠું સ્મિત જોવા મળશે. તમારા પ્રિય સંબંધમાં બધું આપવામાં તેમના તરફથી કોઈ કમી છોડશે નહીં.

**નાણાંકીય બાબતો:** નાણાંકીય રીતે તમે પહેલાંની સરખામણીમાં વધુ સદ્ધર રહેશો. આ વર્ષે વારંવાર નકામા ખર્ચની શક્યતા રહેશે. નકામા ખર્ચ તમારા નાણાંકીય સંકટનું કારણ બની શકે છે. બચત કરવાની ટેવ કેળવો કારણ કે આવનારા સમયમાં તમને આ નાણાંની ખૂબ જરૂર પડશે. નોકરીમાંથી નાણાંકીય લાભ થવાની શક્યતા રહેશે.

**નોકરી અને વ્યવસાય:** વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા પછી પરિસ્થિતિ વધુ ઝડપથી આગળ વધશે. સ્થાવર અને જંગમ મિલકત સંબંધિત વ્યવસાય નફો લાવશે. તમે નવા સાહસો પણ શરૂ કરી શકો છો.

**અભ્યાસ:** તમારો પરિવાર બોર્ડની પરીક્ષાઓમાં તમારી સફળતાની ખુશીઓમાં મીઠાઈઓ વહેંચશે. તમારી મહેનતથી, તમે તમારા બધા લક્ષ્યો પ્રાપ્ત કરશો. તમારો આ જુસ્સો તમને એક ઉત્તમ વિદ્યાર્થી બનાવશે.

**સ્વાસ્થ્ય:** આ વર્ષે તમે સારા સ્વાસ્થ્યનો આનંદ માણશો પરંતુ કમરનો દુખાવો વધવાની શક્યતા છે. આખા દિવસમાં ઓછામાં ઓછો અડધો કલાક વર્કઆઉટ કરવું. તમારા જીવનસાથીને સારી જીવનશૈલી અને દિનચર્યા અપનાવવા માટે પ્રોત્સાહિત કરો કારણ કે આ વર્ષે તેમનું સ્વાસ્થ્ય તમને વધુ ચિંતા કરાવી શકે છે.

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
કેવું રહેશે ૨૦૨૬!
જાણો, ગણેશાસ્પીક્સ ના વિદ્વાન જ્યોતિષિયો પાસેથી
ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો, અને મેળવો
₹100/- ના રિચાર્જ પર ₹200/- નું બેલેન્સ
QR સ્કેન કરો ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો
આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.
જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.







# વિશ્વ પ્રસિધ્ધ ગુજરાતના ગરબા સતત ૨૪ કલાક સુધી રમીને 'એશિયા બુક ઓફ રેકોર્ડ' માં સ્થાન મેળવતી મનીષા સૈની

દીપોત્સવી વિશેષાંક 2025

કલાનગરી વડોદરાની ૨૯ વર્ષીય ડાન્સ કોરિયો ગ્રાફર મનીષા સૈનીએ તાજેતરમાં સતત ૨૪ કલાક ગરબા રમીને એશિયા બુક ઓફ રેકોર્ડ તથા ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવી વડોદરાની સાથે સમગ્ર ગુજરાતનું પણ ગૌરવ વધાર્યું છે. ગુજરાતના પરંપરાગત ગરબાની અસ્મિતા જાળવીને રેકોર્ડ સ્થાપિત કરનાર મનીષાએ પોતે જ પોતાની માર્ગદર્શક બની છેલ્લા ૬ મહિનાથી સતત ગરબા રમવાની પ્રેકટિસ શરૂ કરેલી.

ગરબાને માતાજીની આરાધના ગણાવતી મનીષા કહે છે કે, ચોવીસ કલાક ગરબે રમવામાં મેં પાણી પીધું હતું. ડાર્ક ચોકલેટ ખાધી હતી અને નાળિયેર પાણી પીધું હતું મારા માટે ગરબા નૃત્ય નથી પરંતુ પરમ શકિતની શ્રેષ્ઠ આરાધના છે. તેથી હું જ્યારે આ ગરબા રમી રહી ત્યારે સતત એવી અનુભૂતિ થતી કે, હું માતાજીની ભક્તિ કરી રહી છું. એટલે આ એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવવા મેં ગરબા પણ એવા પસંદ કર્યાં હતા કે જે માત્ર માતાજીની આરાધનાના હતાં.

મનીષાએ પ્રાપ્ત કરેલ આ વિક્રમી સિદ્ધી તેની ધીરજ કઠોર પરિશ્રમ અને માતાજીની આરાધનાનું સુખદ પરિણામ છે. પોતાનો સ્ટેમિના કેટલો છે તે ચેક કરવા તેણીએ નવરાત્રિના આગલા દિવસે સતત વીસ કલાક સુધી ગરબા રમી પોતાના આત્મ વિશ્વાસને બુલંદ બનાવ્યો હતો. અલબત્ત જ્યારે છેલ્લા ચાર કલાક બાકી હતા ત્યારે તે ખૂબ જ થાકી ગઈ હતી પરંતુ તેના મજબૂત મનોબળ અને અડગ આત્મ વિશ્વાસને સહારો આપવા તેના સાથી મિત્રોએ પણ તેની સાથે ગરબા રમી, તેને પ્રોત્સાહિત કરી હતી. જેના ફળ સ્વરૂપે મનીષા એ સતત ૨૪ કલાક અને સાત મિનિટ સુધી ગરબા રમી 'એશિયા બુક ઓફ રેકોર્ડ' અને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ'માં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરી દીધું છે.

દર કલાકે માત્ર પાંચ જ મિનિટનો પાણી પીવાનો બ્રેક લઈ કીર્તિમાન સ્થાપિત કરનાર વડોદરાની આ હોનહાર ડાન્સ કોરિયોગ્રાફરે આવતાં વર્ષે શ્રીમદ્ ભગવદ્ ગીતાનું વર્ણન કલાકો સુધી કરી તેને વિશ્વ વ્યાપી બનાવવા 'ગિનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'માં સ્થાન મેળવવાના અત્યંત કઠિન પ્રયત્નો શરૂ કર્યાં છે.

મનીષા ભવિષ્યમાં આકાશને આંબતી સિદ્ધીઓ હાંસલ કરી સફળતાના નવા વિક્રમો નોંધાવે અને પોતાનું તથા ગુજરાતનું ગૌરવ વધારે તેવી ફીલિંગ્સ પરિવાર તરફથી અનેક-અનેક શુભેચ્છાઓ..

વડોદરાનું ગૌરવ વધારતી આ સન્નારીનું ઉજ્જવળ ભવિષ્ય જરૂરી સુવિધાઓના અભાવે કયાંક અટકી ન પડે તે જોવાની નૈતિક જવાબદારી પણ આપણાં સૌની સહિયારી છે. કદાચ આ મા જગદંબાની સાચી આરાધના ગણીએ તો જરાપણ અતિશયોક્તિ નથી.



## મસ્કત ગુજરાતી સમાજની પચાસમા વર્ષની સુવર્ણ જયંતી શાનદાર રીતે ઉજવાઈ...



મસ્કત ગુજરાતી સમાજના પચાસમા વર્ષના સુવર્ણ જયંતી પ્રસંગે ઉજવણીના ભાગરૂપે મુંબઈનું ખુબ જ સફળ નાટક 'ટીકુ પીકુ ચીકુ'નું ભવ્ય મંચન વાદી અલ કબીરના મજાન હાઈટ્સ ઓડિટોરિયમમાં યોજાયું હતું.

આ પ્રસંગે શેખશ્રી અનિલભાઈ ખીમજી, શ્રી કિરણભાઈ આશર, શ્રીમતી આશાબહેન ખીમજી, શ્રીમતી દેવયાની બહેન સંપટ, ડો. હિરલ રાજાણી, શ્રી અશ્વિનભાઈ ધરમશી, શ્રી અજયભાઈ હમલાઈ, શ્રી અનિલભાઈ વાઘેર, શ્રી બિપીનભાઈ ધરમશી, શ્રી કિશોરભાઈ વાઘેર, શ્રી પરેશભાઈ શાહ, શ્રીમતી સરોજબેન મહેતા, શ્રીમતી હિનાબેન વેદ, શ્રીમતી નિરંજનાબેન ટોપરાણી તથા અન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી દિલેશ રામૈયાએ સર્વે મેમ્બર્સ, સ્વયંસેવકો અને ખાસ કરીને મસ્કત ગુજરાતી સમાજના સ્થાપક સભ્ય શ્રી ચંદ્રકાંત ચોથાણી પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. માન. શ્રી કિરણભાઈ આશરે સમાજને એક નવો મંત્ર આપી સંપ, સહકાર અને સમર્પણની સાથે આજની પેઢીને સારા-સંસ્કારનો વારસો આપવા સૌને આગ્રહભરી વિનંતી કરી હતી.

## અમેરિકામાં ગુજરાતી પટેલ પરિવારે મેડિકલ શિક્ષણને વેગ આપવા કર્યુ કરોડોનું દાન



અમેરિકામાં ફલોરિડાના ટેમ્પામાં રહેતા ગુજરાતી દંપતી ડૉ. કિરણ સી. પટેલ તથા તેમના પત્ની ડૉ. પલ્લવી પટેલે અમેરિકાની નોવા સાઉથ ઈસ્ટર્ન યુનિ.માં મેડિકલ શિક્ષણને વેગ આપવા ૨૦૦ મિલિયન ડોલરનું (અંદાજે રૂ. ૧૩૧૨ કરોડ) દાન આપ્યું છે.

યુનિ.માં યોજાયેલ એક સાદગીયુર્ણ સમારોહમાં ડૉ. પટેલે આ માતબર રકમનું દાન જાહેર કરી ગુજરાતનું અને દેશનું ગૌરવ વધાર્યુ છે. એ બદલ ડૉ. કિરણ પટેલ તથા ડૉ. પલ્લવી પટેલને ફીલિંગ્સ પરિવાર તરફથી ખૂબ-ખૂબ અભિનંદન

## મોહનલાલ એસ મીઠાઈવાલા દ્વારા અમદાવાદમાં ભવ્ય મીઠાઈ ઉત્સવ ઉજવાશે




આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મુંબઈના મોહનલાલ એસ. મીઠાઈવાલા દ્વારા તેઓના અમદાવાદમાં નવરંગપુરા, મણિનગર તથા ગોલ્ડન ટ્રાયંગલ સરદાર પટેલ સ્ટેડિયમ પાસેના અદ્યતન શો રૂમોમાં 'દિપાવલી મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

વિવિધ પ્રકારના હલવા, ફરસાણ અને નમકીનમાં છેલ્લા ૮૦ કરતાં વધારે વર્ષોથી ઉત્તમ ગુણવત્તા માટે જાણીતી આ કંપનીના અમદાવાદ ડિવિઝનના સંચાલક દિવ્યેશકુમાર મોટાનીના જણાવ્યા મુજબ આપણી ટ્રેડીશનલ મીઠાઈઓ સાથે વર્તમાન પેઢીને પસંદ પડે તેવી આ મહોત્સવ દરમિયાન નવી-નવી વેરાયટીઓ અમદાવાદના સ્વાદ શોખીનોના શોખને સંતોષશે. આ દીપાવલી મહોત્સવ દેવ દિવાળી સુધી ઉજવાશે. વધુમાં કંપનીના સંચાલકોએ પોતાના માનવંતા ગ્રાહકોને નકલી માલથી સાવધાન રહી કંપનીનો રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક અને કોપીરાઈટ જોઈને જ ખરીદી કરવા જણાવ્યું છે.



માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દિલ્હીથી બાંસવાડા જતાં ઉદયપુર થઈને ગયા હતાં. ઉદયપુર એરપોર્ટ પર ઉદયપુર ગુજરાતી સમાજના અધ્યક્ષશ્રી રાજેશ બી. મહેતા તથા સચિવશ્રી દિનેશભાઈ પટેલે પ્રધાનમંત્રીશ્રીનું ઉષ્માભેર સ્વાગત કરી તેઓને આવકાર્યા હતાં.

આ અભિવાદન બદલ પ્રધાનમંત્રીશ્રીએ ઉદયપુર ગુજરાતી સમાજને શુભકામનાઓ પાઠવી પ્રસન્નતા વ્યકત કરેલ તે તસ્વીરમાં જોઈ શકાય છે.

# ગુજરાતનું ગુડવિલ ડેલિગેશન જાપાનમાં





ઈન્ડો જાપાન ફ્રેન્ડશિપ એસો. ગુજરાત અને અમદાવાદ મેનેજમેન્ટ એસો.ના નેતૃત્વમાં ગુડવિલ પ્રતિનિધિ મંડળે સુઝુકી મોટર કોર્પોરેશન દ્વારા જાપાનમાં આયોજિત ભારત-હમામાત્સુ ફેસ્ટિવલમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જાપાનના હમામાત્સુના મેયરશ્રી યુસુકે નાકાનોએ લંચ અને ડિનરનું આયોજન કરી ભારતીય પ્રતિનિધિ મંડળને આવકાર્યું હતું. આ ડેલિગેશનમાં ઉદ્યોગ વ્યવસાય, કલા, સંસ્કૃતિ અને શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિ વિશેષ પ્રતિભાઓ જોડાઈ હતી.

ગુજરાતના મહિલા પ્રતિનિધિઓએ અહીં સાંસ્કૃતિક મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાતી રાસ-ગરબા પ્રસ્તુત કરી જાપાનીઓના દિલ જીત્યા હતાં. જાપાનના માનદ્ કોન્સલ શ્રી મુકેશ પટેલ અને અમદાવાદ મેનેજમેન્ટ એસો.ના પ્રમુખે 'બ્રિજિંગ કલ્ચર્સ' અને 'કનેક્ટિંગ હાર્ટ્સ' એ થીમ પર એક ખાસ સ્નેહમિલનનું પણ આયોજન કર્યું હતું. ભારતમાં જાપાનના ભૂ.પૂ. રાજદૂત શ્રી હિદેકી ડોમોચીએ સભાને સંબોધન કરી વડાપ્રધાનશ્રી મોદીજીની ભારત-જાપાન સંબંધોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની સરાહના કરી હતી.



# 'ફીલિંગ્સ'ના મુંબઈ પ્રતિનિધિ ધર્મેશ વકીલ સતત બીજી વખત મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘની સમિતિમાં કો ઓપ્ટ સભ્ય તરીકે નિમાયા

મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણી તાજેતરમાં ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. ચૂંટણી માત્ર સંઘના સેક્રેટરીના પદ માટે થઈ હતી આ ઉપરાંત નવનિયુક્ત સમિતિની પ્રથમ સભામાં 'ગુજરાતી મિડ-ડે'ના નિમેશ દવેની જોઈન્ટ સેક્રેટરી પદે તથા 'ગુજરાતી મિડ-ડે'ના દિનેશ સાવલિયા, 'જન્મભૂમિ'ના ધર્મેશ વકીલ અને 'બિઝનેસ ઈન્ડિયા'ના ભરત મર્ચન્ટની કો ઓપ્ટ સભ્યો તરીકે વરણી થઈ છે.



મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘની કમિટીની ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાઈ આવેલા ડાબેથી ધર્મેન્દ્ર ભટ્ટ, ઉમેશ દેશપાંડે, મંત્રી પદ માટે ચૂંટણીમાં મતદાનથી વિજેતા ધીરજ રાઠોડ, તેમજ બિનહરીફ ચૂંટાઈ આવેલા પ્રમુખ કુનેશ દવે, ખજાનચી જીતેશ વોરા અને સપના દેસાઈ. પ્રેસ કલબમાં સેક્રેટરીના પદ માટે થયેલા મતદાનમાં ગુજરાત સમાચારના સિનિયર રિપોર્ટર ધીરજ રાઠોડનો ભારે મતોથી વિજય થયો હતો.




તાજેતરમાં નવી મુંબઈ એરપોર્ટના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસ તથા અદાણી ગ્રુપના ચેરમેનશ્રી ગૌતમ અદાણી તેમજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તસવીરમાં જોઈ શકાય છે.

નવી મુંબઈ એરપોર્ટ શરૂ થતાં હવે ગુજરાતના નાના શહેરોની એર કનેક્ટિવિટી વધશે. તેમજ ગુજરાતમાંથી વેપાર-ધંધા અર્થે તથા ફરવા જનાર પ્રવાસીઓને પણ આ એર કનેક્ટિવિટી વધતાં ઘણી રાહત મળશે.

Feelings મિર્ચી

## ગઝલ

## લહેર પડી ગઈ, યાર !

મારું મન વિપરીત સ્થિતિમાં પણ
શાંત રહી શકતું હોય...

હું ખડખડાટ હસી શકતો હોઉં અને
ઘસઘસાટ ઊંઘી શકતો હોઉં

મને ભૂખ, થાક અને તરસ
લાગી શકતાં હોય...

મહારોગ કે દેવું ન હોય...

મારું પોતાનું એક ઘર હોય અને
એની નીચે મારાં સ્વજનો સાથે
હું મારી દાલ રોટી ખાઈ શકતો હોઉં...

ચાય ની ચૂસકી લેતાં લેતાં શનિવારની સાંજે
મને ગમતા મારા મિત્ર કે મિત્રો
સાથે બેસી શકતો હોઉં...

તો... થેંક યૂ, ગોડ !
મારી યોગ્યતા કરતાં તેં મને ઘણું વધારે આપી
દીધું છે!!!!

અને જીવનના છેલ્લા દિવસ
સુધી બસ આટલું રહી શકે
તો મરતી વખતે હું કહીશ...

લહેર પડી ગઈ, યાર !

– ચંદ્રકાંત બક્ષી



## કબુલ છે ?

**તમે જેને વસ્ત્ર વિહીન દિશામાં**
**મોકલો છો**
**અમે એને કફન પહેરાવીને મોકલીએ છીએ**
**પ્રભુ!**
**આ એક કિસ્સામાં તમારી પ્રભુતા કરતાં**
**અમારી માનવતા ઊંચી છે.**

– મણીલાલ ડી. રૂધાણી, રાણાવાવ



# માના પ્રેમની કિંમત !

પરદેશમાં આઠ વરસના એક બાળકે એક લિસ્ટ બનાવ્યું. એક બે વાર બરાબર ધ્યાનથી એ ચકાસ્યું, પછી એ પોતાની મા પાસે રસોડામાં ગયો. મા સાંજનું ખાવાનું બનાવી રહી હતી. બાળક કાંઈ પણ બોલ્યા વિના માના હાથમાં એ ચિઠ્ઠી પકડાવી દીધી. માતાને નવાઈ લાગી. બાળકે તો ચિઠ્ઠી પકડાવીને બહાર જતો રહ્યો.

★ બગીચાનું ઘાસ કાપવાનો ચાર્જ : ૫ ડોલર
★ મારો રૂમ સાફ કરવાના : ૧ ડોલર (આશરે ૬૦ રૂપિયા)
★ પ્રોવિઝન સ્ટોરમાંથી વસ્તુઓ લાવવાના : ૧.૫ ડોલર
★ મારા નાના ભાઈને સાચવવાના : ૫ ડોલર
★ સવારે ગેરેજ વાળીને કચરો નાખી આવવાના : ૧.૫ ડોલર (દોઢ ડોલર)
★ નિશાળે સારા માર્ક લાવવાનાં : ૪ ડોલર
કુલ ૧૮ ડોલર : બાકી

માતા ચિઠ્ઠી એટલે કે બિલ વાંચીને હસી પડી. બે ઘડી વિચાર કર્યો. પછી એણે એક કાગળ લીધો અને લખવાનું શરૂ કર્યું. એ વખતે પેલો છોકરો બહારથી આવી ગયો. મા શું લખે છે એ વાંચવા માટે એ માની પાછળ ઊભો રહી ગયો. માતાએ લખ્યું :

★ નવ મહિના તું જ્યારે મારા પેટમાં ત્યારે તારી કાળજી રાખી : કોઈ ચાર્જ નહીં !
★ રાતોની રાતો તારા ભીનાં કપડાં બદલ્યાં : કોઈ ચાર્જ નહીં !
★ તું માંદો હતો ત્યારે બધું ભૂલીને તારી સારવાર કરી, રાત દિવસ પ્રાર્થનાઓ કરી : કોઈ ચાર્જ નહીં !
★ તું ક્યારેક મને રડાવતો, ક્યારેક તું મોડો આવતો ત્યારે હું રડતી ક્યારેક તારા ખરાબ પરિણામ વખતે તો ક્યારેક તારી ઈજાઓ માટે મેં અગણિત આંસું પાડ્યાં હશે. પણ એનો : કોઈ ચાર્જ નહીં !
★ તું અજાણ્યા ભયથી ગભરાઈ જતો, પરીક્ષાઓ વખતે રાતે સૂઈ ન શકતો ત્યારે તને મારી બાથમાં લઈને આખી રાત હું જાગી હઈશ. એનો પણ : કોઈ ચાર્જ નહીં !
★ તારા કપડાં, રમકડાં, સાઈકલ, ચોપડા અને કંઈ કેટલીય જીદ પૂરી કરવા ખર્ચેલા સેંકડો રૂપિયા અને એટલા જ કલાકોનો : કોઈ ચાર્જ નહીં !
★ તને નવડાવવાનો, ખવડાવાનો અરે તારું નાક પણ લૂછવાનો : કોઈ પણ ચાર્જ નહીં !

દીકરા ! આ બધાનો સરવાળો એ બીજું કંઈ નથી પણ મારી તારા તરફની ફરજ અને તારા માટેનો પ્રેમ છે. કારણકે હું તારી મા છું તુ કદાચ આજે નહીં અને મોટો થઈને ચૂકવવા માંગે તો પણ હું એનો ચાર્જ નહીં લઉં, કારણકે સાચી વાત તો એ છે કે, હું આ બધાનો કેટલો ચાર્જ થાય એ જાણતી જ નથી ! ક્યારેય જાણવા માગતી પણ નથી!

એ જ...લિ. તારી મા !

માએ લખવાનું બંધ કર્યું. પાછળ ઊભો રહીને આ બધું વાંચી રહેલો દીકરો ઉંમરમાં નાનો હતો, તો પણ એની આંખમાં આંસુ આવી ગયાં. એણે દોડીને પોતાની ચિઠ્ઠી લઈ લીધી. પછી એના પર લખી નાખ્યું, Paid in full–સંપૂર્ણ ચૂકતે! મારી મા! તારા પ્રેમથી બધું ચૂકવાઈ ગયું! માએ દીકરાને બાથમાં લઈ લીધો!

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road, Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah

SBI
हर भारतीय का बैंक

# પર્સનલ લોન

વેતન ખાતા ધારકો માટે તરત જ લોન

શું તમારે તરત જ પૈસા જોઈએ છે?

ચિંતા કરવાની જરૂર નથી!



- એક દિવસમાં સ્વીકૃતિ
- ઓછો વ્યાજ દર
- ૭ વર્ષ સુધીનો સમય
- ન્યૂનતમ કાગળની કાર્યવાહી
- રૂ ૩૫ લાખ સુધીની લોન
- ટોપ-અપ સુવિધા ઉપલબ્ધ
- દરરોજ ઓછી થતી રકમ પર વ્યાજ

નિયમો શરતો લાગુ

SBI
The banker to every Indian

## તહેવારો શરૂ કરો લાંબી ડ્રાઈવ અને યાદો સાથે

## SBI કાર લોન પસંદ કરો

CELEBRATIONS UNLIMITED

સૌથી ઓછી
પ્રક્રિયા ફી



ઓછું વ્યાજ દર | 100% સુધી ઓન-રોડ ફાયનાન્સ | કોઈ પ્રી-પેમેન્ટ નથી શુલ્ક | ઓનલાઈન રિપેમેન્ટ વિકલ્પ

EV માટે ગ્રીન કાર લોન
વધારાના લાભો સાથે

T&C Apply

સંપર્ક કરો: 18001234 અને 7600035243

For details, scan QR code.

સહાયતા માટે, 18001234| 18002100 પર કોલ કરો અથવા બેંકની મુલાકાત લો bank.Sbi



ઘર જેવી સ્વાદિષ્ટ
અને શુદ્ધ અમૂલ મિઠાઈ
તહેવારોની આ સીઝનનું સ્વાગત કરો અમૂલ મીઠાઈની સ્વાદિષ્ટ મીજબાનીની સાથે.
*Creative Visualisation
અમૂલ
મીઠાઈ
મલાઈ પેંડા
200 g / ₹120*
500 g / ₹270*
ગુડ કાજુ કતરી
200 g / ₹250*
બેસન લાડુ
200 g / ₹120*
500 g / ₹270*
મિલ્ક કેક
200 g / ₹125*
500 g / ₹280*
કાજુ કતરી
200 g / ₹230*
500 g / ₹525*
કેસર પેંડા
200 g / ₹125*
500 g / ₹285*
રબડી
85 g / ₹25*
ખીર
85 g / ₹15*
KHOA
માવો પ્લેન
200 g / ₹95*
500 g / ₹225*
શુગર ફ્રી ગુલાબ જામુન
500 g / ₹210*
ગુલાબ જામુન
500 g / ₹130*
1 Kg / ₹250*
કાળા જામુન
500 g / ₹130*
ગુજીયા
350 g / ₹290*
મેસૂર પાક
200 g / ₹155*
રસમલાઈ પિસ્તા
100 g / ₹50*
500 g / ₹250*
શુગર ફ્રી રસમલાઈ
500 g / ₹300*
મોતિચૂર લાડુ
200 g / ₹110*
500 g / ₹240*
ડ્રાઈ ફ્રૂટ બરફી
200 g / ₹240*
મોહનથાળ
200 g / ₹115*
500 g / ₹260*
રસગુલ્લા
500 g / ₹115*
1 Kg / ₹210*
*MRP (incl. of all taxes). Conditions apply.
આ પણ અજમાવો:
મથુરા પેંડા, લાલ પેંડા, કલાકંદ, કેસર કોપરા પાક, રજવાડી હલવો, મેંગો રસમલાઈ, લૌંગ લતા, કાજુ અખરોટ પ્લાઝા, કેસર કાજુ કતરી, મોહનથાળ,
પ્રસાદી પેંડા, દૂધ પેંડા, શુગર ફ્રી મલાઈ પેંડા, માવો, શ્રીખંડ અને બાસુંદી
ટૂંક સમયમાં આવે છે: કુંદા, રબડી જલેબી, માવા બરફી, અંગૂરી રસમલાઈ અને મીઠો માવો
હમણાં જ ખરીદો
Amul
shop.amul.com
instamart
blinkit
zepto
bigbasket
Flipkart MINUTES
SMART BAZAAR
DMart
JioMart
METRO Wholesale
કૉર્પોરેટ ઑર્ડર્સ અને ગિફ્ટિંગ માટે
અમારો સંપર્ક કરો.
ઈ-મેઈલ: amulsweets@amul.coop